# પુણ્યનો પ્રભાવ
યાને
# પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર



સંયોજક: પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ.સા.

ॐ ह्रीं अर्हं नमः

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

પુણ્યનો પ્રભાવ યાને

# પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર

સંયોજક : પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોભદ્ર
સૂરીશ્વરજી મ. સા. શિષ્યરત્ન

પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ. સા.—

પ્રકાશક, : શ્રી રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય
નાગજીભુદરની પોળ, માંડવીની પોળ,
અમદાવાદ–૧.

સં. ૨૦૩૮ વીર સંવત ૨૫૦૭

ભાદરવાદ વદ, અમાસ, શ્રી નેમિનાથ કેવલજ્ઞાન દિન

જેઓશ્રીની પાવન કારી પ્રેરણા-પુનિત આશીર્વાદ, ગુરુકૃપાના મહાન બલવડે આ પુસ્તક તૈયાર થયેલ છે, અનેક વિધ સાહિત્ય પ્રકાશન પૂ. પાદ ગુરુભગવંતની કૃપાથી લોકભોગ્ય બનેલ છે. એ પરમ તારક પરમગુરૂદેવના ચરણોમાં

સેવક **રત્નપ્રભ....ના**

કોટિ કોટિ વંદના-વંદના.

(સર્વહક્ક સંયોજકને સ્વાધીન છે.)

(આ પુસ્તકમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તે બદલ ત્રિવિધે ક્ષમાયાચું છું. (સંયોજક)

નાગજી ભૂદરનીપોળ, માંડવીનીપોળમાં માણેકચોક અમદાવાદ,

**મુદ્રક**
**જગદીશચંદ્ર સી. શાહ**
પલક ટાઈપ સેટર
નગરશેઠનો વંડો,
અમદાવાદ-૧.

# બે બોલ

અમારા શ્રી સંઘની ઘણા વખતથી ભાવવાને અનુરૂપ આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી શાસન સમ્રાટ. **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયનેમિ** સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર સમયજ્ઞ **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિજ્ઞાન-સૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર ધર્મરાજા **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય કસ્તુર સૂરીશ્વરજી મ. સા.** ના પ્રથમ પટ્ટધર પ. પૂ. **આચાર્યદેવ શ્રી વિજય-યશોભદ્ર સૂરીશ્વરજી** મ. સા. શિષ્યરત્ન વિદ્વાન્ પ. પૂ. **મુનિરાજ શ્રી રત્નપ્રભ વિજયજી** મ. સા. તથા સેવા ભાવી પૂ. મુનિ **શ્રી ચન્દ્રગુપ્ત વિજયજી** આદિ ઠા.–૨ અત્રે સંવત ૨૦૩૮ ના ચાતુર્માસાર્થે સસ્વાગત અષાઢસુદ –૨ ના પધાર્યા છે.

પૂજ્યશ્રીના પ્રવચનો સાંભળવા ચોતરફથી માનવમેદની આવતી હતી. છઠ્ઠ, અઠ્ઠમ, આયંબિલ વિ. સારા પ્રમાણમાં થયેલ હતા. પૂજયશ્રીના રવીવારના બપોરના ૬ જાહેર પ્રવચનમાં ૭૦૦ લગભગ માનવીઓ લાભ લેતા હતા.

(૧) દરરોજ પૂ. મહારાજ શ્રી યોગશાસ્ત્ર,તથા શ્રીપ્રદ્યુમ્ન કુમાર ચરિત્ર ઉપર વિશિષ્ટ શૈલીમાં પ્રવચન આપતા હતા. સૂત્ર વાંચનના પ્રારંભના દિને શ્રી સંઘપૂજન થયેલું હતું.

પૂજ્ય શ્રીની પ્રેરણાથી શ્રુતજ્ઞાન શ્રી કલ્પસૂત્રની પૂજા ૧૭૨ ચાંદીની લગડીઓથી થયેલુ હતું. તે દિવસે શેઠશ્રી નરોત્તમદાસ નવાબ તરફથી શ્રી સંઘપૂજન થયેલું હતું.

(૨) શ્રી મહાવીર જન્મ વાંચન સમયે શ્રીફળ ન ફોડવા એવો શ્રી સકલસંઘે કાયમી ઠરાવ કર્યો....જેથી જન્મ વાંચન સમયે અપૂર્વ શાંતિપૂર્વક શ્રવણ થયા બાદ ગરીબોને (૧૧૫) કીલો લાડવા વહેંચવામાં આવ્યા હતા.

૬૧ અઠ્ઠાઈ તદુપરાંત તપશ્ચર્યા થયેલી હતી. દરેક તપસ્વીઓનું રૂા. ૫૮, ની પ્રભાવનાથી બહુમાન કરવામાં આવેલું હતું. અભૂતપૂર્વ સુંદર પર્વાધિરાજની આરાધના થયેલ હતી. પૂજ્ય મુનિરાજશ્રીની પ્રેરણાથી ધર્મના પ્રભાવને દર્શાવતુ, કર્મના પરિણામો, અંતે મહાન્ આત્માઓનો સંસારથી મોક્ષ વિગેરે પદાર્થોનું નિરૂપણ જેમાં છે. તે શ્રી પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર છપાવવા માટે અમે સૌ ઉત્સુક બન્યા છીએ પૂજ્ય મુનિરાજ શ્રીએ લોકભોગ્ય જૈન ધર્મના ચરિત્ર નાયકોના સુંદર શૈલીમાં ઘણા પુસ્તકો પ્રકાશન કર્યા છે.

આ પ્રદ્યુમ્નકુમાર ચરિત્રને પ્રકાશન કરવામાં પૂ. મુનિરાજ શ્રીએ અકબર પ્રતિબોધક; જગદ્ગુરુ પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્ર વિજયજી ગણી વર્વના વર્યના મુખ્ય શિષ્યરત્ન અનેક ગ્રંથના સર્જનહાર પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી રત્નચન્દ્ર વિજયજી ગણીવર્યશ્રીએ

સંવત ૧૬૭૪ આસોસુદ–૧૦ ના દિવસે જે ગ્રંથ પ્રકાશિત કર્યો હતો તે ગ્રંથ, વીતરાગ સ્તોત્ર, આદિ ગ્રંથોને સન્મુખ રાખી આ પુણ્યનો પ્રભાવ યાને પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર તૈયાર કરેલ છે. જે આપની સામે ઉપસ્થિત છે.

આ ચરિત્ર નાયકના વાંચનનું ફલ એ જરૂર જણાશે કે, ધર્મના પ્રભાવથી દુઃખ દૂર થાય, સંપત્તિ મળ્યા વિના રહે નહિં **પરમપદની પ્રાપ્તિ થાય જ....**

પૂજ્ય શ્રીની પ્રેરણાથી પર્વાધિરાજની આરાધનાની અનુમોદનાર્થે શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન. શ્રી શાંતિસ્નાત્ર સહિત નવાન્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. તથા ભાદરવા સુદ–૧૧ ના પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. સા. ની પુણ્યતિથિએ ગુણાનુવાદ પણ સવારે ૬॥ વાગે થયેલ હતા. જેમાં ૫૦૦ માનવીની હાજરી હતી. ભા. સુદ–૧૨ ના ભવ્ય વરઘોડો તથા આસો સુદમાં શ્રી હઠીભાઈનીવાડી ના ભવ્ય દેરાસરને જુહારવા વિપુલમેદની પૂર્વક શ્રી સંઘ પધારશે ત્યાં સૌની સાધર્મિક ભક્તિ પણ યોજાયેલી છે. પૂ. મુનિરાજ શ્રીના ચાતુર્માસથી અમારા શ્રી સંઘમાં આનંદ મંગલ વર્તે છે. ભાદરવા વદ–૨ થી શ્રી ભક્તામર સ્તોત્રની સમુહભક્તિ વિપુલમેદનીમાં થાય છે.

પૂ. મુનિરાજ શ્રી સારા એવા વિદ્વાન્ વકતા છે. તેઓ શ્રીના પ્રવચન સાંભળવા એ પણ જીવનનો લ્હાવો છે. અમારા શ્રી સંઘના મુખ્ય કાર્યકર્તા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી

બાબુભાઇ ધોળીભાઇ ધ્રૂવ, શ્રી નરોત્તમદાસ કેશવલાલ નવાબ, શ્રી રમણભાઈ કેશવલાલ લઠ્ઠા...ખરેખર શ્રી સંઘના અનેક વિધ કાર્યો સાંગોપાંગ પાર પાડે છે. શ્રી બાબુભાઇની અજોડ કલા છે, અજોડ બુદ્ધિ છે કે જેથી અશકય કાર્યને પણ શકય બનાવવાની શકિત ધરાવે છે. આવા શ્રેષ્ઠ રત્નોથી અમારા શ્રી સંઘની શોભા છે. અમારા શ્રી સંઘમાં દરેક વ્યકિતઓને માંહેમાંહે સુમેળ, સંપ અને ભાઇચારાનો મેળ છે.

આ પુસ્તક તૈયાર કરવામાં ફાઇનલ પ્રેસ કોપી લખી આપનાર શ્રી ચંદુભાઈ ખેમચંદનો અમો ઘણો આભાર માનીએ છીએ. તથા પ્રેસવાળા શ્રી જગદીશભાઇ એ સારું કાર્ય કરી બતાવ્યું છે...

પ્રૂફ સંશોધનમાં પૂ. મુનિ શ્રી ચન્દ્રગુપ્ત વિજયજી મહારાજે સારી દક્ષતા વાપરી છે. અમારો શ્રી સંઘ નાનો હોવા છતાં સારાં સારા અનુષ્ઠાનો કાર્યો કરે છે, કરાવેછે, આ પુસ્તકને વાંચો, મર્મને સમજો, ભાવિમાં આવનારા દુઃખોને દૂર કરવા શ્રી જિનાજ્ઞા મુજબ ધર્મ–આરાધના કરો અને શ્રી પ્રદ્યુમ્નકુમારની જેમ ચારિત્રના પંથે જઈ સર્વ કલ્યાણને સાધો એજ અભ્યર્થના

॥ શુભંભવતુ શ્રી સંઘસ્ય ॥

**લિ. શ્રી નાગજીભુદરની પોળ જૈનસંઘ**

# નામાવલી

નકલ

૧૫૦ શ્રી પરમ આનંદ જૈનસંઘ ઉપાશ્રયના ભાઈ–બ્હેનોતરફથી

૧૦૦ શ્રી શામળાની પોળ, તપગચ્છ જૈન ઉપાશ્રય જ્ઞાનખાતે.

૫૦ પૂ. સાધ્વીજી શ્રી. શ્રીમતી શ્રીજી મ. ગોધરાવાલાની પ્રેરણાથી વીતરાગ આરાધના ભુવનની બેનો તરફથી.

૫૦ અંબાલાલ કેશવલાલ શાહ.

૨૫ શ્રી દરવાજાના ખાંચાનો જૈનસંઘ.

૨૫ પૂ. સાધ્વીજી શ્રી રાજેન્દ્રશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી સ્નેહલત્તા શ્રીજીની પ્રેરણાથી એક સદ્-ગૃહસ્થ.

૫ શેઠ બુધાભાઈ કેશવલાલ

[ ભગવાન નગરનો ટેકરો ]

૨૫ રમેશચંદ્ર ઘેલાભાઇ શાહ

# અનુક્રમણિકા


૧. દ્વારિકામાં નારદજીનું આગમન ૧
૨. તિરસ્કારની આગ. ૮
૩. રૂકિમણી હરણ. ૧૮
૪. કૃષ્ણ–રૂકિમણીનું લગ્ન. ૩૭
૫. ચરિત્ર નાયકનો જન્મ. ૪૭
૬. બાળરાજાનું અપહરણ. ૫૪
૭. માહિતિ તથા પૂર્વભવ. ૬૦
૮. નારદજી પાછા ફર્યાં. ૮૮
૯. સ્ત્રી ચરિત્ર ૧૨૭
૧૦. કુમારના કૌતુકો. ૧૪૦
૧૧. પિતા–પુત્ર મિલન. ૧૬૪
૧૨. શાંબ–પ્રદ્યુમ્ન ૧૭૧
૧૩. કૃષ્ણ–જરાસંઘ. ૧૯૫
૧૪. કૃષ્ણ–શ્રી નેમિનાથ ૨૦૯
૧૫. રાજીમતીની શુભ પ્રેરણા. ૨૧૬
૧૬. અપમાનનું પરિણામ. ૨૨૪
૧૭ વિરતિના રાગી કૃષ્ણજી. ૨૩૫
૧૮. નગરીનું દહન અને કૃષ્ણનો અગ્નિદાહ ૨૫૪


(પેજ નં. ૨૫૪માં પ્રકરણ ૧૭ના બદલે ૧૮ સમજવું)

ॐ ह्रीँ अर्हँ नमः

"नमोनमः श्री गुरु नेमिसूरये"

પુણ્યનો પ્રભાવ યાને

# પ્રદ્યુમ્નકુમાર

## ૧ દ્વારિકામાં નારદજીનું આગમન

જંબુદ્વીપ વિષે મગધ નામે એક મોટા દેશમાં લક્ષ્મી અને સરસ્વતીનું જ્યાં નિવાસ સ્થાન સમું રાજગૃહી નામે અતિભવ્ય અને સુંદર નગર હતું. કરોડો ધનપતિ ત્યાં રહેતા હતાં. લાખો લક્ષાધિપતિ હતા.

ઊંચી ઊંચી ગગનચુંબી મહેલાતો તેના વૈભવની ઝાંખી કરાવતા હતાં. વિશાળ રાજમાર્ગો—અનેક બાગબગીચા અને હોજ ફુવારા હતાં. રમતગમતના મેદાનો અને અન્ય

રમણીય સ્થાનો હતાં. બાલમંદિરો–શાળા–મહાશાળા–જિન-મંદિરો–ધર્મશાળાઓ અને દાનશાળાઓનો કોઈ પાર ન હતો. અનેક સ્થળોએ જ્ઞાનની પરબો હતી. નગરની કલા-કારીગરી ઉત્તમ પ્રકારની હતી. એવા એ નગરમાં મહારાજા શ્રેણિક રાજ્ય કરતાં હતાં.

એ નગરમાં ત્રિલોકપતિ, તરણુતારણુહાર ભગવાન મહાવીર પધાર્યા. દેવતાઓએ સમવસરણુની રચના કરી. ગામ બહાર આવેલા ઉદ્યાનના માળીએ મહારાજા શ્રેણિકને 'પ્રભુ પધાર્યા''ના ખબર આપ્યાં. આ વાત સાંભળી મહારાજા શ્રેણિક ખૂબજ ખુશી થઇ માળીને અલંકારો ભેટ આપી રાજી કર્યો. મહારાજાશ્રેણિક હાથી ઉપર બેસી, પોતાના સકળ પરિવારને સાથે લઇ, વાજતે ગાજતે ભગવાનને વંદન કરવા નીકળ્યાં. ઉદ્યાન પાસે આવી હાથી ઉપરથી ઉતરી, ચામર વિગેરે રાજચિહ્નો અને પગની મોજડીઓ ઉતારી સમવસરણુમાં ગયાં. અત્યંત ભક્તિભાવપૂર્વક વંદન કરી પરમાત્મા સન્મુખ બેઠા અને જિનેશ્વર દેવની વાણી સાંભળવા લાગ્યા.

મહાવીર સ્વામી કહે છે—હે ભવ્યાત્માઓ, આ ક્ષણુ-ભંગુર એવા માનવજીવનમાં સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ અતિ ઉત્તમ છે. સાધુ ધર્મનું શુદ્ધ આરાધન કરનાર દેવ-લોક અથવા મોક્ષ પ્રાપ્તિ કરે છે. અને શ્રાવક ધર્મના આચરણુથી બારમા દેવલોક સુધીપહોંચી શકાય છે. માટે

પરલોકમાં સદ્‌ગતિ મેળવવા સાધુધર્મ કે શ્રાવકધર્મ પાળવો અત્યંત આવશ્યક છે.

સંસારમાં સહુકોઈ સુખની ઇચ્છા રાખે છે. દુઃખ કોઈનેય જોઈતું નથી. સુખ તો ધર્મ કરવાથી જ મળે છે. તે સિવાય બીજી કોઇ રીતે માનવીને સુખ મળવાનું નથીજ. માટે હે ભાગ્યશાળી જનો! ધર્મમાં વિક્ષેપ પાડનાર ક્રોધ–લોભ–માન અને માયા એ ચાર શત્રુઓ છે એને પ્રથમ જીતતાં શિખો, અને પ્રયત્ન કરો. એ સિવાય ધર્મના માર્ગે સરળતાથી જઈ શકાતું નથી. એ ચાર શત્રુઓનો નાશ કરી–સર્વ જીવો પ્રત્યે સમભાવ કેળવી સ્વર્ગસુખ અપાવનાર ધર્મ પ્રત્યે જાગૃત બનો. ધર્મ કરવાથી બાહ્યઅભ્યંતર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ પણ થાય. જેવી રીતે પ્રદ્યુમ્નકુમારનો મોક્ષ થયો તેમ તમે મોક્ષની પ્રાપ્તિ અર્થે ધર્મમાં સ્થિર બની આચરણ કરો.

એ સમયે મહારાજાશ્રેણિક પૂછે છે—હે ભગવંત! એ પ્રદ્યુમ્ન કોણ? તે વિષે અમને વિસ્તારથી સમજાવશો. એમનું ચરિત્ર હું આપના મુખેથી સાંભળવા ઇચ્છું છું.

મહારાજા શ્રેણિકની આગ્રહભરી વિનંતીથી ભગવાન મહાવીર સ્વામીએ પ્રદ્યુમ્ન ચરિત્ર કહેવાનું શરૂ કર્યું.

આ પૃથ્વી ઉપર–જગતના તમામ દ્વીપોમાં શ્રેષ્ઠ એવો જંબુદ્વીપ છે. તેમાં ભરતક્ષેત્રના મધ્યમાં સુરાષ્ટ્ર નામે પ્રદેશ છે. તેમાં ઇન્દ્ર મહારાજાના હુકમથી કુબેરમહારાજાએ બનાવેલી–સોનાના ગઢથી સુશોભિત એવી અતિ રમ્ય દ્વારિકા-

પુરી નામે નગર હતું. નગરમાં તીર્થંકર ભગવંતોના જિન મંદિરો અતિ દેદિપ્યમાન હતાં. ધનધાન્યથી ભરપુર–મરી મસાલા અને તેજાનાઓના ઢગથી બજારો ઉભરાતાં હતાં. વિશાળ રસ્તા ચોક ચૌટા અને બજારો હતી. પૃથ્વી ઉપર જાણે બીજુ સ્વર્ગ ખડું થયુ હોય એમ લાગતું હતું.

અહીં કોટી યાદવોની સેવા પામતાં શ્રી નેમિનાથ અને બળદેવ વગેરે ભાઈઓથી શોભતા, અનેક રાજાઓનું નેતૃત્વ ધરાવનાર–નીતિ રીતિપૂર્વક રાજ્ય ચલાવનાર વસુદેવના પુત્ર શ્રી કૃષ્ણ રાજ્ય કરતાં હતાં. શ્રી કૃષ્ણ મહારાજાનું અપૂર્વ પુણ્યબળ હતું કે જેની હાક ત્રણ ખંડમાં વાગતી હતી. ત્રણ ખંડમાં તેમનું સામ્રાજ્ય હતું. ન્યાયનીતિ સંપન્ન ત્રિખંડ અધિપતિ કૃષ્ણમહારાજા ગુણાનુરાગી હતા. લાખો–કરોડોની સંખ્યામાં હાથી–ઘોડા, રથ, પાયદળ વિગેરેનું સૈન્ય હતું. તે કૃષ્ણ વાસુદેવની 'સોળ હજાર રાણીઓ પૈકી મહારાજા ઉગ્રસેનની પુત્રી સત્યભામા પટ્ટરાણી હતી. તે અત્યંત સ્વરૂપવાન લાવણ્યવાન અને યૌવન સંપન્ન નારી હતી. સ્વામીનો મારા પ્રત્યે અપૂર્વ પ્રેમ છે એમ માનતી સત્યભામા ગર્વને લીધે અન્ય રાણીઓને પોતાનાથી ઉતરતી માની ગર્વથી વર્તન કરતી. અન્યનું અપમાન કે તિરસ્કાર કરતાં અચકાતી નહિં.

[પ્રતિ વાસુદેવ જરાસંઘના જમાઈ કંસરાજાને મારવાના વેરથી શ્રીકૃષ્ણ પશ્ચિમમાં ગયા. અઠ્ઠમ તપના પ્રભાવથી

સમુદ્રદેવે પ્રસન્ન થઈ ત્યાં જગા કરી આપી અને ઇન્દ્રના આદેશથી કુબેરે દ્વારિકા નગરીની રચના કરી આપી હતી.]

એકદા શ્રીકૃષ્ણ રાજસભામાં બેઠા હતાં. તે સમયે આકાશમાર્ગે કોઈ તેજોમય પુરૂષને આવતાં દીઠાં. તે કોણ હશે એ વિચાર કરતાં હતાં ત્યાંતો મૃગચર્મ અને જટાથી ઓળખાઈ ગયેલાં શ્રી નારદ મુનિ છે. બાલ બ્રહ્મચારી નારદને જોઈ આસનેથી ઊઠી તેમને આવકારવા કૃષ્ણ તથા બલદેવ દોડીને સામે ગયા. હાથ ઝાલીને આસન ઉપર બેસાડયાં અને પવિત્ર પદાર્થોથી પગ પ્રક્ષાલન કરવાપૂર્વક અત્યંત ભક્તિભાવે વંદન કર્યું.

કૃષ્ણ–બળદેવ પોતપોતાના આસને બેસી, નારદજી સામે મોં રાખી તેમની સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. નારદજીએ સૌના ખબર અંતર પૂછયાં. નારદજીના સ્નેહપૂર્ણ વચન સાંભળી કૃષ્ણ કહે–હે મુનિશ્વર, આપ જેવા મહાન તપસ્વી અમારા વ્હાલેસરી હોય પછી અમારું અહિત ક્યાંથી થાય !

કૃષ્ણ–બળદેવની ભક્તિભાવથી સંતુષ્ટ થયેલા નારદજી બોલ્યા–હે પુરૂષોત્તમ ! તમારી સંપતિનું અવલોકન કરવા માટે હું આવ્યો હતો. તમારી રૂપસંપત્તિ, ધનસંપત્તિ, ઉદારતા દાન–ચતુરાઈ વગેરે જોઈ હું ખૂબ જ સંતોષ પામ્યો છું. તમારી નિરાભિમાનતા ખરેખરે પ્રશંસનીય છે.

અત્યંત સ્વરૂપવાન એવી સત્યભામા નામે આપને પટ્ટરાણી છે જે પોતાના રૂપના ગર્વે અન્ય સ્ત્રીઓનું અપ-

માન કરે છે. એવી અતિ સુંદર સ્ત્રી વિષે લોકોના મુખે તો મેં ઘણું ઘણું સાંભળ્યું છે પરંતુ સ્વનેત્રે દર્શન કર્યા નથી. જો આપની આજ્ઞા હોય તો હું તેમના દર્શન કરું. કૃષ્ણે સહર્ષ અનુમતિ આપતા નારદમુનિ અંતઃપુરમાં ગયાં.

એ સમયે સ્નાનગૃહમાંથી બહાર આવી અનેક પ્રકારના શણગારની સજાવટમાં સત્યભામા મશગુલ હતી. સુગંધીત પદાર્થોનો બનાવેલ લેપથી માલીસ કરાવી સેંથો પુરી સુવર્ણના અલંકારો પહેરી રહી હતી અને પોતાનું મસ્ત યૌવન અરિસામાં જોઈ રહી હતી. પોતાના રૂપના નશામાં મસ્ત બની મંદ મંદ મલકાતી હતી. અત્યારે ખરેખર સત્યભામા કંડારેલી મૂર્તિ હોય તેવી અલૌકિક ઝળહળતી હતી. એવે સમયે અંતઃપુરમાં નારદમુનિ આવી પહોંચ્યા. સત્યભામા શણગાર સજી રહી હતી તે જોઈ મુનિ દરવાજામાંજ ઊભા રહી ગયા. એજ સમયે મુનિરાજનું પ્રતિબિંબ અરિસામાં સત્યભામાની નજરે પડ્યું. અને બોલી ઊઠી, અરે! આ ભસ્મ ચોળીને અહીં આવેલ આ દુર્મુખ કોણ છે? અને તિરસ્કાર યુક્ત થુ થુ કરીને બીજા ખંડમાં ચાલી ગઈ. અને વિચારવા લાગી કે જોગટો કોણ હશે? અહીં કેમ આવ્યો હશે? હવે ક્યારે અહીંથી ટળશે?

સત્યભામાના અપમાનજનક વર્તનથી નારદજી ખૂબ ગુસ્સે ભરાયા અને તરત જ પવનવેગે આકાશમાં ઊડવા લાગ્યા. મુનિ મનમાં વિચારે છે કે આ સત્યભામાને તેણે કરેલા કર્મનો બદલો મલવોજ જોઈએ. પોતે ધારત તો શાપ

આપી શકત પરંતુ કૃષ્ણ સાથેની મૈત્રીને કારણે તેમ કરી શકયા નહિ.

મુનિએ વિચાર્યું કે અપમાનનો બદલો એવી રીતે વાળું કે જીવનભર દુઃખી થઇ જાય અને ખબર પડે કે મુનિનું અપમાન કરનારને કેવી શિક્ષા થઈ શકે છે! આમ વિચાર કરતાં આકાશમાર્ગે જઇ રહ્યાં હતાં. એવામાં એક યુક્તિ મલી જતાં મુનિશ્રી અત્યંત હર્ષ પામ્યા. અને તેમના કૃષ્ણ સાથેના સંબંધો જેમના છે તેમ રહેશે અને પોતાના અપમાનનો બદલો પણ લઈ શકાશે.

# ૨

# તિરસ્કારની આગ

શ્રી કૃષ્ણને એવી સ્ત્રી બતલાવું કે જેના રૂપ લાવણ્ય જોઇને મોહી પડે અને તેની સાથે લગ્ન કરે. તેમજ અતિ સુંદર સ્ત્રી મેળવી આપવા બદલ મારા પ્રત્યે પ્રેમ લાગણી અનુભવે અને સત્યભામાને માથે શોકયનું સાલ જીવનભર રહે. એનું અભિમાન ઉતરે અને ફરી મારા જેવા કોઈનુંય અપમાન ન કરે. તેવી કડક શિક્ષા કરું.

નારદમુનિ અનેક દેશોમાં વિચરતા વિચારતા વિદર્ભ દેશની રાજધાની કુંડિનપુરમાં ગયા. ત્યાં મહાપ્રતાપી ભીષ્મ નામે રાજા રાજ્ય કરતા હતાં, શ્રીમતી નામે રાણી હતી અને રૂકિમ–રૂકિમણી નામે તેમને પુત્ર પુત્રી હતાં. ભીષ્મ રાજા રૂપમાં કામદેવ સરખો સ્વરૂપવાન હતો અને મહા બળવાન હતો. પોતાના બાહુબળથી અનેક રાજાઓને હરાવ્યા હતા, ખૂબજ દયાળુ. ધાર્મિક અને પરોપકારી પણ હતો તેને દ્વારે આવેલ કોઈ પણ યાચક ખાલી હાથે પાછો ફરતો નહિ, તેવો તે દાનેશ્વરી હતો.

એકદા ભીષ્મ રાજા પોતાની સભામાં બેઠા છે અને પોતાના રાજ્યના અધિકારી વર્ગ સાથે ચર્ચા કરી રહ્યાં

હતાં તેવે સમયે એક જટાધારી મુનિ કે જેના અંગે ભસ્મ લગાડેલી છે એવા મુનિને આકાશ માર્ગથી ઊતરીને આવતા જોયાં રાજા એ બાલ બ્રહ્મચારી નારદજીને ઓળખી સિંહાસન ઉપરથી ઊઠીને–પગમાં પાદુકા પહેર્યા વગરજ આવકાર આપવા સામે ગયાં ખૂબજ ભક્તિભાવ પૂર્વક વંદન પૂજન કરી સ્વાગત કર્યું.

નારદજીને હાથ ઝાલી સભા મંડપમાં લાવી યોગ્ય આસન ઉપર બેસાડયા–તેમની પૂજા કરી–સ્તુતિ કરી અને ખૂબજ નમ્ર ભાવે પૂછ્યું કે હે મુનિવર્ય, આપ સુખરૂપ તો છો ને? ઘણા સમયે અમારા ઉપર કૃપા કરી અહીં પધાર્યા! અમારું નગર અને આ રાજમહેલ પાવન થયાં. આજની સભા પણ પવિત્ર બની રહી. ધન ભાગ્ય મારા કે મારે આંગણે આવા મહાન તપસ્વી પધાર્યા!

મુનિના આદેશથી રાજા મુનિની સામે હાથ જોડીને બેઠો. અત્યંત પ્રેમથી મુનિ પૂછવા લાગ્યા–હે રાજન્ તારા રાજયમાં–તારા દેશમાં–તારા કુટુંબમાં સૌ કુશળ તો છે ને? તારી નગરીમાં–સૈન્યમાં અને સ્વજનોમાં સૌ ખુશી આનંદમાં છે ને? તારા સ્ત્રી–પુત્ર–પરિવાર સર્વ સુખરૂપ તો છે ને? મુનિરાજના આ ભાવવાહી અને લાગણી સંપન્ન શબ્દો સાંભળી રાજા ભીષ્મ બહુ ખુશ થયાં. અને બોલ્યા–હે મહર્ષિ, આપ જેવા મહાન યોગી, આબાલબ્રહ્મચારી–તપસ્વી એવા આપ ત્રણે લોકમાં પૂજાઓ છો અને એવા આપની કૃપા દૃષ્ટિ હોય પછી કોઈ આપત્તિ ઊભી રહે ખરી?

આપત્તિને ભાગે જ છુટકો ! સુખ જ આવે.

હે પૂજ્ય ! આપે તો મને વિસારી મૂકયો હતો પરંતુ હું આપને કદી ભૂલ્યો નથી. આપ અમારા જેવા ભક્તોને ભૂલી જાવ તો અમારૂં શું થાય ! હે મુનિરાજ હું હાથ જોડીને આપને વિનંતી કરું છુ કે આપ અવાર નવાર અહીં અમારે આંગણે આવતાં રહેજો અને અમારા ઉપર ઉપકાર કરતાં રહેજો. આમ મુનિરાજ અને મહારાજા વચ્ચે વાર્તાલાપ ચાલે છે એ સમયે એક અત્યંત સ્વરૂપ-વાન યુવક સભામાં આવ્યો. સિંહ સમાન જેની ચાલ છે. મોઢા ઉપર દિવ્ય તેજ છે, કાનમાં સોનાના કુંડલ પહેરેલાં છે. સોનાની જરીથી ઝગમગતાં કપડાં અને માથે સુંદર સોનેરી પાઘડી પહેરી છે તેવો એ સૌને વંદન કરતો-રાજા પાસે આવી રાજાને અને મુનિને વંદન કરી પોતાના આસને બેઠો.

આ યુવાનને જોઇ નારદજી ભીષ્મરાજાને પૂછવા લાગ્યા. કે હે રાજા, આ અત્યંત ગુણવાન, સ્વરૂપવાન અને પરા-ક્રમી આ પુણ્યશાળી પુરૂષ કોણ છે ? રાજાએ તરત જવાબ આપ્યો છે એ મારી શ્રીમતી નામની રાણીની કુક્ષિએ જન્મેલો મારો પુત્ર રૂકિમ છે.

નારદજી પૂછે છે કે તારી રાણી શ્રીમતીની કૂખે કેટલાં બાળકો જન્મ્યા છે ? રાજા કહે આ એક પુત્ર અને બીજી એક પુત્રી એમ બે બાળકો જન્મ્યા છે.

આ સાંભળી નારદજી વિચાર કરે છે કે આ રૂક્મિ અત્યંત સ્વરૂપવાન છે. યુવાન સ્ત્રીઓના ધૈર્યને કંપાવી દે એવો છે તો તેની બહેન પણ ખરેખર તેનાથી ચઢિયાતી જ હશે. પરંતુ જો તે પરણેલી ન હોય તો જ મારી મનોકામના પાર પડે. આથી નારદજીએ વાતવાતમાં તેના વિવાહ શિશુપાલ રાજા સાથે (મૌખિક) કર્યાં છે. તે જાણી લીધું વિધિપૂર્વક હજુ કરવાના બાકી છે. આ સાંભળી મુનિરાજ અત્યંત ખુશ થઈ ગયાં.

નારદજી બોલ્યા કે હે રાજા, તને સુખરૂપ જોઈ હું ઘણો ખુશ થયો છું. હવે તારી પત્નિ શ્રીમતી, તારી વિધવા બહેન અને રૂકિમણી નામની તારી પુત્રીને જોવા ઇચ્છું છું. રાજાએ સહર્ષ અનુમતિ આપી અને બોલ્યા. અમારું ઘર પાવન કરો તેમજ સ્ત્રી વર્ગ સહુ આપને પ્રણામ કરીને આપના શુભ આશીર્વાદ પામે. ત્યારબાદ મુનિશ્રી ત્યાંથી ઊઠીને સીધા અંતઃપુરમાં ગયાં. મહાન દેવર્ષિને જોઈ દરેક સ્ત્રીઓ પોતાના આસનેથી ઊભી થઈ મુનિરાજના પગે પડી. મુનિરાજે સૌને આશીર્વાદ આપ્યાં. રૂકિમણીને જોઈ મુનિરાજ ખુબજ પ્રસન્ન થઈ ગયાં અને આશિષ આપી કે **"યાદવકૂળભૂષણ મહારાજા શ્રી કૃષ્ણદેવની તું પટ્ટરાણી થજે."**

મુનિરાજના આશીર્વાદ સાંભળી લજ્જાપામેલી રૂકિમણી નીચું જોઇ પોતાની ફોઈની બાજુમાં જઈને ઊભી રહી ગઈ. મહારાજા ભીષ્મની બહેન મુનિરાજને પૂછે છે કે–હે

મહર્ષિ આપે કહ્યું તે કૃષ્ણદેવ કોણ છે? કયાંના રાજા છે? કયા વંશના છે? કયાં કયાં પરણેલાં છે? અને કયા નગરમાં વસે છે? અમને એ તમામ હકીકત જાણવા ખૂબજ ઇચ્છા છે તો કૃપા કરીને અમને વિગતવાર સઘળી માહિતી આપો અમે આપનો આભાર માનીશું.

પોતાની મનોકામના સિદ્ધ થતી જણાવાથી મુનિરાજ મનમાં હસીને બોલ્યાં હે દીકરી, તમારે કૃષ્ણમહારાજ વિષે જાણવાની ઉત્કંઠા છે તો સાંભળ.

અહીંથી દૂર દૂર પશ્ચિમ દિશામાં, અનેક નાના મોટા તીર્થસ્થાનોથી ભરપુર અને પવિત્ર એવો સોરઠ નામે દેશ છે. તે દેશના પશ્ચિમ છેડે ઇન્દ્ર મહારાજના આદેશથી કુબેર મહારાજે બનાવેલી દ્વારિકા નામે નગરી છે જેને ફરતો સોનાનો કોટ છે. તેની ફરતી સમુદ્રરૂપે ખાઈ છે. નગરીને ફરતો સોનાના કોટ ને હીરા, માણેક અને મોતીના કાંગરા ઝગમગી રહ્યા છે. એવી અતિ મનોહર શ્રી દ્વારિકા નગરી છે. તેમાં રૂપ રૂપના અંબાર સમ–મહા પરાક્રમી-બળવાન-લક્ષ્મી ઐશ્વર્યવંતા, શ્રી નેમિનાથ અને બળદેવ જેવા ભાઈઓથી શોભતા, યાદવ વંશના ચંદ્રસમાન અને વસુદેવ રાજાના પનોતાપુત્ર કૃષ્ણમહારાજા છે જે દ્વારિકા નગરીના રાજાધિરાજ છે. એવા એ કૃષ્ણમહારાજાનું વર્ણન કરવા હું અસમર્થ છું. આમ રૂકિમણીના હ્રદયમાં કૃષ્ણને સ્થિર કરી અને પોતાની સ્વાર્થ સિદ્ધિની વેલ વાવી નારદમુનિ ચાલતા થયાં

મુનિરાજના ગયા પછી ભત્રીજી ફોઇને પૂછવા લાગી કે હે ફોઇ! આ મુનિરાજના શબ્દો શું ખરેખર સત્ય હશે? મારું માનવું એવું છે કે મોટે ભાગે મુનિઓ અને ગુરૂજનો, પોતાના ભકતજનોનું મન રાજી રાખવા મીઠું મીઠું બોલતા હોય છે. એવું તો નહિં હોય? ભીષ્મરાજાની બહેન બોલી–આવા બાલ બ્રહ્મચારી નારદજી જેવા મુનિઓ કદી અસત્ય બોલતા હોતા નથી. આ વિષે મેં પણ ઘણા સમય પહેલાં બીજા મુનિના મુખે સાંભળેલું મને યાદ છે. તે સાંભળ–

એક વખત અતિમુક્તક નામના એક મુનિ ગોચરી વહોરવાં આપણા ઘેર પધારેલા. તેઓ જયોતિષ શાસ્ત્રમાં, અષ્ટાંગનિમિત્તમાં પારંગત હતા તેમજ સ્પષ્ટ વકતા હતા. તારા પિતાજીએ ઉત્તમ પ્રકારનો આહાર વહોરાવ્યો. તેમને એક આસન ઉપર બેસાડીને પૂછેલું કે હે મુનિરાજ! આપ જયોતિષ ઘણું સારું જ્ઞાન ધરાવો છો તો મને એક પ્રશ્નનો જવાબ આપશો? કે આ મારી પુત્રીનો પતિ કોણ થશે?

ત્યારે ખૂબ ઊંડો વિચાર કરીને તેમણે કહેલું કે—હે રાજન્! યાદવ વંશમાં રત્ન સમાન, ધીર, ગંભીર મહાબળવાન અને મહા બુદ્ધિશાળી, અત્યંત સ્વરૂપવાન–વસુદેવ મહારાજાના પુત્ર શ્રી કૃષ્ણ–કંસરાજાને મારીને અનેક યાદવો સાથે સોરઠ દેશમાં આવી દ્વારિકા નગરીમાં રાજ્ય સ્થાપન કરી રહેશે તેવા શ્રી કૃષ્ણ તારી પુત્રીના પતિ બનશે. આ સર્વ હકીકત મેં જાતે સાંભળેલી છે માટે હે પુત્રી! નારદ

મુનિએ આપેલ આશીર્વાદ મિથ્યા હોયજ નહિં, આ સાંભળી રૂકિમણી કહે ફોઈ! આ વાત તમે ઘણા સમયથી જાણો છો-અને એ પણ જાણો છો કે હું શિશુપાલને અપાઈ ગઈ છું તો હવે મુનિરાજનું કહેવું સત્ય કઇ રીતે બની શકે? મને તો આમાં કાંઈ સમજ પડતી નથી.

ફોઈ બોલ્યાં બેટી! તારા માતાપિતાએ તને શિશુ-પાલ સાથે આપી નથી. તારોભાઈ તેમને ત્યાં ગયેલો ત્યારે તારા ભાઇએ તને ત્યાં આપવાનું કહેલું છે અને તે વાત તેણે તારા માતાપિતાને જણાવી અને તારા માતાપિતા એ કબૂલ રાખી છે.

તારા પિતા અને શિશુપાલરાજા ગાઢમિત્રો છે. એકવાર શિશુપાલે અન્ય દુશ્મન સાથે લડાઇ કરવા જણાવેલું, તારા પિતા મિત્રતાના દાવે તેની મદદમાં જવા તૈયાર થયાં. તે વખતે તારા ભાઈએ રોકીને પોતે લડાઈમાં જવા તૈયાર થયો.

ભીષ્મરાજાએ પુત્રને લશ્કર લઈ શિશુપાલની મદદ માટે મોકલ્યો. રૂકિમની સહાયથી કાશીના રાજાને હરાવ્યો. અને વાજતે ગાજતે પાછો ફર્યો. રૂકિમની બહાદુરી અને કામયાબીની પ્રશંસા કરી-સભા ભરી અને ખૂબજ માન ભેટ સોગાદો આપી. આથી શિશુપાલને સહર્ષ તારા ભાઇએ પ્રસન્ન થઇને તને આપી. જેથી અન્યોન્ય પ્રેમનો વધારો થયો. ત્યાંથી આવ્યા પછી તારાભાઈએ આ વાત તારા માતપિતાને સમજાવી-તેમને પણ ઉપરોક્ત વાત ને સહર્ષ વધાવી લીધી.

હે રૂકિમણી ! આવી રીતે તું શિશુપાલને અપાઇ છે. પરંતુ તારા માતાપિતા વડે તારી સગાઈ થઈ નથી. તેથી કોઈજ વાંધો નહિં. તું જરાય ચિંતા કરીશ નહિં. આનંદથી મઝા કર. અને એટલો વિશ્વાસ રાખજે કે ગમે તે રીતે હું તારો વિવાહ દ્વારકાના ભૂપ શ્રી કૃષ્ણ સાથે જ કરાવી આપીશ. પોતાની ફોઈ તરફથી આવું આશ્વાસન મળવાથી તે આનંદમાં રહેવા લાગી. તેના હૃદયમાં શ્રી કૃષ્ણ છાઇ રહ્યા હતા. દ્વારિકાથી આવતા લોકોને કૃષ્ણ વિષે પૂછ પૂછ કરતી અને તેનો જવાબ સાંભળી ખૂબજ રાજી રાજી થઇ જતી. તેણી મનમાં રાત દિવસ શ્રી કૃષ્ણનીજ માળા ગણતી ગણતી દિવસો પસાર કરી રહી.

આ બાજુ નારદમુનિ રૂકિમણીને મલીને આકાશ માર્ગે કોઈ એકાંત સ્થળની શોધમાં નીકળી પડયાં. ફરતાં ફરતાં તેમને જોઈતું સ્થળ મલી ગયું. અહીં આવીને શ્રી કૃષ્ણને બતલાવવા માટે રૂકિમણીનું અતિસુંદર ચિત્ર દોરવા લાગ્યા. ચિત્ર એવું તો આબેહુબ બનાવ્યું કે તે જોનારને પ્રથમ નજરે જ ગાંડો અને મોહીત બનાવી મૂકે. રૂપ નીતરતું-કૌમાર્યનું તેજ ઝળહળતું અનેક પ્રકારના સાજ-શણગારથી ભરેલું ચિત્ર જોનારને બે ઘડી વિવશ કરી મૂકે તેવું હતું.

આ ચિત્ર લઇને નારદજી દ્વારિકા નગરીમાં આકાશ માર્ગે ગયાં. શ્રીકૃષ્ણ પોતાના મહેલમાં બેઠા હતાં તે સમયે મુનીશ્વર ને આવતાં જોઇ તેમનું સન્માન કરવા આસનેથી


ઊઠીને સન્મુખ જઈ હાથ ઝાલીને આસને બિરાજમાન કરી-બેહાથ જોડી પ્રણામ કરી તેમની બાજુમાં બેઠાં. આનંદ વિનોદ કરતાં કરતાં મુનિરાજે રાજ્યના–સંસારના અનેક પ્રશ્નો પૂછયાં. સૌની કુશળતા જાણી.

શ્રી કૃષ્ણે પૂછયું કે હે મુનિરાજ! આપ મહાન શક્તિ શાળી છો. આ પૃથ્વી ઉપર ઠેર ઠેર ફરનારા છો એટલે કાંઈ નવિન વાત હોય તો આપનીજ પાસેથી અમને જાણવા મલે. અમે તો અમારા રાજયમાં પડી રહીએ છીએ એટલે દેશવિદેશના અમને શું ખબર પડે? આપજ અમને કાંઈક નવિન વાત કહો. જેથી અમને ખૂબ આનંદ થાય.

કૃષ્ણની વિનંતી સાંભળી નારદ મુનિએ પોતાની પાસેનું ચિત્ર ખુલ્લું કરી તેમની સામે મૂકયું.આવુ અતિ સુંદર–સ્વરૂપવાન-માખણ જેવી કાયા ધરાવતી–હરણ જેવી આંખો–લાલ પરવાળા જેવાં હોઠ–કાળા નાગ જેવો ચોટલો માદક રૂપ–અને લજામણીના છોડ જેવું શરમાળપણું દર્શાવતી કન્યાનું ચિત્ર જોઈ કૃષ્ણ મહારાજ પ્રથમ નજરે જ પ્રેમમાં પડયા. કૃષ્ણ મનમાં વિચારે છે કે ખરે ખર આવું રૂપ લાવણ્ય અને દેહ લાલિત્ય કોઈ ઇન્દ્રની અપ્સરાનું હોય કે પછી સત્યુગની કોઇ નારીનું જ હોવું જોઇએ. મારી જીંદગીમાં આવી સ્ત્રી મેં કદી જોઇ જ નથી આવી અવર્ણનીય રૂપ માધુર્યવાળી સ્ત્રીની છબી જોઈને મને હૈયામાં બળતરા થાય છે, અહો. આવી નવયૌવના–

રૂપ નીતરતી કામણગારી કાયા વાળી– મેં મેળવી જ નથી. શું કરું તો આવી સ્ત્રી મલે ? પરંતુ પહેલાં તો આ ચિત્ર કોનું છે તે જાણી લેવું જોઇએ.

હસતાં હસતાં કૃષ્ણ મહારાજ નારદજીને પૂછેછે–કે હે મુનિરાજ ! આપે આ છબી મને બતાવી તે સ્ત્રી પરણેલી છે કે કુંવારી ? સ્વર્ગની અપ્સરા છે કે મૃત્યુ લોકની નારી ? આપે નજરે નીહાળેલી છે કે કલ્પિત ચિત્ર છે ? કયાં રહે છે ? શું નામ છે ? કઇ જાતિમાં જન્મેલી છે ? આ ચિત્ર કયા ચિત્રકારે દોરેલું છે. તેની તમામ માહિતી મને સત્વરે જણાવવા કૃપા કરો.



## ૩

# રૂક્મિણી હરણ

શ્રી કૃષ્ણ આ ચિત્ર જોઈને મોહમાં પડી ગયાં છે. અને પોતાનું ધાર્યું નિશાન વાગ્યું એમ સમજી મુનિ ખૂબજ રાજી રાજી થઈ ગયાં. પોતાનું અપમાન કરનાર સત્ય-ભામાના રૂપનો ગર્વ હવે ઉતરશે. મારી પ્રતિજ્ઞા સિદ્ધ થશે એમ સમજીને મુનિરાજ બોલ્યાં—હે કૃષ્ણ! તેં પૂછેલા પ્રશ્નનો સંપૂર્ણ જવાબ આપું છું. જરા શાંતિપૂર્વક સાંભળજે.

આ ભરત ક્ષેત્રમાં વિદર્ભ દેશ છે. તેમાં કુંડિનપુર નામે મોટું નગર છે. તેમાં મહાપરાક્રમી, બળવાન અને પ્રતાપી રાજા ભીષ્મ નામે રાજ્ય કરે છે. તેમને શ્રીમતિ નામે અતિ સુંદર—ધર્મિષ્ઠ અને દયાળુ રાણી છે—એ રાણીથી ભીષ્મરાજાને બે સંતાન થયા છે. તેમાં એક પુત્ર અને એક પુત્રી છે. પુત્રીનું નામ રૂક્મિ અને પુત્રનું નામ રૂક્મિણી છે. બન્ને અત્યંત સ્વરૂપવાન અને યુવાન છે. રાજકુમારી

રૂકિમણી હજુ પરણાવેલી નથી. પરંતુ તેના ભાઇ રૂકિમએ શિશુપાલને આપી છે. તેના માતાપિતાએ આપી નથી એટલે તે કુંવારિકા જ છે, આ કન્યાને મેં મારી સગી આંખે જોઇ છે, એટલે હું કહી શકું છું કે ચિત્રમાં આલેખેલી કન્યા કરતાંયે અધિક સ્વરૂપવાન-યૌવનમતી અને બુદ્ધિશાળી છે. મેં તેની સાથે વાતચીત પણ કરી છે. ખરેખર કહું તો આવી સ્ત્રી આપની સાથે જ શોભે. આપની વાતચીત ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપને તેણીના પ્રત્યે રાગ ઉપજ્યો છે. અને તેમાં કાંઈ ખોટું પણ નથી.

રૂકિમણી સાથે થોડી વાતચીત કરવાનો સમય મલ્યો હતો. તે દરમ્યાન મેં તમારા રૂપગુણનું વર્ણન કર્યું છે. અને તેના હૃદયમાં તમારું સ્થાન કરી તમારા પ્રત્યે પ્રેમ કરતી પણ કરી મૂકી છે. હવે ગમે તે થાય પણ તેના હૃદયમાંથી તમારું નાંમ કોઈપણ રીતે ભૂલી શકે તેમ જ નથી. ત્યાંથી પાછા ફરતાં તમારા જેવા મિત્રને ભેટ આપવા આ ચિત્ર મેં મારી જાતે જ આલેખેલું છે. જે તમારી સમક્ષ પડ્યું છે. હવે તે સ્ત્રી મેળવવાની તમારામાં શક્તિ હોય તો જઈને લઈ આવો, આ કાર્ય સરળ નથી. મર્દ હોય તેજ કરી શકે. જો કે હું માનું છું કે આવી સ્વરૂપવાન રમણી-રૂકિમણીને વિધાતાએ કદાચ તમારા માટે જ સર્જન કરી હોય લાગે છે તો હવે વિના વિલંબે તે મેળવી લો આવા કાર્યમાં લેશમાત્ર આળસ કરવી ન જોઈએ, મેં રૂકિમણીના હૃદયના ભાવ વાંચેલાં છે એટલે તે જરાપણ આનાકાની કર્યા

વગર તમારી સાથે ચાલી નીકળશે. આને માટે પુરૂષાર્થ તો કરવોજ પડે ને?

મેં મિત્ર પ્રત્યેની મારી ફરજ બજાવી છે, હવે પછીનું કામ તમારે સંભાળી લેવું-હું મારે રસ્તે જાઉં છું આમ કહી નારદજી પોતાના માર્ગે રવાના થયાં.

નારદજીના ગયા પછી રૂકિમણીમાં અત્યંત મોહિત થયેલા કૃષ્ણજીને કયાંય ચેન પડતું નથી. જમવા પ્રત્યે નારાજી થતી. વાતચીત કરવી ગમે નહિં. કોઈની સાથે બોલે ચાલે નહિ, રાત્રીભર ઊંઘ આવે નહિ. વિચારોમાં ખોયા ખોયા રહેવા લાગ્યા. સભામાં બેઠાં હોય છતાં તેમનું ચિત્તતો રૂકિમણીમાં જ ભમતું રહેતું.

**"ઘાયલ કી ગત ઘાયલ જાણે, ઔર ન જાને કોઇ"**

આમ કૃષ્ણ મહારાજા હંમેશાં ચિંતાતુર રહેવા લાગ્યા સભાજનો એ વિચારવા લાગ્યા કે આ કૃષ્ણરાજા જરૂર કોઈ ઊંડી ચિંતામાં છે, પરંતુ તેમને પૂછવાની હિંમત કોણ કરે?

આ બાજુ એવું બન્યું કે રાજા શિશુપાલે જ્યોતિષીઓ તેડાવી લગ્નનું મુહૂર્ત કઢાવી–લગ્ન પત્રિકાઓ તૈયાર કરાવી અને ખાસ દૂત સાથે એક પત્રિકા કુંડિનપુર ભીષ્મ રાજાને મોકલાવી. લગ્ન નજીકના મહિનામાં ગોઠવ્યાની જાણ કરી. આ જાણી રૂકિમણી ખૂબજ ચિંતામાં પડી ગઈ. હવે શું થશે? મારે શું કરવું? આ જાણી તેની

ફોઇ તેને સમજાવતી કે બહેન, **નસીબમાં લખ્યું હશે એજ થશે.** નાહકની ચિંતા કરે શું વળે? હું તારી સાથે જ છું. તારે લેશ માત્ર ચિંતા ન કરવી. હું રસ્તો કાઢી તને સહકાર આપીશ. આમ કહી ફોઇ-ભત્રીજી એકાંતમાં બેસી કોઇ માર્ગ કાઢવાનો વિચાર કરવા લાગ્યા. બંન્ને જણી ભેગી મળી કૃષ્ણને એક ખાસ પત્ર લખ્યો તેમાં પોતાના હૃદયની ઊર્મિ અને વ્યથા સમજાવ્યા અને તેમનો ખાસ વિશ્વાસુ–આવા કાર્ય બજાવવામાં નિપૂણ એવા દૂતને એ પત્ર સાથે દ્વારિકા રવાના કર્યો અને જવાબ લઇને જલદીથી પાછા આવવાનું સમજાવ્યું. દૂત કુંડિનપુરથી રવાના થયો અને થોડા જ દિવસમાં દ્વારિકા આવી પહોંચ્યો. દ્વારિકા નગરીની જાહોજલાલી અને સુખ વૈભવ જોઈને દંગ થઈ ગયો, પોતે જે અગત્યના કામે અહીં આવ્યો હતો તે પતાવવા રાજદરબારમાં ગયો અને કૃષ્ણ રાયને મલ્યો, મહારાજને એકાંતમાં મલવાનું કહીને તે સમયે રૂકિમણીનો પત્ર હાથો હાથ આપ્યો–તેમજ તેનો જવાબ જલદીથી આપવા વિનંતી કરી.

કૃષ્ણ મહારાજ જેની યાદમાં ઝૂરી રહ્યા હતા તેનો પત્ર મલવાથી અત્યંત આનંદમાં આવી ગયા હતા. તે પત્ર ખોલી વાંચવા લાગ્યા. તેમાં લખ્યું હતું કે–

'હે કૃષ્ણ મહારાજ.'

મુનિવર્ય નારદજીના મુખેથી મેં આપના વિષે જાણ્યું

ત્યારથી હું આપને મલવા ઝંખી રહી છું. ભ્રમરી સદા માલતીના પુષ્પનો સમાગમ ચાહે છે અન્યનો નહિં. સિંહ-બાળા સિંહને જ પામવાની ઇચ્છા રાખે મૃગને નહિ. હે મારા મનના માનેલ મોરલા, ઢેલડ તમને મળવા થનગની રહી છે. જલદી પધારો અનેમળો તમારી વિરહાતુર બનેલી હું હવે ક્ષણભર રહી શકું તેમ નથી. વિશેષ માહિતી દૂત આપશે.

લિ. આપની **સદાસદાની દાસી રૂક્મિણીના પ્રણામ.**

પત્ર વાંચી અતિ આનંદ પામેલા કૃષ્ણે દૂતને પુછયું કે ભાઈ, તું કયા દેશથકી આવે છે? કોણે તને મોકલ્યો છે? ત્યાંની પરિસ્થિતિ વિષે મને પૂરી સમજ આપ.

દૂત કહે હે મહારાજા, હું વિદર્ભદેશની રાજધાની કુંડિનપુરથી આવું છું, તેમની રાજકુમારી **રૂક્મિણીદેવીનો** પત્ર આપને પહોંચાડવા અહીં આવ્યો છું. અમારા મહારાજાનું નામ **ભીષ્મરાય** છે. તેમને એક રૂક્મિ નામે પુત્ર છે. અને રૂક્મિણી નામે એક પુત્રી છે. ચેદી દેશના રાજા શિશુપાલ અમારા મહારાજાના મિત્ર છે. એક દિવસ શિશુપાલ રાજાનો દૂત આવી અમારા મહારાજાને સંદેશો આપ્યો કે શિશુપાલ દુશ્મન રાજાઓને જીતવા માટે તૈયાર થયા છે. તેમાં તમારી મદદની જરૂરત છે તો તમે તમારા સૈન્ય સહિત સહાય કરવા જલ્દીથી આવો.

દૂતની વાત સાંભળી ભીષ્મરાજાએ મિત્રને મદદ કરવા

પોતાની ચતુરંગી સેના તૈયાર કરાવી કુંડિનપુરનું રાજ્ય રૂકિમને સોંપી લડવા માટે પ્રયાણ કરવાના હતાં ત્યાં પુત્ર રૂકિમએ તેમને રોકયાં. અને કહેવા લાગ્યો મારા હોવા છતાં આપ લડવા નીકળો એ મને શોભે નહિ. આપ રાજ્ય સાચવો. હું જ મદદ કરવા જાઉં છું. અને રૂકિમકુમાર ડંકો વગાડતો શિશુપાલને યુદ્ધના મેદાનમાં જઈ મલ્યો.

રૂકિમ બળવાન તો હતોજ. વાવાઝોડાની માફક દુશ્મનના સૈન્યનો સંહાર કરી નાંખ્યો. તેના શૌર્ય અને બહાદુરીના વખાણ થવા લાગ્યા. દુશ્મનોને હરાવ્યાં આમ મહાપરાક્રમી અને તેજસ્વી કુમારને લઈને શિશુપાલ પોતાના રાજ્યમાં વિજય ડંકો વગાડતાં વગાડતાં પાછા આવ્યાં સભામાં રૂકિમના ખૂબ ખૂબ વખાણ કર્યા અને અનેક મોટી ભેટ સોગાદો આપી. અનેક પ્રકારના અલંકારો અને નજરાણા આપ્યા. પોતાનું આવું મોટું સન્માન થવાથી રૂકિમકુમાર ખૂબજ ખુશ થઈ ગયો. અને આભારની લાગણી વ્યક્ત કરવા રૂકિમ કુમારે પોતાની બહેન શિશુપાલ રાજાને આપી એમ જાહેર કર્યું. આથી શિશુપાલ પણ ખૂબજ ખુશ થયો. ત્યારબાદ કેટલાંક દિવસો સુધી ત્યાં રહી અને શિશુપાલ રાજાની રજા લઈ પોતાને નગરે આવ્યો. લડાઈમાં અદ્ભુત પરાક્રમ દાખવી જીત મેળવનાર કુમારે આવી માતા–પિતા અને ફોઈને વંદન કર્યા. અને રાજા શિશુપાલની ભેટ–સોગાદો અને પ્રેમભાવ વિષે વાત કરતાં કરતાં જણાવ્યું કે હું શિશુપાલને મારી બહેન રૂકિમણી આપીને આવ્યો છું. પોતાના પરાક્રમી

પુત્રે કરેલ કાર્યને માતા–પિતાએ મૌન રહી સંમતિ આપી. પુત્રી મોટી થાય એટલે પરણાવવાની તો હોય જ ને? તો આ મહાબળવાન શિશુપાલ શું ખોટો છે? માટે મનમાં વિચાર્યું કે પુત્રે કર્યું તે શું ખોટું છે?

થોડા દિવસ પછી નારદજી ફરતાં ફરતાં કુંડિનપુર આવી ચડ્યા. ભીષ્મરાજાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને આસન આપી બેસાડયાં. ખબર અંતર પૂછ્યા. ત્યાંથી ઊઠી મુનિરાજ ભીષ્મ રાજાના અંતઃપુરમાં ગયા. સૌએ મુનિરાજને નમસ્કાર કર્યા. શ્રીમતીદેવી અને ભીષ્મરાયની બહેનને આશીર્વાદ આપ્યાં. ત્યાંથી મુનિ રૂકિમણી પાસે ગયાં–રૂકિમણીએ મુનિના પગમાં માથું નમાવી વંદન કર્યા. તે વખતે મુનિરાજે ભીષ્મ રાજાની બહેનને પૂછ્યું કે–આ પુત્રી કોણ છે? ત્યારે તે ભીષ્મરાજાની પુત્રી રૂકિમણી છે એમ જાણવા મળ્યું. આ સાંભળી અતિ આનંદપૂર્વક મુનિરાજે તેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યો કે–હે મહા ભાગ્યશાળી પુત્રી! સોરઠની દ્વારિકાનગરીના સ્વામી–મહાપરાક્રમી રાજવી શ્રી કૃષ્ણને તું સ્વામી બનાવજે! સુખી રહે! સહેતુક આશીર્વાદ આપી મુનિરાજ આકાશ માર્ગે વિહાય થયાં.

હે રાજન્! આપના વિયોગમાં ઝૂરતી અમારી રાજકુમારીને આહાર પ્રત્યે રૂચી રહી નથી. રાત્રિભર ઊંઘ આવતી નથી. રાતદિવસ તેનું અંતર બળી રહ્યું છે. સહેજે સુખચેન નથી. કેવળ તમારા નામનુંજ રટણ કર્યા કરે છે. મેં મારું કાર્ય સંપૂર્ણપણે પુરું કર્યું છે. હવે તમારે જે કરવું હોય

તે કરશો. પરંતુ આ કાર્યમાં ઢીલ કરવી પાલવે તેમ નથી. મહા માસની શુકલ અષ્ટમીના લગ્ન છે એટલે સમય બહુ થોડો છે. "રાત નાની અને વેશ ઝાઝા" સહેજ પણ પણ વિલંબ થશે તો મહાઅનર્થ થવા સંભવ છે માટે સત્વરે તૈયારી કરો. જે કાલે કરવાનું છે તે આજે કરો—અને જે આજે કરવાનું છે તે અત્યારે કરો.

શ્રી કૃષ્ણે જવાબ આપ્યો કે—હે દૂત, હવે તું સહેજે ચિંતા ન કરીશ. હું બળદેવજીને લઈને જેમ બને તેમ જલદીથી આવું છું પરંતુ ત્યાં આવીને મારે શું કરવાનું? રૂક્મિણીને કેવી રીતે મળું? તે માટે દિવસ સમય અને સ્થળ વગેરેની પૂરી સમજ આપ.

તરતજ દૂતે જણાવ્યું—મહારાજા અમારા નગરની બહાર એક પ્રમદ નામનું વિશાળ ઉદ્યાન છે તે અનેક વૃક્ષો અને વેલાવેલીઓથી ભરેલું છે. ઉદ્યાનની મધ્યમાં એક મંદિર છે તેમાં કામદેવની મૂર્તિ છે. તે મંદિરની આસપાસ અનેક શાખાઓથી વિસ્તાર પામેલ એક મોટું અશોકવૃક્ષ છે. તેની ઉપર સફેદ ધજા છે. તે જગ્યાએ આવીને આપે છુપાઈ રહેવાનું છે. રૂક્મિણી માતા-પિતા અને ભાઈની નજર ચૂકવી. તેની ફોઈની સાથે કામદેવની પૂજાને બહાને આવશે. માઘ સુદી અષ્ટમીના લગ્ન છે. તેના આગલા દિવસે આપ પધારજો અને અમારા રાજકુંવરીબાને લઈ જજો. ભૂલશો નહિં. હા, એટલું પણ યાદ રાખજો કે શિશુપાલ સાથે યુદ્ધ કરવું પડશે. પૂરી તૈયારી સાથે આવજો. અને

યુદ્ધમાં જીત્યા પછીજ તમે રૂક્મિણીને લઈ જઈ શકશો. મહા બળવાનોનો સામનો કરવાનો છે તે **રખે ભૂલતાં.**

કૃષ્ણે જવાબ આપ્યો–હે દૂત. તમે સૌ બેફીકર રહેજો. સંપૂર્ણ તૈયારી સાથે મુકરર કરેલ દિવસે અને સમયે હું જરૂર આવી જઈશ. અને જણાવેલ સ્થળે રાહ જોઇશ. જો જો–તમે ભૂલતાં નહિં. અને એક પત્ર આપ્યો કહ્યું–લે, આ પત્ર તમારી રાજકુમારીને આપજે.

ઓ માન સરોવરની હંસલી,

તારો પત્ર–પ્રેમ અને પ્રિતી મલ્યાં. હૈયામાં હિંમત રાખજે. ગભરાવાની કોઈ જરૂર નથી. હું સમયસર જરૂર આવીશ અને તને લઈ જઇશ. લડાઈ થવાની જ છે અને તેની પૂર્ણ તૈયારી સાથે આવીશ. આપણું મિલન કોઇ રોકી શકનાર નથી. અવર્ણનીય પ્રેમની કદર કરું છું અને મિલનની ઘડીઓ ગણી રહ્યો છું

લિ,

તારો સદાસદાનો પ્રેમી

કૃષ્ણ.

આ પત્ર દૂતને આપી–તેનું બહુમાન કરી–ખૂબજ ભેટ આપી રાજી કર્યો. દૂત ખૂબજ ઝડપે કુંડિનપુર પહોંચી ગયો અને પત્ર તથા સમાચાર આપ્યા. રૂક્મિણી અને તેની ફોઈ ખૂબજ રાજી રાજી થઈ ગયાં.

દૂતને વિદાય કરી **કૃષ્ણે બળદેવજીને** બોલાવ્યાં

સર્વ હકીકતથી વાકેફ કર્યા. અને પૂછ્યું કે હવે આપણે શું કરવું ? કેવી રીતે જવું ? કેવી રીતે મળવું ? લડાઈ કરવી પડે તો શું કરવું ? બન્ને ભાઈઓએ ભેગાં મળી નક્કી કર્યું કે બન્ને જણાએ જવું અને મુકરર કરેલ દિવસ–સમય અને સ્થળે પહોંચી જવું. અને એ રીતે જરૂરી શસ્ત્રો તૈયાર કરી રથ લઈ ને રૂકિમણીને લેવા ચાલી નીકળ્યાં. આ રીતે મુસાફરી કરતાં બંન્ને કુંડિનપુર આવી પહોંચ્યા. અને નક્કી કરેલાં દિવસે સમયે અને સ્થળે પહોંચી ગયાં. અને કોઈને પણ ખબર ન પડે એ રીતે અશોકવૃક્ષની નીચે શાંતિથી બેઠાં અને રૂકિમણીની રાહ જોવા લાગ્યાં.

એક દિવસ રાજા શિશુપાલ પોતાના નગરમાં, પ્રધાનો મંત્રીઓ અને અન્ય નગરજનો સાથે ચર્ચા–વિચારણા કરવા બેઠા હતા. પોતાના રાજ્યમાં પ્રજાને કેવી રીતે વધારે સુખી કરી પ્રેમ સંપાદન કરી શકાય એ અંગેની વાતચીત ચાલતી હતી· સૌ પોતપોતાના અભિપ્રાય અને સૂચના કરતાં હતા તે અવસરે શ્રી નારદજી દેશવિદેશે ફરતાં ફરતાં અહીં આવી ચડયા અને શિશુપાલ રાજાના દરબારમાં ગયા. દૂરથી મુનિને આવતાં જોઇ રાજા શિશુપાલ બધાજ કામો પડતાં મૂકી મુનિરાજને આવકારવાં પોતે ઊભો થઈને સામે લેવા માટે ગયો. દ્વારેથી મુનિને ખૂબજ ભાવપૂર્વક આદર સત્કાર કરી સભા મંડપમાં લાવ્યા. ઊંચા આસને બેસાડી પૂજા કરી અને ખૂબજ વિનય પૂર્વક મુનિરાજને આગમનનું કારણ પૂછ્યું. મુનિરાજે પ્રથમ તો શિશુપાલના કુટુંબી

જનોના ખબર અંતર પૂછયા અને ત્યારબાદ બોલ્યા–હે રાજન મારા સાંભળવામાં આવ્યું છે કે રાજા ભીષ્મદેવની અત્યંત સ્વરૂપવાન પુત્ર રૂકિમણી સાથે તારા વિવાહ થયાં છે એ વાત સાચી ?

શિશુપાલ બોલ્યા. હા. પ્રભુ. આપ જેવા મુનિરાજના આશીર્વાદથી એ વાત સાચી છે. એ બાબતમાં આપનો શું અભિપ્રાય છે? કૃપા કરીને કહેશો ?

મુનિરાજ બોલ્યા–હે રાજન્? આજના યુગમાં તારા જેવો ભાગ્યશાળી બીજો કોઈ જ નહિં હોય. આવી અત્યંત સ્વરૂપવાન અને ગુણવાન અને રાજકુમારી તું મેળવી શકયો છે તે તારું મહાભાગ્ય કહેવાય. તેમજ કુમારીને યોગ્ય પણ તું જ છે. આ અંગે એક મહત્વની વાત મારે તને પૂછવાની છે. વિવાહની લગ્ન પ્રત્રિકા તૈયાર હોય તો મને બતાવ જેથી તેમાં રહી ગયેલી શુદ્ધિ–અશુદ્ધિ હું ચકાસી યોગ્ય માર્ગદર્શન આપી શકું. રાજાની આજ્ઞાથી રાજ-પુરોહિતે લગ્ન પત્રિકા મુનિરાજના હાથમાં મૂકી. નારદજી એ એ લગ્ન પત્રિકા હાથમાં લઈ ખૂબજ ઉંડા વિચારમાં પડી ગયા. મુખ ઉપર ઉદાસી જણાતી હતી. મુનિએ માથું હલાવી તે લગ્ન–પત્રિકા જમીન ઉપર પછાડી.

આ જોઈ રાજા શિશુપાલ અને અન્ય સભાજનો બ્રાહ્મણો અને રાજપુરોહિત વિચારમાં પડી ગયાં. હાથ જોડીને મુનિરાજને પૂછવા લાગ્યા–હે પ્રભુ? આપ માથું કેમ ધૂણાવો છો? આ મુહૂર્ત બરાબર નથી ? શું લગ્નમાં કોઈ

વિઘ્ન આવે તેમ લાગે છે? જે હોય તે પણ અમને સ્પષ્ટ રીતે સમજાવો તો આપનો આભાર.

નારદજી બોલ્યા—હે રાજન્! તારી કુંડલી અને લગ્ન પત્રિકા વગેરે તમામ જોતા—વિચારતાં મને લાગે છે કે તારા આ લગ્નમાં કોઈક મોટું વિઘ્ન આવી પડવા સંભવ છે. એટલું તો હું ચોક્કસ પણે કહી શકુ કે ત્યાં ભયંકર યુદ્ધ કરવું પડશે જ અને તે માટે યુદ્ધની સંપૂર્ણ સાધન સામગ્રી અને લશ્કર લઈને પરણવા જજે. આ કાર્યની સિદ્ધિ શંકાસ્પદ જણાય છે. કોઈ પણ રીતે ગાફેલ રહીશ તો પસ્તાવાનો વખત આવશે. મેં તારા પ્રત્યેની લાગણી અને ફરજ સમજીને તને ચેતવ્યો છે. હવે શું કરવું એ તારે જોવાનું છે એટલું કહી મુનિરાજ ઊભા થયા અને પોતાને માર્ગે ચાલતાં થયાં.

મુનિરાજની વાત સાંભળી શિશુપાલ રાજા વિચારમાં પડી ગયો. પરંતુ પોતાના બળનું અભિમાન હોવાથી મનમાં વિચાર્યું કે ભલે જે થવાનું હશે તે થશે. હું સૌને પહોંચી વળું તેમ છુ. કોની તાકાત છે કે મારી સામે બાથ ભીડે? સૌ માત્ર મારા નામથી ધ્રુજે છે તો મારી સાથે લડવાનું કોણ? તેમ છતાં લડવું પડે તો? એમ વિચારી પોતાનું હયદળ, અશ્વદળ, ગજદળ અને રથો સહિત વાજતે ગાજતે પ્રયાણ કર્યું.

અગાઉથી નક્કી કર્યા દિવસે અને સમયે રાજા શિશુપાલ

પોતાની ચતુરંગી સેના સાથે શ્વસુરના નગરે કુંડિનપુર પહોંચી ગયો. આ બાજુ કુડિનપુરમાં પણ લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. સમગ્ર નગર–રસ્તાઓ મકાનો રંગબેરંગી ધજા–પતાકાઓથી શણગારાઈ હતી, રસ્તાઓ ઉપર ઠેર ઠેર કમાનવાળી અનેક પ્રકારની સુશોભન સામગ્રીથી શહેરની સુંદરતામાં વધારો થતો હતો. બાગ–બગીચા, હોજ–કુવારા અને ઉદ્યાનો અત્યંત શોભી રહ્યા હતાં. વાંજિંત્રોના સુમધુર અવાજથી આનંદ આનદ પ્રવર્તતો હતો.

ભીષ્મ રાજાએ શિશુપાલનું સ્વાગત કરી અતિસુંદર ઉતારો આપ્યો, તેમની તહેનાતમાં અનેક અનુચરોને મૂકયા હતાં. કોઈ જાતની કમી રહેવા દીધી ન હતી ઉત્તમ પ્રકારના ભોજન અને પાકની વ્યવસ્થા કરવામાં આવી હતી. કુમાર રૂકિમ ખડે પગે તેમની તહેનાતમાં હાજર રહેતો આ જોઈ શિશુપાલ ખૂબજ ખુશ થયો. શિશુપાલના હૃદયમાં નારદ મુનિના શબ્દો ગુંજતા હતા તેથી "ચેતતા નર સદા સુખી" એમ સમજી પોતાના સિપાઈઓને આ નગરની ચારે બાજુ ઘેરી લેવા અને તેમની પરવાનગી સિવાય કોઈ પણ વ્યક્તિ આવવા જવા ન દેવી એવો કડક આદેશ પણ આપવામાં આવ્યો હતો, તદુપરાંત અનેક હથિયારધારી સૈનિકો પણ નગરની આજુ બાજુ ફરતાં રહેવાનો હુકમ પણ કરવામાં આવ્યો. આ તમામ પ્રકારની વ્યવસ્થા કરી શિશુપાલ રાજા–જેને પોતાના બળનું ગર્વ હતું. અભિમાન હતું તે મનમાં વિચારવા લાગ્યો કે કોની તાકાત છે કે મારી સાથે

લડવાની હિંમત કરે? નાહક મુનિરાજે ગભરાવી મૂકયા છે!

લગ્નના દિવસની બન્ને પક્ષો રાહ જોઈ રહ્યા હતાં. બીજી બાજુ રાજકુમારી રૂક્મિણી મનમાં મુંઝાવા લાગી કે આ શિશુપાલે તો મારા નગરને ઘેરી લીધું છે. બહારથી કોઈપણ માણસ અંદર આવી શકે તેમ નથી તેમજ અંદરનો માણસ બહાર જઈ શકે તેમ નથી. તો હવે શું થશે?

એ દરમ્યાન દ્વારિકા ગયેલ દૂત આવી ગયો અને કૃષ્ણનો પત્ર રૂક્મિણીને પહોંચાડયો તેમના ક્ષેમકુશળના સમાચાર કહ્યા દ્વારિકાનું વર્ણન કર્યું. કૃષ્ણજીનું વર્ણન કર્યુ–આ સાંભળી અને કૃષ્ણજીનો પત્ર વાંચી ખૂબજ આનંદ વિભોર બની ગઈ. પોતાની ફોઈને બધીજ વાત કહી. ફોઈ–ભત્રીજી આનંદમાં આવી ગયા. એ વખતે રૂક્મિણીએ ફોઈને પૂછયું–હે ફોઈબા? અહીં તો રાજા શિશુપાલના સૈન્યે નગર ફરતો ઘેરો નાંખ્યો છે અને સખ્ત જાપ્તો રાખ્યો છે–તો આપણે નગરની બહાર શી રીતે જઇ શકીશું? આપણા કાર્યની સિદ્ધિ અંગે મને ખૂબજ ચિંતા થાય છે.

ફોઈ બોલ્યા–બેટા, હું બેઠી છું ત્યાંસુધી તારે ચિંતા કરવાની હોય નહિ. મુશ્કેલીઓ તો આવે પરંતુ તેમાંથી માર્ગ કાઢતા આવડવું જોઈએ મૂંઝાવું ન જોઈએ. જો, આવતી કાલે સવારે તું પૂજા–સેવા કરવા જવા માટે તૈયાર રહેજે. આપણે કહેલ છે તે મુજબ કૃષ્ણરાય પણ કાલે આવી જશે. બીજે દિવસે વહેલાંસર દેવપૂજાના કપડાં પહેરી હાથમાં દીપ ધૂપ અને અન્ય પૂજાની સામગ્રી લઈ ફોઈ–ભત્રીજી બંને

નગર બહાર કામદેવના મંદિરે પૂજા કરવા નીકળ્યાં આગળ ફોઇ અને પાછળ ભત્રીજી ચૂપચાપ ચાલ્યા. નગરના દરવાજે ચોકી કરી રહેલા શિશુપાલ રાજાના ચોકીદારોએ તેમને રોકયાં અને પૂછયું કે તમે કોણ છો? તેમજ કયાં જાઓ છો?

ફોઈએ જણાવ્યું કે હું ભીષ્મરાજાની બહેન અને આ તેમની પુત્રી રૂકિમણી છે. લગ્ન પહેલાં કામદેવની પૂજા, કરવાની હોય છે. અને તેમાં ભાવી પતિનું શુભ ઇચ્છતી ભાવના હોય છે અમારા કુટુંબમાં આ પ્રકારનો રિવાજ છે. અનુચરોએ દોડતાં જઈને શિશુપાલ રાજાને આ તમામ વાત કરી. આ સાંભળી તેમને જવા દેવાની અનુમતી આપી. જેથી ફોઈ ભત્રીજી બંનેને દ્વારપાળે જવાની મંજુરી આપી. બંને ત્યાંથી રાજી થતાં થતાં નીકળીને ઉદ્યાનમાં આવેલા એક વિશાળ અશોકવૃક્ષની નીચે કામદેવના મંદિરમાં પહોંચ્યાં. ફોઈએ કહ્યું–હે પુત્રી! તું મંદિરમાં જા અને પૂજા કર હું અહીં બહાર ઊભી રહી જતાં આવતા માણસોનું અને શિશુપાલના ગુપ્તચરો કદાચ હોય તો તેમનુ ધ્યાન રાખું છું એમ કહી તે મંદિરની બહાર ઊભી રહી.

અત્યારે રૂકિમણી ખરેખર દેખાવમાં અત્યંત સુંદર–મોહક અને સાક્ષાત અધિષ્ઠાતા દેવી લાગતી હતી. તે મંદિરમાં ગઈ–દેવની સમક્ષ બે હાથ જોડી–બોલી. હે પ્રભુ! મારા હૈયાના હાર! મારા જીવનના પ્રાણ! હે કૃષ્ણજી, આપે આપેલા વચન પ્રમાણે જો આપ અહીં હાજર હો તો આ દાસીને દર્શન આપી પાવન કરશો. આવી મધુરવાણી સાંભળી

અશોકવૃક્ષની લતાકુંજમાં છુપાયેલા શ્રી કૃષ્ણદેવ તરતજ બહાર આવ્યા. પ્રેમપૂર્વક રૂકિમણીના બે હાથ પકડી લઇને બોલ્યા. પ્રિયે, આપેલા વચન મુજબ હું હાજર છું. અને આ સામે ઊભેલા મારા પૂજ્ય મોટાભાઈ બળદેવજી છે. તેમને નમન કર. રૂકિમણીએ બળદેવજીને પગેપડી વંદન કર્યા. બળદેવજી એ આશીર્વાદ આપ્યાં. "સુખી ભર્વતુ"

શ્રી કૃષ્ણજીનો રથ તો તૈયારજ હતો. તરતજ કૃષ્ણ રૂકિમણીનો હાથઝાલીને રથમાં બેસાડી-પોતે બેઠાં. બળ દેવજી સારથી બન્યાં હતાં તેમણે રથ ચલાવવો શરૂ કર્યો. રથમાં બેસી કૃષ્ણે શંખનાદ કર્યો. શંખનો ભયંકર ધ્વનિ સાંભળી રાજા ભીષ્મ અને શિશુપાલ બંન્ને ગભરાઈ ગયાં. અને સમગ્ર સૈન્ય સાથે શંખના ધ્વનિની દિશામાં દોડયા- અહીં શ્રીકૃષ્ણ બોલ્યા-હે ભીષ્મ, હે રૂકિમ, હે શિશુપાલ તમે સર્વે સાંભળો-હું દ્વારકાપતિ શ્રી કૃષ્ણ છું. તમારા સૌની નજર સામે હું રૂકિમણીને લઈ જાઉં છું. જેનામાં તાકાત હોય તે મારી સામે આવો અને રૂકિમણીને લઇ જાય.

આ સાંભળી રાજા શિશુપાલ-રાજા ભીષ્મરાજ, કુમાર રૂકિમ અને અન્ય સેનાપતિઓ પોતાના સમગ્ર સૈન્ય સાથે હાજર થયાં અને કૃષ્ણદેવના રથને ચારે બાજુએથી ઘેરી લીધો. તેમજ બેફામ શબ્દો બોલવા લાગ્યાં. તેમ છતાં કૃષ્ણ અને બળદેવજી સહેજે ગભરાટ વગર શાંતિપૂર્વક ઊભા હતાં. આ બધું જોઈ રૂકિમણી ધ્રૂજતી હતી. આટલા વિશાળ અને

બળવાન સશસ્ત્ર સૈન્ય સામે આ બે જણાનું શું થશે? નક્કી આ બંન્નેને મારી નાંખશે. આ જોઈને તેને શાંત્વન આપવા કૃષ્ણે સમજાવ્યું કે હે મૃગાક્ષી! તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જો.....આમ કહી આંગળીએથી વિંટી ઉતારી તેમાંથી હીરો કાઢી ચપટીમાં ચૂરો કરી નાંખ્યો. અને પછી એકજ તીરથી એક સાથે સાત વૃક્ષો વિંધી નાંખ્યા. અને સમજાવીને કહ્યું—કે હે માનુનિ! તું અમારી ચિંતા કરીશ નહિં. તારા મુખ ઉપર હાસ્ય છવાયેલું જ રાખ. તું આ યુદ્ધ જોઈશ ત્યારેજ શકિતની ખબર પડશે અને મારું કાર્ય સફળ થશે.

પોતાના પ્રિયજનની આવી શકિત જોઇને રૂકિમણીની ચિંતા ચાલી ગઈ પરંતુ તરતજ બે હાથ જોડી વિનંતિ કરી. હે નાથ! આપના બળની પ્રતીતિ મને થઈ ગઇ છે. પરંતુ મારી એક નમ્ર માંગણી છે એ આપ જરૂર સ્વીકારશો કે આ યુદ્ધમાં ગમે તે મરે યા જીવે પરંતુ આપ મારા પિતા અને ભાઈને મારશો નહિં. બસ આટલું વચન આપશો. પોતાના પિતૃપક્ષ પ્રત્યેની અપાર પ્રીતિ નિહાળી રૂકિમણીની પ્રીતિ મેળવવા શ્રી કૃષ્ણે વચન આપ્યું કે—આ યુદ્ધમાં રાજા ભીષ્મ કે કુમાર રૂકિમને હું મારીશ નહિં. આ સાંભળી રાજકુમારી અત્યંત ખુશી થઈ ગઈ.

ત્યારબાદ ભયંકર યુદ્ધ થયું. ગગનભેદી અવાજો અને હથિયારના ખણખણાટ થવા લાગ્યાં. ભીષ્મરાજા, રૂકિમકુમાર અને શિશુપાલ જેમ ફાવે તેમ બોલતાં પરંતુ કૃષ્ણ—બળદેવ

ના બળ પાસે સૌ નમી પડયાં. શિશુપાલ–ભીષ્મરાજા અને સૈન્ય નાસી ગયું. રૂકિમ કુમારને બળદેવજીએ નાગપાશથી બાંધી દીધેલ તેથી તેને કૃષ્ણ પાસે રજૂ કર્યો. સમગ્ર યુદ્ધમાં કૃષ્ણનો વિજય થયો. રૂકિમણીએ વિનંતિ કરી કે મારા ભાઈને તમે છોડી દો–ભાઈને દુ:ખી હું જોઈ શકું નહિં. જેથી રૂકિમને છોડી દીધો. નીચા મુખે કૃષ્ણ–બળદેવને પ્રણામ કરી પોતાના નગરમાં ગયો. ત્યારબાદ કૃષ્ણે વિજય શંખ વગાડયો અને રૂકિમણીને લઈને દ્વારિકા નગર તરફ રવાના થયાં.

રથ પૂર ઝડપે ચાલી રહ્યો હતો. જમીન માર્ગે અત્યંત ત્વરાથી દોડતો હતો. પરંતુ પવનની ઉલટી દિશા હોવાથી ઊડતી રજ તેમને નડતી ન હતી. પોતાના પ્રિય-પાત્ર કૃષ્ણજી અને મોટાભાઈ બળદેવજીનું અતુલ બળ જોઈને રૂકિમણી ખુશખુશાલ હતી. આનંદવિનોદ કરતાં ત્રણે જણા દ્વારિકાપુરી તરફ જઈ રહ્યાં હતાં. રસ્તામાં રૈવતાચલ પર્વત દેખાયો. રૂકિમણીને કૃષ્ણે એ વીતરાગદેવની પૂણ્યભૂમિ સમા રૈવતકગિરિના દર્શન કરાવ્યાં. તેમજ તીર્થંકર દેવના જિનાલયોથી વિભુષિત તીર્થનું રસપાન કરાવ્યું. તેમજ મુક્તિ અપાવનાર એવા મહાન તીર્થને પ્રણામ કરાવ્યાં. રૂકિમણીએ ઉભા થઈ, બેહાથ જોડી માથું નમાવીને ખૂબજ ભકિતભાવથી પ્રણામ કર્યા. આગળ ચાલતાં ચાલતાં તેમનો રથ દ્વારિકાની નજદીક આવ્યો. દૂર દૂરથી ઝળહળતા મહા-લયો–સુવર્ણ ગઢ અને ઝાકઝમાળ થતાં તેના કાંગરા સૂર્યના

પ્રકાશમાં ખરેજ અલૌકિક લાગતાં હતાં. એ જોઈને રૂકિમણી એ બળદેવજીને પૂછ્યું કે આ અત્યંત સુંદર–ઝાકમઝોળ થતી નગરી એ કઈ નગરી છે? ત્યારે બળદેવજીએ કહ્યું–હે રૂકિમણી! એજ આપણી દ્વારિકા છે. જ્યાં આપણે જવાનું છે. શ્રી કૃષ્ણના પુણ્ય પ્રભાવ વડે ઈંદ્ર ભગવાનના આદેશથી શ્રી કુબેર ભંડારીએ બનાવી આપેલી, સોનાના ગઢ અને કાંગરે મણિ જડેલ છે. નગરમાં અસંખ્ય સોના હીરા–મોતી અને મણિ જડેલાં મંદિરોથી ઝાકમઝોળ થતી સોનાની દ્વારિકા નગરી છે. આમ વાત કરતાં કરતાં સૌ દ્વારિકાનગરીની બહાર આવેલા ઉદ્યાનમાં પહોંચી ગયાં. રથ છોડી–હાથપગ મોં ધોઈને સુખેથી ભોજન કરી આરામ કરવાં લાગ્યાં. લાંબો પંથ કાપી સૌ થાકી ગયા હતા એટલે આ ઉદ્યાનમાં ત્રણે જણાને અહીં ખૂબજ શાંતિ મળી. આ ખબર વાયુવેગે નગરીમાં પહોંચી ગયાં.

| ૪ | # કૃષ્ણ રૂકિમણીનું લગ્ન |

દ્વારિકામાં સૌને ખબર પડી કે કૃષ્ણજી અને બળદેવજી કુંડિનપુરના રાજા ભીષ્મની અત્યંત સ્વરૂપવાન કન્યા રૂકિમણીનું હરણ કરી લાવ્યા છે અને નગર બહારના ઉદ્યાનમાં આરામ કરી રહ્યાં છે. નગરના લોકો નવવધુને જોવા ઉમટી પડયાં. નગરના કેટલાંક વૃદ્ધજનો-આગેવાનો અને મંત્રીશ્વરો અભિનંદન આપવા આવી પહોંચ્યા. રૂકિમણીને જોઈ સૌ પ્રશંસા કરવા લાગ્યાં.

નગરજનો બોલવા લાગ્યાં કે ખરેખર આ બે ભાઈઓનું પૂર્વજન્મનું પુણ્ય કોઈ અલૌકિક છે. તેમની સરખામણી કદી કોઈની સાથે થઇ શકે જ નહિં. તેમનું ભાગ્ય, તેમનું બળ અને તેમની લક્ષ્મી ! કોઈજ ગણતરી થઇ શકે નહિં. આવા મહા પૂણ્યશાળીઓ આપણા નગરના મહાન રાજવી છે એનું અમને અભિમાન પણ છે ! અને અત્યારે તો ઉત્તમ સ્ત્રી રતન લઈ આવ્યા છે જેનું કોઈ વાતે ન ઓછું બોલી શકાય એવું અણમોલ રતન છે !

ત્યારબાદ કૃષ્ણે જ્યોતિષીઓને બોલાવી લગ્નનું શુભ મુહૂર્ત જોવડાવી રૂકિમણી સાથે વિધિપૂર્વક લગ્ન કર્યું.

લગ્ન પછી કેટલોક સમય નગર બહારના ઉદ્યાનમાં આનંદ-પૂર્વક રહેવા લાગ્યાં. અને આનંદ વિનોદ કરતાં સમય પસાર કરવા લાગ્યાં.

એક દિવસ કૃષ્ણ મહારાજ આનંદમાં બેઠાં હતાં. તેવે સમયે લાગ જોઈને રૂક્મિણીએ કહ્યું. હે દેવ! મારે આપને એક વાત કરવાની છે. જો આપ રજા આપો તો વાત કરું! કૃષ્ણમહારાજ બોલ્યા—અરે! પ્રિયે! તારે જે કહેવાનું હોય તે સુખથી કહે– હું શાંતપૂર્વક સાંભળવા તૈયાર છું.

રૂક્મિણી કહે—તમે મારા માતા–પિતા અને ભાઈ સાથે લડાઈ કરી, તેમને હરાવીને મને ઉપાડી લાવ્યા છો. તેથી હું અહીં એકલી છું. મારે માત્ર તમારો જ આધાર છે. અહીં મારું કોઈજ નથી. અહીં મારે મા નથી, બાપ નથી, ભાઈ નથી, બહેન નથી કે નથી કોઈ સ્નેહી સ્વજન—મારે માટે તો જે ગણો તે માત્ર આપ એકજ છો. આપને સત્યભામા વગેરે અનેક રાણીઓ છે. તે સૌને રહેવાનો આલિશાન મહેલ છે. નોકર ચાકર અને દાસ દાસીઓ છે. અઢળક ધનસંપત્તિ–જરઝવેરાત વિપુલ અને અલંકારો છે. વસ્ત્રાભૂષણોના ભંડાર છે. જ્યારે મારી પાસે કાંઈજ નથી. આપને મારા પ્રત્યે ખૂબ જ રાગ છે, પ્રેમ છે. મારે મન આપજ સર્વસ્વ છે. છતાં સૌની સાથે રહેવા માટે સર્વથી અધિક કરો તો હું સૌની નજરમાં હલકી ન ગણાઉં. તેમની નિંદાને પાત્ર બનું નહિં.

કૃષ્ણે કહ્યું—હે મિષ્ટભાષીની! તે માટે તું સહેજ

પણ ચિંતા કરીશ નહિં. તમામ પ્રકારની વ્યવસ્થા થઈ જશે. તું મને સૌથી વધારે પ્રિય છે એટલે મારે તારી વિશેષ કાળજી રાખવી જોઈએ. મારી તમામ રાણીઓમાં તને અધિક કરીશ. આમ કહી રૂકિમણીને રાજી કરી.

થોડા દિવસો પછી કૃષ્ણ મહારાજે અનેક જ્યોતિષીઓ ને બોલાવી નગર પ્રવેશનો શુભ–દિવસ કાઢી આપવા જણાવ્યું. સૌએ શુભ–દિન કાઢી આપ્યો તેની જાણ સારાએ નગરમાં થઈ ગઈ. શુભદિવસે–શુભગ્રહોમાં રથમાં બેસી કૃષ્ણ રૂકિમણીએ નગરમાં ઉત્સાહભેર પ્રવેશ કર્યો, ચોરે અને ચૌટે, શેરીએ શેરીએ, ઝરૂખે અને અગાશીમાં લોકોના ટોળેટોળાં સ્વાગત માટે ઉભા હતાં સૌએ ફૂલોની વર્ષા કરી–આનંદની હેલી વર્ષાવી. જયજયકાર કર્યો.

કૃષ્ણ અને રુકિમણીની જોડી અત્યંત સુંદર લાગતી હતી. લોકો તેમના–તેમના રૂપના તેમના ભાગ્યના વખાણ કરતાં હતાં. કોઈ કહેતા કે કૃષ્ણ ભાગ્યશાળી છે કે આવી સુંદર પત્નિ મલી, તો કોઈ કહેતું કે ખરેખર રુકિમણી ભાગ્યશાળી છે કે આવો પતિ મલ્યો. આમ લોકોની પરસ્પર પ્રશંસા પામતા પામતા તેમનો રથ રાજભવને પહોંચ્યો. સત્યભામાના મહેલની બાજુમાં જ તદ્દન નવો તૈયાર કરેલા રાજમહેલમાં તેઓ આવી પહોંચ્યા. રથમાંથી ઉતરીને મહેલમા ગયાં. અન્ય રાણીઓના મહેલ કરતાં અનેક રીતે ચઢિયાતો, આ મહેલ–તેની વ્યવસ્થા–તેના કિંમતી સાધનો સગવડો વગેરે જોઈ રૂકિમણી આનંદ પામી. ત્યારબાદ

કૃષ્ણે અત્યંત એકસરખા સ્વરૂપવાળી ઘણી સખીઓ અને દાસ દાસીઓ આપ્યાં. કિંમતી આભૂષણો અને વિપુલ અલંકારોના ભંડાર સોંપ્યા. આ જોઈ વિસ્મય પામેલી રૂકિમણી ખૂબજ સંતોષ અનુભવી રહી.

અહીં આ મહેલમાં શ્રીકૃષ્ણ અને રૂકિમણી આનંદ મસ્તીથી રહેવા લાગ્યાં. સંસારના સુખો ભોગવતાં દિવસો પસાર કરવા લાગ્યા. કૃષ્ણ તો રાત દિવસ રૂકિમણીના મહેલમાં પડયા રહેવા લાગ્યાં. અન્ય રાણીઓને તેની ઈર્ષા થતી. કોઈ કોઈ તો કહેતું કે આ નવી નારીએ તો કામણ કરી કૃષ્ણને બાંધી લીધા છે. જેથી તેમને રૂકિમણી સિવાય બીજું કશું દેખાતું જ નથી. જમવું-હરવું-ફરવું અને સુવું બધુંજ તેના આવાસમાં થાય છે.

આમ કૃષ્ણ રૂકિમણીના મહેલમાંજ રહેતા હોવાથી અન્ય રાણીઓને રૂકિમણીની ખૂબજ ઈર્ષા થતી અને તેમાંય સત્યભામાને સૌથી વિશેષ ઈર્ષા થતી હતી. એવામાં એકદા ફરતાં ફરતાં નારદજી આવી ચડયા. શોકયના દુઃખથી અત્યંત દુઃખી સ્થિતિમાં તેને બેઠેલી જોઈને મુનિરાજને આનંદ થયો.

મુનિરાજને આવકાર આપવાને બદલે મુઢ સ્થિતિમાં જ બેસી રહી આથી નારદજી બોલ્યાં—હે સત્યભામા ! આ પહેલાં હું આવેલો ત્યારે મને જોઇને વાંકુ મુખ કરી—તિરસ્કાર કરી બીજી રૂમમાં ચાલી ગયેલી—તેના બદલામાં

શોકયનું સાલ મલ્યું. આ તારી સ્થિતિ મેં જ કરી છે. રૂકિમણી મેંજ લાવી આપી છે. તેણીએ તારા રૂપના ગર્વનું ખંડન કરી તારા કરતાં અધિક પ્રેમ કૃષ્ણ પાસેથી મેળવી રહી છે હવે ફરીથી મારું અપમાન કરીશ તો જીવનભર સાંભળે તેવું ફળ તને બતાવી દઈશ કે સંતોના અપમાનનું ફળ કેવું મળે છે ? આમ કહીને મુનિરાજ ચાલતાં થયાં.

એક દિવસ કૃષ્ણને સત્યભામાની મશ્કરી કરવાનું મન થયું. કેસર કસ્તુરી અને બરાસ વગેરે સુગંધીત પદાર્થોવાળું પાન જે રૂકિમણીએ ચાવીને એકબાજુ નાંખી દીધેલું તે લઈ પોતાના ખેસના એક છેડે બાંધી દીધું અને પછી તેઓ સત્યભામાના મહેલમાં ગયા. ઘણા વખતથી કૃષ્ણ અહીં આવતા ન હતા–આજે આવેલા જોઇને સત્યભામા એકદમ (બનાવટી) ગુસ્સે થઇ ગઈ અને બોલી અરે ઓ કૃષ્ણજી આ તમારી રૂકિમણીનો મહેલ નથી–ભૂલથી અહીં આવી ચડયા લાગો છો–મહેરબાની કરીને આવ્યા છો તેવાજ પાછા ચાલ્યા જાવ. દુનિયામાં નવી ચીજ પ્રત્યે દરેકને આકર્ષણ રહે છે. નવી પત્નિ પ્રત્યે પ્રેમ હોય એટલે તમે ત્યાં જ જાવ. હું તો હવે જુની બની ગઈ છું. જેથી તમારી નજરમાંથી ઉતરી ગઇ છું. જુનું વસ્ત્ર કે જુનું મકાન કોઈને પસંદ પડતાં નથી. જુનું કે વાસી ભોજન પણ કોઈનેય ભાવતાં નથી–નવી પત્નિ જેવી આનંદજનક હું કયાંથી લાગું ? તમે ભૂલા પડયા હો તો સત્વરે પાછા ચાલ્યા જાવ.

અહીં તમારું કોઈ કામ નથી. આમ હૈયાવરાળ ઠાલવી રહી.

આટઆટલા કડવા વેણ સાંભળીને કૃષ્ણ હસી પડ્યા, અને બોલ્યા હે સત્યભામે! તું કહે છે તે વાત કંઇક ખરી છે. પણ મારી વાત સાંભળ! સાકર ગમે તેટલી જુની થઈ ગઈ હોય તો પણ તેના સ્વાદમાં કદી કોઇજ ફેર પડતો નથી. ભ્રમર સદાય ફરતો રહે છે પણ આનંદ ભોગવવાની ઇચ્છા થાય ત્યારે સર્વને છોડી માલતીમાં આવી જાય છે અને આનંદ ભોગવે છે. આમ મીઠી વાણીથી સત્યભામાને મનાવી લીધી આથી સત્યભામાએ પ્રેમપૂર્વક આવકાર આપી બેસવા માટે આસન આપ્યું અને રુકિમણી વિષે જાતજાતની વાતો પૂછવા લાગી–આથી કૃષ્ણે પહેલેથી છેલ્લે સુધીની તમામ વાત કરી. આમ વાત કરતાં કરતાં કૃષ્ણ બનાવટી ઝોકાં ખાવા લાગ્યા. એટલે સત્યભામા બોલી ઉઠી કે ઘણા દિવસોના ઊજાગરાં હશે અને રુકિમણી તમને પરેશાન કરતી હશે એટલે ઊંઘવા માટે જ મારે મહેલે પધાર્યા લાગો છો. સત્યભામા ગમે તેમ બોલતી રહી અને કૃષ્ણ તો ખેસ ઓઢીને ઊંઘવાનો ડોળ કરવા લાગ્યા. ખેસના છેડે બાંધેલી ગાંઠ સત્યભામાની નજરે ચડી એટલે છાની માની એ ગાંઠ છોડીને સુંગધી દ્રવ્ય લઇ લીધું શરીરે લેપ કરવાની અમુલ્ય ચીજ સમજીને તેણીએ પાણી સાથે ઘસીને શરીરે લેપ કર્યો અને મનમાં રાજી થવા લાગી. કૃષ્ણ સુતાં સુતાં આ બધું જોઈ રહ્યા હતાં.

સત્યભામા લેપ લગાવી રહી એટલે કૃષ્ણ તરતજ ઊભા થઈને બોલી ઉઠયા–અરે સત્યભામે? આ શું કર્યું શરીરે આ શું લગાવ્યું છે? આ કયાંથી લાવી? સત્યભામા બોલી–હે કૃષ્ણ, શું એકલી રૂકિમણીનો ઈજારો છે કે તે એકલીજ આવો સુગંધી લેપ કરી શકે? અમે ન કરી શકીએ? તમે તમારી માનીતી માટે લાવેલા જે ખેસના છેડે બાંધી રાખેલ તે મેં લઇ લીધું છે અને શરીરે વિલેપન કરી આનંદ અનુભવી રહી છું. તેની શું તમને ઈર્ષા આવે છે? મારાથી છાની રાખેલી ચીજ મેં લઈ લીધી છે એટલે ગુસ્સો થાય છે?

કૃષ્ણ કહે–અરે! આ જે ચીજ તેં શરીરે લગાવી છે તે રૂકિમણીએ ચાવીને નાંખી દીધેલું તાંબુલ છે. હું તારા મહેલે આવતો હતો ત્યારે ગમ્મત કરવા ખાતર એ તાંબુલ મારા ખેસને છેડે બાંધી રાખેલું. તું જાણ્યા વગર સુંગધી જોઈને શરીરે લેપ કરી બેઠી–બોલ–મેં કેવી રીતે તને બુધ્ધુ (મૂર્ખ) બનાવી? રૂકિમણીનો એંઠવાડ તેં શરીરે ચોપડયો.

આ સાંભળતાજ સત્યભામા એકદમ ગુસ્સે થઈ ગઈ અને સ્નાનગૃહમાં જઈ સ્નાન કરી ચોખ્ખી થઈને આવી. અને કૃષ્ણને કહેવા લાગી કે–હે કૃષ્ણ, તેં આખો જીંદગી કપટમય ગાળી છે. કદી સાચું બોલ્યો જ નથી. તે માયા રચીને જ સર્વસ્વ મેળવ્યું છે. બીજું શું તને આવડે? કૃષ્ણે સત્યભામાની ક્ષમા માંગી શાંત પાડી. અને જાતજાતની આનંદજનક વાતો કરી રાજી રાજી કરી દીધી.

સત્યભામાએ કહ્યું–હે કૃષ્ણ, તમારા પ્રેમને પાત્ર–અત્યંત સ્વરૂપવાન એવી રૂકિમણી અમને એકવાર તો બતાવો ! ખરેખર એ જાદુગરણી જેવી છે. જેણે તમને એવા બાંધી લીધા છે કે તેના સિવાય બીજું કશું જ તમને દેખાતું નથી.

કૃષ્ણે કહ્યું–હે પ્રિયે ! કોઈ શુભ દિવસે હું તેને તારી પાસે લઈ આવીશ. અને તારા ચરણોમાં પ્રણામ કરાવીશ. આમ રાજી કરીને કૃષ્ણ રૂકિમણીના મહેલે ગયાં–સત્યભામાના મહેલે બનેલી તમામ હકીકત કહી હાથમાં તાળીઓ વગાડી આનંદ કરવા લાગ્યા. સત્યભામાની ફરીવાર ગમ્મત કરવી અને બનાવવી એવું મનોમન નક્કી કરી એકવખત કૃષ્ણે રૂકિમણીને કહ્યું કે હે દેવી આજે તમે સફેદ દૂધ જેવા સુંદર વસ્ત્રો પહેરીને અને અમુલ્ય અલંકારો પણ પહેરી લો–નગરબહાર રહેલા ઉદ્યાનમાંના મંદિરમાં જાઓ. હું તમારી પાછળ પાછળ જ આવું છું. એ પ્રમાણે કૃષ્ણ તેની પાછળ ગયા. મંદિરમાં લક્ષ્મીની પ્રતિમા હતી, કૃષ્ણે રૂકિમણીને સમજાવ્યું કે આ મૂર્તિની આગળ તું પ્રતિમાકારે ઊભી રહેજે. બીલકુલ સ્થિર અને આંખની પાંપણ પણ હલાવીશ નહિ. હું સત્યભામાને બોલાવી લાવું છું. તે આવીને દર્શન કરે સ્તુતિ કરે તે દરમ્યાન સહેજ પણ હાલીશ નહિં. તરતજ કૃષ્ણ સત્યભામા પાસે ગયાં અને કહ્યું કે તારી નાની બેન રૂકિમણીને જોવી હોય તો ચાલ બતાવું. સત્યભામા વસ્ત્રાલંકાર પહેરી તૈયાર થઇ કૃષ્ણની સાથે નગરબહારના મંદિર

માં આવી પહોંચી. કૃષ્ણે કહ્યું કે તું અહી મંદિરમાં જઈ પૂજા કર-તે દરમ્યાન હું રૂકિમણીને લઈને આવું છું એમ કહી કૃષ્ણ ત્યાંથી ચાલ્યાં ગયા અને લતાકુંજમાં છુપાઇ રહ્યાં.

આ બાજુ સત્યભામા રથમાંથી ઊતરી પોતાની સખીઓ સાથે મંદિરમાં ઉપસ્થિત થઇ ત્યારે સખીઓએ કહ્યું કે આ મુર્તિ ખૂબજ પ્રભાવશાળી છે. સૌની ઈચ્છા પૂરી કરે છે એ વાત આખુંયે દ્વારિકા જાણે છે માટે તમે પૂજાસેવા કરો અને ઈચ્છિત વરદાન યાચો તમારી ઈચ્છા જરૂર પૂરી કરશે. આ મૂર્તિની પૂજા કરવા રાજા-મહારાજાઓ પણ આવે છે. માટે તમો શ્રદ્ધાથી પૂજા કરો.

આ સાંભળી સત્યભામાએ પહેરેલાં કિંમતી આભૂષણો કાઢી નાંખી-વાવના પાણીથી સ્નાન કરી સાદા અને ચોખ્ખા કપડાં પહેરી, ફુલો વગેરે લઇ માતાજીની પુજા કરવા આવ્યાં. મંદિરમાં આવી મુર્તિને બે હાથ જોડી વંદન કર્યા. અને બોલી કે હે **જગદંબા !** આપ સમગ્ર જગતની માતા છો. સૌને ઇચ્છિત ફળ આપો છો. મને પણ આપશો. મારા પતિદેવ રૂકિમણીની જેમ મને વશ થાય એવું કરી આપો. એમ કહીને લાંબી થઇને મુર્તિના પગમાં પડી.

હે જગદંબા ! મને રૂપ અને યૌવન આપો. મારા પતિ મારા સિવાય અન્ય પ્રત્યે પ્રેમ ન રાખે એટલું જ માગું છું. જો આપ એ મુજબ કરી આપશો તો હું આપના ઉપર વિશ્વાસ રાખી આપના દર્શન કર્યા પછી જ અન્ન પાણી લઇશ અને દરરોજ તમારી સેવા કરીશ. સત્યભામાના

વિનંતિ ભર્યા શબ્દો સાંભળીને લતાકુંજમાંથી શ્રીકૃષ્ણ બહાર આવ્યા અને હસવા લાગ્યા. કૃષ્ણને આવેલાં જોઇ અને પોતે કરેલી વિનંતિ સાંભળી ગયા છે જાણી સત્યભામાનું મુખ પડી ગયું.

કૃષ્ણ બોલ્યા–હે સત્યભામે ! આ મૂર્તિની પૂજા કરવી. એમની પાસે વરદાન માંગવા એ તારા માટે તદ્દન વ્યાજબી છે. કારણ કે આ પ્રતિમા એજ રૂક્મિણી પોતે છે તારા કરતાં રૂપલાવણ્યમાં અનેકરીતે ચડિયાતી છે. એટલે તું એની પૂજા કરે તો કંઈ ખોટું નથી. થોડીવાર પહેલાં તેં આ પ્રતિમાને પ્રાર્થના કરી તેના પ્રભાવે હું ખૂબખૂબ ખુશ થયો છું હવેથી તું એની પૂજા કરીને પછી જ પાણી પીજે.

આ સાંભળી સત્યભામા એકદમ ગુસ્સે થઇ ગઈ અને અને કૃષ્ણને જેમ તેમ બોલવા લાગી. અરે આવો મોટો દ્વારિકાનગરીનો રાજા થયો છે છતાં નાના અણુસમજુ બાળક જેવી બુદ્ધિ રહી. ગોવાળના બાળકોમાં બુદ્ધિ ક્યાંથી હોય ?

કૃષ્ણ કહે–હે પ્રિયે ! હું તારા ઘેર (મહેલે) આવ્યો હતો ત્યારે તેં મને માયામય કહ્યો હતો. મેં આ નાટક કરી તે સાચું કરી આપ્યું છે. આમ કહી સૌ હસતાં હસતાં નગરમાં પોતાના સ્થાને ગયા.

રૂક્મિણીને લક્ષ્મીદેવી માનીને સત્યભામાએ તેની પૂજા કરી ત્યારથી રૂકિમણીનું નામ લક્ષ્મીજી તરીકે સમગ્ર ભારતમાં પ્રસિધ્ધ થયું. જે કૃષ્ણને માન્ય હોય તેની પૂજા વિશ્વમાં થાય જ. [ મોટાઓના કાર્યો મોટા હોય. ]

## ૫

# ચરિત્ર નાયકનો જન્મ

સમય જતાં એક દિવસ એવું બન્યું કે અતિમુક્ત નામના એક ઋષિ ભિક્ષાર્થે રૂક્મિણીના મંદિરીએ આવી ચડયા. આવા મહાન તપસ્વી ઋષિને જોઈ રૂક્મિણી તરત જ ઉભી થઈ હસતે મુખ આવકાર આપ્યો. આસન આપી બેસાડયાં તેમને ભાવપૂર્વક નમન કર્યાં. અને ખૂબજ સ્વાદિષ્ટ લાડુઓ પ્રેમથી વહોરાવ્યાં મુનિરાજ ખૂબજ પ્રસન્ન થયા, તે જોઈને રૂક્મિણીએ એ જ્ઞાની મહાત્માને નમ્રતા પૂર્વક પૂછયું કે-હે મહારાજ મારે આપને એક પ્રશ્ન પૂછવાની ઇચ્છા છે. આપ કહો તો પૂછું. મુનિરાજ બોલ્યા હે માનુની! હું અત્યંત પ્રસન્ન થયો છું-તારે જે પૂછવું હોય તે પૂછી શકે છે.

રૂક્મિણીએ પૂછયું-હે દેવ! મારા નસીબમાં પુત્ર છે કે નહિં! અને તો કયારે અને કેટલા સમય પછી થશે? તે આપ વિચાર કરી જણાવવા કૃપા કરો.

આ વાતચીતની જાણ સત્યભામાને વિશ્વાસુ દાસીઓ દ્વારા થઈ એટલે તે પણ તરતજ ત્યાં આવી પહોંચી અને તેણીએ પણ તેવી જ વાત કરી મુનિશ્રી તો મૌન બેઠાં હતાં.

થોડીવાર વિચાર કરીને પોતાના જ્ઞાનના પ્રભાવે જાણીને રૂકિમણીને ઉદ્દેશીને મુનિશ્રી બોલ્યા–હે રૂકિમણી, તું ખરેખર મહાભાગ્યાશાળી છે. તારી ઉદારતા અને ભકિત ભાવથી હું અત્યંત પ્રસન્ન થયો છું. તારા પ્રશ્નનો જવાબ થોડીવારમાં આપું છું.

થોડીવાર પછી સત્યભામાની હાજરીમાં જ મુનિશ્રી બોલ્યાં તને થોડા સમયમાં જ પુત્ર પ્રાપ્ત થશે. તે પુત્ર મહાબળવાન પ્રતાપી અને બુદ્ધિશાળી હશે. તે તારો પુત્ર ભગવાન શ્રી નેમિનાથજી પાસે ચારિત્ર લઈ ને મોક્ષે જશે. આમ કહીને મુનિરાજ ઉભા થઇ ચાલી નીકળ્યાં.

મુનિના વચનો સાંભળી રૂકિમણી અને સત્યભામા બન્ને રાજી રાજી થઈ ગયાં. બન્ને એમ સમજવા લાગ્યા કે મુનિએ મને પુત્રા જન્મશે એમ કહ્યું છે. પુત્ર પ્રાપ્તિની વાત કઈ સ્ત્રીને આનંદ ન આપે? બંન્ને વચ્ચે થોડી બોલાચાલી થઈ ગઈ કે મુનિએ મને કહ્યું છે એ વાત રૂકિ મણીએ કહી અને સત્યભામા ખોટી રીતે પોતાને કહી છે. એમ સમજે છે.

કૃષ્ણ સભામાં બેઠા હતા. દૂર્યોધન કૃષ્ણને મળવા આવેલ હતો. તે સમયે રૂકિમણી અને સત્યભામા બંન્ને સભામાં આવી ચડયા. તે વખતે સત્યભામાએ દૂર્યોધનને કહ્યું કે મારો પુત્ર તારો જમાઈ થશે અને તેજ વખતે રૂકિમણી પણ એમ બોલી કે મારો પુત્ર તારી પુત્રીને પરણશે. બંન્નેની આવી વાત સાંભળીને દૂર્યોધન મુંઝાયો

કે મારે શું જવાબ દેવો? થોડીવાર પછી વિચાર કરીને બોલ્યો કે મારી પુત્રી બે રાજકુમારો સાથે પરણી શકે નહિ એટલે તમારામાંથી જેને પ્રથમ પુત્ર જન્મશે તેની સાથે હું મારી પુત્રીને પ્રેમથી પરણાવીશ એ મારું વચન છે.

સત્યભામા ખૂબજ ઈર્ષાળુ હતી. રૂક્મિણીની ખૂબજ ઈર્ષા કરતી આથી તે સભામાં જ બોલી–જુઓ અમારા બેમાંથી જેનો પુત્ર પ્રથમ વિવાહ યોગ્ય થાય તેના વિવાહમાં બીજી સ્ત્રીએ એટલે હારેલી સ્ત્રીએ પોતાને માથે મુંડન કરાવી વાળ ઉતારી આપવા આ શરતમાં બલદેવ કૃષ્ણ અને દુર્યોધન પણ સાક્ષી રુપે છે આવી હોડની વાત ઉપર બલદેવજી હસ્યા....આ લોકો કેવી શરત કરી બેઠા છે. **ભેંસ ભાગોળે ને છાશ છાગોળે** સત્યભામાની ઈર્ષા ઉપર દરેકને હસવું આવ્યું. બંન્ને વચ્ચે ખૂબજ બોલાચાલી થઇ. અંતે થાકીને બંન્ને જણી પોત પોતાના આવાસે ગઈ. **ઈર્ષાના આગ વધારી વધે ઘટાડી ઘટે.'**

સમય તો પાણીના રેલાની માફક સરકતો જ રહે છે. થોડા સમય પછી એક દિવસ રાત્રે રૂક્મિણીએ ઊંઘમાં એક વનરાજ કેસરી સિંહને પોતાના ખોળામાં બેઠેલો જોયો. આથી તરતજ તે જાગી ગઇ અને વિચારવા લાગી કે આ સ્વપ્નનું ફળ શું હશે? પથારીમાંથી ઉભી થઈને કૃષ્ણના આવાસમાં ગઈ, પ્રેમભક્તિ પૂર્વક તેમને જગાડયાં અને સ્વપ્નની વાત કરી. આ સાંભળી કૃષ્ણ ખૂબજ હર્ષ પામ્યા. અને જણાવ્યું કે–હે રૂક્મિણી? સિંહ સમાન પરાક્રમી–મહા-

બળવાન સુંદર પુત્ર તારી કૂખે જન્મશે આ સાંભળી રૂકિમણી ખૂબજ હર્ષ પામી અને સાડીના પાલવે ગાંઠ બાંધી શુકનગ્રંથી કરી. પોતાના આવાસે આવીને પથારીમાં ન જતાં ઈશ્વરનું સ્મરણ કરતી જાગતી રહી. ધર્મકથામાં સમય પસાર કર્યો. સવાર પડતાંજ ગાયના કાનમાં કહી દેવમંદિરે ગઈ. પ્રભુને પ્રાર્થના કરી કે હે દેવાધિદેવ મને સ્વપ્નનું ફળ શીઘ્ર મળજો. આનંદ હૈયે સમાતો નથી એવી રૂકિમણી હરખાતી હરખાતી પોતાના મહેલે આવી રૂકિમણી અતિમુક્તક ઋષિને યાદ કરતી તેમના આશીર્વાદ જરૂર ફળશેજ, કૃષ્ણ સાથે ભોગવિલાસ અને આનંદ પ્રમોદ કરતાં દિવસો પસાર થઈ રહ્યાં છે. એવામાં એક દિવસ મહાશુક્ર દેવલોકમાંથી મહર્દ્ધિકદેવ ચ્યવીને અહીં રૂકિમણીના ગર્ભમાં આવ્યો અને રૂકિમણી ગર્ભવતી બની એ વાત કૃષ્ણને જણાવી સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. પોતાના બાળકને સારા સંસ્કાર મળે એથી રૂકિમણી ધર્મધ્યાન કરતી રહી. રૂકિમણીના મનમાં ઉત્તમ દોહદ ઉત્પન્ન થવા માંડયા. તેથી પ્રસન્ન હૃદયવાળી તેણીએ ત્રિખંડના અધિપતિ કૃષ્ણ વાસુદેવને કહ્યું કે સ્વામીનાથ ! મારી થોડી ઇચ્છાઓ પૂરી કરશોને ? કૃષ્ણને અત્યંત પ્રેમ હોવાથી તુરતજ જણાવ્યું કે દેવી ગભરાયા વિના જરૂરથી તુરતજ જણાવો ! રૂકિમણી એ નમ્રવચનોથી કહ્યું કે આપની આજ્ઞાનું પાલન જયાં વર્તાતું હોય ત્યાં જીવદયાનું પ્રતિપાલન કરાવો, માંસાહાર ન થાય અષ્ટાન્હિકા મહોત્સવો, દેવાધિદેવ પરમાત્માની ભક્તિમાં સૌને જોડી દો દીન દુઃખીઓને સહાય કરો, સુપાત્ર દાન કરો,

માનિતિ રાણીની સંપૂર્ણ ઈચ્છા **શ્રી કૃષ્ણ** પૂરી કરે છે–

આ વાતની સત્યભામાને ખબર પડી તેથી તે ઈર્ષામાં બળવા લાગી. પોતે રૂકિમણીથી ઉતરતી નથી એવું બતાવવા સત્યભામા કૃષ્ણ પાસે આવીને કહેવા લાગી–હે નાથ ! મને આજે અતિસુંદર સ્વપ્ન આવ્યું છે. તેની જાણ કરું છું કે મેં સ્વપ્નમાં સફેદ હાથી જોયો–તેનું ફળ મને જણાવવા કૃપા કરો. કૃષ્ણજી સત્યભામાનું આ ઈર્ષાનું તોફાન જાણતા હતાં. તેને સારું લગાડવા ખાતર બોલ્યા–હે પ્રિયે ! તને પણ મહાબળવાન અને પરાક્રમી પુત્રની પ્રાપ્તિ થશે. આ સાંભળી સંતોષ પામીને તે પોતાના આવાસે ગઈ. **કાગનું બેસવું અને ડાળનું પડવું** એવું બન્યું. અને સત્યભામાને ગર્ભ રહ્યો. તેના હૈયે અપરંપાર આનંદ વર્તાતો. ગર્ભની વૃદ્ધિ સાથે સત્યભામાનું ઉદર વૃદ્ધિ પામતું રહ્યું. રૂકિમણીના પેટે મહાપુણ્યશાળી જીવ આવ્યો હોય તેથી તેણીનું ઉદર મધ્યમ સ્થિતિમાં રહ્યું. છું–રૂકિમણી ખોટી બનાવટ કરે છે. ઈર્ષાળુ બોલતી ત્યારે કૃષ્ણ કહેતા કે સત્ય છુપું રહી શકતું નથી–જે હશે તે સમય જતાં ખુલ્લું પડવાનું જ છે. ખોટી ચિંતા શા માટે કરવી ? કાગડો કાળો હોય છે અને કોયલ પણ કાળીજ હોય છે. રંગ ઉપરથી બે વચ્ચેનો ભેદ જણાતો નથી. પરંતુ જયારે તે બોલે છે ત્યારે તરતજ પરખાઈ જાય છે. કાગડો તે કાગડોજ રહે છે અને કોયલ તે કોયલ રહે છે. જે ભવિતવ્યતા છે તે એમજ બનવાનું છે. માટે અત્યારથી એની ચિંતા કરી દુબળા શા માટે થવું ?

આકાશમાંથી ચન્દ્ર બહાર નીકળતાં પૃથ્વી ઉપર પ્રકાશ પથરાય છે. તેમ આ પુત્રનો જન્મ થતાં જાણે નીલમમણીનો ઢગલો ન હોય ! તેની માફક રૂકિમણીના ઓરડામાં પ્રકાશ-પ્રકાશ પથરાઈ ગયો. કૃષ્ણજી તેવા સમયે પ્રફુલિત મનવાળા થઈ ધર્મની વાતો કરી રહયા છે. તેવામાં નાચતી કૂદતી અને આનંદ પામતી એક દાસી એ આવી વધામણી આપી કે હે સ્વામી ! અમારા રાણી રૂકિમણીએ સૂર્ય સમાન તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો છે. હજુ આ દાસી વાત પૂરી કરે ત્યાં તો બીજી, ત્રીજી અને ચોથી દાસી આવીને સૌએ વધામણી આપી કે રાણીજીએ પુત્રનો જન્મ આપ્યો છે કૃષ્ણે સૌને ખૂબ ખૂબ વસ્ત્રો અલંકારો ભેટ આપ્યાં,

ત્રણ ખંડના સ્વામી જેવા કૃષ્ણ રાજવીને ત્યાં-અને-વળી તેમની અત્યંત પ્રિય એવી માનીતિ રૂકિમણીને ત્યાં-પુત્ર જન્મ થાય પછી શું બાકી રહે ? આનંદની કોઈ અવધિ રહે ખરી? દાન આપવામાં કોઇ ખામી રહે નહિં.

આ બધું જોઈને સત્યભામા ઈર્ષાની આગમાં વધુને વધુ જલવા લાગી. રૂકિમણીની બોલબાલા તે સહન કરી શકી નહિં એટલે બબડતી બબડતી પોતાના આવાસે આવી. પોતાના ગર્વનું ખંડન થતું લાગ્યું-મનમાં મુંઝાવા લાગી અત્યારે રૂકિમણી તેને દુશ્મન જેવી લાગવા માંડી. આમ ઈર્ષામાં સમય વહી રહ્યો.

થોડા દિવસમાંજ સત્યભામાને પણ મહાકષ્ટ ભોગવવા પૂર્વક પુત્ર જન્મ થયેલ જેથી રાણીજી બેહોશ થઈ ગયેલા.

તેમને કળ વળી પછી દાસીઓએ આ પુત્ર જન્મનાં વધામણી કૃષ્ણને આપી. આ વખતે પણ પુત્ર જન્મની ખુશાલીમાં દાસીઓને અલંકારો અને ઉત્તમવસ્ત્રો આપી રાજી કરી. પોતાની બંન્ને રાણીઓની કૂખે પુત્રો જન્મ્યા હોઇ આખા નગરમાં અને રાજ્યમાં આનંદોત્સવ ઉજવવામાં આવ્યો. નગર રસ્તા-ચોક શણગારવામાં આવ્યાં. દાનનો પ્રવાહ વહેવડાવ્યો. સાધુ સંતોને જમાડયા- ગરીબોને પણ મિઠાઇ વહેંચવામાં આવી. શાળા-મહાશાળાના બાળકોને મિઠાઇ વહેંચી-મંદિરોમાં ઉત્સવો રચાયાં. રાજ્યભરમાં આંઠ દિવસ સુધી-હિંસાના કાર્યો બંધ રાખ્યા. ઘાણી, ગાડા જોડવા એવા કાર્યો પણ બંધ રાખવામાં આવ્યાં. કેદીઓને છોડી મૂકયા. સર્વત્ર આનંદ મંગલ વર્તાવા લાગ્યાં. આમ પુત્રોનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. અનેક પ્રકારના ધાર્મિક કાર્યો પણ કર્યાં. રાજપુત્રની જન્મખુશાલી ઉજવવામાં આવી.

કૃષ્ણ પોતાના પુત્રને રમાડવા રૂકિમણીના આવાસે ગયાં. રાણી એ ખૂબજ પ્રેમપૂર્વક બેસવાનું આસન આપ્યું સૂર્ય સમાન તેજસ્વી પુત્રને જોઇ બે હાથે પકડીને ખોળામાં લીધો અને બાળરાજાને રમાડવા લાગ્યા. મનમાં ખૂબજ આનંદ પામતાં તેઓ બોલ્યા-હે માનુની ! જ્યારથી આ બાળક તમારી કૂખે આવેલ છે ત્યારથી આ મહેલની સર્વ દિશાઓ પ્રકાશ પામી રહી છે તેથી આ બાળકનું નામ હું "પ્રદ્યુમ્ન" પાડું છું. રૂકિમણીએ એ નામ વધાવી લીધું.

"પ્રદ્યુમ્નકુમારનો જય હો"

# ૬ બાળરાજાનું અપહરણ

દેવલોકમાં અનેક પ્રકારના દેવો હોય છે. તેમાં અધમ પ્રકૃતિનો ધૂમકેતુ નામનો દેવ હતો. તે પૂર્વજન્મનો આ બાળક પ્રદ્યુમ્નનો દુશ્મન હતો. જન્મ્યાની છટ્ઠીરાત્રીએ જુનું વૈર વાળવા અહીં કૃષ્ણ પાસે રૂકિમણીના સ્વરૂપે આવ્યો. કૃષ્ણે થોડીવાર પુત્રને રમાડીને રૂકિમણી (ધુમકેતુ)ને હાથમાં સોંપ્યો. અને એ બાળક લઈને કોપાયમાન તે દેવ તરત જ અંતર્ધ્યાન થઇ ગયો. બાળકને મારી નાંખવાના ઈરાદે તેને લઈને વૈતાઢય પર્વતના ઉદ્યાનમાં ગયો. ત્યાં આકાશ વાણી થઈ કે આ બાળક ચરમ શરીરી જીવ છે. ગમે તેટલા પ્રયત્નો કરીશ પણ મૃત્યુ પામશે નહિ. પર્વત ઉપરથી નાંખીશ કે તલવારથી મારીશ તો પણ મરશે નહિ. કારણ કે નિકાચિત આયુષ્યનો બંધ બાંધ્યો છે. પવિત્ર મોક્ષગામી જીવ છે. ત્યાં જ દેવ અટકયો પણ ક્રોધ ન અટકયો તેથી તેને મારી નાંખવાને બદલે ભૂખ તરસથી રીબાવી રીબાવીને મારી નાંખુ એજ વધુ સારું છે. એમ વિચારી એક પત્થરની મોટી શિલા ઉપર તે બાળકને મુકીને ચાલતો થયો.


**" આયુષ્ય બળવાન છે "**

આ બાળક લઘુકર્મી હતોઃ આ ભવમાંજ તે મોક્ષ પામશે.

તેથી તેને મત્યુ શું કરી શકે ? ભાગ્યવંતને સહાય મલી જ રહે સર્વ કર્માધીન છે. તેથી હવે શું બને છે તે જોઈએ.

આ વૈતાઢ્ય પર્વત ઉપર મેઘકુટ નામે નગર હતું. તેમાં સૌ વિદ્યાધરોનો રાજા કાલસંવર રહેતો હતો. આ કાલસંવર પોતાના દિવ્ય વિમાનમાં બેસી ક્રીડા કરવા નીકળ્યો. તે વિમાન આ બાળકની ઉપરના ભાગમાં આવતા કુદરતી રીતે બંધ પડી ગયું. અનેક પ્રયત્નો કરવા છતાં તે વિમાન ચાલી શક્યું નહિ એટલે વિદ્યાધર વિચારમાં પડયો કે આમ કેમ બને છે ? એવામાં એની નજર આ બાળક ઉપર પડવાથી વિમાનમાંથી ઉતરીને ત્યાં આવ્યો અને આ મહાતેજસ્વી બાળકને જોઈ અત્યંત હર્ષ થયો.

### "જેને રામ રાખે તેને કોણ ચાખે"



કાલસંવરે તરતજ તે બાળકને પોતાની ગોદમાં લઈ લીધું. તેને લઈને વિમાનમાં બેઠો. વિમાન પણ તરત જ ચાલુ થયું. બાળકને લઇ પોતાના નગરે ગયો પોતાની પુત્ર વગરની એક રાણી કનકમાલા હતી તેને આ પુત્ર સોંપ્યો. ત્યારબાદ આ કાલસંવર રાજાએ નગરીમાં વાત વહેતી મૂકી કે કનકમાલા ગર્ભવતી છે અને નવમાસ પૂર્ણ થતાં ફરી વાત વહેતી મૂકી કે કનકમાલાને પુત્ર જન્મ્યો છે. વળી લોકોને

સમજાવવા પુત્રનો ધામધૂમથી જન્મોત્સવ પણ કરાવ્યો. અહીં પણ તે બાળકનું નામ પ્રદ્યુમ્ન રાખવામાં આવ્યું. આમ અહીં ખૂબજ લાડકોડમાં આ કુમારનો ઉછેર થઈ રહ્યો છે. કોઇજ વાતની કમીના નથી. પુણ્યાત્માઓ ગમે ત્યાં જાય. સુખ તેમની પાછળ પાછળ જ ઘસડાય છે. પુણ્યશાળીને પગલે પગલે નિધાન હોય! હવે દ્વારકામાં શું બન્યું તે જોઈએ. કૃષ્ણને પુત્ર રમાડવા આપ્યા પછી થોડા સમય પછી રૂકિમણીએ આવી પુત્ર પાછો માંગ્યો. બાળક ભૂખ્યું થયું હશે માટે સ્તનપાન કરાવવા પુત્ર લેવા ગઈ. ત્યારે કૃષ્ણ કહે છે કે.... અરે રૂકિમણિ, તું શું મજાક કરે છે. મેં તો તને તારા હાથમાં પુત્ર આપ્યો છે અને ફરીવાર મજાક કરવા આવી કે શું? તું તપાસ કર.

રૂકિમણી કહે–નાથ! મશ્કરી તો તમે જ કરતા હો તેમ લાગે છે. હું તમારી પાસે પુત્ર લેવા આવી જ નથી અને તમે મને સોંપેલ પણ નથી આવી ખોટી મશ્કરી શીદને કરો છો?

કૃષ્ણ કહે–રાણીજી, જરા અંદર જઈને પારણામાં જોઈ આવો. મેં હાથોહાથ પુત્ર તમને સોંપ્યો છે. મશ્કરી નથી કરતો. બન્ને અંદર ગયા. ચારે બાજુ જોયું–તપાસ કરી છતાં પુત્ર ન મળ્યો એટલે ખૂબજ કલ્પાંત કરવા લાગ્યા. રૂકિમણી તો બેભાન થઇ ભૂમિ ઉપર ઢળી પડી. દાસદાસીઓની માવજતથી ભાનમાં આવી મોટે સ્વરે વિલાપ કરવા લાગી.

અને બોલવા લાગી મને મારો પુત્ર લાવી આપો. રાજમહેલની દાસ–દાસીઓ પણ રડવા લાગ્યા. સર્વત્ર શોકની ગહરી છાયા ફરી વળી. રૂકિમણી કેવો કલ્પાંત કરે–છે કે પુત્ર દુઃખથી પીડાઈને ગયો હોત તો આવો શોક ન કરત, મારા પુત્રનું અપહરણ થાય જ કેમ! હું કોણ? ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણમહારાજાની રાણી? કૃષ્ણ રૂકિમણીને હિંમત આપવા પૂર્વક કહે છે કે ગમે તેમ કરીને હું પ્રદ્યુમ્નકુમારનો પત્તો મેળવીશ. પણ ઘણી ઘણી શોધ ચલાવતાં બધાં સુભટો નિરાશ થઈને પાછા આવ્યા. કયાંય પણ કુમારનો પત્તો મળ્યો નહિં તેથી કૃષ્ણ વાસુદેવના પગ ઢીલા પડ્યા. હવે મારે શું કરવું? મને એક બાજુ પુત્ર વિરહનું દુઃખ છે. બીજી બાજુ લોકો એમ કહેશે કે કૃષ્ણના પુત્રનું અપહરણ થયું. આવા મોટા કૃષ્ણ વાસુદેવ છે. ચાલતા ધરતી ધ્રુજાવે છે. ત્રણ ખંડના સ્વામી હોવા છતાં એના એક પુત્રને સાચવી ના શકયા!

સંસારની આવી ઘટમાળ જોતાં યોગીજનો વૈરાગ્ય ભાવના પામે છે કૃષ્ણ મહારાજ પણ આકુળ–વ્યાકુળ થઈ ગયાં. અનેક અનુચરો અને સિપાઈઓને ચારેબાજુ દોડાવ્યાં પરંતુ સર્વ વ્યર્થ ગયાં. બાળકનો કોઈ પત્તો લાગતો ન હતો જેથી સહુના મોં ઉપરથી તેજ હણાઇ ગયું હતું. આ આ સમયે એક સત્યભામા ખુબ ખુશ હતી. શોકયનો પુત્ર ગયો છે તેથી તેના હૈયે આનંદ હતો. જ્યારે રાજ્યભરમાં શોક પ્રવર્તતો હતો.

અત્યંત શોકાતુર અવસ્થામાં કૃષ્ણ–બળદેવ વગેરે ભેગાં મળીને બેઠાં હતા. બાળકને કોણ ઉઠાવી ગયું હશે તેની અનેક અટકળો કરતાં હતાં. બરાબર આવે ટાણેજ નારદમુનિ ફરતાં ફરતાં આવી ચડયાં અને સર્વને ઉદાસીન જોઈને બોલી ઉઠયા. અહો રાજન્ ! તમારે ત્યાં પુત્ર જન્મનો આનંદ હોવો જોઈએ. એ સાંભળીને હું અહીં આવ્યો છું જ્યારે તમે સૌ શોકાતુર બનીને બેઠાં છો ! શું થયું છે તમને ? આવા મંગળમય પ્રસંગે શોક શાનો ?

કૃષ્ણે નારદજીને પહેલેથી છેલ્લે સુધી તમામ વાત કરી બાળકના ગૂમ થવાની વાતની જાણ કરી અને વિનંતિ કરી આપ મહામુનિ છો એટલે આ બાળકની સંપૂર્ણ ભાળ મેળવી આપવા કૃપા કરો.

મુનિરાજ બોલ્યા. ત્રણે કાળનું જ્ઞાન ધરાવતા હોય એવા એક અતિમુક્તક મુનિ હતાં પરંતુ હવે તો તેઓ કેવળજ્ઞાન મેળવીને મોક્ષે ગયાં છે. હાલમાં આ ભરતક્ષેત્રમાં એવું કોઇજ જ્ઞાની નથી. કે જેની પાસે જઇને પૂછી શકાય. હા, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર સ્વામી છે. ત્યાં જઇને તેમને પૂછું તો આ ભેદનો ઉકેલ જરૂર મળે. હે કૃષ્ણ! આ રૂકિમણી મારી પ્રત્યે અનહદ ભક્તિભાવ રાખે છે અને એ રૂકિમણી મેં જાતેજ તને લાવી આપેલ છે એટલે એ મારી પુત્રી બરાબર જ ગણાય. એના દુઃખમાં મદદ કરવી મારી ફરજ છે એટલે તમે બધાં શાંતિ રાખો. હું ભગવાન સીમંધર સ્વામી પાસે જાઉં છું. બાળકની શોધ કરીને બધાં જ

સમાચાર લાવી આપું છું ત્યાંસુધી શાંતિ રાખજો. નારદજી રૂકિમણી પાસે આવી શાંત રાખી આશ્વાસન આપતાં કહેવા લાગ્યા કે....તું મારી દીકરી છે. તું ચિંતા ન કરીશ. તારૂં દુઃખ દૂર થઈ જશે. રૂકિમણી રડતાં રડતાં કહે....હે ઋષિ-રાજ જો મને મારો પુત્ર નહિ મળે તો પ્રાણ ત્યાગ કરીશ પુત્ર વિના જીવતર વ્યર્થ છે. નારદજીએ પુનઃ કહ્યું કે કોઇ દેવ–દાનવે તારા પુત્રનું અપહરણ કર્યું છે. પણ તારો પુત્ર ગમે ત્યાં હશે તો પણ મહાન સુખમાં હશે. તે જીવતો છે. તું રડીશ નહિ. થોડા સમયમાં તારા પુત્રને શોધી આપીશ. તારા દીકરાનો પત્તો ન મેળવી આપું તો મારું નામ નારદ નહિ. હું ત્રણ ખંડમાં ફરીશ. આકાશ–પાતાળ એક કરીશ. છતાં પરમ તારક તીર્થંકર ભગવંત જે હાલમાં મહાવિદે-હક્ષેત્રમાં વિચરે છે ત્યાં સીમંધર સ્વામી પાસે જઇ તારા પુત્ર વિષે પૃચ્છા કરી સમાચાર લઈને જ આવીશ આકાશ ગમ ન કરનારો હું છું, જરૂર ત્યાં પહોંચીશ.

# ૭ માહિતિ તથા પૂર્વભવ

દ્વારિકાથી નારદજી વિદ્યાનાબળે આકાશમાર્ગે નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં ગયાં. શ્રી. સીમંધર સ્વામી પાસે પહોંચી ત્રણ પ્રદક્ષિણા દઇ, નીચાનમી અને બે હાથ જોડી વંદન કર્યા. તેમની દેશના સાંભળવા બેઠાં. પોતાની જાતને ખૂબ ભાગ્યશાળી માનવા લાગ્યા. સાક્ષાત તીર્થંકર પરમાત્માના દર્શન કરી હૈયું આનંદે ઉછળ્યું....

દેશના પૂરી થતાં નારદજી સીમંધરસ્વામી પાસે ગયાં સ્તુતિ વંદન કરી પૂછ્યું–હે સ્વામીન્ ! હું ભરતક્ષેત્રથી આવું છું. દ્વારિકા નગરીના રાજા શ્રી કૃષ્ણની રાણી રૂક્િમણીને પ્રદ્યુમ્ન નામે પુત્ર હતો. હજુ તો તે એકમાસની ઉંમરનો જ હતો. તેનો કોઇજ પત્તો નથી. ખૂબખૂબ તપાસ કરવા છતાં મલતો નથી. આપ તો સર્વસ્વના જાણકાર છો તો તે બાળક હાલ કયાં છે તે મને જણાવવા કૃપા કરશો.

સીમંધર સ્વામી કહે–એ પુત્ર ચરમશરીરી મહાપુણ્ય શાળી છે. આ ભવમાં શ્રી નેમનાથ પ્રભુ પાસે દિક્ષા લઇ કેવળજ્ઞાન મેળવી મોક્ષે જનાર છે. પરંતુ પૂર્વજન્મનો કોઇ વૈરી દેવ તેને મારી નાંખવાના ઈરાદે લઈ ગયો છે પરંતુ

જેનું પુણ્ય જોરદાર હોય તેને કોઇ જ મારી શકતું નથી તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ડગલે ને પગલે સુખ તેની પાછળ જ ભમતું રહે છે. તમારે એ બાળકની કોઈ ચિંતા કરવાની જરૂરત નથી. હલકા પ્રકારના કામ કરનાર ધૂમકેતુ બાળકને ઉઠાવી જવા માટે રૂકિમણીના વેશમાં આવી કૃષ્ણ ના હાથમાંથી તેને લઇ નાસી ગયો હતો. વૈતાઢય પર્વતની કોઇ અજાણી જગાએ એક મોટા પથ્થર ઉપર તેને રખડતો મૂકીને ચાલ્યો ગયો. તેનો ઇરાદો એવો હતો કે ભૂખ અને તરસથી રિબાઇને એ મરી જશે. પરંતુ આ બાળકનો આ છેલ્લો અવતાર છે પૂર્વ જન્મના પુણ્ય બળવાન હોવાથી તેને મારવાની કોઇની તાકાત ન હતી.

વિદ્યાધરોનો રાજા કાલસંવર પ્રભાતકાલે ત્યાંથી નીકળ્યો. તે સ્થાને વિમાન અટકી ગયું. તપાસ કરતાં તેણે એ બાળકને જોયો એટલે તરતજ પોતાના મેઘકૂટનગરમાં લઈ ગયો. તેને કનકમાલા નામની રાણીને કોઈ સંતાન નહોતું પણ અન્ય રાણીઓને હતાં. તેથી કાલસંવરે એ બાળક એ કનકમાલાને સોંપ્યું. પોતાનાજ પુત્રની પેઠે જતન થાય છે. તે પુત્ર વિદ્યાઓ તથા સોળ લાભ પ્રાપ્ત કરીને સોળ વર્ષે માતા-પિતાને ભેટશે. ૧૬ વર્ષ પહેલા ગમે તેટલો પ્રયત્ન કરશો તો પણ પુત્ર નહિ મલે. હવે ધૂમકેતુને પ્રદ્યુમ્ન સાથે પૂર્વજન્મનું વૈર કેમ હતું? તે અંગેની વિગત સાંભળો.

જંબુદ્વીપ વિષે આવેલા ભરત ક્ષેત્રમાં શાલિગ્રામ નામે

એક ગામ હતું. તે ગામની બહાર એક સુંદર ઉદ્યાન હતું. તે ઉદ્યાનનો અધિષ્ઠાતા દેવ સુમનસ નામે યક્ષ હતો. આ યક્ષ સમ્યગ્ દૃષ્ટિ હોવાથી ખૂબ ભલો અને સેવાભવી હતો. સાધુસંતોની ભક્તિ કરતો. આ ગામમાં વેદવેદાંતમાં પારંગત અને ક્રિયાકાંડી સોમદેવ નામે એક બ્રાહ્મણ વસતો હતો. અનિલા નામે પત્નિસહિત અગ્નિભૂતિ તથા વાયુભૂતિ નામે બે પુત્રો હતાં. બંન્ને પુત્રો વિદ્વાન હતા પરંતુ તેમને વિદ્યાનું ખૂબ અભિમાન હતું. યૌવન અને વિદ્યાના મદમાં છકી જઇ લોકોનું અપમાન કરતાં અને વારંવાર તિરસ્કાર કરતાં. પોતાની જાતને મહાન માનતા.

એક દિવસ નંદિવર્ધન નામના એક જૈન મુનિરાજ પોતાના શિષ્ય સમુદાય સાથે શાલિગ્રામ પધાર્યા અને આ મનોરમ નામના ઉદ્યાનમાં ઉતર્યા. આ વાતની જાણ ગામમાં થતાં અનેક લોકો ઉદ્યાનમાં આવી મુનિરાજને વંદન કરતાં અને ધર્મોપદેશ સાંભળી કૃતાર્થ થતાં. આખા ગામમાં સૌ કોઇ મુનિરાજના વખાણ કરતાં. આ સાંભળી પેલા બે બ્રાહ્મણ પુત્રોને ખૂબજ ઈર્ષા થઇ, ખૂબજ ગુસ્સે થઇને તેઓ આ મુનિરાજ પાસે આવ્યાં. તે સમયે મુનિરાજ દેશના આપી રહ્યા હતાં અને લોકો સૌ શાંતચિત્તે સાંભળતા હતાં. ત્યાં આવી આ યૌવન અને વિદ્યાના મદથી છકેલા બ્રાહ્મણ પુત્રો બોલ્યા–અરે ઓ સાધુ! તું શાસ્ત્રો કે ધર્મ જાણે છે ખરો? કે પછી ખોટી સાચી વાતો કરી લોકોને ભરમાવે

છે ! જો શાસ્ત્રજ્ઞ હોય તો અમારા જેવા વિદ્વાનો સાથે વાદવિવાદ કરી જીત મેળવ અને એટલી તાકાત ન હોય તો ચુપચાપ અહીંથી રવાના થઈ જા, ખોટું અભિમાન રાખી અમારા ગામના માણસોને અવળે માર્ગે ન દોરી જઈશ, આ ગામ ધર્મિષ્ઠ છે એટલે સૌ સાંભળવા આવે છે.

આચાર્ય શ્રી નંદિવર્ધને જોયું તો આ બંન્ને યુવાનો મદથી છકી ગયેલા જણાયા. આવા મૂર્ખશિરોમણી જોડે ખોટી જીભાજોડી કરવી વ્યર્થ લાગી. તેમણે પોતાના શિષ્યને કહ્યું કે આ બંને મૂર્ખાઓને સમજાવ અને તેને જવાબ આપી દૂર કર. ગુરૂની આજ્ઞા મળતાંજ શિષ્યે તે બ્રાહ્મણોને પૂછયું–અરે ! બ્રાહ્મણો, આપ કયાંથી આવો છો ?

બ્રાહ્મણ પુત્રો બોલ્યાં–અમે શાલિગ્રામથી તમારા જ્ઞાનની પરીક્ષા કરવા આવ્યા છીયે.

સત્યમુનિએ પૂછયું–અરે ભાઈઓ ! મારો સવાલ તમે બરાબર સમજયાં નથી–હું તમને એમ પૂછું છું કે કયા ભવમાંથી તમને આ પુરૂષત્વ સાંપડયું છે. તે જાણતા હો તો કહો–પૂર્વજન્મનું કોઈજ જ્ઞાન ન હોવાથી આ બ્રાહ્મણ પૂત્રો જરા શરમાયા અને મૌન ઊભા રહ્યા.

સત્યમુનિ બોલ્યા–મિથ્યાદૃષ્ટિ માણસોને પૂર્વજન્મનું ભાન કયાંથી હોય ? તો હવે તમે શાંતિપૂર્વક સાંભળો કે ગયા જન્મમાં તમે કયાં હતાં. અને કેવી રીતે રહેતા હતાં. હે બ્રાહ્મણપુત્રો-ગયા જન્મમાં તમે આ ગામનીજ સીમમાં

શિયાળ પુત્રો હતા. એકજ માતાને પેટે જન્મેલા હતાં. માંસ ખાઈને જીવતાં હતાં. નજીકના ખેતરમાં કોઇએક ખેડૂતે પોતાની ઝુંપડી પાસે ચર્મ-રજ્જુ મુકેલી. વરસાદને કારણે તે પડી પડી કોહવાઈ ગયેલી. ખૂબજ ભૂખ્યા થયેલાં એ શિયાળ બાળોએ ત્યાં આવી આ ચર્મ-રજ્જુ આરોગી ગયાં. અતિ આહાર કરવાથી તેઓ બંન્ને મૃત્યુ પામ્યા અને આજ નગરમાં તેમનો બ્રાહ્મણને ત્યાં જન્મ થયો. જે તમે બંન્ને અહીં ઊભા છો. પેલો ખેડૂત પોતાની ચર્મ-રજ્જુ ન જોવાથી વિલાપ કરતાં કરતાં મૃત્યુ પામ્યો. અને પોતાનાજ દીકરાને ઘેર જન્મ પામ્યો.

સમય જતાં એ ખેડૂતને જાતિ સ્મરણ જ્ઞાન થયું. મનમાં વિચાર્યું કે મારોજ પુત્ર મારો પિતા થયો અને મારી પુત્રવધુ મારી માતા થઈ છે. હવે તેમને મારે પિતા માતા કહેવા શી રીતે ? આથી તેણે જીવનભરનું મૌન ધારણ કર્યું.

મારી આ વાત વિષે જો શંકા હોય તો તે ખેડૂત હાલમાં હયાત છે તેને અહીં લઈ આવો. મારા કહેવાથી તે પોતાનું મૌન છોડી સત્ય હકીકત કહેશે. આ સાંભળી બંન્ને બ્રાહ્મણો અને શ્રોતાગણ સૌ વિસ્મય પામ્યા. લોકો ગામમાં જઈને પેલા મૂંગા ખેડૂતને લઈ આવી મુનિરાજ સમક્ષ રજુ કર્યો-સત્યઋષિએ એ ખેડૂતને કહ્યું-હે ભાઈ. તું મૌનવ્રત છોડીને પૂર્વજન્મનું તારું વૃત્તાંત સંભળાવ જેથી અહીં ભેગાં થયેલાં સૌ લોકોને વિશ્વાસ પડે.

મુનિરાજ બોલ્યા—

**નસા જાઇ નસા જોણિ, નતંઠાણું નતંકુલં !**
**ન મયા ન જયા જત્થ, સવ્વે જીવા અણુંતસો**

આ આત્માએ કોઇ જાતિ યોનિ સ્થાન, કુલ બાકી નથી રાખ્યા કે જયાં અનંતીવાર જન્મમરણ ન થયાં હોય આ સંસારમાં ઘણીવાર પિતા-પુત્ર થાય છે અને પુત્ર પિતા પણ બને છે માતા-પુત્રી કે પુત્ર વધુ થાય છે અને પુત્રી પુત્ર વધુ માતા પણ થાય છે જેથી આ વ્યવહાર જોઈ તેં મૌન ધારણ કર્યું છે તે છોડી સત્ય હકીક્ત પર પ્રકાશ પાડ. આ સાંભળી ખેડૂતે મૌન છોડી સત્ય હકીક્ત સૌની વચ્ચે જણાવી. આ જોઇ લોકો સૌ આશ્ચર્ય પામ્યા, અને વિરાગી બની અનેક લોકોએ ખેડૂતની સાથે સંસાર ત્યાગી સંયમ માર્ગે વળ્યા. અનેક લોકોએ વ્રતો ગ્રહણ કર્યાં. તેમ છતાં આ બંન્ને અભિમાની બ્રાહ્મણપુત્ર મશ્કરી અને હાંસી ઉડાવતા પોતાના ઘેર તરફ ગયા.

બ્રાહ્મણપુત્ર ભરસભામાં હાર્યા, મુનિએ તેમને હલકાં પાડયાં છે એમ સમજી તેમની પ્રત્યે દ્વેષભાવ થયો અને અને વૈર લેવા તૈયાર થયાં. હાથમાં હથિયાર લઈ એ મુનિ રાજને મારી નાંખવા. છાનામાના ગુપ્ત રીતે ઉદ્યાનમાં આવ્યા. તે વખતે ઉદ્યાનના અધિષ્ઠાતા સુમનસ યક્ષે પોતાની વિદ્યાના બળે બંન્નેને પુતળાં બનાવી દીધાં. બીજે દિવસે સવારમાં લોકોએ આ દૃશ્ય જોયું-તેમના માતા પિતાએ આ જોયું અને રડવા લાગ્યાં. તેઓએ સુમનસ યક્ષની પ્રાર્થના કરી

અને રડતાં રડતાં વિનંતિ કરી કે અમારા આ બંન્ને પુત્રોને હતા તેવાજ બનાવીને છોડી દ્યો.

યક્ષે સ્પષ્ટ જણાવ્યું કે-મુનિરાજને મારી નાંખવા આવનાર તમારા આ બન્ને પુત્રોને હું શું જવા દઉં ? આ દુષ્ટોની તેથીજ મેં આ દશા કરી છે. હવે કોઈપણ રીતે હું તેમને છોડીશ નહિં.

આ સાંભળી તે બ્રાહ્મણપુત્રોના માતાપિતા ફરી ફરીને કરગરવા લાગ્યા. તેથી યક્ષે કહ્યું-જો એ બંન્ને પુત્રો સાધુ બને તોજ હું છોડી શકું તે સિવાય બની શકે તેમ નથી.

તેના માતાપિતા ફરીને કરગર્યા-હે યક્ષદેવ, અમારા માટે સાધુ ધર્મ પાળવો ખૂબજ કઠીન છે. જે અમારાથી થઇ શકે તેમ નથી પરંતુ શ્રાવક ધર્મ પાળવાની પ્રતિજ્ઞા કરાવી છોડી મૂકવા કૃપા કરો.

દયાળુ યક્ષે બંન્નેને શ્રાદ્ધ-ધર્મ અંગીકાર કરાવીને છોડી મૂકયા. તે દિવસથી અગ્નિભૂતિ અને વાયુભૂતિએ રાત્રિ-ભોજન અને કંદમૂળ ખાવા તજી દીધાં. જૈન ધર્મ અંગીકાર કરી તેનું આરાધન કરતાં મૃત્યુ પામી દેવયોનીમાં જન્મ પામ્યા. તેમનું ત્યાંનું આયુષ્ય પૂરૂ કરી ત્યાંથી ચ્યવી હસ્તિનાપુર નગરમાં અર્હદ્દાસ શ્રેષ્ઠિને ત્યાં પૂર્ણભદ્ર અને માણિભદ્ર નામે પુત્રો થયાં. જૈન ધર્મપરાયણ કુટંબમાં જન્મી ધર્મ-પ્રેમી થયાં. શ્રાવકના એકવીસ ગુણો જીવનમાં ઉતારી શાસ્ત્રોના અભ્યાસી બન્યા. આ પ્રમાણે સીમંધરસ્વામી નારદને જણાવી રહ્યા છે. અને નારદજી સાંભળે છે.

એક દિવસ હસ્તિનાપુરના ઉદ્યાનમાં મહેન્દ્ર મુનિ પધાર્યા છે એમ જાણીને વંદન કરવા બંન્ને ભાઈઓ ગયાં. રસ્તામાં એક ચાંડાલ અને કુતરીને જોઈ તેમના પ્રત્યે હૃદયમાં પ્રેમ થયો. મનમાં વિચારતાં મુનિશ્રી પાસે પહોંચ્યા. ભાવપૂર્વક વંદન કરી. મુનિશ્રીની વાણી સાંભળવા રાજા વિગેરે પ્રજાજનો આવ્યા હતા. વ્યાખ્યાન પૂરું થતાં સૌ પોતપોતાને રસ્તે પડયા ત્યારે અવસરોચિત ભાઈએ પૂછયું કે હે મુનિરાજ ! અમે અહીં વંદન કરવા આવતા હતા ત્યારે માર્ગમાં એક ચાંડાલ અને કુતરી જોઈને તેમના પ્રત્યે અમારા હૃદયમાં પ્રેમભાવ જાગ્યા. આમ કેમ બન્યું ? તેઓ તો હલકી કોટીમાં જન્મેલા અને અમે ઉચ્ચકોટિમાં જન્મ્યા છીએ. તો અમને આવો અનુભવ કેમ થયો તે સમજાવો, મુનિશ્રી કહે-ભાઈઓ—સાંભળો. આ જગતમાં એક બીજા પ્રત્યેનું જ્ઞાન પૂર્ણ નથી, પરંતુ આપણને આપણું જ્ઞાન મર્યાદિત હોવાથી વધુ જાણતાં નથી એટલે સમજી શકતાં નથી. “કાર્યમાત્રં પ્રતિ કારણં” ત્રીજા ભવમાં આ ચાંડાલ સોમદત્ત નામે બ્રાહ્મણ હતો અને કુતરી એ અનિલ નામે તેમની પત્નિ હતી. તે અનિલા બાહ્મણીના વેદાંત ધર્મી તમે બે પુત્રો હતાં અને તમારા નામ અગ્નિભૂતિ અને વાયુભૂતિ હતાં. તેજ જન્મમાં તમે મુનિરાજના–સહચારથી શ્રાવક ધર્મ પામી સ્વર્ગે ગયા અને ત્યાંથી ચ્યવી અહીં જન્મ્યા છો. મિથ્યામતિવાળો સોમદેવ મૃત્યુ પામી શંખપુરના રાજાના ઘેર જિતશત્રુનામે પુત્ર બન્યો તે દુરાચારી–લંપટ અને

મહાપાપી હતો. અને અનિલા બ્રાહ્મણી ત્યાંથી મૃત્યુ પામીને શંખપુરમાં સોમભૂતિ નામના બ્રાહ્મણની રૂકિમણી નામે સ્ત્રી થઇ. એક દિવસ જિતશત્રુએ આ રૂકિમણીને જોઇ તેની પાછળ દિવાનો બન્યો. તેના સિવાય તેને ચેન પડતું નહિં એટલે સોમભૂતિને કપટ કરી સમજાવી રૂકિમણીને ઉઠાવીને લાવ્યો. વર્ષોસુધી તેને સેવી છતાં તેને સંતોષ થતો જ નહિં. ભોગ ભોગવવાથી કદી સંતોષ થતોજ નથી પરંતુ વધુને વધુ તૃષ્ણા જાગે છે. જીવનભર અનાચાર અને વિષયવાસનામાં પડયા રહી મરણ પામ્યો અને તેનો જીવ નરકે ગયો. અનેક દુઃખો સહન કરી ત્યાંથી વનમા મૃગ તરીકે જન્મ્યો. કોઈ શિકારીના હાથે તેને મારી નાંખ્યો. આમ અનેક ભવમાં અહીં ચાંડાલ તરીકે જન્મ પામ્યો છે. અને રખડી રખડીને અનિલાનો જીવ અહીં કુતરી રૂપે જન્મ્યો છે. પૂર્વજન્મના સંબંધને કારણે તેમને તેમની પ્રત્યે પ્રેમ થાય છે.

મહેન્દ્રમુનિની પાસેથી પૂર્વભવની વાત સાંભળી બંન્ને ભાઈઓને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. ધર્મનોમર્મ સમજનારા બંન્ને ભાઈઓએ ચાંડાલને પ્રતિબોધ્યો. અને શ્રાવક ધર્મ આપ્યો.એ ચાંડાલશ્રાવક બન્યો અને એક માસનું અનશન કરી મૃત્યુ પામી નંદીશ્વરમાંદેવ તરીકે જન્મ્યો. કુતરી પણ ઉત્તમ શ્રાવિકા ધર્મને આરાધી અનશન કરી મૃત્યુ પામી શંખપુરના રાજાને ત્યાં સુદર્શના નામે રાજકુમારી તરીકે જન્મ પામી.

પૂર્વજન્મના પુણ્યનું ફળ ભોગવતાં આનંદમાં સમય પસાર કરે છે. ત્યારબાદ કેટલાક સમય પછી તેજ મહેન્દ્ર મુનિ ફરતાં ફરતાં ગજપુરમાં પધાર્યા. પેલા બંન્ને ભાઇઓ પૂર્ણભદ્ર અને માણીભદ્રને ખબર પડતાં તરતજ મુનિમહારાજને વંદન કરવા આવ્યાં. ત્યાં આવી મુનિને પોતાના માતા–પિતા વિષે મહિતી પૂછી. મુનિરાજે સવિસ્તર વાત કરી અને કહ્યું કે વર્તમાનમાં તેઓ આ નગરીમાં જ છે. બંન્ને ભાઈઓ રાજકુમારી સુદર્શના પાસે ગયાં. તેના ભવોની ઊંડી વાત સંભળાવી તેણીને ધર્મના માર્ગે વાળી.

આમ રાજકુમારી સુદર્શના પ્રતિબોધ પામી–ધર્મના માર્ગે દિક્ષા ગ્રહણ કરી–અનેક વ્રતનિયમો પાળી કાલધર્મપામી સ્વર્ગે ગઈ. તેને પ્રતિબોધ કરનાર બન્ને ભાઈઓ જૈનધર્મની આરાધના પૂર્વક મૃત્યુ પામી મહદ્ધિંક સામાનિક દેવ થયાં. તે ભવમાં ઘણા તીર્થંકરોના પાંચે પાંચ કલ્યાણકોની ઉજવણી કરી ત્યાંથી ચ્યવી હસ્તિનાપુર નગરના રાજા વિષ્વકસેનને ત્યાં રાજકુમાર તરીકે જન્મ્યા અને તેમના નામ અનુક્રમે મધુ અને કૈટભ રાખવામાં આવ્યા.

આ બાજુ પેલો ચાંડાલ દેવ તરીકે નંદીશ્વરમાં જન્મ્યો હતો તે ત્યાં તે ત્યાંથી ચ્યવી વટપૂરમાં કનક પ્રભનરાજા, અને સુદર્શના અનેક ભવમાં ફરીને ત્યાંથી ચ્યવી આ કનકપ્રભ નામના રાજાની ચંદ્રાભા નામે રાણી બની. વિષ્વકસેન રાજા ઉંમરલાયક થતાં તેમને સંસાર ઉપરથી

વૈરાગ્ય જન્મ્યો. જેથી રાજ્યનો ભાર મધુને સોંપ્યો અને કૈટભને યુવરાજપદ આપી રાજા-રાણીએ ચારિત્ર સ્વીકાર્યું. ઉત્તમ ચારિત્રની ખૂબ જ આરાધના કરી મૃત્યુ પામી દેવગતિ પામ્યો. પહેલાં રાજાઓ મૃત્યુ પામતાં પહેલા દીક્ષા ગ્રહણ કરતા હતા.

મધુરાજા બાળરાજા હોવા છતાં ન્યાય-નીતિ પૂર્વકથી રાજ્ય કરે છે. પ્રજાજનો બે મોઢે વખાણ કરે છે. દીકરો બાપ કરતાં સવાયો છે. રાજ્ય કરવાની કળા-કૌશલ્યપણું ઘણું અદ્ભૂત છે. મધુ-કૈટભની જોડી એટલે જાણે રામ-લક્ષ્મણની જોડી.

બાલરાજા સભા મંડપમાં રાજસિંહાસને બિરાજેલા છે. નગરમાં કોલાહલ ભયંકર થવા લાગ્યો. અવાજ-અવાજ બૂમરાણો સંભળાઈ. રાજા દ્વારપાલને બોલાવી પૂછે છે કે આ કોલાહલ શેનો થાય છે શું કાંઈ ઉપદ્રવ છે? સ્વામી ભીમનામનો બળવાન રાજા અનેક નગરોને લૂંટતો લૂંટતો આપણી આ અયોધ્યાનગરી સુધી આવી પહોંચ્યો છે. પશુઓને તથા મનુષ્યને ખૂબજ પરેશાન કરે છે. તેથી નગરજનો ભયભીત બનીને ગમે તેમ નાશ ભાગ કરે છે. તેથી કોલાહલ કરે છે. મધુરાજા આ સાંભળી ગુસ્સે થયા ... પ્રધાનજી આદિને કહ્યું કે મને કેમ વાત જણાવી નહિ.

પ્રધાનજી-આપ અમારા સ્વામી બાલરાજા છો પણ નાની ઉંમરના છો. અત્યારે અમારે તમારું રક્ષણ કરવું જોઈએ.

રાજા....સાંભળો...ભલે હું બાલ છું પણ પરાક્રમથી બાળક નથી. હું સિંહનો જાયો છું. સિંહની ગર્જનાથી બધા પ્રાણી ભાગી જાય. તેમ આ ભીમરૂપી બધા હાથી ઘોડા પલાયન થઈ જશે. તમે સેનાસજ્જકરો. અયોધ્યાનગરીમાં યુદ્ધની ભેરીઓ વાગી, રણશીંગા ફૂંકાવા લાગ્યા. તેના અવાજથી કાયરો ધ્રૂજી ધ્રૂજી ભાગવા લાગ્યા. મોટું સૈન્ય ચાલી રહ્યું છે. રસ્તામાં વટપુર રાજ્યનો રાજા રોકવા માટે વિંનતિ કરવા આવ્યો. દૂર દૂરથી દડમજલ કરતાં આવી રહ્યા હતા એટલે મધુરાજા ખૂબ થાકી ગયેલાં હતાં અને કનકપ્રભનો ખૂબજ આગ્રહ હતો એટલે તેની ( કનકપ્રભની ) વિંનતિને માન આપીને ત્યાં રોકાયા. મધુરાજાને ખુશ કરવા તેની પાસેથી કંઈક મેળવવાના આશયથી વિવિધ પ્રકારની ભોજન સામગ્રી પકવાન વગેરે તૈયાર કરાવ્યાં અને મધુરાજાને તથા સર્વ સૈન્યના માણસોને જમવા બેસાડયા.

તે સમયે કનકપ્રભરાજાની રાણી ચંદ્રાભા શણગાર સજી ત્યાં આવી. રૂપમાં ચંદ્રને શરમાવે તેવું રૂપ હતું. કામણગારી કાયા હતી. માદક યુવાની હતી, હાથમાં વિંઝણો લઈ મધુરાજાને પવન નાંખવા બેઠી. જમવા બેઠેલા મધુરાજાને ઉત્તમ જમણ કે જાતજાતની વાનગીઓ જમવામાં રસ ના રહ્યો. તે ચંદ્રાભાને જોઈ જ રહ્યા અને તેની ઉપર મોહિત થઈ ગયો. જમીને ઉઠયા પછી ચંદ્રાભાને મેળવવાની વૃત્તિ થઇ આવી પરંતુ નીતિનિપૂણ મંત્રીશ્વરોએ તેમ કરતાં

પાછા વાળ્યાં. ઘણા પ્રયાસોથી રાજાએ સૈન્ય સહિત આગે કૂચ કરાવી.

મધુરાજા ત્યાંથી નીકળી પલ્લીપ ભીમરાજાને હતરિાવવા ગયો. મોટું ભયંકર યુદ્ધ થયું. પલ્લીપતિ ભીમરાજાના શરણે આવ્યો અને હવે પછીથી લોકોને રંજાડવાનું બંધ કરાવ્યું. આમ જીત મેળવી પાછા ફરતાં રૂપનારીમાં મુગ્ધ બનેલો ફરી વટપુર આવ્યો. કામણગારી, રૂપવંતી નારીના મુખને જોયાં બાદ મધુરાજા કામથી વિહ્વલ બન્યા. દેવલોકની અપ્સરા કરતાં અધિક રૂપવંતી નારીના દેહ જોઈ ને રાજા કિંકર્તવ્ય મૂઢ બની ગયા હતા. મંત્રી–પ્રધાનોએ બાલરાજાને સમજાવ્યું પણ ખરું કે પરસ્ત્રી ગમન ભયંકર પાપ કહેવાય તથા પરસ્ત્રી માતા સમાન કહેવાય. આપ જેવા પવિત્ર રાજાને ઉચિત ન કહેવાય. આપશ્રીના પિતા–માતા સંયમપંથે વર્યા....વળી આપ કેમ પરનારીમાં મોહ પામો છો. પણ મંત્રીની વાત સાંભળે તેવી અવસ્થા રહી નથી. કામી માણસને ખાન–પાન–આરામ–સગવડતા વિગેરે હરામ લાગતા હોય છે. તેમ રાજાને ચંદ્રાભા સિવાય બધું જ વ્યર્થ લાગે છે.

મંત્રીઓ પ્રધાનોએ રાજા ચંદ્રાભાને ભૂલી જાય એ માટે અનેકવિધિ ઉપાયો કરવા છતાં ન ભૂલ્યા તે ન ભૂલ્યા. મંત્રીરાજને સ્પષ્ટ જણાવ્યું કે તેના વિના જીવી શકીશ નહિં. મારા પ્રત્યે સ્નેહ હોય તો મને મેળવી આપો.

કનકપ્રભરાજાએ જાતજાતની મિઠાઈઓ અને વિવિધ વાનગીઓ જમાડી ઘણા ઘણા અશ્વો વગેરે નજરાણું ધર્યું પરંતુ મધુરાજાને સંતોષ ન થયો. મધુરાજા ચંદ્રાભામાં અત્યંત મોહિત હોવાથી અન્ય ચીજો ન સ્વીકારતાં નિર્લજ્જ બની ચંદ્રાભાની માગણી કરી. કામાતુર માણસોને કદી ભય કે લજ્જા હોતા નથી.

કનકપ્રભ આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો અને બે હાથ જોડી બોલ્યો–હે રાજાધિરાજ, હું આપનો ખંડીઓ રાજા છું આપનો સેવક કહેવાઉં. સેવક પાસે આવી અયોગ્ય માંગણી કરવી આપને શોભતી નથી. મારી પાસે જે કાંઈ છે હાથી–ઘોડા ગામ ગરાસ તે બધુંજ આપનું છે. પરંતુ પરણેતર સ્ત્રીની માગણી કરવી એ આપ જેવા રાજવી માટે તદ્દન અયોગ્ય અને અઘટિત કહેવાય.

તેમજ આવી હલકી માંગણી સેવકજનોએ પુરી કરવી એ પણ શોભાસ્પદ નથી. આપ બીજુ ગમે તે માંગો તે આપવા આ સેવક તૈયાર છે. અરે! માથું માગો તો પણ ઉતારી આપવા તૈયાર છું. આપ તો અમારા પિતા સમાન છો એટલે અયોગ્ય માંગણી ન શોભે. આમ આટલું સમજાવવા છતાં કામાસક્ત રાજા બલાત્કારે ચંદ્રાભાને ઉપાડીને પોતાના રાજ્યમાં ગયો. અને ચંદ્રાભા સાથે અનેકવિધિ ભોગ ભોગવવા લાગ્યો. ચંદ્રાભાનાં રૂપમાં પાગલ બની તેના આવાસમાં જ પડી રહેતો. ભોગ ભોગવવાથી કદી તૃષ્ણા છીપતી નથી. અને માનવીનો વિનાશ કરાવે છે. માનવી જાણવા

સમજવા છતાં દીવો લઇને કૂવામાં પડે છે.

કનકપ્રભરાજા મધુરાજાને કંઈ કરી શકે તેમ ન હતો. તેનો નાનકડો ખંડીઓ રાજા હતો એટલે તેની સાથે લડાઈ કે યુદ્ધ કરવાને અસમર્થ હતો. પોતાની રાણી ચંદ્રાભાને જોર જુલમથી મધુરાજા ઉપાડી ગયો તેનો ભારે આઘાત લાગ્યો. પોતાના પ્રાણુ કરતાં પ્યારી રાણીના જવાથી તે ગાંડા જેવો બની ગયો. તે ઠેર ઠેર, ગામે ગામે અને ગલી ગલીએ ભમવા લાગ્યો. પોતાના શરીરનું-વસ્ત્રનું-ખાવાનું કે પીવાનું કોઈ જ ભાન રહ્યું નથી. ચંદ્રાભા ચંદ્રાભા નામની બૂમો પાડતો ભટકે છે. બાળકો અને અન્ય લોકો તેને ગાંડો સમજી ચીડવે છે. પથ્થરો મારે છે.

એક દિવસ મધુરાજા દરબાર ભરીને બેઠાં હતાં. નાનો ભાઈ કૈટભ અને અન્ય પ્રધાન મંડળ-મંત્રીઓ-દંડપાળ વગેરે હાજર હતાં એવામાં એક પ્રજાજને આવી રાજાને ફરિયાદ કરી. બાપુ! તમારા રાજ્યમાં આવો જુલમ ! સ્ત્રીઓની કોઈ સલામતી જ નહિં ! મારી પત્નિ અત્યંત સ્વરૂપવાન હોઇને એક બલવાન પુરૂષે તેણીના ઉપર જોર જુલમથી બલાત્કાર કર્યો છે. એનું શિયળવ્રત ખંડીત કર્યું છે. મને ન્યાય મલવો જોઈએ અને ગુનેગારને શિક્ષા થવીજ જોઇએ.

રાજાએ તરતજ એ પાપી પુરુષને પકડાં સભા સમક્ષ રજૂ કર્યો અને તેનો ન્યાય કરવામાં ખૂબ ખૂબ સમય ગયો છતાં હજુ ચોક્કસ કોઇ નિર્ણય લેવાતો ન હતો. તે દરમ્યાન

દાસી રાજાજીને જમવા પધારવાનું કહેવા બે ત્રણ વખત આવી ગઈ. ફરી આવીને બોલી મહારાજ ! ભોજન ઠંડુ થાય છે. સમય થઈ ગયો છે. જલ્દીથી પધારો.

રાજા જમવા પધાર્યા. ભોજનીયા પીરસીને થાળ તૈયાર જ હતાં. હાથ પગ ધોઈને રાજા રાણી જમવા બેઠાં–જમતાં જમતાં રાણીએ પૂછયુ કે આજે આટલું બધું મોડું કેમ થયું ? એવું અગત્યનું શું કામ હતું ? જુઓને, આ જમવાનું બધું ઠરી ગયું છે. ખાવાની મઝા જતી રહી. રાજા બોલ્યો–આજે સભા સમક્ષ એક અગત્યનો કેસ આવ્યો છે. તેનો ન્યાય આપવાનો છે. બન્ને પક્ષની દલીલો સાંભળવી જોઈએને ! એટલે મોડું થઈ ગયું–હજુ ન્યાય આપવાનો તો બાકી છે.

રાણીએ પૂછયું–હે નાથ ! કેસની વિગત શું છે તે તો કહો ! રાજા કહે–હે ચંદ્રાભા ! કોઇ એક સ્વરૂપવાન સ્ત્રી ઉપર પરપુરૂષે જોર જુલમથી બળાત્કાર કર્યો છે તેનો ન્યાય આપવાનો છે. ચંદ્રાભા કહે–જોર જુલમથી પરસ્ત્રીગમન કરનાર પાપીને તમે શું સજા કરશો ?

રાજા કહે–રાણીજી ! પરસ્ત્રીગમન કરનારને મોટો દંડ કરીશ. તેમજ ફરીવાર આવું કાર્ય ન કરે તે માટે તેના માથે મુંડન કરાવી, ગધેડા ઉપર બેસાડી આખા નગરમાં ફેરવીશ. જેથી અન્ય લોકો પણ આવું કાર્ય કદી કરે નહિં. રાજા આવા પાપીઓને શિક્ષા ન કરે તો તે ઈશ્વરનો ગુને-

ગાર બને તેમજ રૈયતનું માન પણ ગુમાવે છે. જગતની મર્યાદાઓ જાળવવા ગુનેગારોને શિક્ષા કરવી એ રાજાનું કર્તવ્ય છે.

આ સાંભળી ચંદ્રાભા ખડખડાટ હસી પડી. મધુરાજાએ પૂછ્યું કે રાણીજી! કેમ હસો છો? ત્યારે ચંદ્રાભા વળી ખડખડાટ હસી પડી અને નમ્ર ભાવે બોલી–હે સ્વામીનાથ! નીતિશાસ્ત્ર તો સારું જાણો છો. રાજા તરીકેની ફરજો પણ ઘણી સારી સમજો છો. પરસ્ત્રીગમન કરનારને અવશ્ય શિક્ષા થવી જ જોઈએ. એ વાત સાથે હું સંમત છું. પરંતુ પરસ્ત્રીગમન કરવામાં–બળાત્કાર અને જોરજુલમ કરવામાં આપ તો સૌથી વધારે ગુનેગાર છો તેની શિક્ષા શું? શું તમે રાજા થયા એટલે તમે મન ફાવે તેમ કરવાનો પરવાનો મળી ગયો છે? શું તમે એવું કાર્ય નથી કર્યું? તમારા મનને પૂછો. મારા મત પ્રમાણે અન્ય કોઈ પરસ્ત્રીગમન કરનારને જે શિક્ષા કરવામાં આવે તેનાથી અનેકગણી શિક્ષા તમને મલવી જોઈએ. મારી વાત ઉપરજરા વિચાર કરશો તો તમને સમજાશે કે અન્ય પાપીઓ કરતાં આપ વધુ પાપી છો. ચંદ્રાભાની આ વાત સાંભળી રાજા મધુને સમજાયું કે પોતે મહાપાપી છે.

ચંદ્રાભાની વાત સાંભળી મધુરાજા પોતે કરેલા અન્યાયી કાર્ય માટે પસ્તાવો થવા માંડયો. અને શરમથી નીચું જોઈ ગયો. સંસાર ઉપરથી મોહ ઉડી ગયો અને દરબારમાં

ચાલ્યો ગયો. મનમાં અશાંતિ અને ખેદ ભરેલો છે. પરસ્ત્રીગમનના કેસનો ચૂકાદો મંત્રીશ્વરને સોંપી દઇને પોતે પોતાના મહેલમાં ગયો.

તે દરમ્યાનમાં એવું બન્યું કે–ચંદ્રાભા રાણી, રાજ-મહેલના એક ઝરુખામાં બેઠી બેઠી નગરનું દૃશ્ય જોઈ રહી હતી–એવામાં એક મેલા ઘેલા લુગડાંવાળો ગાંડા જેવો માણસ બૂમો પાડી રહ્યો હતો. અને બાળકો તેને ગાંડો સમજીને ચીડવતાં હતાં. તે રાજમહેલ તરફ આવી રહ્યો હતો અને સહુ બાળકો તેની પાછળ પથ્થરો મારતાં હતાં. તેના મુખ-માંથી ચંદ્રાભા ! ઓ ચંદ્રાભા ! શબ્દો સાંભળતાજ ચંદ્રાભાને ખ્યાલ આવી ગયો કે આ ગાંડો નહિં પણ કનકપ્રભ પોતે જ છે. મારી ગેરહાજરીમાં તેની કેવી સ્થિતિ થઇ ગઈ છે ! ધિક્કાર છે મને ! કે હું તેમને ભૂલી ગઇ છું અને અહીં રંગ–રાગ અને મોજ–મજાહ ઉડાવું છું. મારા વિયોગને કારણે મારા પતિની આવી કરૂણાજનક હાલત થઈ છે, ખરેખર હું મહાપાપી સ્ત્રી છું. મારા પતિને બેવફા નીવડી છું. મેં તેમના પ્રેમનો વિશ્વાસઘાત કર્યો છે. આ મહાપાપનું ફળ મારે ભોગવવું જ પડશે. હે પ્રભુ ! મારું શું થશે ?

તરતજ દોડતી તે મધુરાજા પાસે ગઈ અને બોલાવી લાવી અને પોતાના વિયોગમાં કનકપ્રભની કેવી સ્થિતિ થઇ છે તે બતાવી. આ જોઈ મધુરાજાને પોતાની જાત પર ઉપર ધિક્કાર આવ્યો. મનમાં વિચારે છે કે–અહો ! હું

વિષયમાં આસક્ત પડી પરસ્ત્રીને બળાત્કારે ઉપાડી લાવ્યો છું-મેં મહાપાપ કર્યું છે! આ પાપનું કેટલું ભયંકર પરિણામ આવશે! અને એ મારે ભોગવવું પડશે જ. હે પ્રભુ! મારી શી ગતિ થશે? આમ ભયંકર પશ્ચાતાપ કરતાં કરતાં સંસાર ઉપરથી મોહ ઊતરી ગયો અને વૈરાગ્ય પામ્યો. રાજપાટ છોડી દીધાં અને નાનાભાઈ કૈટભના પુત્રને રાજગાદી અર્પણ કરી. પોતે સાદું જીવન ગાળવા લાગ્યા એવામાં વિમલવાહન નામના મુનિશ્રી પધાર્યા. તેમને વંદન કરવા ગયો. ખૂબજ ભક્તિભાવ પૂર્વક વંદન કરી-તેમનું વ્યાખ્યાન સાંભળવા બેઠો.

વિમલવાહન મુનિ પાસે ધર્મ અને ધર્મનું ફળ સાંભળીને વૈરાગ્ય પામ્યો. આથી મધુરાજા અને કૈટભ (નાનો ભાઈ) બંન્ને દીક્ષા લીધી, ઘણા વર્ષો સુધી ઘોર તપ કર્યું. દ્વાદશાંગીનું અધ્યયન કર્યું. અને અંતે બંન્ને ભાઈ અનશન કરી કાલધર્મ પામી મહાશુક્ર દેવલોકમાં સામાનિક દેવ થયા. અને મધુરાજા ત્યાંથી ચ્યવી કૃષ્ણની પત્નિ રૂકિમણીને કૂખે જન્મ પામ્યા. કૈટભ બારમા દેવલોકનું આયુષ્ય ભોગવી ત્યાંથી ચ્યવી કૃષ્ણ વાસુદેવના રાણી જાબુંવતીની કુખે શાંબકુમાર તરીકે ઉત્પન્ન થશે.એનું વર્ણન આગળ જણાવાશે.

આ બાજુ અહીં રાજા કનકપ્રભ ગાંડાની માફક વર્ષો સુધી રખડી રખડીને મરણ પામ્યો. મરતી વખતે હૃદયમાં વૈરની જવાળા ભડભડતી હતી.તે મરીને વિભંગજ્ઞાની જ્યોતિષિ

દેવ થયો. ત્યાં આયુષ્ય પૂર્ણ કરી મનુષ્યભવમાં તાપસ થયો. અહીં ખૂબ તપ કરી અલ્પ ઋધ્ધિવાળો વૈમાનિક દેવ થયો. તે સમય દરમ્યાન મધુરાજા પ્રત્યેનું વૈર વાળવાનો કોઇ અવસર મળ્યો નહિ. ત્યાંથી રખડી અનેક ભવ કર્યા. ત્યાંથી ધૂમકેતુ નામે જ્યોતિષ્ક બન્યો. તે દરમ્યાન જ મધુરાજા રૂકિમણીની કૂખે જન્મેલ તે ચરિત્રનાયક **પ્રદ્યુમ્નકુમાર'**

આ વાતની ધૂમકેતુને જાણ થઈ. વૈર વાળવાનો અવસર પ્રાપ્ત થયો છે એમ જાણીને તે રૂકિમણીના જેવા કપડાં ધારણ કરી કૃષ્ણના મહેલમાં આવી કૃષ્ણના હાથમાંથી જ તે બાળકને મારી નાંખવાના ઇરાદે ઊઠાવી ગયો. તે પ્રદ્યુમ્ન.

મધુરાજાનો જીવ એજ કુમારપ્રદ્યુમ્ન હતો. પૂર્વજન્મના સંયમથી ઉપાર્જન પુણ્યવડે આ જન્મમાં મોક્ષે જનાર જીવને કોણ મારી શકે? ધૂમકેતુ એ બાળકને મારી શકયો નહિં, તેથી એક પત્થરની શિલા ઉપર મૂકીને ચાલ્યો ગયો. કાલસંવર નામે વિદ્યાધરોનો રાજા ત્યાં થઇને વિમાનમાર્ગે પસાર થઈ રહ્યો હતો. તેનું વિમાન આ બાળક ઉપર જતાં અટકી પડયું. અનેક પ્રયત્નો છતાં તે ચાલી શકયું નહિં. એવામાં તેની નજર આ માસુમ બાળક ઉપર પડી. તરત જ તેણે તે બાળકને ગોદમાં લઇ લીધું. વિમાન પણ તરતજ ઊડી શકયું. કાલસંવર તે બાળકને લઇ પોતના મહેલે આવ્યો કાલસંવરને અનેક સ્ત્રીઓ હતી પણ કનકમાલા નામની સ્ત્રીને કોઇ બાળક ન હતું. તેથી આ બાળક (પ્રદ્યુમ્નકુમાર) તેને સોંપેલ છે. પોતાની કૂખે અવતરેલ બાળક કરતાં વિશેષ

સ્નેહ રાખે છે. અને લાલનપાલન કરી રહી છે. આથી એ એ બાળકની કોઇ ચિંતા કરવાનું કારણ નથી.

સીમંધર સ્વામી–હે નારદ ! પૂર્વભવના કર્મના સંયોગે સોળ વર્ષ પછી રૂકિમણીને તેના પુત્ર પ્રદ્યુમ્નનો અવશ્ય મેળાપ થશે. તેમાં કોઇજ ફેરફાર થઈ શકે તેમ નથી.

નારદજી પૂછે છે–હે પ્રભુ ! રૂકિમણીએ એવું તે કયું પાપ કર્યું હશે કે સૂર્ય સમાન મહા તેજસ્વી પુત્રની પ્રાપ્તિ થવા છતાં સોળ સોળ વર્ષોનો વિયોગ થયો ?

શ્રી સીમંધર સ્વામી બોલ્યા–હે નારદ ! આ સંસારમાં માનવીને સંપત્તિ અને વિપત્તિ, સંયોગ અને વિયોગ, ભોગ કે રોગ, આ બધુંજ કર્મને આધિન છે. કરેલાં કર્મો સૌ કોઈને ભોગવવા જ પડે છે. કર્મ કરતી વખતે કોઈ પ્રભુને યાદ કરતાં નથી અને ભોગવતી વખતે રાડો પાડે છે. પણ કોઇ બચાવી શકતું જ નથી. અહીં જે સોળ વર્ષનો અંતરાય થયો છે તે પણ કર્મનું જ ફળ છે. તે હું સંભળાવું છું તે ધ્યાનથી સાંભળજો.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ નામે દેશ છે તેમાં લક્ષ્મીથી અંકિત એક ગામ હતું. તેમાં સોમદેવ નામે વિપ્ર રહેતો હતો. તેની સ્ત્રીનું નામ લક્ષ્મીવતી હતું. વર્ષાઋતુ હતી. આકાશમાં વરસાદ ચડયો હતો. વિજળી લપકારા મારતી હતી બાગબગીચામાં મયૂરોનો કેકરાવ સંભળાતો હતો. લક્ષ્મીવતી હાથમાં કંકુ વગેરે પૂજાની થાળી લઇ મંદિરે જવા નીકળી. નજીકના ઉદ્યાનમાં મોરલાના મીઠાં

અવાજ અને થન થન નાચતા મોરલાઓ જોઈ તેણી પણ આનંદમાં આવી ગઈ અને મયૂરનૃત્ય જોવા ઉદ્યાનમાં ગઈ. ફરતા ફરતા મનોહર આકૃતિવાળું મોરનુ ઇંડુ નજરે પડ્યું. કંકુવાળા હાથે તે ઇંડાને અડી તેથી કંકુનો રંગ ઇંડાના ઉપરના ભાગમાં ચોંટયો.

લક્ષ્મીવતી ત્યાંથી ચાલી ગઇ પરંતુ મોર–ઢેલ ત્યાં ઇંડા પાસે આવ્યા. ઇંડાનો બદલાયેલ રંગ જોઈ આ ઇંડુ મારું હોય નહીં. એમ સમજીને ઢેલડ ત્યાંથી ચાલી ગઇ. સોળ ઘડી પછી વરસાદ થયો અને ઇંડા ઉપરનો કંકુનો રંગ ધોવાઇ ગયો ત્યારબાદ ઢેલડ ત્યાં આવી. અને સમજી કે આ ઇંડુ મારું જ છે. ત્યારબાદ તેણે સેવ્યું. એટલે લગભગ સોળ ઘડી સુધી એ ઇંડુ સેવ્યું નહિં. ટાઢ-તડકો અને વરસાદમાં પડી રહેલું એ ઇંડુ તેની માતાએ સેવ્યા પછી ઇંડુ મટી મોર બન્યો.

[ પૂર્વે ચન્દ્રાભાનો જીવ પાપનું પ્રાયશ્ચિત, પશ્ચાતાપ કરતો અનશન કરી મૃત્યુ પામેલો તે જ આ કનકમાલા, જેને પ્રદ્યુમ્ન ઉપર આગાધ રાગ થયો. ]

લક્ષ્મીવતી બ્રાહ્મણી ફરી એકવાર આ ઉદ્યાનમાં આવી અને પેલું મોરનું નાનકડું બચ્ચું જોયું. તેને મોરનું બચ્ચું બહુજ ગમતું તેથી તેને પકડીને ઘેર લઈ ગઈ. તેને યોગ્ય પાંજરું લાવી તેમાં પૂરી અનેક સારી સારી ચીજ

વસ્તુઓ ખાવા આપી. પાણી માટે પણ વિશેષ વ્યવસ્થા કરી. આ બચ્ચાંને કેળવવા માટે તે તાળીઓ પાડી નૃત્ય પણ કરતી આમ અનેરો આનંદ આનંદ થતો. બચ્ચાંની માતા તેના આંગણામાં આવી ખૂબ કરૂણ સ્વરે રાડો પાડતી આ બ્રાહ્મણબાઈ તે મોરલીને કાઢી મૂકતી છતાં ફરી ફરીને અહીં આવી ખૂબજ રાડો પાડતી.

આ જોઈ તેમની આજુબાજુમાં રહેતાં લોકોએ ભેગાં થઇ લક્ષ્મીવતીને સમજાવી-અરે આ શું કરી રહ્યા છો? બચ્ચાંનો વિયોગ કઇ માતા જીરવી શકે ? આમ કરશો તો બચ્ચું અને તેની માતા ઝૂરી ઝૂરીને મરી જશે એનું ભયંકર પાપ તમને લાગશે. કંઇક સમજ અને પાપનો ડર રાખી બચ્ચું લાવી હોય ત્યાં પાછું મૂકી આવ. આ ।વાત તેને સમજાણી એટલે સોળ માસ પછી લોકોના સમજાવવાથી જ્યાંથી લાવી હતી ત્યાં મૂકી આવી. આ રીતે માતા પુત્રનું મિલન થતા આનંદ આનંદ થઈ રહ્યો.

હસતાં હસતાં જે કર્મ બંધાય છે તે રોતાં રોતાં ભોગવવું પડે છે. કર્મ કોઈને છોડતું નથી. કહેવત છે કે "જેવું વાવો તેવું લણો." માટે ડાહ્યા માણસોએ કર્મ આચરતા પૂર્વે ખૂબજ વિચારવું જોઈએ.

એક વખત એવું બન્યું કે આ લક્ષ્મીવતીને પોતાના રૂપનું ખૂબજ અભિમાન હતું. યૌવન ભરેલી કાયાની માયામાં ગાંડી બની વારંવાર અરિસામાં પોતાનું દેહ-લાવણ્ય જોયા

કરતી અને હરખાતી. મનમાં વિચારતી કે અહો! હું કેટલી સ્વરૂપવાન છું એવે વખતે સમાધિગુપ્ત નામના એક સન્યાસી તેમના દ્વારે આવી ચડયા. તે વખતે લક્ષ્મીવતી ને પતિ સોમદેવે એ સન્યાસીને લોટ આપવાના બદલે સન્યાસી પાસે માંગવા લાગ્યો કે–,' ભિક્ષાં દેહી." ભિક્ષાં દેહી" સાધુ કાંઈ બોલે તે પહેલાં જ ત્યાંથી પસાર થતાં કોઇ શ્રદ્ધાળુ માણસે પોતાને ઘેર આમંત્ર્યા. સંન્યાસી અહીંથી નીકળી તે ભક્તને ઘેર ગયો. લક્ષ્મીવતીએ એ જતાં સંન્યાસીને જોયાં અને મનમાં બબડવા લાગી.

આવાને આવા જોગટાઓ હાલી જ નીકળે છે! ગંદુ શરીર છે મેલાઘેલા કપડાં છે અને પસીનો કેટલો ગંધાય છે! અને મુનિની તરફ જોઇ થુ થુ કરવા લાગી તેમજ મનફાવે તેમ બોલવા લાગી. એ સન્યાસી ફરી પાછા આવશે તો ? એ શંકાથી પોતાના ઘરના બારણાં બંધ કરી તાળાં દીધાં.

સીમંધર સ્વામી કહે– હે નારદ? મુનિનો તિરસ્કાર અને અપમાન કરવાથી જે કર્મ બાંધ્યુ તે તરતજ ફુટી નીકળ્યું. લક્ષ્મીવતીને શરીરે કોઢ નીળ્યો. તેમાંથી પરૂ વહેવા લાગ્યું અને તેમાંથી ભયંકર બદબૂ નીકળવા લાગી. લોકો તેનાથી દૂર રહેવા લાગ્યાં. આવું ભયંકર દુઃખ તેણી સહન કરી શકી નહિં જેથી અગ્નિપ્રવેશ કરી આત્મહત્યા કરી અને કુંભારને ઘેર ગધેડી તરીકે જન્મી. ત્યાંથી સુવરી તરીકે જન્મી, કંઇ પાપક્ષીણ થતાં તે જન્મમાં મનુષ્યનું

આયુષ્ય બાંધ્યું મરીને ભરૂચમાં એક માછીમારને ત્યાં પુત્રી તરીકે જન્મી–પૂર્વ જન્મના પાપોના કારણે તેના શરીરની ચામડી કોલસાની વર્ણ જેવી અને અત્યંત દુર્ગંધવાળી હોવાથી તેના માતપિતા નર્મદા નદીને કાંઠે મૂકી આવ્યા.

દૈવયોગે કોઈ અન્ય માછીમારે તેને ખવડાવી–પીવડાવી મોટી કરી. યુવાન થતાં પોતાનું ગુજરાન ચલાવવા નાનકડી નાવડી ચલાવતી અને નર્મદા પાર કરાવવાનું કામ કરતી અને જે કાંઈ કમાતી તેનાથી ગુજરાન ચલાવતી.

એક વખત શિયાળાના દિવસોમાં સમાધિગુપ્ત નામના ઋષિ ત્યાં આવી નર્મદાના તટે કાઉસગ્ગ કરી ઉભા હતાં. આ માછીમારની પુત્રીએ જોયું કે આવા અતિશય ઠંડીના દિવસોમાં ઊભેલા મુનિશ્રી ઠંડીમાં પીડાતા હશે. એટલે તેમની ચારે બાજુ ઘાસના પૂળાઓ મૂકી–ઋષિજીનું ઠંડીમાં રક્ષણ કર્યું. સવારે આવી પૂળાઓ દૂર કર્યાં. આ બાળાએ પ્રેમ પૂર્વક વંદન કર્યા. મુનિશ્રીએ ધર્મ સમજાવ્યો. તે દરમ્યાન તેણીને લાગ્યું કે આ મુનિને મેં અગાઉ ક્યાંક જોયા છે, એટલે મુનિને પૂછયું કે હે પ્રભુ ! મને લાગે છે કે મેં અગાઉ ક્યાંક આપના દર્શન કરેલાં છે પરંતુ યાદ આવતું નથી. આપ મને યાદ કરાવશો?

મુનિશ્રીએ ઢીમરની પુત્રીની ભાવના નમ્રતા જોઈ તેનો પૂર્વભવ કહી સંભળાવ્યો અને કહ્યું કે–તપસ્વી સાધુઓની નિંદા અને તિરસ્કાર કરવાથી આ જન્મે તને શરીર

દુર્ગંધીમય મળ્યું છે. તને પૂર્વજન્મમાં કરેલાં કર્મનું જ ફળ મળ્યું છે. આ સાંભળી તેણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. અજ્ઞાનપણામાં કરેલી નિંદા–તિરસ્કાર બદલ મુનિરાજને ખમાવ્યાં. કંદમૂળ અને અભક્ષ્યનો ત્યાગ કરી શ્રાવિકા ધર્મની આરાધના કરવામાં સમય ગાળવા લાગી. ભવિતવ્યતાના પ્રબળયોગે થોડા સમયમાં ધર્મશ્રી નામે સાધ્વીજી મહારાજ પધાર્યા. સમાધિગુપ્ત મુનિએ આ શ્રાવિકા આત્મલક્ષી જીવન પામે એવી ભલામણ સાધ્વીજીને કરી પોતાના માર્ગે ગયા.

સાધ્વીજી મહારાજે આ શ્રાવિકાને ઘણાં સમય સુધી પોતાની સાથે રાખી ધર્મના અનેરા સંસ્કારો પૂર્યા, વિહાર કરતાં કરતાં કોઈ એક ગામમાં સૌ આવ્યા.

આ ગામમાં નાપિલ નામે એક શ્રાવક રહેતો હતો. સાધ્વીજીના કહેવાથી નાપિલે તે શ્રાવિકાને પોતાને ઘેર લઈ ગયો. જે કમ્મેશૂરા એ ધમ્મેશૂરા. પરમ શ્રાવિકાપદ પામેલી આ નારી પોતાની કાયાથી–પાપ પખાળવા પ્રયત્ન કરવા લાગી, તપ જપ–આરાધના સેવા અર્ચના. જિન ભક્તિમાં એવી લીન બની ગઈ જેથી કર્મના ઘણા પડલો ખંખેરાઈ ગયા.–તે ધર્મ પરાયણ જીવન ગાળતી અહીં બાર વર્ષ રહી. અંતે અનશન કરી મૃત્યુપામી પંચાવન પલ્યોપમ આયુષ્યને ભોગવનારી બારમા અચ્યુતેન્દ્રની મુખ્ય ઈન્દ્રાણી થઈ. ત્યાં આયુષ્ય પૂર્ણ કરીને ભીષ્મરાજાને ઘેર


રૂકિમણી નામે અત્યંત સ્વરૂપવાન પુત્રી તરીકે જન્મી–જે હાલમાં દ્વારિકાના રાજા કૃષ્ણની પટ્ટરાણી બની છે.

પૂર્વભવમાં કરેલાં કર્મોને કારણે રૂકિમણીને સોળ વર્ષ સુધીપુત્રનો વિયોગ સહન કરવો પડશે. ત્યારબાદ અવશ્ય તેમનો મેળાપ થશે જ આ અંગે શંકાને કોઇ સ્થાન નથી. આમ તમામ શંકાનું સમાધન કરી–જે જે જાણવાનું હતું તે જાણીને નારદ મુનિ સીમંધર સ્વામીને વંદન કરી રજાની અનુમતી મેળવી ત્યાંથી નીકળી વૈતાઢય પર્વત પર મેઘકુટપુરમાં ત્યાંના રાજા કાલસંવરને ત્યાં રૂકિમણી પુત્ર પ્રદ્યુમ્નને નજરે જોવા ગયાં–કાલસંવર રાજા નારદ મુનિને જોઈ પ્રેમપૂર્વક આવકાર આપી બેસવાને આસન આપી ભાવપૂર્વક વંદન કરી પૂછયું–હે મુનિરાજ ! આપના દર્શનથી હું ખૂબજ રાજી થયો છું. ધન્યભાગ્ય અમારાં કે આપના જેવા મહર્ષિના દર્શન પામ્યો. આપે આપના પુનિત પગલાં કરી અમારું આંગણું દિપાવ્યું એ બદલ આપનો આભાર માનું છું નારદજીએ પણ રાજાને કુશળ અંતર પૂછયાં. અને આડી અવળી વાત કરતાં કરતાં પૂછયું—કે હે રાજન્ ! આપની પટ્ટરાણી કનકમાલાએ પુત્રનો જન્મ આપ્યો છે એવું સાંભળ્યું છે તો એ વાત સાચી કે મશ્કરી છે ?

કાલસંવર કહે–હા. ઋષિજી કનકમાલાએ પુત્રનો જન્મ આપ્યો છે તે વાત સાચી છે !

મુનિશ્રી– અહો ! સદ્‌ભાગ્ય ! બહુ જ સારું થયું. અરે ! મને એ બાળકના દર્શન કરાવો. એ જોઈને હું પણ આનંદ પામું !

નારદજીના કહેવાથી તરતજ બાળકને ત્યાં લાવવામાં આવ્યો. બાળકને મુનિરાજના પગમાં નમાવ્યો. બાળકના માથે હાથ મૂકીને મુનિરાજે આશીર્વાદ આપ્યાં. કે દીર્ઘાયુ ભવ ! તારા માતા–પિતાને સમર્પિત થજે. બાળકને જોઇ અત્યંત આનંદ પામી નારદજી ત્યાંથી રજા લઇ દ્વારિકા આવવા નીકળ્યાં. નારદજી પાછા ફર્યા.



## ૮

# નારદજી પાછા ફર્યા

અહીં દ્વારિકામા તો કૃષ્ણ બળદેવ તથા અન્ય યાદવો સૌ શોકાતુર દશામાં હતાં. દૂરથી નારદજીને આવતાં જોઇ સૌના મુખ ઉપર આનંદનો વિજળી ચમકારો થયો. ઊભા થઇને નારદજીની સન્મુખ ગયા. પ્રેમભર્યો આવકાર આપ્યો અને મુનિને સૌની વચ્ચે આસન આપી બેસાડયાં. નારદ-મુનિ પાસેથી બાળરાજા પ્રદ્યુમ્ન વિષે જાણવાની સૌને તાલાવેલી હતી એટલે સૌ શાંતિપૂર્વક નારદજીની સામે એકીટસે જોઈ રહ્યા હતાં.

સૌની વચમાં બેસીને કૃષ્ણને નારદજીએ પોતે શ્રી સીમંધર સ્વામી પાસે ગયા ત્યાંથી પ્રદ્યુમ્નને રમાડીને આવ્યા ત્યાંસુધીનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

નારદજી પ્રદ્યુમ્નકુમારના સમાચાર લઇને આવ્યા છે એવા સમાચાર મળતાંજ રૂકિમણીએ દાસી દ્વારા મુનિશ્રીને પોતાને મહેલે પધરામણી કરાવી. આથી નારદજી રૂકિમ-ણીના મહેલે પધારતા ખૂબજ સારો આવકાર આપી બેસવા આસન આપ્યું. ભક્તિભાવે પ્રણામ કર્યા અને મુનિશ્રીને વિનંતિ કરી કે આપ મારા પુત્ર વિષે જે સમાચાર જાણી

લાવ્યા છો તે પહેલેથી છેલ્લે સુધી મને વિગતવાર કહેવા કૃપા કરો.

નારદજી શ્રીસીમંધર પ્રભુએ કહેલી તમામ વાત અથ થી ઇતિ સુધીની કહી. રૂકિમણીના અનેક ભવો કહી બતાવ્યાં તેમજ પ્રદ્યુમ્નના પણ અનેક ભવો કહ્યા, આ બધી વિગત જાણી તરતજ રૂકિમણીએ ઊભા થઇ શ્રી સીમંધર સ્વામીને પ્રણામ કર્યા ત્રણ ખમાસમણા પૂર્વક વંદન કર્યા.

રૂકિમણીએ જાણ્યું કે સોળ વર્ષ પછી પુત્રનું મિલન થશે તેમજ કાલસવંર રાજાની રાણી કનકવતીના (કનકમાલાના) ખોળામાં રમતો મોટો થઈ રહ્યો છે–તેમજ બાળકની ઘણીજ સારી માવજત થાય છે એ જાણી રૂકિમણીના હૈયે હરખ છલકાવા લાગ્યો. નારદજીએ કહ્યું કે–તમારા પુત્ર વિષે હવે તમે કોઇ ચિંતા કરશો નહિ. યથા સમયે તમારું મિલન થશે. ત્યાંસુધી ધર્મ આરાધના કરો.

નારદમુનિ મારફતે શ્રીસીમંધર સ્વામી પાસેથી સંતોષ કારક સમાચાર સાંભળી રૂકિમણી અત્યંત હર્ષ પામી દરરોજ પરમ તારક શ્રી સીમંધર સ્વામીનું ધ્યાન ધરતી અને પુત્રના મિલનની ક્ષણો ગણતી ધર્મમાં આસ્થાવળી બની.

શ્રી સીમંધર સ્વામી પાસેથી પોતાના પૂર્વ ભવોનું વૃતાંત સાંભળી પોતે કરેલા કર્મોનો પસ્તાવો કરતી હતી. કરેલા કર્મો કદી કોઈને છોડતાં નથી. જન્માંતરે પણ ભોગવવા જ પડે છે પછી શું રાય કે શું રંક!

વિદ્યાધરોના અધિપતિ એવા કાલસંવર રાજાને ત્યાં

કુમાર પ્રદ્યુમ્નનો અતિ ઉત્તમ રીતે ઉછેર થઈ રહ્યો હતો. દિન પ્રતિદિન તે મોટો થવા લાગ્યો. રૂપ ગુણે સૌથી ચડીયાતો લાગતો હતો. આ કાલસંવર રાજાને એકથી એક ચડે એવી સૌંદર્ય સંપન્ન પાંચસો રાણીઓ હતી અને એ રાણીઓથી જન્મેલા અનેક ગુણવાન પુત્રો પણ હતાં. પ્રદ્યુમ્નકુમાર આઠ વર્ષનો થતાં થતાં તમામ કળામાં પ્રવિણ બની ગયો. કાલસંવર રાજાને તેના પ્રત્યે અનહદ પ્રેમ થતાં ધીરે ધીરે વર્ષો જતાં તે કિશોર અવસ્થાએ આવી ઊભો.

કાલસંવર રાજાને અનેક પુત્રો હોવા છતાં પોતાની રાજગાદી તો પ્રદ્યુમ્નને આપવાની ભાવના હતી. જેની જાણ તેની અન્ય રાણીઓને અને પુત્રોને પણ થઈ. નગરીમાં ચૌરે ને ચૌટે પ્રદ્યુમ્નના ગુણો ગવાતા હતા. પુણ્યના પ્રબળથી યશોગાનમાં ૫૦૦ રાજપુત્રો કરતાં પ્રદ્યુમ્ન અગ્રેસર બન્યા. તેથી સૌ કુમારો આ પ્રદ્યુમ્ન પ્રત્યે ઈર્ષા રાખતાં અને ગમે તે રીતે પ્રદ્યુમ્નને કપટ કરી પણ મારી નાંખવાના પ્રપંચો રચવા લાગ્યા.

અન્ય રાણીઓના અનેક પુત્રો હતાં–સામી છાતીએ લડવાની કે મારવાની કોઈનામાં તાકાત નહતી–સૌ પ્રદ્યુમ્નનું નામ પડતાં ડરતાં એટલે પ્રપંચ કરી મારવાની યુક્તિપ્રયુક્તિ કરવા લાગ્યાં, સિંહણના બચ્ચા સામે શું જાય ?

આમ બધાં બાળકો ભેગાં મળી પ્રદ્યુમ્નકુમારને જાનથી મારી નાંખવા સંપ કરી એક થયાં. વિષ ભેળવીને લાડુ ખવડાવ્યાં છતાં કશું જ ન થયું. તેની પથારીમાં

મોટા ઝેરી સર્પો ઠાલવ્યા. પરંતુ પ્રદ્યુમ્નને કાંઈજ થયું નહિ. કાલસંવરના બધાંજ પુત્રોમાં સૌથી મોટો વજ્રમુખ નામે હતો. પ્રદ્યુમ્ન સિવાયના બીજા બધાં રાજકુમારોનો સેનાપતિ જેવો હતો. તેણે પેટમાં કપટ રાખી પ્રદ્યુમ્ન સાથે દોસ્તી કરી. અને ગમે તે રીતે એને મોતના રસ્તાનો ઘાટ ઉતારવાના કિમીયા કરવા લાગ્યો–તેઓ ભેગાં મળી એનું બુરૂ કરવા જાય અને કુદરતી રીતે તેને લાભજ થતાં ગયાં. બૂરૂ કરનારાનું સારું થતું નથી.

## સિદ્ધિ નં ૧

કાલસંવરના બધાંજ પુત્રોએ ભેગા મળી પ્રદ્યુમ્નને લઈને–વિજયાદ્ધાગિરિની યાત્રા કરવા નીકળ્યાં. પર્વત ઉપર જિનાલયમાં જઈ તીર્થંકર દેવની પૂજા સેવા કરી બહારઆવી એક મોટી શિલા ઉપર બેઠા બેઠાં સૌની નજરે બાજુનો બીજો ઉંચો પર્વત–તેના ઉપર એક સુંદર કિલ્લો નિરખી આનંદિત બનેલા કપટી વજ્રમુખે કહ્યું–ઘણાં માણસો પાસેથી થી જાણ્યું છે કે સામેના કિલ્લામાં અઢળક ધન–સંપત્તિ પડેલાં છે. જે હિંમત કરીને જાય તેને જરૂર ધનનો ભંડાર મલી જાય. તમે બધાં અહીં–બેસો હું તે કિલ્લામાં જાઉં છું. જો કે એ તો ખાલી દેખાવજ કરતો હતો. ત્યાં જવાની તેમના કોઈનામાં હિંમત પણ ન હતી, ત્યારે પ્રદ્યુમ્ને કહ્યું કે ભાઈ–તમે ન જશો–મને જવાદો, મને ભક્તિનો લાભ આપો. વજ્રમુખને તો જોઈતું જ હતું એટલે બોલ્યો–ભલે

તું મારો નાનો ભાઈ છે, તું જઈશ તો પણ સરખુંજ છે તું સુખી તો હું સુખી!

સૌની રજા લઈ પ્રદ્યુમ્નકુમાર એ કિલ્લામાં ગયો- અંદર પ્રવેશ કરતાજ સિંહગર્જના કરી તે કિલ્લાનો આધિષ્ઠાતા દેવ ભુજગાસુર નામે હતો. તે સિંહનાદ સાંભળીને ખૂબજ ગુસ્સે થઈ ગયો, લાલચોળ આંખો કરી બોલી ઉઠયો કે ! અરે દુષ્ટ તું કોણ છે ? કેમ અહીં મરવા માટે આવ્યો છે ? તને ખબર નથી કે 'અહીં આવનાર માણસ કદી જીવતોજ નથી ? પ્રદ્યુમ્ન હસતાં હસતા બોલ્યો-મૂર્ખ! ખાલી ખોટી ગર્જના શું કરે છે ! તાકાત હોય તો આવ- લડી લઈએ.

આ સાંભળી તે દેવ એકદમ ગુસ્સે થઇને લડાઈ કરવા આવ્યો બંન્નેનું યુદ્ધ ચાલ્યું અને અંતે પ્રદ્યુમ્ને તે દેવને હાર આપી એ અધિષ્ઠાતા દેવે બે હાથ જોડી માથું નમાવી વંદન કર્યા અને તેના સિંહાસન ઉપર બેસાડી હાથ જોડી ઊભો રહ્યો. પ્રદ્યુમ્ન કુમારે પૂછયું-આપ કોણ છો કહેશો ? અને મને સિંહાસન ઉપર બેસાડી પ્રેમ દર્શાવવાનું શું કારણ છે ? ભુજગાસુર દેવ બોલ્યા-હે પ્રભુ ! હું મારી આખી વાત તમને કહું છું-તમે શાંતિથી સાંભળજો. આજ ગિરિ ઉપર લંકાપુર નામે ગામમાં કનકનાભ નામે રાજા હતો અને નિલા નામે તેમની રાણી હતી- બંન્ને સંપૂર્ણ સુખી હતાં.

સમય જતા કોઈ એક દેવ ચ્યવીને તેમને ત્યાં પુત્ર રૂપે જનમ્યો, કનકપ્રભ રાજાએ તેનું નામ હિરણ્યનાભ પાડ્યું. ધીમે ધીમે મોટો થતાં તે યુવાન થયો. શાસ્ત્ર કળા અને શસ્ત્ર કળામાં પારંગત થઈ ગયો—અત્યંત સ્વરૂપવાન હોવાથી અનેક યુવાન સ્ત્રીઓના હૃદયમાં તેનું સ્થાન રહેતું અનેક રાજકુંવરીઓ સાથે તેના લગ્ન કરવામાં આવ્યાં અને તે સિવાય અનેક રાજકુંવરીઓ સ્વયંવરપણે તેને વરી—પિતા કનકપ્રભને સંસાર પ્રત્યે નફરત થઈ—વૈરાગ્યની ભાવના થઈ જેથી પુત્રનો રાજ્યાભિષેક કરી રાજગાદી સોંપી.

એવામાં જ્ઞાની ગુરૂમહારાજ પધાર્યા. કનકપ્રભ તેમની પાસે ગયો—ભાવપૂર્વક વંદન કરી સંયમ ગ્રહણ કર્યું બુદ્ધિ શાળી કનકનાભ મુનિએ ગુરુદેવ પાસે દ્વાદશાંગીનું અધ્યયન કર્યું ઘણા વર્ષો સુધી તપ કરી કેવળજ્ઞાન પામ્યા. અજર અમરપદ પામ્યા. અનંત અવ્યાબાધ સુખ મેળવ્યું.

પિતાનું રાજ્ય મેળવી હિરણ્યનાભ સુંદર રીતે રાજ્ય ચલાવતો હતો—એક દિવસ હિરણ્યનાભે મહાન વિદ્યાના જાણ કાર દૈત્યરાજાને નિહાળી વિચાર્યું કે મારે પણ વિદ્યાઓ મેળવવી જોઇએ, આથી પોતે નાનાભાઈને રાજ્ય સોંપી જંગલમાં ગયા. જોઈતી વિદ્યાઓ મેળવી—મંત્રો સિદ્ધ કર્યા—જંગલમાંથી પાછા આવી રાજ્યવહીવટ સંભાળી લીધો. ઘણા વર્ષો સુધી રાજ્ય કર્યું, સમય જતાં ઉંમર થતાં થયો વૈરાગ્ય—તેથી તે ભગવાન શ્રી નેમિનાથ પાસે જઈ વંદન કરી તેમનો બોધક ઉપદેશ સાંભળ્યો વ્રતનિયમો લીધાં, ભગવાને સમજાવ્યું કે

ધર્મકાર્ય કરવામાં વિલંબ કદી કરવો નહિં આથી હિરણ્ય નાભ દીક્ષા લેવા તૈયાર થયાં. કર્મથી મુક્ત થવા માટે સંસારને ત્યાગવો અનિવાર્ય છે-

તે સમયે વિદ્યા-મંત્ર આપનાર દેવે કહ્યું-મહારાજ આપ તો મહા કલ્યાણકારી દિક્ષા ગ્રહણ કરો છો રાજ્ય તમે તમારા પુત્રને સોંપી દીધું તેમ મને કોઇક યોગ્ય વ્યક્તિ ને સોંપી પછી જ દીક્ષા ધર્મ આદરો.

આથી હિરણ્યનાભે શ્રી નમિનાથ ભગવાનને પૂછયું. —હે પ્રભુ ! મને વિદ્યા મંત્ર આ દેવે આપેલા છે. આજ સુધી હું તેનો સ્વામી બન્યો. હવે હું દીક્ષા લઉં છું તેથી તે સ્વામી રહિત તેનો સ્વામી કોણ થશે ? એ આપ જણાવો

શ્રી નમિનાથ ભગવાન બોલ્યા હે હિરણ્યનાભ, આ ભરતક્ષેત્રમાં નેમનાથ નામના બાવીશમાં તીર્થંકરના શાસનમાં વસુદેવનો પુત્ર નામે કૃષ્ણ નવમા વાસુદેવ થશે. તેમનો પુત્ર પ્રદ્યુમ્ન નામે હશે તે આ કિલ્લામાં પ્રવેશી આ મંત્રવિદ્યા આપનાર દેવની સાથે યુધ્ધ કરીને હરાવશે અને તે કુમાર દેવનું આધિપત્ય ભોગવશે. નમિનાથની વાણી સાંભળી હિરણ્યનાભે તે દેવને સમજાવ્યું કે તું આ કિલ્લામાંજ રહેજે. તારો સ્વામી અહીં આવી તારી સાથે યુધ્ધ કરી તને હરાવશે તેજ તારો સ્વામી બનશે તેમની આજ્ઞા મુજબ વર્તજે.

ત્યારબાદ રાજા હિરણ્યનાભે ભગવાન શ્રી નમિનાથ પાસે દીક્ષા લીધી. બાર અંગ-ઉપાંગનું જ્ઞાન મેળવ્યુ ઉગ્ર તપશ્ચર્યા કરી. કર્મોનો ઘાત કરી એ પવિત્ર આત્મા નિર્વાણ

પામી મોક્ષે ગયાં. ત્યારથી હું આપની ચાતક પક્ષીની જેમ રાહ જોઈ રહ્યો છું. આજે મારે મન સોનાનો સૂરજ ઉગ્યો છે જેથી આપના દર્શન પામી પાવન થયો છું. હવે આપ મારી પાસેથી આ બધી મંત્ર–વિદ્યા વગેરે ગ્રહણ કરો. આજથી આપ મારા સ્વામી છો અને હું આપનો દાસ છું આમ કહી દેવે બે કુંડલ એક હાર અને અમુલ્ય વસ્ત્રો ભેટ આપ્યાં, સેવાનો લાભ આપી સેવકને તારજો.

પ્રદ્યુમ્નકુમારે કહ્યું–આજથી તું મારો મિત્ર છે. મારી આજ્ઞા પ્રમાણે તું અહીંજ રહેજે અને જયારે હું તને બોલાવું કે તરતજ હાજર થજે. આમ કહી પ્રદ્યુમ્નકુમાર રજા લઇ હસતામુખે કિલ્લાની બહાર નીકળ્યો.

વજ્રમુખ અને બીજા કુમારો તો એમજ જાણતા હતા કે હવે તે પાછો આવવનો જ નથી. ટાઢા પાણીએ ખસ ગઈ. સૌ આનંદમાં આવી ઘેર જતાં હતાં તેવામાં પ્રદ્યુમ્નને આવતો જોઈ નવાઈ પામ્યા. અને બનાવટી પ્રેમ દાખવી કહેવા લાગ્યા કે ભાઇ! આટલી વેલા તું કયાં હતો? તું આવ્યો નહિ એટલે અમારો જીવ ઉડી ગયો હતો. હાશ, તું આવી ગયો છે એટલે અમને શાંતિ થઈ કિલ્લામાં શું બન્યું તે તો કહે? પ્રદ્યુમ્નકુમારે બનેલી બધીજ હકીકત કહી. વજ્રમુખ વગેરે સૌ બળી રહ્યા પણ બનાવટી હાસ્ય કરી આનંદ વ્યક્ત કર્યો. આમ આ **પહેલી સિદ્ધિ** મેળવી ખૂબજ આનંદ પામ્યો.

## સિદ્ધિ નં ૨

પ્રદ્યુમ્ન પ્રત્યે મનમાં ઈર્ષાભાવ હોવા છતાં વજ્રમુખે હસતું મોઢું રાખી પ્રેમભાવ બતાવતાં ફરીવાર બધાં જ કુમારોને લઈ જંગલમાં ફરવા નીકળયાં, ફરતાં ફરતાં તેઓ સૌ એક ગુફા પાસે આવી પહોંચ્યા. અને બોલ્યો કે ભાઈઓ ! આ ગુફા વિષે હું જાણું છું. જે માણસ મહાભાગ્યશાળી હોય તેજ આ ગુફામાં જઈ શકે અને જે જાય તે અત્યંત લાભ પામી શકે છે.

વજ્રમુખ બોલ્યો-ભાઈઓ, તમે સહુ અહીં બહાર બેસો હું આ ગુફામાં જાઉં છું. મારું કાર્ય પતાવીને તરતજ પાછો આવી જઈશ. પ્રદ્યુમ્ન બોલ્યો-ભાઈ, મને આજ્ઞા હોય તો હું આ ગુફામાં જવા તૈયાર છું. તમે સૌ બહાર આનંદ કલ્લોલ કરો. વજ્રમુખના મનમાં દ્વેષભાવ હોવા છતાં આડંબર બતાવતાં બોલ્યો ભલે જેવી તારી ઇચ્છા ? તું પણ અમારો ભાઈજ છે ને ! તને લાભ મલશે. તે અમને મલ્યા બરાબર જ છે. એમ કહી રજા આપી. પ્રદ્યુમ્નકુમાર સહેજ પણ ગભરાયા વગરજ ગુફામાં ગયો. ગુફામાં દૂર એક ખાલી સિંહાસન જોયું. તે ત્યાં ગયો અને તે સિંહાસન ઉપર બેસી ભયંકર સિંહનાદ કર્યો તેના પડઘાઓથી આખી ગુફા ગાજી ઊઠી, થોડી જ વારમાં એ ગુફાનો માલિક રાક્ષસ ગુસ્સે થઈને બૂમો પાડતો ત્યાં આવ્યો-મારી ગુફામાં મને પુછ્યા વિના કયો મૂર્ખ માણસ

મરવા માટે આવ્યો લાગે છે! પ્રદ્યુમ્નને સિંહાસન પર બેઠેલો જોઈને અત્યંત ક્રોધે ભરાઈ ખુલ્લી તલવારથી મારવા ધસી આવ્યો.

પ્રદ્યુમ્ન બિલકુલ સાવધ હતો. તેણે ગુસ્સો કરી સામનો કર્યો અને તેના હાથમાંથી તલવાર પડાવી લીધી. પોતાના કરતાં આ વ્યકિત મહાબળવાન લાગે છે. શકિતહીન બનેલો રાક્ષસ ઠંડો પડી ગયો. અને હાથ જોડીને બોલ્યો-હે ભાગ્યશાલી! મને માફ કરો, હું આપને ઓળખી ના શકયો, આ સિંહાસન આપનું જ છે. હું આપનો દાસ છું. એમ કહી અમુલ્ય હીરા માણેકથી જડેલો હાર પ્રદ્યુમ્ન કુમારને પહેરાવ્યો, છત્ર ચામર અને આભૂષણો ભેટ ધર્યા અને કદી ન કરમાય એવા ફુલોનો હાર આપ્યો; આજે મારો દિવસ સફલ છે કે ભાગ્યવંતા મારા સ્વામીનો મને ભેટો થયો, રાક્ષસની ઘણી વિનંતિઓને માન આપીને પ્રદ્યુમ્ન ખુશ થઈને તે રાક્ષસને કહ્યું-તું આજથી મારો સુભટ છે, આ ગુફામાં રહી ગુફાની રક્ષા કરજે. મારે જ્યારે તારી જરુર પડશે ત્યારે તને બોલાવીશ. એમ કહી પ્રદ્યુમ્ન ગુફાની બહાર જવા નીકળ્યાં. રાક્ષસ ગુફાના દ્વાર સુધી વળાવવા ગયો.

બહાર બધાં ભાઈઓ બેઠાં હતાં તેને પાછો આવેલો જોઈ અંતરમાં સૌ જલી ગયાં-છતાં હસતાં હસતાં સૌએ બનેલી વાત પૂછતાં તેણે બનેલી તમામ હકીકત જણાવી. આમ આ **બીજી સિદ્ધિ હાંસલ કરી.**

## સિદ્ધિ નં ૩

બીજી વખત પણ પોતાની મેલી મુરાદ બર આવી નહીં આથી ફરીવાર સૌને લઈને નાગદેવની ગુફા પાસે આવીને તે વજ્રમુખ બોલ્યો–જુઓ. ભાઇઓ ! આ એક એવી ગુફા છે કે જે માણસ આ ગુફામાં જાય છે તેની સર્વ મનોકામના પૂર્ણ થાય છે અને અનેક પ્રકારના લાભો મળે છે. આથી તમો બધાં અહીં બહાર બેસો. હું આ ગુફામાં જઈને પાછો આવું છું ત્યારે પ્રદ્યુમ્ન બોલ્યો હે ભાઈ? આપ તો ઉદાર દીલના છો. મહેરબાની કરીને આપ ન જતાં મને જવાની રજા આપો તો આભાર–આપની સંમત્તિની રાહ જોઈને ઉભો છું !

જેના હૃદયમાં દગો છે એવા વજ્રમુખે આનાકાની કરીને પછી તેમાં જવાની પ્રદ્યુમ્નને રજા આપી. આથી પ્રદ્યુમ્ન રાજી થયો, પ્રદ્યુમ્નકુમાર એક મહાન–મલ્લની અદાથી હાથ ઉપર હાથ પછાડી અવાજ કરતાં અંદર ગયો. ગુફાની અંદરના એક મોટા ખંડમાં આવી જોરથી હાથ પછાડી અવાજ કર્યો. તે અવાજથી એક મહાન નાગદેવ ઉંઘમાંથી જાગ્રત થઈને બોલ્યા–અરે ! તું કોણ છે? અહીં કેમ આવ્યો છે? તારું મોત ભમતું લાગે છે. હું નાગોનો અધિપતિ નાગરાજ છું, મારા નિવાસ સ્થાનમાં મારી રજા વિના આવનારનું મોત નિશ્ચય હોય છે. તું મરવા માટે જ અહીં આવી ચડયો છે કે કોઇ દુશ્મનોએ તને અહીં

મોકલ્યો છે ? ગમે તેમ પણ આજે તું જીવતાં પાછો જવાનો નથી. તારૂં કાલચક્ર ભમે છે.

પ્રદ્યુમ્ન બોલ્યો—હે મહારાજ ! હું તો હજુ બાળક છું. પણ તું તો વૃદ્ધ થયો છે. એટલે મરવાને તું લાયક છે. તને બોલવાનું કોઈ ભાન નથી, આજ તો હું તને છોડીશ નહિ તને શિક્ષા કરી યમરાજને ત્યાં મોકલી આપું છું.

કુમારની વાણી અને હિંમત જોઈ નાગરાજ બોલ્યા હે પુત્ર, તારી હિંમત અને વાણીથી હું પ્રભાવીત થયો છું તેમજ તારો વંશ વિગેરે મેં જાણી લીધું-આટલી નાની ઉંમરમાં તારી મર્દાઇ-હિંમત અને ચતુરાઇ જોઈ હું અત્યંત ખુશ થયો છું આમ કહી નાગરાજે પ્રદ્યુમ્ન કુમારને એક શય્યા આપી અને કહ્યું આના વડે તું તારી ઈચ્છામુજબ ઊંઘ લઈ શકીશ અને ઈચ્છામુજબ જાગી શકીશ, તેમજ એક એવી વિદ્યા આપી કે તું જયારે જ્યાં અને જે વખતે ઈચ્છીશ ત્યારે તારૂં નિવાસ-સ્થાન બનાવી શકીશ અને હાથ જોડી નાગરાજ બોલ્યો-હે નાથ ! આજથી હું આપનો સેવક છું- મારા લાયક કામસેવા મને ફરમાવી આભારી કરશો. મારી ઉપર કૃપાદૃષ્ટિ રાખશો.

પ્રદ્યુમ્ન કુમાર બોલ્યા-હે નાગરાજ ! હું ખુબજ પ્રસન્ન થયો છું. આપ અહીં સુખેથી રહો-જયારે આપની જરૂર પડશે ત્યારે હું આપને યાદ કરીશ. તે સમયે વિના વિલંબે આવી સહાય કરજો. એમ કહીને પ્રદ્યુમ્નકુમાર તે

ગુફામાંથી બહાર આવ્યો. અન્ય કુમારોને મલ્યો. ઈર્ષાથી ભરેલા અંતરવાળા તેના ભાઇઓ કુતુહલથી સવાલો પૂછવા લાગ્યા ત્યારે પ્રદ્યુમ્ન કુમારે આ ગુફામાં બનેલી તમામ હકીક્ત કહી સંભળાવી, સર્વે લોકો તેની સિદ્ધિથી બળીને ખાખ થઈ જતાં હતાં. પરંતુ મોંઢેથી બોલવાની તાકાત ન હતી–એટલે સૌ રાજી થતાં હોય એવો બનાવટી ભાવ દર્શાવી પ્રદ્યુમ્નને રાજી રાખવાં પ્રયત્ન કરતાં. આ પ્રમાણે ત્રીજી સિદ્ધિની પ્રાપ્તિ થઇ

## સિદ્ધિ ૪

કાલસંવર રાજાને અનેક પુત્રો હતાં–સૌમાં પ્રદ્યુમ્ન કુમાર એકજ એવો હતો કે અન્ય બાળકો તેની સામે લડવાની તાકાત ધરાવતાં ન હતાં. મનમાં તેના પ્રત્યે ખૂબજ દ્વેષભાવ હતો. મારી નાંખવાની અનેક યુક્તિ પ્રયુક્તિઓ કરવા છતાં પુણ્યના બળે પ્રદ્યુમ્નનો વાળપણ વાંકો થઇ શકે તેમ ન હતો.

એક દિવસ આ સૌ બાળકો ભેગાંમળી રમતાં રમતાં તેઓ એક વાવ પાસે આવી પહોંચ્યા. વજ્રમુખ જાણતો હતો કે આ વાવનો અધિપતિ દેવ બહુ દુષ્ટ છે અને તેમાં સ્નાન કરનારને મારી નાંખે છે. અહીં વજ્રમુખ બોલ્યો–ભાઈઓ, જે કોઇ માણુસ આ વાવના પાણીમાં સ્નાન કરે છે તેનું રૂપ એટલું સુંદર બની જાય છે કે સ્વર્ગની પરીઓ પણ તેની પાછળ ગાંડી થાય છે. ઇન્દ્રની અપ્સરાઓ

પણ એ માણસની પાછળ દિવાની બની જાય છે. તેમજ આ વાવના પાણીમાં સ્નાન કરનારને સર્વસંપત્તિ મલે છે.

વજામુખની વાત સાંભળતાજ પ્રદ્યુમ્નકુમારે તે વાવમાં સ્નાન કરવા પડતું મૂકયું-આ જોઈ વજામુખ અને અન્ય કુમારો બહુ ખુશી થયાં. એ સૌ તો ઈચ્છતાં હતાં કે પ્રદ્યુમ્ન કુમાર મરે તો સારૂં. પ્રદ્યુમ્ન કુમાર તો વાવમાં પડી પાણીમાં તરતાં તરતાં ચારે બાજુએ ફરવા લાગ્યો-વાવનો અધિપતિદેવ એકદમ ગુસ્સે થઈ હાથમાં ખડગ લઈ આવી પહોંચ્યો અને બોલવા લાગ્યો-અરે! આ કોણ છે. જે સ્નાન કરી મારી વાવનું જળ અપવિત્ર કરી રહ્યો છે? તને ખબર નથી કે આ વાવમાં સ્નાન કરનાર અનેક પુરૂષોને મેં મારી નાંખ્યા છે? નક્કી, આ મરવાનો થયો લાગે છે એટલેજ અહીં આવ્યો હશે.

આ સાંભળી પ્રદ્યુમ્નકુમાર બોલ્યા-અરે મૂર્ખ! જોઈ તારી હોંશિયારી, તાકાત હોય તો આવી જાને! ખબર પડી જાય કે મરદ માથાનો મલ્યો હતો! આથી તે દેવ અત્યંત ગુસ્સે થઇ લડવા આવ્યો પણ મહા બલવાન પ્રદ્યુમ્ને એકજ ક્ષણમાં તેનું ખડગ છીનવી લીધું.

પોતાનું હથિયાર ચાલ્યું જતાં તે દેવ લાચાર બની શરણે આવ્યો. હાથ જોડીને ક્ષમા માંગી. અને બોલ્યો હે કુમાર! આજ સુધીમાં મેં અનેક પુરૂષો જોયાં પણ તમારા જેવો નીડર અને પરાક્રમી પુરૂષ જોયો નથી. આજથી આપ

મારા સ્વામી નાથ અને હું તમારો દાસ છું. આમ કહી દેવે કુમારને મીનધ્વજ ભેટમાં ધર્યો. હજારો કમલથી તેની પૂજા કરી. ચારે દિશાઓને સુગંધિત કરતો કુમાર મીનધ્વજને લઈને વાવની બહાર આવી પહોંચ્યો. સર્વ કુમારો તેને પાછો આવતાં જોઇ ઈર્ષાથી બળીજતાં હતાં છતાં સૌએ ભેગા થઇ બનેલી હકિકત જણાવવા કહ્યું. પ્રદ્યુમ્ને બનેલી હકીકત કહી. અને મળેલ લાભની વાત જણાવી. આ સાંભળી વજ્રમુખ અને અન્ય કુમારોને ખૂબજ ઝેર-ઇર્ષ્યા થતીપણ શું કરે? સૌ રમતાં રમતાં છૂટા પડયાં.

આમ પ્રદ્યુમ્નકુમાર ચોથી સિદ્ધિના શિખરે પહોંચ્યા.

## સિદ્ધિ નં. ૫

થોડા દિવસ બાદ સૌ કુમારો ફરતાં ફરતાં ગામથી દૂર વનવાટે પહોંચી ગયાં. નજીકમાં એક મોટો ભડભડ સળગતો અગ્નિકુંડ જોયો. ઈર્ષાની આગમાં જલી રહેલા વજ્રમુખ મનમાં તેજો દ્વેષ રાખી બોલ્યો. ભાઇઓ, આપણા બાપદાદાઓ જણાવી ગયાં છે તે વાત સાંભળો-કે જે વ્યક્તિ સહેજપણ વિચાર કર્યા વિના આ અગ્નિકુંડમાં પ્રવેશે છે તે આ અગ્નિથી નિર્મળ બની જાય છે તેની કાયા સુવર્ણસમાન બને છે. તે અત્યંત સ્વરૂપવાન બને છે અને તે દેશમાં અગ્નિ કદી પીડા કરતો નથી.

સાહસ અને સિદ્ધિ જેને હંમેશને માટે વરેલાં છે એવા પ્રદ્યુમ્નકુમારે વજ્રમુખની કિંવદન્તી સાંભળતાંજ અગ્નિકુંડમાં

પ્રવેશ કર્યો. બળવાની કે દાઝવાની સહેજપણ ચિંતા રાખ્યા સિવાય એ અગ્નિકુંડમાં મોજ કરવા લાગ્યો. આ જોઈને તે કુંડનો અધિષ્ઠાયક દેવ ગુસ્સે ભરાયો અને બોલ્યો–અરે ઓ નરાધમ, તું કોણ છે? મારા આ પવિત્ર અગ્નિકુંડમાં પ્રવેશી તેને અપવિત્ર કરી નાંખ્યો?

આ સાંભળી પ્રદ્યુમ્નકુમાર બોલ્યો–અરે ભાઈ! મને નરાધમ કહેનાર ખરેખર તું જ નરાધમ લાગે છે. મને નરાધમ નહિં પણ નરશ્રેષ્ઠ કહે–નરોત્તમ કહે. કારણ કે આવા કુંડમાં નરશ્રેષ્ઠ કે નરોત્તમ સિવાય અન્ય કોઇ પ્રવેશવાની હિંમતજ ન કરી શકે. જરા વિચાર તો કર! ખરેખર તો તારે મારી પૂજા કરવી જોઇએ.

આ સાંભળી હર્ષિત થયેલો દેવ બોલ્યો કે–હે કુમાર! નરશ્રેષ્ઠ! આ અગ્નિકુંડમાં સ્નાન કરવાથી તમે નિર્મળ બન્યા છો. તમારી કાંતિ અદ્‌ભૂત થઈ જશે. આજથી તમે મારા નાથ છો અને હું આપનો કિંકર છું. આમ કહી દેવે પ્રસન્ન થઈ બે સફેદ વસ્ત્રો ભેટ આપ્યાં. અને કુમારને હાથ ઝાલીને અગ્નિકુંડ થકી પૃથ્વીપટ પર સ્થાપન કર્યા.

અગ્નિથી નિર્મળ થયેલી કુમારની કાયા ઝળહળતી હતી. કુમાર ભાઈઓ પાસે ગયાં. સૌ ભાઈઓના ઇર્ષાને કારણે મોં પડી ગયેલા હતાં છતાં હસતાં મોં રાખી સૌએ પ્રદ્યુમ્નકુમારને અભિનંદન આપ્યા. કુમારે અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો ત્યારથી બનેલી બધી જ વાત ભાઈઓને કહી સંભળાવી.

આમ પ્રદ્યુમ્ન કુમાર સિધ્ધિની પાંચમી મંજિલે પહોંચ્યા.

## સિધ્ધિ નં. ૬

એક પછી એક સિધ્ધિઓ મળવાથી પ્રદ્યુમ્નકુમારનો ઉત્સાહ વધતો ગયો. સરળ હૃદયના પ્રદ્યુમ્નને વજ્રમુખની પ્રપંચ અને દગાથી ભરેલી વાતમાં શંકા પડતી જ ન હતી. પોતે બધાને પોતાના જેવા સીધા–સરળ સમજતો હતો.

કેટલાંક દિવસો પછી ફરીવાર સર્વે કુમારો ભેગાં મલી ફરવા નીકળ્યા. આગળ જતાં પર્વત પાસે પહોંચ્યા. એ પર્વતને જોઈને વજ્રમુખ બોલ્યો–ભાઈઓ, આ મેષાકાર પર્વતના બે શિખરો છે. જે વ્યક્તિ એ બે શિખરોના મધ્યભાગમાં જઇ શકે તેને ખુબજ લાભ થાય છે એવું લોકો કહે છે. ભૂતકાલની સાંભળેલી વાત યાદ આવી. વજ્રમુખ બોલ્યો–જો કે ત્યાં જવું એ સહેલું નથી પરંતુ જે વ્યક્તિ લાભ લેવા ઇચ્છે તેણે થોડું જોખમ પણ કરવું જોઈએને? પ્રયત્ન વિના સિધ્ધિ થતી નથી.

ફરી બીજો લાભ મેળવવા પ્રદ્યુમ્ન તૈયારજ હતો વજ્રમુખની વાત સાંભળતાંજ પ્રદ્યુમ્નકુમાર પર્વત ચડી ગયો. અને મેષાકાર પર્વતના બે શિખરની વચ્ચેના પ્રદેશમાં પહોંચી ગયો. ત્યાં તો ચમત્કાર થતો લાગ્યો. મેષાકાર પર્વતના એ બે શિખરો ભેટવા માટે ભેગા થતાં જોઇ પ્રદ્યુમ્ન કુમાર સમજી ગયો કે નક્કી આ ઇન્દ્રજાળ મારી કપરી પરીક્ષા કરે છે એટલે મહાબળવાન કુમારે બે કોણીથી બે

શિખરને દૂર કર્યા એટલામાં તો તે માયા કરનાર દેવ સાક્ષાત હાજર થઈ બોલવા લાગ્યો !

અરે ! અહીં કોઇ માનવી જીવતો આવવા સમર્થ નથી અને તને અહીં આવેલો જોઈ મને આશ્ચર્ય થાય છે. ભલે હું અત્યંત ભૂખ્યો થયો છું એટલે તને ખાઇને મારું પેટ ભરી શાંતિ અનુભવીશ. ખરેખર હું નસીબદાર છું કે સામે પગલે આવીને તું મલ્યો !

પ્રદ્યુમ્ન કહે હે દેવ ! મને ખબર પડી કે તું અત્યંત ભૂખ્યો થયો છે. ભૂખની વેદના તારાથી સહન થઇ શકતી નહિં હોય એટલે તારા ઉપર દયા લાવીને ભૂખના દુઃખ માંથી છોડાવવા માટે જ હું અહીં આવ્યો છું. ચાલ તૈયાર થઈ જા એમ કહી લડવાની તૈયારી કરી.

આથી પેલો દેવ ખુબજ ખીજાઈ ગયો. ગુસ્સે થઈ બિહામણી આંખો કરી તેની સામે આવી લડવા લાગ્યો. મહાબલી પ્રદ્યુમ્ને ક્ષણવારમાં એ દેવને હરાવી દીધો. માનવીથી પરાજય પામેલો દેવ બે હાથ જોડી કહેવા લાગ્યો.

હે કુમાર ! હે મહાબલી ! હે ભાગ્યશાળી ! આજ સુધીમાં મને હરાવનાર કોઈજ મલ્યું નથી. માત્ર તમે એક જ એવા મલી ગયા કે મને હરાવી તમે જીત્યા છો. આજથી આપજ મારા સ્વામી છો. હું તમારો દાસ છું.

એમ વિંનવી દેવ પ્રદ્યુમ્નકુમારને બે અત્યંત કિંમતી કુંડલ અને અમુલ્ય હાર આપ્યો. અને કહ્યું-કે હે પ્રભુ !

આપ જ્યારે મને યાદ કરશો ત્યારે તરતજ હું આપની સેવામાં ઉપસ્થિત થઈશ. ત્યારબાદ કુમાર ત્યાંથી પાછા ફરવા તૈયાર થયા કે દેવે પોતાની શક્તિથી એક ક્ષણમાં પર્વતની તળેટીમાં મૂકી દેવ અદૃશ્ય થઇ ગયો.

ગળામાં હાર અને કાનમાં કુંડલથી શોભતો પ્રદ્યુમ્ન ને સૌ ભાઇઓએ જોયો એટલે છોભીલા પડી ગયા. સૌને હતું કે આજ તો જીવતો પાછો નહિં આવી શકે-પરંતુ જીવતો તો આવ્યો તદ્ઉપરાંત કુંડલ અને હાર મેળવીને આવ્યો જોઈ પેટમાં બળતરા તો થતી પરંતુ કોઈનું કાંઈ ચાલે તેમ ન હતું

સૌએ બનેલી હકીકત વિષે જાણવાની ઈચ્છા કરી અને કેવી રીતે કુંડલ-અને હાર મેળવ્યા તેની સવિસ્તર વાત પ્રદ્યુમ્ને સૌને કરી. સૌએ બનાવટી આનંદ દર્શાવ્યો આમ પ્રદ્યુમ્ને પુણ્ય ગિરિના શિખરની છઠ્ઠી સિદ્ધિ પ્રાપ્ત કરી.

## સિદ્ધિ નં. ૭

એક પછી એક સિદ્ધિઓ પ્રદ્યુમ્નકુમાર ને મલતી હતી તેથી વજ્રમુખ અને અન્ય કુમારોના હૃદયમાં ઈર્ષાનો અગ્નિ પ્રજવલી રહ્યો હતો. જેમ જેમ તેને મારી નાંખવાના પ્રયત્નો કરવામાં આવતાં તેમ તેમ તેને જુદી જુદી સિદ્ધિ ઓજ મળતી જતી હતી. ભાગ્ય સહારો આપે જ જાય છે.

સૌએ ભેગાં મળી વિચાર્યું કે રોગ અને દુશ્મનને ઉગતાંજ ડામી દેવા જોઈએ. જો તેમાં ગાફેલ રહીએ તો

તે શકિતશાળી બની જતાં આપણને હણવામાં વાર નહિં લાગે. આ રીતે કુમારને ગમે તે રીતે મારી નાંખવો જ જોઈએ. અત્યારે નહિં મારી શકીએ તો પછીથી તો કદી મારી શકવાનાજ નથી. આ પ્રમાણે સૌ બાળકો મનમાં ઉદ્વેગ–ચિંતા કરી રહ્યા હતાં.

આ સાંભળી તેઓમાં જે સૌથી મોટો હતો તે વજ્રમુખ સૌને હિંમત આપવા તેમજ તેમનામાં ઉત્સાહ પૂરવા બોલ્યો મારા વહાલાં ભાઈઓ! તમે કોઈ સહેજ પણ ચિંતા ન કરશો. તેને મારવાના મારી પાસે અનેક તરીકા છે. હું કોઈપણ રીતે એને જીવતો છોડવાનો નથી. મારી બુદ્ધિના બળે એને ગમે ત્યાં સપડાવીને મારીશ. તમે સૌ શાંતિથી આનંદ કરો. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આમ સૌ સલાહ સંપ કરી કુમારનો ઘાટ ઘડવાનો પેંતરા કરવા લાગ્યા–

એક વાર બધાં ભેગાંમલી પ્રદ્યુમ્નકુમારને સાથે લઈને ફરવા નીકળ્યાં. ફરતાં ફરતાં સૌ વિજયાર્દ્ધગિરિ પાસે આવ્યાં. ગિરિરાજની કુદરતી શોભા નિહાળતાં નિહાળતાં સૌ એક વિશાળ આંબાના વૃક્ષ પાસે આવી પહોંચ્યા. અનેક શાખાઓથી શોભી રહેલ–અનેક ફળોથી લચી પડતું તે વૃક્ષ અદ્‌ભુત શોભતું હતું આ ઝાડ દેવાધિષ્ઠિત હોવાથી ચમત્કારિક હતું.

આ આંબાનું ઝાડ જોઈને વજ્રમુખ બોલ્યો–ભાઈઓ,

શાંતિથી સાંભળો- પૂર્વે થઈ ગયેલા મહાત્માઓ-વિદ્વાનો અને વડીલો કહી ગયાં છે કે જે કોઈ માણસ આ વૃક્ષના ફળો આરોગે છે તે કદી વૃદ્ધ થતાં જ નથી-અતિ પાકેલા ફળો ખાનાર નિત્ય-યૌવનાવસ્થા પામે છે

આટલું સાંભળતાંજ પ્રદ્યુમ્નકુમાર તો સડસડાટ એ આંબાની ઉપર છલંગ લગાવી. અનેક ડાળો ઉપર ફરી ફરીને એક ઊંચી ડાળે જઈ પાકું ફળ તોડી-ત્યાં બેસીને આરામથી ખાવા લાગ્યો. મહાબલી પ્રદ્યુમ્ન સહેજ પણ ડર રાખ્યા સિવાય એ ઝાડની તમામ ડાળોએ ફરી વળ્યો અને પાકાં ફળો તોડી ખાઈ ગયો.

આ જોઈ તે વૃક્ષનો અધિષ્ઠાયક દેવ ખુબજ ગુસ્સે થયો અને વાંદરાનુ સ્વરૂપ ધારણ કરી પ્રદ્યુમ્ન પાસે આવી ને બોલ્યો-અરે પાપી! તું કોણ છે? મારી રજા સિવાય મારા આ આંબાના વૃક્ષ ઉપર કેમ ચડયો છે? કોની રજાથી ફળો તોડે છે અને કોની રજાથી તું ખાઈ રહ્યો છે? ઉભો રહે, તને તારા એ કાર્યોનું ફળ આપું છું જેથી ફરીથી કદી આવું અવિચારી કાર્ય ન કરે!

પ્રદ્યુમ્ન બોલ્યો-અરે કપિરાજ! શું તને ખબર નથી કે વૃક્ષો તો પરમ પરોપકારી હોય છે? અન્યને સુખ આપવાની વૃત્તિથી તો એ શોભે છે! એ ફળો લેવા ખાવામાં વિઘ્ન ઊભું કરનાર તું કોણ છે? તું કોઇ દેવ નહિં પણ પણ અધમ દેખાય છે. તારો શું હક્ક છે?

આ સાંભળી ઉશ્કેરાયેલા દેવે કુમાર સાથે યુદ્ધ કર્યું. મહાબલી કુમારે તે કપિરાજને હરાવ્યો. દેવે વાનરનું સ્વરૂપ તજી દેવનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું અને બે હાથ જોડી ક્ષમા યાચના કરવા લાગ્યો.

હે મહાનુભાવ ! હે મહાબલી! મારાથી જાણતાઅજાણતાં અવિનય–અપરાધ થઈ ગયો છે તે બદલ હું તમારી પાસે ક્ષમા માગું છું. એમ કહી એક અમુલ્ય મુગટ તથા આકાશમાર્ગે ઊડી શકાય એવી પાવડીની જોડ આપી.

હે પ્રભુ ! આપ મારા સ્વામી છો મારી જ્યારે જરૂર પડે ત્યારે મને યાદ કરશો. આપનો હુકમ એજ મારું કાર્ય થઈ રહેશે. આમ કહી કુમારને આંબાના વૃક્ષની નીચે મૂકી દેવ સ્વસ્થાને ગયો.

પુષ્પમાળા અને અમૂલ્ય અલંકારોથી વિભૂષિત પ્રદ્યુમ્નકુમારને જોઈ વજ્રમુખ તથા અન્ય કુમારોના હૈયામાં વેર અને ઈર્ષાનો અગ્નિ ભડભડ બળી રહ્યો. તેને મળતી સિદ્ધિઓની અદેખાઈ થતી પણ કાંઈ કરી શકવાની તાકાત ન હોવાથી સમસમી રહેતા

સૌને બનેલી હકીકત જણાવી–આ રીતે અહીં સાતમી સિદ્ધિ મેળવવા ભાગ્યશાળી બન્યો.

## સિદ્ધિ નં. ૮

પ્રદ્યુમ્ન સાથે સર્વ ભાઈઓ આનંદ કરતાં આગળ

રસ્તામાં કપિત્થ નામે મોટું જંગલ આવ્યું. આ જંગલમાં અનેક કોઠના ઝાડ હતાં. તે ઝાડ ઉપર અમૃત સમાન મીઠા કોઠાના ફળો હતાં. આ જોઈને વજ્રમુખે સૌ સાથીઓને કહ્યું-ભાઈઓ, આ વનના અધિષ્ઠાતા દેવ આ વનમાં પ્રવેશ કરનારને શબ્દોમાં વર્ણવી ન શકાય તેવી અદ્‌ભૂત નિર્મળ કાંતિ પમાડે છે.

આ સાંભળી પ્રદ્યુમ્ન બોલી ઊઠયો કે એમ હશે તો તો હું એકલોજ આ વનમાં જઈશ એમ કહી તરતજ કપિત્થ વનમાં પ્રવેશે છે. વનમાં એક મોટા ઘટાદાર કોઠાના વૃક્ષને દેખી તેના ઉપર ચડી ગયો અને પાકા કોઠાના ફળો તોડી અંદરનો મીઠો પદાર્થ ખાઈને છોતરાં નીચે ફેંકવા લાગ્યો, આમ અતિશય આનંદ કરતો એક ઝાડેથી બીજે ઝાડે અને એક ડાળેથી બીજી ડાળે કૂદાકૂદ કરતો મજા લૂંટતો હતો. આનંદ કરતો હતો.

એવામાં એ જંગલના અધિષ્ઠાતા દેવ- એક મદમસ્ત હાથીનું રૂપ ધારણ કરી ત્યાં આવ્યાં. તે અત્યંત ગુસ્સે થયેલ હતાં. લાંબા દંતશૂળ અને સુંઢને વારંવાર ઉછાળી-અવાજ કરી ડરાવતા હતા. કુમારને પકડવાની શરૂઆત કરે છે ત્યાં બાહોશ અને ચતુર પ્રદ્યુમ્નકુમારે સ્વશક્તિના બળે તે હાથીને વશ કરી તેના લાંબા દાંત ઉપર પગ મૂકતાં જ તે મદમસ્ત હાથી ઉપર ચડી બેઠો, તેના ગંડસ્થળ ઉપર વારંવાર તાડન-કરીને મદ રહિત કર્યો.

વશ થયેલ ગજરાજ બોલ્યો–હે કુમાર ! હું આપનો દાસાનુદાસ છું અને આપ મારા અધિપતિ છો. સેવક આપની સેવામાં હાજરાહજુર છે. એમ કહી કિંમતી મોટાં મોટાં મોતીનો હાર ભેટ ધર્યો. ત્યારબાદ તે કોઠાના ઝાડ ઉપરથી પોતાની પીઠ પર બેસાડી જંગલની બહાર– મિત્રો અને ભાઈઓ પાસે મૂકી પોતાના રસ્તે ગયો.

અમુલ્ય મોતીઓના હારથી પૂજાયેલ પ્રદ્યુમ્નને જોઈ સર્વ બાળકોના હૈયામાં ફાળ પડી–અરેરે ? હજુ તો આ જીવતો છે અને એક પછી એક વિજયો મેળવી અમૂલ્ય ભેટો મેળવતો જ રહે છે. આપણે તો માત્ર તેની મુખાકૃતિ જોઈ બળતાં રહેવાનું છે. આને કેમ કરી દૂર કરવો ? તેની ચિંતામાં સૌ બાળકો ઉદાસીન થયા.

આમ પ્રદ્યુમ્ન કુમારે આઠમી સિધ્ધિ મેળવી

## સિદ્ધિ નં. ૯

સૌ કુમારો એકદા એક શ્રૃંગ નામે પર્વત પાસે આવી પહોંચ્યા. દ્વેષભાવે વજ્રમુખે કહ્યું–જુઓ ભાઈઓ, અનેક વૃદ્ધ પુરૂષોએ આ શ્રૃંગ વિષે કહેલું છે તે મેં સાંભળેલ છે કે આ શ્રૃંગ ઉપર જનાર માણસને ભૌતિક સિદ્ધિઓ તથા સંપત્તિ મલે છે. તેમજ મહાસુખ પામે છે. એ વાત અત્યારે આ શ્રૃંગને જોવાથી જ મને યાદ આવી. છે. આ સાંભળી પ્રદ્યુમ્ન વજ્રમુખને કહેવા લાગ્યો કે–હે ભાઈ ! તમારી રજા મેળવી જે કાર્ય કરૂં છું તે ફળ દાયક નિવડે છે. માટે જો તમે મને રજા આપો તો હું જાઉં.

વજ્રમુખ કહે–ભલે, તારી ઈચ્છા હોય તો મારી ના નથી, સિંહની ગર્જનાઓથી ભયંકર જણાતા એ શ્રૃંગ ઉપર તે ગયો. તેના શિખર ઉપર જઈને કેસરિસિંહના જેવો ભયંકર સિંહનાદ–ગજનાદ અને હર્ષનાદ વારંવાર કરવા લાગ્યો. પ્રદ્યુમ્નની ભયંકર ગર્જનાઓ નિદ્રા દેવીને આધીન બનેલો ભુજંગેશ્વર નામનો નાગરાજ પોતાની ફણાઓ ઊંચી કરી જાગી ઉઠયો અને ફુંફાડા મારતો આવી પહોંચ્યો અને કુમાર સાથે યુદ્ધ શરૂ કર્યું.

ભયંકર યુદ્ધ જામ્યું. લડતાં લડતાં કુમારે નાગરાજનું મુખ પકડી લીધું. પરાજય પામેલા નાગે પોતાનું સ્વરૂપ ધારણ કરી દેવ સ્વરુપે હાજર થયો. લડાઈમાં હારી જવાથી કુમારને શરણે આવ્યો, અને બોલી ઊઠયો હે મહાબલી? શિરોમણી! તમારી હિંમત અને પરાક્રમથી હું પ્રસન્ન થયો છું આમ કહી તે દેવે કુમારને એક અશ્વ, હીરાની વીંટી અને હીરા જડીત એક છરી ભેટ ધરી અને વિનંતિ કરી કે હે નાથ! હું તમારો સેવક છું. આ સેવકની જયારે જરૂર પડે ત્યારે અવશ્ય બોલાવજો. હું તરત જ હાજર થઈ આપની આજ્ઞા પ્રમાણે કાર્ય કરી આપીશ, તેમજ અહીં ફરીવાર જરૂર આવી અમારૂં આંગણું પાવન કરજો.

આમ કહી તે દેવે કુમારને પર્વતની તળેટીમાં મૂકી સ્વસ્થાને ગયો. ત્યાંથી કુમાર અશ્વ ઉપર બેસી અન્ય કુમારો હતાં ત્યાં આવી પહોંચ્યો. તેને સહીસલામત પાછો

આવેલો જોઇ સર્વેની આંખમાં ઝેર પડયું. છતાં તેની સન્મુખ અત્યંત પ્રેમ દર્શાવી બનેલી સર્વ વાત પૂછી. કુમારે સવિસ્તર વાત હર્ષથી જણાવી, આમ કુમારે નવમી સિદ્ધિનું દાન મેળવ્યું.

## સિદ્ધિ નં. ૧૦

કેટલાંક દિવસ પછી કપટ પૂર્વક સ્નેહ દાખવનારા ભાઈઓ સાથે આનંદ વિનોદ અને રમત કરતાં સૌ રાવણ નામના ગિરિ પાસે આવી પહોંચ્યા, સૌ ભાઇઓમાં મોટો કઠોર મન વાળો અને મહા કપટી વજ્રમુખ બોલ્યો-આ રાવણ ગિરિને વડીલોએ મહાપ્રતાપી પર્વત કહ્યો છે. તેમજ આ ગિરિ ઉપર ચડે તેને સિદ્ધિઓ સાથે અઢળક ધન સંપતિ મળે છે. આ સાંભળી પ્રદ્યુમ્નકુમાર ઝડપથી તે પર્વત ઉપર પહોંચે છે, કોઈ માનવીનો અવાજ સાંભળીને તે ગિરિનો અધિષ્ઠાયક દેવ ગુસ્સે ભરાઈ-લાલચોળ આંખો કરી કુમાર પાસે આવ્યો, અને કહેવા લાગ્યો-કે તું કોણ છે ? અહીં કેમ આવ્યો છે ? નક્કી કોઈ તારા વૈરીઓએ તને અહીં મોકલ્યો લાગે છે ! નક્કી તારો કાળ જ ભમે છે ! તને જો તારો જીવ વહાલો હોય તો જેવો આવ્યો છે તેવોજ પાછો ચાલ્યો જા ! નહિંતર તારો જીવ ગુમાવીશ.

પ્રદ્યુમ્નકુમાર બોલ્યો-રે મૂર્ખ ! હું તારી બીકથી ડરવાનો નથી, મને કાઢતાં પહેલાં તારે ન નીકળવું પડે

તે ધ્યાન રાખજે અહીંથી તને કાઢી અહીં રહેવા માટે જ આવ્યો છું. તારે જો જીવતા રહેવું હોય તો તું અહીંથી બીજે ચાલ્યો જા, મને સુખેથી રહેવા દે. આ સાંભળી તે દેવ વિચાર કરે છે કે ખરેખર આ માનવી મારા કરતાં વધુ બળવાન જણાય છે, આવા માણસ સાથે યુદ્ધ કરવાં કરતાં મિત્રતા કરવી વધુ સારી છે, લડીશને હારીશ તો મારો સર્વ હક ચાલ્યો જશે. આથી તે બોલ્યો–હે મહાનુભાવ હું આપને વશ છું આપનો સેવક છું,

આમ કહી તે દેવે કંઠમાં શોભે તેવું કિંમત આભૂષણ–બે બહેરખાં કડાં બે એક કંદોરો ભેટ આપ્યો અને વિનંતિ કરી કે જ્યારે જરૂર પડે ત્યારે મને યાદ કરજો હું આપની સેવા કરવા હંમેશા તત્પર છું

ત્યારબાદ દેવે આપેલા અલંકારો પરિધાન કરી કુમાર પર્વતની નીચે આવી પહોંચ્યો. વજ્રમુખ વગેરે ભાઈઓ કપટ પૂર્વકનો સ્નેહ બતાવી તેના વખાણ કરવા લાગ્યા. તેમજ પર્વત ઉપર બનેલી હકીકત સ્પષ્ટ પણે કુમારે જણાવી સિદ્ધિનું દસમું સોપાન શર કર્યું.

## સિદ્ધિ નં. ૧૧

એક વખત બધાં ભાઈઓ ફરતાં ફરતાં વરાહવદન નામના પર્વતની તળેટીમાં આવી પહોચ્યાં, ત્યાં વજ્રમુખે સૌને કહ્યું–ભાઈઓ, જે માણસ સ્વયં સ્વશકિતથી આ

પર્વત ચડી જાય તેની આ પર્વતના અધિષ્ઠાતા દેવ પૂજા કરે છે. જો કે આ પર્વત ચડવો અત્યંત કઠીન છે.

આ સાંભળી પ્રદ્યુમ્નકુમાર સાવચેતી પૂર્વક? ધીરે ધીરે સાચવી સંભાળીને પગ મૂકતાં તે પર્વત ઊપર પહોંચ્યો કોઈ ભક્ષ્યને ખાઈ જવાની દૃષ્ટિએ પર્વતનો રહેવાસી દેવ મુખ ઉપાડું રાખી બેઠો હતો. તેવામાં તેના વિકરાળ મુખમાં પ્રદ્યુમ્નનો પ્રવેશ થઈ ગયો કે તરતજ તેને કચડી નાંખવાની ઇચ્છાથી પોતાનું મોઢું બંધ કર્યું.

પ્રદ્યુમ્ન તરતજ સમજી ગયો અને ચેતી ગયો પોતાની આગવી શક્તિથી તેના બધાજ દાંત તોડી નાંખ્યાં અને સાચવીને તેના મુખમાંથી બહાર આવ્યો. કુમારનાં આવા અનુપમ બળ–સામર્થ્ય અને સાહસથી તે દેવ પ્રસન્ન થયો અને કુમાર પાસે આવી વંદન કરી બોલ્યો, હે નાથ ! હું તમારો સેવક છું. એમ કહી તેણે એક શંખ અને કુલોનું બનાવેલ ધનુષ્ય અર્પણ કરી કહ્યું કે હે પ્રભુ? આપ જ્યારે અને જ્યાં મને યાદ કરશો તે જ ક્ષણે હું હાજર થઇશ; એમ જણાવી કુમારની પૂજા કરી ભક્તિ કરી.

પ્રદ્યુમ્ન કાર્ય પતાવી પર્વતની નીચે આવ્યો. ઈર્ષા અને ઝેરથી ભરેલાં સૌ બાળકો તેને પાછો આવેલો જોઇ દંગ થઈ ગયાં, પર્વત ઊપર બનેલી સર્વ હકીકત સૌને કહી સંભળાવી, સમય જતાં ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત થવાથી અન્ય કુમારોના હૃદયમાં ઈર્ષાની આગ જલી રહી હતી.

સિદ્ધિઓના શિખર પૈકી ૧૧ મું શિખર શર કર્યું.

## સિદ્ધિ નં ૧૨

બધાં કુમારો એ ભેગાં મળી વિચાર કર્યો કે આપણે પ્રદ્યુમ્નને કોઈપણ રીતે મારી શકવાના નથી તેમજ એ મહા બળવાન હોઈ આપણે ફાવીએ તેમ નથી તો હવે વાતજ છોડી દઈએ. વજ્રમુખ બોલ્યો–ભાઈઓ, તમે સૌ નાશી પાસ ન થાવ. મારી પાસે હજૂ તો કેટલીયે વસ્તુ છે. ગમે તે રીતે હું એને મારીને જ જંપીશ. તમે કોઇ ચિંતા કરશો નહિ. **દુષ્ટને દુષ્ટ જ વિચાર આવે ને !**

એક દિવસ સર્વ કુમારો ભેગાં મળી ફરવા નીકળ્યા. ફરતાં ફરતા ઘણે દૂર નીકળી ગયા. આગળ જતાં પદ્યુમ્ન નામે મોટું જંગલ આવ્યું. ત્યાં વજ્રમુખ બોલ્યો જુઓ, ભાઇઓ, આ જંગલમાં સહેજ પણ ભય રાખ્યા સિવાય જે માણસ જાય છે તેને અખૂટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે. આ સાંભળી પ્રદ્યુમ્ને કહ્યું કે હે ભાઈ! આ વનમાં જવાની મારી ઈચ્છા છે તો મને રજા આપો.

વજ્રમુખને તો વાત ગમતીજ હતી. એટલે રજા આપીને કહ્યું જેવી તારી ઈચ્છા! જો કે આ વનમાં જવાની મારી ઈચ્છા હતી પરંતુ તું નાનો છે એટલે મારે તને જવા દેવો એ મારી ફરજ છે. જા—ઘણી ખુશીથી જા.

કુમારનો એ વનમાં પ્રવેશ થતાં જ કોઈના રડવાનો

અવાજ આવ્યો તેથી તે દિશામાં ગયો. એક મોટા ઝાડ સાથે એક વિદ્યાધરને બાંધવામાં આવ્યો હતો અને તે જોરજોરથી રડતો હતો. દયાળુ કુમારે તેનું બંધન કાપી નાંખી છૂટો કર્યો.

પ્રદ્યુમ્નકુમારે પૂછયું કે–હે ભાઈ! તું કોણ છે? શા કારણથી તારી આવી દશા થવા પામી? હું તારો મિત્ર છું એમ સમજીને જરા પણ ગભરાયા વગર સત્ય હકીકત કહે. વિદ્યાધર કહે–હે ભાગ્યવાન! મારા કોઈ પુણ્યનો ઉદય હશે કે આપ અહીં આવ્યાં અને મને છૂટો કર્યો હું **મનોજવ** નામે વિદ્યાધર છું. આ પલ્લવનમાં એક ક્રૂર **વસંતક** વિદ્યાધર રહે છે. ને મારા પૂર્વભવનો દુશ્મન છે. જેથી કપટ કરી મને બાંધી ઘણોજ ત્રાસ આપે છે. હે દયાળુ! અત્યારે તમે મારા સગાં ભાઈથી પણ વિશેષ છો. તમારા સિવાય બીજા કોઈનો આશરો નથી, ગમે તે રીતે આપ મને બચાવો, હું આપનો ઉપકાર કદી નહિ ભૂલું. આ સાંભળી કુમારે તેને હિંમત આપી.

આ વિદ્યાધરને છૂટો કરતા પહેલાં કુમારે કોઇ જ વિચાર ન કર્યો કે આ માણસ મને દગો કરી મુશ્કેલીમાં મૂકી દેશે તો? ઉપકારી જનો ઉપકાર કરતી વખતે સજ્જન કે દુર્જન જોતા નથી. પરંતુ પોતાનું સત્ કાર્ય કરે છે. કુમારે મનોજવ વિદ્યાધરને છોડયો કે તરતજ દોડતો જઈ પોતાના દુશ્મન વિદ્યાધર વસંતકને વાળ પકડી ઢસડીને કુમાર પાસે લાવ્યો. તેમજ કુમારને કહેવા લાગ્યો કે મિત્ર

તમે મારા પ્રાણદાતા છો. તમને જે કાંઈ આપું તે ઓછું છે. એમ કહી બે વિદ્યામોતીનો હાર તથા ઇન્દ્રજાલની વિદ્યા આપવા લાગ્યો.

કુમારે કહ્યું– ભાઈ! મારો અટલ નિર્ણય છે કે જ્યાં સુધી આ તારા બંધનમાં રહેલાને છોડીશ નહીં ત્યાંસુધી મારે કોઈ ચીજ ન ખપે. આથી મનોજવે–વસંતકને છૂટો મૂક્યો.

પ્રદ્યુમ્નકુમારે બંન્નેને ઉપદેશ આપી બન્નેને વર છોડી દઈ મિત્રતા કરવા સમજાવ્યું. બન્નેએ તેમનું કહ્યું માનીને પરસ્પર આલિંગન આપી મિત્ર બન્યા અને ત્યાર-બાદ મનોજવે આપેલી વસ્તુઓ કુમારે સ્વીકારી.

વિદ્યાધર વસંતકે વિચાર્યું કે આ કુમાર મારી પુત્રીને યોગ્ય છે તેથી પોતાની પુત્રી તિલકસુંદરીને પરણાવી. પ્રદ્યુમ્ન-કુમાર તેણીની સાથે ઘણો સમય ક્રિડા કરતો ત્યાં થોડો સમય પસાર કર્યો. આ બાજુ વજ્રમુખ અને અન્ય કુમારો પ્રદ્યુમ્ન પાછો નહિ આવવાથી રાજી રાજી થઈ ગયાં. તેમની જે ભાવના હતી તે આજે ફળી છે તેવું લાગ્યું. અને હર્ષમાં મીઠાઈ લાવી સૌ આનંદ લુંટવા લાગ્યા. અને આનંદના સમય પસાર કરવા લાગ્યા. થોડા વખત પછી વિમાનમાં બેસી પ્રદ્યુમ્નકુમાર, તેની પત્નિ તિલકમંજરી અન્ય ગાંધર્વો અને લગ્નની સામગ્રી લઈને પાછો ફર્યો. તેમનું વિમાન નિહાળી વજ્રમુખ અને બીજા કુમારો વિચારમાં પડયા. કે આવા ઉત્તમ વિમાનનું માલિક કોણ હશે? વિમાનના પ્રકાશથી સૌ

અંજાઈ ગયાં તેવામાં તો એની નજીક વિમાન ઉતર્યું તેથી કુમાર એકદમ બહાર આવી ભાઈઓને મલ્યો.

સૌને કુમારની આ વાતો જાણવાની આતુરતા હતી તેથી કુમારે બનેલી સર્વ હકીકત કહી. કુમાર પાસેથી સાંભળી અગ્નિમાં અગ્નિ વધવાની જેમ ઈર્ષા વધી. સિદ્ધિઓમાં ઉમેરો થતાં બારમી સિદ્ધિ પ્રાપ્ત થઈ.

## સિદ્ધિ નં. ૧૩

એક દિવસ આ સર્વે બાળકો પ્રદ્યુમ્ન સહિત વૈતાઢય ગિરિ ઉપર ગમ્મત કરતાં હતા ફરતાં ફરતાં તેઓ સૌ કાળવન નામના વન પાસે ગયા. તે વન પાસે આવી વજ-મુખે કપટથી કહ્યું–જે આ વનમાં જાય તેને અનેક વિદ્યાઓ પ્રાપ્ત થાય છે. એ સાંભળીને કુમાર તરતજ તે વનમાં પ્રવેશ્યો. તે વનમાં ઘાડી અને શિતળ છાયાવાળા મનોહર પ્રદેશમાં આવી ક્રીડા કરવા લાગ્યો. મદોન્મત્તની માફક કૂદવા લાગ્યો અને ખડખડાટ હસવા લાગ્યો.

આ સાંભળી જંગલનો અધિષ્ઠાયક દેવ ગુસ્સે થઈ બૂમો પાડતો આવી પહોંચ્યો. અને કુમાર સાથે યુદ્ધ કરવા લાગ્યો. થોડો સમય બંન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યું. અંતે તે દેવને જમીન ઉપર પટકી તેની છાતી ઉપર આરૂઢ થયો. અને પ્રહાર કરવા હાથ ઊપાડે છે ત્યાં તે દેવ કરગરી પડયો. હે પરમકૃપાળુ, આપ મારા સ્વામી છો હું આપનો દાસ છું. મને મારશો નહિં. આથી કુમારે તેને છોડી દીધો.

દેવે કુમારના સાહસ-બળ-હિંમત ઉપર પ્રસન્ન થઈ એક ધનુષ્ય અને વિદ્યાસિદ્ધ પાંચ બાણ આપ્યાં અને કહ્યું હે નાથ! જ્યારે જરૂર પડે ત્યારે મને યાદ કરશો.

કુમાર ત્યાંથી નીકળી પાછો આવ્યો. પ્રસન્ન મુખે પ્રદ્યુમ્નકુમારને વનની બહાર સુખરૂપ પાછો આવેલો જોઈ સૌ ચિંતાતુર થયાં. કુમારની સાથે કપટથી વાત કરી. કુમારે બનેલી તમામ હકીકત ભાઈઓને જણાવી.

સિદ્ધિનું તેરમું સોપાન પ્રાપ્ત કર્યું.

## સિદ્ધિ નં. ૧૪

એક દિવસ આ બધા કુમારો પ્રદ્યુમ્નને લઇને ફરવા નીકળ્યાં. ફરતા ફરતા સૌ એક ગુફા પાસે આવી પહોંચ્યા.

વજ્રમુખે કહ્યું-આ ગુફાને ભીમગુફા કહે છે. જે માણસ આ ગુફામાં જાય છે તેને ચમત્કારીક પદાર્થો મલે છે. આ સાંભળી પ્રદ્યુમ્નકુમાર તરત જ એ ગુફામાં પ્રવેશ્યો એ ગુફાના અધિષ્ઠાયક દેવે તેને આવતો જોયો એટલે તેણે એક મહાનાગનું સ્વરૂપ કરી મોટી ફણાઓ દ્વારા ફુંફાડા મારવા લાગ્યો, ધરતી ધ્રુજાવા લાગ્યો, બીહામણા સ્વરૂપ કરવા લાગ્યો.

અત્યંત ક્રોધમાં આવી જઈ તે નાગ કુમાર ઉપર ફુંફાડા મારી ઝેર વરસાવવા લાગ્યો. કુમાર સજાગ હતો તેણે તે સમયે બરાબર લાગ જોઇને નાગનું મુખ પકડી લીધું. અને ચારે બાજુએ ફેરવીને દૂર ફેંકી દીધો આવું ત્રણ વખત કર્યું જેથી નાગ લગભગ મરેલાં જેવો થઈ ગયો. કુમાર

હજી પણ મને ત્રાસ આપશે. તે ડરથી નાગે પોતાનું અસલ સ્વરૂપ કરી દેવ શરીર ધારણ કરી પગે લાગ્યો અને બોલ્યો! હે પ્રતાપી કુમાર, આજથી હું આપનો દાસ છું. મારા પ્રત્યે દયા રાખજો એમ કહી એક પુષ્પમય છત્ર-બે સફેદ ચામર અને એક પુષ્પમય શય્યા ભેટ ધરી તે સ્વીકારી કુમાર ગુફામાંથી બહાર આવ્યો.

દેવ કુમારને ગુફાના દ્વાર સુધી વળાવવા આવ્યો હતો. કુમારની અનુમતિ મેળવી તે પોતાના સ્થાને ગયો. દેવે આપેલી સર્વ ચીજો લઈને આવેલ કુમારને જોઈ તેના ભાઈઓ ઈર્ષાથી સળગી જતાં હતાં ગુફામાં બનેલી તમામ હકીકત સૌને જણાવી.

આ રીતે **પ્રદ્યુમ્ન કુમારને** ચૌદમી સિદ્ધિ મલી.

## સિદ્ધિ-નં ૧૫

પ્રદ્યુમ્નને મારવાના આટઆટલા પ્રયાસો કરવા છતાં બધાંજ પ્રયત્નો નિષ્ફળ જવાથી-કૂડ-કપટ પાપી વિચાર વાળા અને દ્વેષભાવથી ભરેલા બધાં કુમારો વજ્રમુખને લઈને એક સ્થળે ભેગાં મળ્યાં. અને કહેવા લાગ્યા-હે વડીલ ભાઈ વજ્રમુખ! પ્રદ્યુમ્નકુમારને મારવા આટઆટલા પ્રયત્નો કર્યા છતાં તે મરવાને બદલે અનેક ફાયદા અને લાભ મેળવતો જ રહે છે. આપણા કરેલા તમામ પ્રયત્નો નિષ્ફળ ગયાં છે. તેને લાભદાયક થયા છે.

આથી અમે સૌએ એવું નક્કી કર્યું છે કે આવતી

વિજયાદસમીને દહાડે સૌએ ભેગાં મળી એકી સાથે તેના ઉપર પ્રહારો કરીને ખતમ કરી નાંખવો. એજ અંતિમ-શ્રેષ્ઠ ઉપાય છે.

આ સાંભળી વજ્રમુખ બોલ્યો-તમે શાંતિ રાખો-આકળા ઉતાવળા થવાથી તો આપણને નુકશાનજ થવાનું છે. તમે સૌ ભેગાં મળી એના ઉપર તૂટી પડશો પણ તમને ખબર નથી કે તે કુમાર મહાબળવાન-શકિતમાન અને વિદ્યાવાન છે. વજ્રજેવું એનું શરીર છે, સેંકડો હથીઆરો ભેગાં કરવાં છતાં તેને મારી શકાય તેમ નથી-અરે ? એમ કરતાં એ મરે નહિં તો તેની સાથે અને પિતાજીની સાથે દુશ્મનાવટ થાય. તમારો વિચાર તદ્દન ગેરવ્યાજબી છે.

પિતાને કે પ્રદ્યુમ્નને અંધારામાં રાખી દગા પ્રપંચ થી મારવો જોઈએ-એ માટે મેં બે ઉપાય શોધી રાખ્યા છે છતાં તેનું રક્ષણ થાય તો સમજવું કે દુનિયાની કોઈ તાકાત તેને મારી શકે તેમ નથી. હું મારાથી બનતાં બધા પ્રયત્ન કરું છું. તમે સૌ ધીરજ રાખો.

કેટલાક દિવસ પછી બધાં કુમારો પ્રદ્યુમ્નકુમારને લઈને વિપુલ નામે વનમાં રમત રમવા ગયા. વનની પાસે રહીને વજ્રમુખે સૌને કહ્યું-કે જે કોઈ ધૈર્યવાન માણસ આ વિપુલ વનના આગળના ભાગમાં જાય તેને ઉત્તમ પ્રકારનો લાભ અવશ્ય થાય છે.

આ સાંભળી પ્રદ્યુમ્નકુમારે વજ્રમુખને કહ્યું હે

ભાઈ! આ વનમાં મને જતાં રોકશો નહિં. જે નર જાય એ નર ઉત્તમ લાભ પામે છે એમ તમે બોલ્યા છો તે મને સાર્થક કરવા દો. અને કુમાર વનમાં ગયો.

કેટલોક ભાગ વટાવીને વનની મધ્યમાં પહોંચ્યો. ત્યાં થઈને એક નદી પસાર થતી હતી. તેમાં અનેક પક્ષીઓ અને હંસોની હારમાળા વિહરતી હતી સેંકડો વૃક્ષો તેની બંન્ને બાજુએ સુંદરતામાં વધારો કરી રહ્યા હતાં અને નદીના આગળના ભાગમાં કાળા રંગની શિલાઓ શોભતી હતી. એવી એક શિલાની ટોચ ઉપર પદ્માસન વાળીને પૂર્વ દિશામાં મુખ રાખી હાથમાં રૂદ્રાક્ષની માળાથી જાપ કરતી એક સ્ત્રી બેઠી હતી સફેદવસ્ત્રમાં અત્યંત સુંદર દેખાતી સોળ વર્ષની બાળા નજરે પડી, રંગે રૂપે ઇંદ્રાણી સમી ભાસતી હતી. એ જોઈ પ્રદ્યુમ્નકુમાર વિચારમાં પડયો કે આ કોઈ માનવી હશે કે દેવકન્યા હશે! બારીકાઈથી નીરિક્ષણ કરતાં ખ્યાલ આવ્યો કે આ ખરેખર માનવી જ છે? તેનું રૂપ લાવણ્ય અને અંગોપાંગ જોઈ કુમાર મોહિત થયો. તેથી ત્યાં આજુ બાજુ ફરતો હતો.

એવામાં વસંત નામે વિદ્યાધર ત્યાં આવ્યો-કુમારને નમસ્કાર કરી સન્મુખ ઉભો.

કુમારે પૂછ્યું- વિદ્યાધર! આ તપ કરી રહી છે તે બાળા કોણ છે? તેના પિતા કોણ છે? શા કારણથી આવું

ઉગ્ર તપ કરી રહી છે? તું મારો મિત્ર હોવાથી તને પૂછું છું. તું સત્ય હકીકત કહી મારી શંકાનું નિવારણ કર.

વિદ્યાધર બોલ્યો—હે ભાગ્યશાલી! વિદ્યાધર પુરનો અધિપતિ વાયુવેગ નામે ખેચર છે. તેને વાણી નામની પત્નિ છે તેમની આ પુત્રી છે. જન્મથી તેણી પ્રાણીમાત્ર પ્રત્યે અનહદ પ્રેમ રાખતી આથી તેના માત પિતાએ તેનું નામ રતિ રાખ્યું છે આ ઉપવનમાં રમતાં ધીરે ધીરે યૌવન અવસ્થાને વરી છે.

એક દિવસની વાત છે. વાયુવેગ વિદ્યાધરને ત્યાં એક મુનિરાજ પધારેલાં. વિદ્યાધરે મુનિશ્રીની ખૂબજ આગતાસ્વાગતા કરેલી, ભાવભક્તિ પૂર્વક સત્કાર કર્યો હતો. તે મુનિને તે વિદ્યાધરે પૂછેલું કે હે સ્વામીન્? આપ કૃપા કરીને મને જણાવશો કે મારી પુત્રીનો પતિ કોણ થશે?

મહાજ્ઞાની મુનિરાજે જણાવેલું કે—હે વાયુવેગ! સૌરાષ્ટ્રના કિનારે—આવેલ દ્વારિકા નગરીના ત્રણખંડના માલિક રાજવી કૃષ્ણજીના મહા ભાગ્યવંતો મહા બળવંતો અને મહા બુદ્ધિવંતો પ્રદ્યુમ્ન નામનો પુત્ર ફરતાં ફરતાં અહીં આવી ચડશે. તે સમયે તું તારી પુત્રી તેમને વરાવજે—તેની સાથે મિલન થશે અને તારી પુત્રી પણ આનંદ પામશે. આમ કહીને મુનિશ્રી વહેતાં પાણી નિર્મળા એ ન્યાયે ચાલતાં થયા.

તે વિદ્યાધરની પુત્રીને આ વાતની જાણ થતાં તેણી તે પતિ મેળવવા તેમના નામનું ધ્યાન કરતી તપ કરે છે.

વળી મુનિશ્રીના કહેવા મુજબનાતમામ ગુણો મને આપનામાં દેખાય છે. મારી માન્યતા પ્રમાણે આપજ એ નરરત્ન છો. તમારા બન્નેનું મિલન યોગ્ય છે.

પદ્યુમ્ને વસંત વિદ્યાધારને વિદિત કર્યું કે આપની વાત સત્ય હોવા છતાં તેના પિતા વાયુવેગની હાજરી જરૂરી છે. કુમારની વાત સાંભળી વાયુવેગ પાસે તે ગયો.

વસંત વિદ્યાધરે વાયુવેગની પાસે જઇને તમામ વાત કહી તેથી તરતજ તેઓ બંન્ને ત્યાં ગયા અને પ્રદ્યુમ્ન-રતિના વિવાહ કર્યા. પોતાની પુત્રી સાથે અમૂલ્યરત્નો પૂર્વક બીજા અનેક કીમંતી ચીજો પણ ભેટ કરી. પ્રદ્યુમ્ન લગ્ન કરી રતિની સાથે ભોગ-વિલાસ ભોગવતો ત્યાં રહ્યો. આમ ઘણા દિવસો રહીને પોતાના સસરાની સંમતિ મેળવી? રતિને સાથે લઈ રથમાં બેસી પોતાના પિતાને ત્યાં જવા નીકળ્યો.

પ્રદ્યુમ્નકુમાર પાછો આવ્યો ન હોવાથી વજ્રમુખ વિગરે ભાઇઓ ખુશી થતાં હતા. અને પોતાની કપટ વિદ્યાથી ફાવ્યા છે એમ સમજી આનંદ કરતાં હતાં પરંતુ પ્રદ્યુમ્ન રથમાં બેસી પત્નિને લઈને આવ્યો તે જાણી સૌ કુમારનાં હૃદયમાં ઈર્ષા વધતી ગઈ. કુમારે સૌ મિત્રો-કુમારોને બધી જ વાત કહી. પુણ્યના પ્રબળ પ્રભાવે પ્રદ્યુમ્નકુમારે પંદરમી સિદ્ધિ હાંસલ કરી


## સિદ્ધિ નં.-૧૬

પ્રદ્યુમ્નકુમાર સામે ચાલ્યા આવતા જોઈને શકટ

નામથી પ્રસિદ્ધ એક વિદ્યાધરને સૂર્ય સમાન તેજસ્વી કુમાર પ્રત્યે પ્રેમ-લાગણી જન્મી ઊઠી,

તે પ્રદ્યુમ્ન કુમાર પાસે આવ્યો તેની પાસે આવીને માથું નમાવી વંદન કર્યા, તેણે કુમારને કામધેનુ અને પુષ્પક નામનો રથ કુમારને સમર્પિત કર્યો; વિદ્યાધર પ્રદ્યુમ્નની રજા લઈ વિદાય થયો, લક્ષ્મી સામેથી દોડીને આવી.

આમ વગર મહેનતે કુમારને સોળમી સિદ્ધિ મલી. વજ્રમુખ અને અન્ય કુમારોના તમામ પ્રપંચો નકામા ઠર્યા. પોતાના તમામ પાસાઓ ઉલટાં પડવાથી તે બાળકો સૌ ખિન્ન થયાં. પ્રદ્યુમ્ન કુમાર મહા પુણ્શાળી આત્મા હોવાથી વિરોધીઓના તમામ કાવાદાવા કુડ કપટ નિષ્ફળ ગયાં. પુણ્યશાળીને પ્રતિકુળ પણ અનુકુળ રૂપે થાય.



## ૯

# સ્ત્રી ચરિત્ર

પ્રદ્યુમ્નકુમાર રતિ નામની પત્નિને સાથે લઈને નગરમાં આવી રહ્યા હતાં-તેમને જોવા ઠેર ઠેર લોકોના ટોળા ઊભાં હતાં. ગોખે અને ઝરૂખે ઊભેલી સ્ત્રીઓમાં કોઈ ઈન્દ્રાણી જેવી રૂપવંત્તી નારી જેવી, મનોહર ચન્દ્રના મુખ જેવી કમલાક્ષી-મૃગાક્ષી જેવી આ અપ્સરાથી પણ અધિક શોભતી એવી રતિના વખાણ કરતાં તો કોઈ કુમારના વખાણ કરતાં તો કોઈ તેમની જોડી અત્યંત દીપી રહી છે એમ કહેતાં. આમ નગરવાસીઓની વાણી સાંભળીને અત્યંત ખુશ થયેલ પ્રદ્યુમ્નકુમાર કાલસંવર રાજાની સભામાં આવ્યો. દૂરથી પિતાજીને નમસ્કાર કરતો કરતો તેમની નજદીક આવીને પગમાં શિર ઝૂકાવીને વંદન કર્યાં. પિતાએ પુત્રની પીઠ પર હાથ મૂકીને શાબાશી આપતાં પ્રેમથી પાસે બેસાડયો. તેણે મેળવેલી સોળ સિદ્ધિઓ વિષે પૂછતાં પુત્રે તમામ હકીકત શાંતિપૂર્વક સમજાવી. અને મેળવેલી તમામ વસ્તુ દેખાડી હાથ જોડીને બોલ્યો-હે પિતાજી, મેં જે કાંઇ મેળવ્યું છે તે આપનીજ કૃપા છે, મારામાં કોઈ શકિત નથી. કૃપાવિના કંઈસિદ્ધ થતું નથી, પછી પિતાની પાસેથી પોતાની

માતા પાસે ગયો અને સઘળી વાત જણાવી. તેની માતા કનકમાલા બહુ રાજી થઈ ગઇ. માદક દ્રવ્યો નાંખી પંચગંધથી બનાવેલ તાંબુલ ખવડાવ્યું અને સુગંધિ દ્રવ્યોથી બનાવેલ લેપ શરીરે વિલેપન કર્યો, તે કનકમાલાની ભક્તિમાં શંકા છે.

આમ માથે મણી જડેલો મુગટ–કાને હીરાજડીત કુંડલ, વિશાળ કપાલ, કિંમતિ આભુષણો, નમણો દેહ વગેરેથી પ્રદ્યુમ્નકુમાર અત્યંત શોભતો હતો. કુમારને જોઇને કનકમાલાના હૃદયમાં વિકાર પેદા થયો- કુમારની સાથે ભોગ ભોગવવાની તૃષ્ણા જાગી, તેનું યૌવન ઉછાળા મારતું હતું. મનમાં વિચારતીકે કુમાર મારા યૌવનને ન ભોગવે તો મારું જીવન નકામું કહેવાય, વળી વિચારતી કે કુમાર કયાં મારો પોતાનો પુત્ર છે ? ગમે તેમ થાય પણ હું તેને મેળવીને જ જંપીશ

થોડીવાર બેસીને કુમાર તેના આવાસે ગયો. કુમાર ગયો કે તરતજ કનકમાલા બેભાન થઈને ઢળી પડી. દાસીઓએ દોડા દોડ કરી અને રાણીજીને ઉપચાર કરવાથી રોગનુ કોઇ મૂળ ન જડયું. પરંતુ મહાચતુર વૈદ્યોને જણાયું કે આ સ્ત્રી વિરહની વ્યથાથી જ પીડાય છે બાકી બીજો કોઇ રોગ નથી. પરંતુ વૈદ્ય શાણા હોય છે તે મૌન રાખે છે. છેવટે કહે છે કે આ રોગનું બરાબર નિદાન થઈ શકતું નથી. છતાં દવાઓ ચાલુ. છે. રોગ વધવા–લાગ્યો.

બીજે દિવસે સવારમાં કાલસંવર રાજા દરબારમાં

બેઠા છે. પુત્ર પદ્યુમ્ન પ્રાતઃકાળનું વંદન કરવા આવ્યો ત્યારે પિતાએ પુત્રને જણાવ્યું કે પ્રદ્યુમ્ન! તું તો હરવા ફરવામાં, મોજ શોખમાં હાલછે, પણ તારી માતા કનકમાલાની ઘણી ગંભીર તબીયત છે માટે તેમની ખબર કાઢ જે. તેમજ તારૂં મોં જોઈને પણ આનંદીત થઇ શકે.

પિતાજીની વાત સાંભળી પ્રદ્યુમ્ન બોલ્યો–મારી માતા બિમાર છે એની મને કોઇજ માહિતિ નથી. અત્યારે તમારી પાસેથી જ મેં જાણ્યું–હું અત્યારેજ તેમની પાસે જાઉં છું–તેમને જલદીથી સારૂં થાય એવું કરૂં છું.

પ્રદ્યુમ્ન માતાના મહેલમાં ગયો. પ્રણામ કરી ખબર અંતર પૂછયાં. તદુપરાંત કહ્યું કે મને તો અત્યારેજ મારા પિતાજીએ તમારા સમાચાર આપ્યાં એટલે તરતજ આવ્યો છું પણ તમે મને કેમ સમાચાર ન મોકલ્યા? મને કેમ બોલાવ્યો નહિં? મારી સાથે ભેદભાવ કેમ રાખો છો? ગ્લાન મુખવાળી કનકમાલાએ તેને પોતાની પાસે બેસાડયો. દાસીઓ અને અન્ય નોકરોને રવાના કર્યા. તેમના બે સિવાય ત્યાં બીજું કોઇજ ન હતું. કનકમાલાએ એક દ્રષ્ટાંત આપ્યું અને કહ્યું પ્રિય પ્રદ્યુમ્ન સાંભળ અને સમજ.

કોઈ એક પુરૂષ હતો. તેણે એક આંબો વાવ્યો. રોજ તેની માવજત કરતો–પાણી પાતો અને ઉછેર કરતો. ક્રમસર ચોમાસું–શિયાળો અને ઉનાળો પસાર થતાં ગયા અને ધીરે ધીરે તે વૃક્ષ સારૂં વધતું ગયું. પેલો માણસ તો નિરંતર

તેના ઉછેરનું ધ્યાન રાખે છે. સમય જતાં તે ઝાડને ફૂલ આવ્યા અને ત્યારબાદ ફળો આવ્યા. પેલા માણસે અનેક સંકટો વેઠી ઉછેર્યું છે તે પુરૂષ એ ઝાડના ફળો ખાઇ શકયો નહિં. અન્ય માણસો આનંદથી તેનો ઉપભોગ કરતાં.

પ્રદ્યુમ્ન ! તું મહાબુદ્ધિશાળી છે–તું વિચારી જો કે તે પુરૂષને કેટલું દુઃખ થતું હશે."

પ્રદ્યુમ્ને કહ્યું–માતાજી, આમાં વળી શું પૂછ્યું ? આખી દુનિયા જાણે છે કે તે પુરૂષને અત્યંત દુઃખ થાય. પણ આપ શું પૂછવા માંગો છો? આપના કથનનો ભાવાર્થ હું સમજી શકતો નથી. તમે સ્પષ્ટ ભાષામાં કહો તો સમજ પડે.

કનકમાલાએ ઊંડો નિસાસો નાંખ્યો. અને બોલી–હે પ્રદ્યુમ્ન, હું તને તારી પોતાનીજ વાત કરું છું. તું સાંભળ. જો–તું મારો પુત્ર નથી. અને નથી હું તારી માતા! નથી કાલસંવર તારો પિતા નથી અને તું તેમનો પુત્ર!

પ્રદ્યુમ્ન કહે—તો હું અહીં આવ્યો કેવી રીતે ? કનકમાલા કહે–એક દિવસ કાલસંવર ફરવા નીકળેલ ત્યારે રસ્તામાં એક શિલા ઉપર તને પડેલો જોયો–તે તને અહીં લાવી મને આપ્યો છે. મેં તારૂં પાલન–પોષણ કરી મોટો કર્યો છે. હવે તું યૌવાન પામ્યો છું. તારું યૌવન રૂપ સુંદરીઓને ડોલાવી નાંખે તેવું છે. નિર્લજ્જ બની કામાતુર થયેલી. તે કહેવા લાગી કે–હે મદન ! મારો રોગ મટાડનાર તું જ છે. હવે તું મારો નાથ બનીજા, મને જીવાડવી

કે મારવી તે તારા હાથની બાજી છે.

આમ્રફળની ઉપમા મુજબ—હું તે કદી પામી શકું નહિં અને અન્ય પ્રમદાઓ તારા ભોગને માણે એ જોઈને શું મને કાંઈજ ન થાય ? મારે તને એટલું જ કહેવાનું છે કે જો તું આપણા બન્નેનું સારું ઈચ્છતો હો તો મારી સાથે ભોગ ભોગવ અને લાંબા સમયની મારી તૃષા છીપાવ. આ સિવાય બીજી પણ એક વાત કરવાની છે તે સાંભળ—આ મહી નદીના કિનારે અનલપુર નામે ગામ છે તેમાં નિષધ નામે રાજા છે. તે રાજાની હું માનીતી પુત્રી છું. મારા પિતાજીએ ગૌરી નામની મહા વિદ્યા મને આપેલી છે. ત્યારબાદ કાલસંવર રાજા સાથે મારો વિવાહ થયો તેજ દિવસે તેમણે પણ મને ખુશ થઈને પ્રજ્ઞપ્તિકા નામની વિદ્યા આપી છે, તે એ વિદ્યાના બળે ખેચરોનો રાજા કાલ સંવર પણ મારા સિવાય બીજી સ્ત્રી ઈચ્છતો નથી. તું તારા પિતાનો (પાલક) કે ભ્રાતૃવર્ગનો કોઈ ભય રાખીશ નહિં, આથી હવે હું તને વિનંતિ કરું છું કે જો તું મને સંતોષ આપીશ તો મારી પાસેથી બે વિદ્યાઓ તને મલસે. તેને કારણે સર્વ લોકમાં તારો વિજય થશે. વિશ્વમાં કયાંય કદી તારો પરાજય થશે નહિં, તું તારી જાતને મહાભાગ્યશાળી માની લે. હું કદી કોઈનિય નહિં ચાહનારી એવી આજે હું પોતે તને ખરા દીલથી ચાહું છું. સર્વ શંકાઓ છોડી મારી સાથે પ્રેમ કર, આપણો પ્રેમ સદા-

કાળ જીવંત રહેશે અને તેમાં તારું હિત પણ છે. હવે વિલંબ કરવો તને શોભતું નથી.

કદી નહીં સાંભળેલા શબ્દો સાંભળીને પ્રદ્યુમ્ન કુમાર ગુસ્સે થઈને કહે....મા બનીને તારા દીકરાને ઘણી કહેતાં, બનાવતાં શરમ કે લાજ આવતી નથી. તારું મુખ શોભતું નથી. સ્ત્રી જાતિ આમ લટકેલા દોરડાથી ડરે પણ કામાતુર નારી સર્પથી પણ નડરે.

હે મદન ! તું મારો પૂર્વભવનો પતિ જણાય છે. મને તારા પ્રત્યે ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો છે. માટે તું માનીજા, અન્યથા જીવી શકીશ નહિં—સ્ત્રી હત્યાનું મહત પાપ તને લાગશે.

પ્રદ્યુમ્ન–હે માતા, તું આવી ખરાબ વાત ફરી બોલતી નહિં, તું મારી જનેતા ન હોય તો પણ પાલક માતા તો છે જને ? હિંસક લોકો) માંસ ખાય પણ હાડકાં તો ન ખાય, તારા પગમાં નમસ્કાર કરીને જણાવું છું કે તારી મનોવૃત્તિ બદલ, લોક મર્યાદાને સાચવવા માટે ઘણું ઘણું સમજાવવા છતાં ન માની ત્યારે થોડો વિચાર કરીને બોલ્યો. મને યોગ્ય લાગશે તેમ કરીશ પરંતુ હાલ તમો મને બંન્ને વિદ્યાઓનું પ્રદાન કરો. હું તેનો અનુભવ તો કરી જોઉં.

પ્રદ્યુમ્નના શબ્દો સાંભળી કનકમાલાને લાગ્યું કે આજે નહિં તો કાલે પણ મારી મનોકામના જરૂર સફલ થશે. એ લાલચમાં બે વિદ્યાઓ પ્રદ્યુમ્નને આપી. કુમારે

તે બંને વિદ્યાઓ ગ્રહણ કરી લીધી. અને કનકમાલાને ખુશ કરવા બોલ્યો કે બંન્ને વિદ્યાઓ સિદ્ધ થયા પછી મને જેમ યોગ્ય લાગશે તેમ કરી વચન પાળીશ. એ માટે લેશ માત્ર સંશય રાખશો નહિં મારી પણ તમારા જેવી ભાવના છે, આવામીઠાં વચન કહી કનકમાલાને શાંત પાડી. ક્ષણવારમાં જ પ્રદ્યુમ્ને બન્ને વિદ્યાઓ સિદ્ધ કરી લીધી. જેથી કનકમાલા બોલી કે હવે તમે તમારું વચન પાળી બતાવો.

પ્રદ્યુમ્ન બોલ્યો–માતાજી, ખરી વાત કહું તો તમે મારી માતા છો. પૂજ્ય છો. મારો જન્મ ભલે તમે નથી આપ્યો પરંતુ પાલન પોષણ કરીને મોટો તો તમેજ કરેલ છે. એ વાત સારી આલમ જાણે છે. હું મારી માતાનો પતિ હરગીઝ બનીશ નહિં. તદુપરાંત હમણાંજ તમોએ મને વિદ્યાઓનું દાન આપ્યું, એ રીતે તમે મારા ગુરૂ પણ થાઓ છો આથી કરીને હું આપની માગણી સ્વીકારવા અસમર્થ છું. આપ તો ઉત્તમ કુળમાં જન્મેલાં છો એટલે ફરીવાર આવી કોઈ અજુગતિ માગણી નહિંજ કરો. આપ જાણો છો કે આવું હલકું કૃત્ય નરકે લઈ જનાર છે. જેથી હું કોઈપણ રીતે એવું કૃત્ય કરીશ નહિં માતા તરીકે મને જે કાર્ય બતાવશો તે હું જરૂર કરીશ. વિદ્યા ગ્રહણ કરતી વેળા મેં કહેલું કે–"જો મને જેમ યોગ્ય લાગશે તેમ કરીશ." એટલે હું કોઈપણ રીતે વચન ભંગ કરતો નથી, કનકમાલાને લાગ્યું કે કુમારે કપટ કરી મારી પાસેથી

એ વિદ્યા લીધી છે. એ નીચ મને બનાવી ગયો. પણ હવે શું ? પ્રદ્યુમ્ન ઉભો થઈ જાય છે તેવામાં વાઘણની જેમ વિફરી કુમારનો હાથ પકડયો ! પાપી તું મારૂં માનતો નથી. કુમારે તો હાથનો ઝાટકો લગાવી તરત રવાના થઇ ગયો... થોડીવાર પછી કનકમાલા બબડી–કાંઇ વાંધો નહિં એ નીચને હું જીવતો નહિં છોડું. હવે હું એવી ચાલ રમીશ કે એ બદમાશ જીવતો જ ન રહે.

અલ્પ બુદ્ધિની કનકમાલાએ પોતાના નખો વડે છાતીના ભાગમાં ઉઝરડા કરી લોહી કાઢી–કપડાં ફાડી નાંખી સ્ત્રી ચરિત્ર ભજવતી મોટેથી બૂમો પાડવા લાગી. આ પ્રદ્યુમ્ન મારા યૌવાન ઉપર જૂલમ કરવા આવ્યો પણ એ પાપીની માગણી મેં સ્વીકારી નહિં તેથી મારા આવા હાલ કરી નાસી ગયો. જુઓ આ લોહી વહી રહ્યું છે તેજ તેનો પુરાવો છે. દોડો–દોડો–પકડો?

કપટી કનકમાલા–પોતાના પતિ કાલ સંવર પાસે જઈ પ્રદ્યુમ્નની ખોટી ચાલની વાત કરી, પુત્રસમાન ગણી લાડલડાવ્યા, પાલન પોષન કર્યું એ નીચ છોકરો મારા ઉપર કુદૃષ્ટિ કરવા ઉઠયો....સર્પને દૂધ પીવડાવવા જેવું થયું. સ્વામી...મારા દેહની પરિસ્થિતિ જોઈ નિર્ણય કરી શકો છો. પણ આપની કૃપાથી શિયળ અખંડિત રહ્યું છે...પણ હે સ્વામી ! લોહીથી નીત્તરતું તેનું માથું કપાયેલું જોઇશ નહિ ત્યાં સુધી મને શાંતિ થશે નહિં....રાજનને સાચી વાતની માહિતિ નથી માટે કનકમાલાને સતી શિરોમણી માને

છે. રાણી છેવટે ચિતામાં પડતું મૂકીને મરશે તેથી પ્રાણ થી પ્યારા એવા પ્રદ્યુમ્ન ઉપર અતિ ક્રોધ આવ્યો તુરતજ વજ્રમુખ આદિ પુત્રોને બોલાવ્યા.

વજ્રમુખ અને અન્ય કુમારો ભેગાં થઈ ગયા. તેમણે આ વાત સાંભળીને ઠાર મારવાનો અત્યરે અવસર છે આથી પ્રદ્યુમ્નને ઠાર મારવા સૌ કુમારો હથિયાર લઇને મારવા ગયાં. પ્રદ્યુમ્નતો જાણે કાંઈજ બન્યું હોય એ રીતે હસતો હતો.

પુણ્યશાળીએ ઘણી વિદ્યાઓ પ્રાપ્ત કરી છે. નગર જનો પણ સારી રીતે પ્રશંસે છે. સિંહને પકડવો કઠિન તેમ પ્રદ્યુમ્નને પકડી મારવો અતિ કઠિન છે એમ જાણવા છતાં વજ્રમુખ વગેરે કુમારો પ્રદ્યુમ્નને કહેવા લાગ્યા-અરે નીચ ! પાપી ! હલકટ! માતાની સાથે આવું તેં નીચ વર્તન કર્યું ? તને શરમ નથી આવતી કે હસી રહ્યો છે ? આમ કહી બધાં કુમારો ભેગાં મળી શસ્ત્રપ્રહાર કરવા લાગ્યાં. પરંતુ બધાંના શસ્ત્રો નિષ્ફળ ગયાં. અને આથી ગુસ્સે થઈને એકલે હાથે અનેક કુમારોને મારી નાંખ્યા. આ સાંભળી અત્યંત ગુસ્સો થયેલા રાજા કાલસંવર તેની સામે લડવા આવ્યા. કુમારે તાજીજ મેળવેલી બે વિદ્યાના બળે ક્ષણવારમાં જ કાલસંવરને હરાવ્યો. ઉપકારી પિતાના ચરણોમાં નમસ્કાર કર્યા. કુમારનું આવું અદ્‌ભૂત પરાક્રમ જોઈ કાલસંવર વિચારમાં પડ્યો. ખરેખર કુમાર હલકી મનોવૃત્તિવાળો હોઈ શકે જ નહિં. વિષયવાસનામાં લંપટ

પાસે કોઈ વિદ્યાઓ ટકી શકે જ નહિં કાલસંવરને વિચારમાં પડેલો જોઈ કુમાર બે હાથ જોડીને બોલ્યો–હે પરમ પૂજ્ય પિતાશ્રી–તમારા જેવા ઉત્તમ કૂળમાં જન્મેલ પુત્ર કદી આવું નીચ કૃત્ય કરેજ નહિં એટલું તો તમારે સમજવું જોઇએ. ગમે તેના કહેવાથી વગર વિચાર્યે આપ મારી સાથે યુદ્ધ કરો છો એમાં આપણી શોભા નથી.

હે પિતાજી ! કોઈપણ હકીકત નજરે ન જુઓ અને કોઈનું કહેવું માની લઈ યુદ્ધ કરવું એ ઉચિત નથી. કોઇપણ પગલું ભરતાં પહેલાં પૂરો વિચાર કરવો જોઇએ. આપ મારી વાત સાંભળો–વિચારો અને પછી આપને યોગ્ય લાગે તેમ કરજો.

પ્રદ્યુમ્નની વાત સાંભળી કાલસંવર રાજા કંઈક શાંત થયા. પછી પૂછ્યું–કે હે પુત્ર ! જે કાંઈ હકીકત બની હોય તે સાચી વાત કર–જેથી મારે શું કરવું તેનો નિર્ણય કરી શકું. આથી કુમારે બનેલી તમામ હકીકત કાલસંવર રાજાને કહી સંભળવી, હે પિતાજી ! આટલી વાત કરવા પછી પણ જો આપને મારા ઉપર વિશ્વાસ ન આવતો હોય તો આપ જાતે જઈને તપાસ કરો કે કોના નખના એ ઉઝરડા છે. મારી માતા કનકમાલાએ હાથે કરેલાં ઉઝરડાં છે મને ગુનામાં સંડોવવાનું કાવત્રું છે. **આ સ્ત્રી ચરિત્ર કહેવાય.**

કુમારના કહેવાથી કાલસંવર રાજાએ જાતે જઈને એ ઉઝરડાં જોયાં–બરાબર વિચારતાં કુમારની વાત સાચી લાગી. કનકમાલાએ જાતે જ ઉઝરડાં કરેલાં પૂરવાર થયા. આથી

રાજાને પસ્તાવો થયો. રાજાએ કુમારની માફી માંગી અને બોલ્યા–હે પુત્ર ! કનકમાલા વ્યભિચારીણી સાબિત થઈ છે હવે તું બધું ભૂલી જઈ શાંતિથી મારી સાથે જ રહે. કુમાર વિચારવા લાગ્યો કે આ ઘરમાં રહેવું મારા માટે કઠીન છે. માતા વેરણ બની છે–પિતાજી પત્નિને આધીન રહે છે. એટલે મુશ્કેલી કયારે આવીને ઉભી રહે એ ચોકકસ કહી શકાય નહિ. હવે મારે શું કરવું ? એજ વિચાર કરતાં તે સમયે નારદ ઋષિના દર્શન થયા. મુનિને દૂરથી જોઈ કુમાર તેમની સામે ગયો. આવકાર આપ્યો અને ભક્તિભાવે વિનય પૂર્વક વંદન કર્યા.

નારદજીએ આશીર્વાદ આપ્યાં છે કે–હે વત્સ ! તને તારા માતાપિતાના સત્વરે દર્શન થાઓ. મુનિનું આવું વચન સાંભળી પ્રદ્યુમ્ને નારદજીને પૂછયું–હે મુનિરાજ! હું તો મારા માતાપિતાની સાથે જ રહું છુ અને તમે શા માટે આવો આશીર્વાદ આપો છો ? તેની મને કાંઈ સમજ પડતી નથી. નારદજી બોલ્યા–હે પુત્ર ! આ કાલસંવર અને કનકમાલા તારા સાચા પિતા–માતા નથી પરંતુ દ્વારિકાના રાજા કૃષ્ણ અને રૂકિમણી તારા સાચા પિતા અને માતા છે. તે અંગે શ્રી સીમંધર સ્વામીએ જણાવેલી માહિતીથી સમજાવ્યો. આ સાંભળી કનકમાલાએ કરેલી વાત બરાબર સમજાણી. મુનિએ કહ્યું–હે પુત્ર, હું જે વાત કહું છું તે તું બરાબર ધ્યાન દઈને સાંભળ: તારા વિયોગે તારા માતા–પિતા ઝૂરે છે. ખરા અવસરે માણસ જો કામમાં ન આવે તો તેની કોઈ

કિંમત નથી. ઉનાળામાં પડતા વરસાદની કિંમત કંઈ નહિં પણ ચોમાસામાં પડતા વરસાદની ખરી કિંમત છે. હે પ્રદ્યુમ્ન અત્યારે તારા માતાજી ખૂબ રડી રહ્યા છે. પિતા કૃષ્ણજી ખૂબજ ઉદાસ છે. તું ત્યાં જલ્દીથી મારી સાથે ચાલ અને શાંતિ પમાડ....એક ખાસ મહત્વની વાત પણ સાંભળ! તારા પિતા કૃષ્ણને રૂકિમણીની જેમ સત્યભામા રાણી છે. રૂપનું તેને બહુ ગર્વ હોઈ એકદા તેણીએ મારું અપમાન કરેલું. તેનાં ગર્વનું ખંડન કરવા ભીષ્મરાજાની અત્યંત સ્વરૂપવાન પુત્રી એટલે કે તારી માતા કૃષ્ણ સાથે પરણે એવી યુકિત મેં કરી અને તેણીએ કૃષ્ણસાથે લગ્ન કર્યા. જેથી સત્યભામાનો ગર્વ ગળી ગયો. છતાં અન્યોન્ય હરિફાઇ કરવી એ સ્ત્રીઓનો સ્વભાવ જ છે.

એક દિવસ દુર્યોધન–કૃષ્ણ અને બળદેવજી વાતો કરતાં બેઠા હતાં તેવા વખતે સત્યભામા અને રૂકિમણી ત્યાં આવી પહોંચી. ત્યારે સત્યભામા બોલી હે દૂર્યોધન–મારા પુત્રને તારે તારો જમાઈ બનાવવાનો છે. અને રૂકિમણી બોલી કે–મારો પુત્ર તારી પુત્રીનો સ્વામી બનશે ત્યારે દૂર્યોધન અકળાઈને બોલ્યો–કે એમ નહીં પરંતુ જેને પ્રથમ પુત્ર જન્મશે તેને હું મારી પુત્રી પરણાવીશ. વળી ઈર્ષાળુ સત્યભામા બોલી–કે અમારા બેમાંથી જેનો પુત્ર તારી પુત્રીને પરણે–તે સમયે–અમારા બેમાંની બીજી વ્યક્તિએ પોતાના માથાના વાળ ઉતારી આપવા. આ અમારી બે વચ્ચેની શરત છે અને તેમાં કૃષ્ણ બળદેવ અને દૂર્યોધન

સાક્ષીમાં રાખ્યો છે. આમ લડતી ઝગડતી અને વાદવિવાદ કરતી પોતપોતાને સ્થાને ગઇ.

સત્યભામાનો પુત્રભાનુ ઉંમર લાયક થઇ ગયેલો છે અને ટુંક સમયમાં જ તેના વિવાહ થવાના છે. હવે ભાનુ દુર્યોધનની પુત્રીને પરણીને પ્રભુતામાં પગલાં પાડશે તેજ સમયે શરતમાં હારેલી રૂકિમણી–તારી માતાએ માથાના વાળ ઉતારી આપવા પડશે. આ ચિંતામાં તારી માતા દિવસે દિવસે સુકાઈ રહી છે. તારી માતા રૂકિમણીને મેં મારી પુત્રી ગણી છે. મેં તેના લગ્ન કૃષ્ણ સાથે કરાવેલા છે. આથી તેના દુઃખમાં ભાગ લેવા હું આવી પહોંચ્યો. તારી માતાની કાકલુદી ભરી વિનંતિ હતી કે મને મારો પુત્ર લાવી આપો. તેના દુઃખનું વર્ણન વર્ણવી શકાય તેમ નથી. મને તારી માતા પ્રત્યે લાગણી. ભક્તિ હોવાથી હું તને તેડવા માટે આવ્યો છું, ચાલ, તૈયાર થઇ જા, તારી સાચી જનેતાનું દુઃખ દૂર કરવા મારી સાથે ચાલ. હવે વિલંબ કરીશ નહિં. મુનિના વચનો સાંભળી પ્રદ્યુમ્ન પોતાની માતાને મલવા અધિરો બન્યો.



# ૧૦ કુમારના કૌતુકો

કાલસંવર રાજા પાસે જઈને કુમારે મુનિએ કહેલી તમામ હકીકત જણાવી. આ સાંભળી તે અત્યંત ખુશ થયો અને કુમારને જવાની રજા આપી, અને કહ્યું–માતાનું દુઃખ દૂર કરવું એ ડાહ્યા પુત્રોની ફરજ છે, કુમાર તું ખુશીથી જઈ શકે છે પણ કોઈકવાર જરૂર અહીં પાછો આવજે આ રાજ્યની રિદ્ધિસિદ્ધિ સાહ્યબી બધું તારું જ છે,

પોતાનો દોષ ન હોવા છતાં પ્રદ્યુમ્ને પોતાનો દોષ માનીને માતાપિતા પાસે ક્ષમા યાચી. રાજારાણી બન્ને લજ્જા પામ્યા. મનમાં ઘણું દુઃખ થયું ઉત્તમ પુત્રની કદર ન કરતાં અંતે કદર્થના કરી તે બદલ ક્ષમા માંગી. કુમારને બાથમાં લઈ ભેટીને રડતી રડતી રાણી કહે છે કે આ પાપિણી માનું શુ થશે ! પુત્ર ઉપર ભયંકર આરોપ આપ્યો. પુત્ર તથા વિદ્યા ગુમાવી, લોકોમાં નિંદિતબની તેથી ધ્રૂસકે ધ્રૂસકે રડતી કનકમાલાને કુમારે શાંતિ આપી....સોળ વર્ષનો સમય પુરો થતાં માતપિતાની રજા મેળવી.

કાલસંવર બોલ્યો–હે કુમાર ! અજ્ઞાનતાને કારણે જે કાંઈ બની ગયું છે તે ભૂલી જજે. અમે તને સાચા પુત્ર તરીકે પાળી જે પ્રેમ આપ્યો છે તે તું યાદ કરજે.

કુમારે નારદજીની મીઠી મશ્કરી કરતાં કહ્યું કે દ્વારિકા જવા માટે વિમાન તો બનાવો... ઋષિએ વિમાન બનાવ્યું ત્યારે કુમાર બોલ્યો....આ વિમાન શું ઈષ્ટ સ્થળે પહોંચાડશે નારદજી....હે કુમાર ! જરુર પહોંચાડશે.... નારદજીને પરેશાન કરવા માટે કુમારે વિમાનમાં જ્યાં પગ મૂકયો ત્યાં તડ તડ–કડકડ વિમાન તૂટવા માંડ્યું,

નારદજી કહે....હું તો ઘરડો થયો. મારાથી તારા જેવું વિમાન બનાવી શકાશે નહિ માટે તું સુંદર–અદભૂત–રમણીય વિમાન બનાવ ! નારદજીની અનુજ્ઞા પામેલા કુંવરે પ્રજ્ઞપ્તિવિદ્યાના સહારાથી વિશિષ્ટ વિમાન બનાવ્યું.

અરે ઓ કુંવર ! હું તારા મા બાપ અનેક રાજાઓથી સેવાતો, તેમ મારી અત્યંત ભક્તિ અનેક લોકો કરે છે. તું તો મારી મશ્કરી કેમ કરે છે? નારદજી મનમાં તો આનંદ પામે છે કે રૂકિમણીનો નંદ કેવો સરસ હોંશિયાર છે. કુંવર વિમાનને ઘડીકમાં ધીમું ઘડીકમાં ખુબજ ઝડપથી ચલાવે છે, નારદજીને ડરાવે છે.—

કાલસંવરની રજા લઈ પ્રદ્યુમ્નકુમાર–નારદજીની સાથે તે દિવ્ય વિમાનમાં બેસી દ્વારિકા નગરીએ જવા વિદાય થયો. ત્યારે રાજા રાણીને ઘણો આઘાત લાગ્યો. માર્ગમાં અનેક શુભ શુકન થયાં. તેમનું વિમાન સમુદ્ર, નદી, શહેરો પર્વતો વટાવતાં જઈ રહ્યું હતું. રસ્તામાં પવિત્ર ગિરિરાજ દેખવામાં આવ્યો. જેના ઉપર અનેક જિનાલયો દેખાતાં હતાં તે જોઈ પ્રદ્યુમ્ને પૂછયું કે આ પર્વતનું નામ

શું છે? નારદજીએ કહ્યું પુત્ર! આ ગિરિરાજનું નામ શત્રુંજય છે. તેના ઉપર શ્રીઆદીશ્વર વગેરે તીર્થંકરોના જિનાલયો છે. મહા પ્રભાવશાળી આ ગિરિ છે, એ ગિરિના દર્શન માત્ર કરવાથી તેજ ક્ષણે સર્વ પાપોનો ક્ષય થાય છે. આ ગિરિરાજ ઉપર અનંતા મુનિજનો સિદ્ધ થયાં છે અને ભવિષ્યમાં પણ અનંતા સિદ્ધ થશે. અત્યારે પણ સેંકડો મુનિજનો સિદ્ધ થાય છે. તેથી આ ગિરિરાજને સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર કહેવામાં આવે છે. અત્યારે આપણે દ્વારિકા પહોંચવાની ઉતાવળમાં છીએ. એટલે અહીં બેઠાં બેઠાં એ મહાપવિત્ર સિદ્ધગિરિને ભાવપૂર્વક વંદન કરી જીવન ધન્ય બનાવ, અને ભવિષ્યમાં તું જ્યારે સમય મળે ત્યારે આ સિદ્ધગિરિની અવશ્ય યાત્રા કરજે, જેથી જન્મ પવિત્ર થાય. વિમાનમાં બેઠાં બેઠાં પ્રદ્યુમ્ને સિદ્ધગિરિ ક્ષેત્રને ઘણા ભક્તિભાવ પૂર્વક વંદન કર્યા. અને વિમાન આગળ ચાલ્યું આગળ જતાં મેઘસમાન શ્યામ અને નિર્મળ પર્વત જોવામાં આવ્યો. તે જોઈ નારદજીએ કહ્યું હે પુત્ર! આ રૈવતક નામનો ગિરિરાજ છે, આ ગિરિ ઉપર તીર્થંકર ભગવાનના અનેક જિનાલયો છે, આ ગિરિનું દર્શન સ્પાર્શન અને પૂજન મહા મંગલકારી ગણાય છે, આ ચૈત્યોમાં સોનાની અને રત્નોની જિનેશ્વર દેવની વિપુલ પ્રણાણમાં પ્રતિમાઓ છે. આ ગિરિને અનેક શિખરો છે.

હે પ્રદ્યુમ્ન! તારા કાકા નેમિનાથના પાંચપૈકી ત્રણકલ્યાણકો થનાર હોવાથી ગિરિરાજ કલ્યાણક ભૂમિવાળો કહેવાય છે.

શ્રી નેમિનાથજીના કહેવાથી હું તે જાણી શકયો છું. સેંકડો જિનપ્રતિમાઓ આ પર્વત ઉપર છે તેથી આ ગિરિરાજ વંદનીય સ્તવનીય છે. જેથી પાપનો નાશ થાય છે. પ્રદ્યુમ્ન કુમારે મનોમન એ ગિરિને અને શ્રી નેમિનાથને ભાવથી વંદન કર્યા.

આગળ જતાં સેંકડો હાથી ઘોડા અને રથ સહિત સૈન્ય દેખવામાં આવ્યું તે જોઈને કુમારે પૂછયું આ કોણ જાય છે? નારદજી બોલ્યા–મહાઅહંકારી રાજા દુર્યોધનની પુત્રીને ભાનુકુમાર સાથે પરણાવવા જાય છે તેનો પડાવ છે. તેની પુત્રી ઉદધી નામે છે. ખરેખર તું ભાનુકુમાર કરતા મોટો હોવાથી તે પુત્રી તને આપવાની ઈચ્છા હતી. પણ ધૂમકેતુ નામે દેવ તારૂં હરણ કરી ગયો હોવાથી પોતાની પુત્રી ભાનુકુમારને આપી છે. ગમ્મત કરવાના ઈરાદાથી વિમાન ઊભું રાખી નારદજીની રજા લઈ પ્રદ્યુમ્ન સૈન્ય જોવા માટે ગયો. નારદજીએ જલદી આવી જવા ભલામણ કરી. નીચે ઉતરી કુમારે કદરૂપા ભયંકર દેખાવવાળા ભિલનું સ્વરૂપ કરી દુર્યોધનના કાફલામાં ગયો અને પૂછપરછ કરવા લાગ્યો કે દુર્યોધન મહારાજાનો મઠ કયાં છે? તેનો દેખાવ જોઈ સૌ હસવા લાગ્યા. પરંતુ કુમાર દુર્યોધન મહારાજા પાસે પહોચી ગયો અને કહેવા લાગ્યો–હે મહારાજા! હું કૃષ્ણ રાજાનો સેવક છું. તેથી કૃષ્ણ મહારાજના હુકમથી હું અહીંથી પસાર થતા વટે માર્ગું પાસેથી દાકુ(કર) લેવા અહીં રહેલો છું. મને દાણ ચૂકવ્યા વિના અહીંથી પસાર થઈ શકશો નહિં એટલું યાદ રાખજો.

આ સાંભળી દુર્યોધન ખટખડાટ હસી પડયો અને પૂછ્યું કે તું શું લઈશ? હાથી, ઘોડા, રથ વગેરે અનેક ચીજો મારી પાસે છે. ભીલ કહે–હે રાજા! તમારી પાસે જે અતિ ઉમદા ચીજ હોય તે મને દાણમાં આપો. દુર્યોધનને મજાક કરવાનું મન થયું એટલે બોલ્યો કે અમારી પાસે અતિ શ્રેષ્ઠતર વસ્તુ તો અમારી ઉદધિ નામે રાજકુવરી છે ભીલ કહે–તો એ કન્યાનું દાન આપો. હું તેની સાથે લગ્ન કરીશ. મારા ઉપકારી પિતાશ્રી કૃષ્ણ મહારાજ તે જાણી અત્યંત રાજી થશે. હું તમારી પુત્રી સાથે ભૌતિક સુખનો આનંદ મેળવીશ. આ સાંભળી સૌ લોકો હસવા લાગ્યા. આથી ભીલે સ્પષ્ટ સંભળાવી દીધું કે ભલે તમે બધાં મારી મશ્કરી કરો અને હસો પરંતુ યાદ રાખજો કે એ કન્યા મને આપ્યા સિવાય અહીંથી જઈ શકશો નહિ.

આ સાંભળી દુર્યોધન ગુસ્સે થઇ ગયો અને પોતાના સુભટોને આજ્ઞા કરી કે આ જંગલીને પકડીને લઇ જાઓ અને દૂર મૂકી આવો. રાજાનો હુકમ સાંભળી સૈનિકો તેને પકડવા જાય છે. ભીલ બોલ્યો આવો આવો મારી સાથે લડ-વાની કોની ઇચ્છા છે? યુદ્ધ માટે મારૂં એલાન છે. હાંસી કરનાર અને હસનારાઓને ખબર પાડી દઉં! અને દુર્યો-ધનના અનેક યોદ્ધાઓને માર મારીને સાંધા ઢીલા કરી નાંખ્યા અને સર્વની હાજરીમાં તેમની કન્યા ઉદધિને ઉપાડીને વિમાનમાં લઈ ચાલતો થયો.

કન્યા તો ભીલને જોઈને વાઘથી ગાય ડરે તેમ ડરવા

લાગી. થરથર ધ્રૂજવા લાગી. અરે રે....આ કાળા ભીલડા સાથે કેમ રહી શકાશે? ખૂબ કલ્પાંત કરવા લાગી. મારા કયા ભવના પાપ ઉદયમાં આવ્યા કે જેથી આ ભીલ મને ઉપાડી લાવ્યો. ગભરાએલી ઉદધિને નારદમુનિએ તેણીને શાંન્ત્વન આપ્યું અને કહ્યું– બેટી ગભરાઈશ નહિ. આ તને ઉપાડી લાવનાર ભીલ નથી પણ કૃષ્ણ મહારાજનો મહાન્ તેજસ્વી પ્રદ્યુમ્નકુમાર છે. તારા પિતાને પ્રથમથીજ તને આ કુમારને આપવાની ઇચ્છા હતી. પરંતુ દૈવયોગે આ રૂકિમણી પુત્રનું ધૂમકેતુ નામના દેવે હરણ કરેલ જેનો પત્તો આજ દીન સુધી કોઈને મલ્યો ન હતો તેથી જ તારા પિતાએ તને ભાનુકુમારને આપી છે. હવે તું સહેજ પણ ચિંતા કરીશ નહિં. પ્રદ્યુમ્નકુમારે ભીલનું સ્વરૂપ તજી દઈને મૂળભૂત અસલ સ્વરૂપમાં આવી વિમાન પૂર ઝડપે આગળ ચલાવ્યું. આગળ જતાં દૂરથી એક વિશાળ નગરી દેખાવા લાગી તેમાં ઉંચાઊંચા ગગનચુંબી અનેક મહેલો દેખાતા હતાં. મોટા મોટા વિશાળ મંદિરોના સુવર્ણ કળશ ઝળહળી રહ્યાં હતાં. આ જોઈને કુમારે નારદજીને પૂછયું–હે મુનિરાજ ! આ દેખાય છે તે નગરીનું નામ શું છે !

નારદજી કહે–બેટા ! એ તારા પિતા શ્રી કૃષ્ણ મહા-મહારાજ જે નગરમાં રહે છે. તે દ્વારિકા નગરી છે. જે ઇન્દ્રમહારાજના હુકમથી કુબેરે બનાવેલી છે. તેનો કિલ્લો સોનાનો છે અને તેમાં રત્નો જડેલા છે.

વિમાનમાંથી નારદજીએ કૃષ્ણનો મહેલ–બળદેવજીનો મહેલ–વસુદેવજીનો મહેલ–ઉગ્રસેનનો મહેલ–સમુદ્રવિજયનો મહેલ અને રૂકિમણિના મહેલ ઓળખાવ્યા. આદિનાથ ભગવાન–શાંતિનાથ અને નમિનાથના જિનાલયો ઓળખાવ્યાં.

કુમારે મુનિને કહ્યું–મુનિરાજ, આપ આ કન્યાની સાથે અહીં થોડી વાર બેસો. હું નગરીમાં જઈને ચમત્કાર બતાવી તરતજ પાછો આવું છું.

મુનિ કહે– બેટા ! હવે સહેજ પણ વિલંબ કરવો યોગ્ય નથી. તારી માતાને તારા મિલનની એક ક્ષણ એક વર્ષ સમાન લાગે છે સત્યભામા સાથેની શરતને કારણે તારી માતા અત્યારે અત્યંત દુઃખમાં ડૂબી ગઈ છે તેને શાંતિ આપવા આપણે જેમ બને તેમ જલદી જવું જોઇએ.

કુમારે કહ્યું– મારી માતાએ સોળ વર્ષ સુધી મારો વિયોગ સહન કર્યો તો થોડો વધુ સહન કરશે. માતાના વાળ ન ઉતરે તેવું કાર્ય થઇ ગયું છે. હું મારું પરાક્રમ બતાવ્યા સિવાય કે જાણ કર્યા સિવાય મારા પિતા પાસે જવા માંગતો નથી. તેઓ મારું પરાક્રમ જોઈનેજ ઓળખી લેશે કે સિંહમાં રહેલું સિંહત્વ તેના બળથી જ સમજાય છે માટે કૃપા કરીને મને જવાની રજા આપો. કે જેથી મારા માતા–પિતાને ખ્યાલ આવે કે મારો પુત્ર સિંહ જેવો છે.

મુનિએ કુમારની વાત યોગ્ય જ છે એમ સમજીને જવાની સંમતિ આપી. મુનિ વિચારે છે કે પુત્ર પિતા કરતાં સવાયો છે પ્રદ્યુમ્ન કુમાર નારદજીની રજા લઈ તેમને

ઉદધિને સોંપીને વિમાનમાંથી ઉતરીને દ્વારિકા નગરી તરફ ગયો. નગરીની બહાર પૂર્વ દિશામાં એક મનોહર ઉદ્યાન પાસે આવ્યો. ઉપાર્જિત વિદ્યાના બળે એક વાનર બનાવ્યો. જે લોઢાની સાંકળથી બાંધી બાંધેલ હતો. તે વાનરને લઇ કુમાર ઉદ્યાનમાં આવી વનરક્ષકોને પૂછ્યું કે આવું ભવ્ય અને અતિસુંદર–મનોહર ઉદ્યાન કોનું છે?

વનપાલકોએ કહ્યું– ભાઈ! મહારાજા શ્રી કૃષ્ણની રાણી સત્યભામાજી આ ઉદ્યાનની માલિકી છે. સત્યભામાના લાડીલા ભાનુકુમારના વિવાહ માટે આ ઉદ્યાનનું રક્ષણ કરીએ છીએ. બીજાને અંદર આવવાની સખ્ત મનાઇ છે તેમજ આ બાગમાંથી એક પણ ફળ કે ફૂલ તોડવાની પણ મનાઇ છે તું અંદર કેમ આવ્યો છે? મહેરબાની કરીને બહાર નીકળ, સત્વરે ચાલ્યો જા!

કુમાર કહે–ભાઈઓ, આપ મારી વાત સાંભળો મારી પાસે આ એક વાનર છે એ બિચારો બહુ ભૂખ્યો થયો છે એ માટે જ હું અહીં આવ્યો છું. આપ કહો તેટલા પૈસા હું આપું પણ આ વાનરને તેની ભૂખ દૂર કરવા દો તો આભાર. તમારી મહેરબાની ગણાશે.

કહેવત છે ને કે–દામ કરે કામ! વનરક્ષકોને પૈસા મલ્યા એટલે કુમારને બાગમાં પ્રવેશ મળ્યો. થોડીવારમાં તો તે વાનરે અંદર જઈને બાગમાંના વૃક્ષના તમામ ફળો તોડીને ખાઇ ગયો. તરતજ કુમાર તેને લઈને બહાર આવી આગળ ગયો.

વિદ્યાના બળે અશ્વ લઈને દ્વારિકામાં ઘાસથી ભરેલી વખારો હતી ત્યાં ગયો. કુમારે વખારના રક્ષકોને વિનંતિ કરી કે મારો અશ્વ બહુ ભૂખ્યો થયો છે. તમે માંગો તેટલું ધન આપીશ પરંતુ અશ્વને ખાવા દો. ધનના લાલચુ રક્ષકોએ રજા આપી. કુમાર અને અશ્વ અંદર ગયા. ક્ષણવારમાં તો તમામ ઘાસ સાફ કરી કુમાર અશ્વને લઈ પાણીની પરબે ગયો. ધનના લોભે પરબવાળાને સમજાવી પાણી પીવાની રજા મેળવી અંદર ગયો ત્યાંપણ થોડીજ વારમાં બધુંજ પાણી સાફ કરી સમગ્ર જગા રણ જેવી કરી મૂકી. ત્યાંથી નીકળી કુમાર પોતાના અશ્વને લઇને જાય છે તેવામાં ભાનુકુમારે જોયો. અશ્વના શોખીન ભાનુ કુમારે અશ્વની ઉત્તમ જાત જોઇ કુમારને પૂછયું–કે ભાઈ? આ ઘોડો વેચવાનો છે? કુમાર કહે–પૂરી કિંમત મલે તો જરૂર વેચવાની ઈચ્છાછે, કુમાર મોં માગ્યા દાન આપવા તૈયાર થયો.

પ્રદ્યુમ્નકુમાર કહે–કે હે રાજકુમાર! આ અશ્વ ઉત્તમ જાતવાન ઓલાદ છે, આપ પહેલાં તેની પરીક્ષા કરી જુઓ અને મારી વાત સાચીલાગે તો દામ ચુકવજો. તમને સંપૂર્ણ સંતોષ થાય તો જ હું તેની કિંમત લઈશ. તમને એમ ન લાગે કે મને છેતરી ગયો !

આ સાંભળી ભાનુ કુમારે ઘોડાની લગામ હાથમાં લઈ ઝડપથી તેના ઉપર સવારી કરી આમતેમ ફેરવવા લાગ્યો. ઘોડાએ સવારને પારખી તોફાન કર્યું અને ભાનુ કુમારને પછાડી દીધો જેથી તેના મુખમાંથી લોહી વહેવા લાગ્યું. દાંત

પણ પડી ગયા. સૌની વચ્ચે શરમિંદો બની નીચું મોં રાખી ઉભો રહ્યો.

આથી પ્રદ્યુમ્નકુમાર થોડા કડવા વેણુ બોલ્યો. હે કુમાર ! અશ્વ વિદ્યાની કોઈ જાણકારી ન હોવા છતાં ખોટો ડોળ કરવાથી આ પરિણામ આવ્યું છે! ખોટું બોલી કુળની આબરૂ ગુમાવી ! મા–બાપનું નાક કાપ્યું.

આ સાંભળી ભાનુ કુમાર એકદમ ગુસ્સો થઈ બોલ્યો અરે પરદેશી ! શું તને એકલાંનેજ અશ્વવિદ્યા આવડે છે કેમ ? ત્યારે કુમાર કહે હા ભાઇ, આ અશ્વને ખેલવતાં તો માત્ર મને જ આવડે છે અન્ય કોઈનું કામ નહિં. જો કે હું વૃદ્ધ છું.–આ અશ્વ ઉપર ચડવાની પણ શક્તિ નથી છતાં જો તમે ચાર છ માણસો ભેગાં થઈને અશ્વ ઉપર બેસાડો તો બતાવી આપું કે અશ્વવિદ્યાનું કેટલું અને કેવું જ્ઞાન હું ધરાવું છું ?

આથી ભાનુકુમારે પોતાના અનુચરોને આજ્ઞા કરી કે આ મુરખ અને અભિમાની માણસને અશ્વ ઉપર બેસાડો એટલે ખબર તો પડે કે તે કેટલો હોંશિયાર અને જાણકાર છે ! અનુચરો કુમારને ઉંચકી શકયા નહિં એટલે ભાનુ કુમારને મદદ કરવા વિનંતિ કરી આથી ભાનુકુમાર તેને ઉંચકી અશ્વ ઉપર બેસાડવા મદદ કરવા આવ્યો કે તરતજ પ્રદ્યુમ્નકુમાર ભાનુકુમારની ઉપર પડયો ભાનુકુમારને ઘાયલ કરી કુમાર અને અશ્વ એક ક્ષણમાં વિદ્યાના બળે અદૃશ્ય થઈ ગયાં. ભાનુકુમારને ઇજા થવાથી રડતો–કકળતો પોતાની

માતા પાસે ગયો.

આ બાજું કુંવરે નગરીના બીજા દરવાજામાં પ્રવેશ કર્યો. ત્યાં એક સોનાનો રથ દેખ્યો. રથમાં કેટલીક સ્ત્રીઓ મંગલગીત ગાતી હતી. રથ ઉપર ધ્વજા ફરકતી હતી– વિદ્યાના બળે કુંવરે જાણ્યું કે સત્યભામાના પુત્ર ભાનુકુમાર નાં લગ્ન હોવાથી કુંભારને ઘેર કુંભ વધાવવા જાય છે તેથી કુંવરના મનમાં થયું કે લાવ ત્યારે કંઈક વિઘ્ન કરીને રાજી થઉં.

કુંવરે બેડોળ રૂપ ધારણ કર્યું. એક માયાવી રથ બનાવી એક બાજુ ઉંટ અને બીજી બાજુ ગધેડો જોડયો અને તે રથ હાંકવા લાગ્યો. લોકો મશ્કરીથી બોલવા લાગ્યા કે આ કઈ જાતિનો રથ છે? તેનો હાંકનારો બુદ્ધિશાળી દેખાતો નથી. મંગલગીતવાળા રથની સામે રથ લઈને જાય છે ત્યારે રાજાના માણસો કહે તારો રથ બાજુ પર ઉભો રાખ–સત્યભામાના રથને માર્ગ આપ,

સત્યભામા કોણ ?....કૃષ્ણની પટરાણી તરીકે તમો કહો છો તો સમજી લેજો હું પણ કૃષ્ણના દીકરો છું. તો હું શા માટે રથ ચલાવી ન શકું ? બધા તેને ધમકાવવા લાગ્યા. કૃષ્ણનો દીકરો આવ્યો હોય ? તેવામાં કુમારે તો રથની સાથે રથ જોરથી અફાળ્યો, તેથી કોઈના દાંતપડી ગયા, કોઈના હોઠે લોહી નીકળ્યું, કપડાં કંઇકના ફાટી ગયાં, સ્ત્રીઓ રુદન કરવા લાગી. ત્યાં તો બધી માયા સંકેલી લીધી....બધા વિચારમાં પડી ગયા. આ શું? જરૂર કંઈક માયા જાળ છે!

ત્યાંથી આગળ જઈ પ્રદ્યુમ્ન કુમારે એક બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું અને નગરના જાહેર રોડ બેસી મંત્રોચ્ચાર કરતો બેઠો. ત્યાં આગળ સુગંધિત પુષ્પોનો ઢગલો તો જોયો. વિદ્યાના પ્રાબલ્યથી જાણ્યું કે આ ઢગલો તો ભાનુ કુમારના લગ્ન માટે માળીઓ લાવ્યા છે. તેમાં હાર ગજરા, છડીઓ, વિગેરે છે, પ્રદ્યુમ્ન કુમાર કહે—મને આ માંથી થોડા ફુલો, હાર આપો।

તમને આપવા લાવ્યા નથી....માટે ચાલ્યા જાઓ. આ તો ભાનુકુમારના લગ્ન માટે ગૂંથાય છે, માળીએ ફૂલ ન જ આપ્યા તેથી ફૂલને હાથ અડાડયો તેથી ફૂલ આકડાના થઇ ગયાં. લગ્નમાં કંઈ આકડાના હાર શોભે ? માળીઓ મૂંઝાયા. કુમાર સાહેબ તો આગળ ગયા....અત્તરવાળાની દુકાને ગયા. દુકાનદારોએ અત્તર ન જ આપ્યું....છેવટે બાટલીઓને હાથ અડાડયો કે જેથી સુગંધમય અત્તર દુર્ગંધમય બની ગયું, વેપારીઓ નાક આડા કપડાં બાંધી દીધા. અનેક વેપારી ઓને મુશ્કેલીમાં મૂકી દીધા. હાથીવાળા હાથી ન આપે તેથી હાથીઓને પાડા બનાવી દીધા, અનેક વેપારીઓ ત્રાસી ગયા. છેવટે સૌએ કૃષ્ણ મહારાજ પાસે ફરીયાદ કરી કે કોઈ જાદુગર આવ્યો છે. નગરીમાં હોહાકાર મચાવ્યો છે. ફરતાં ફરતાં નગરના મુખ્ય સ્થાને કુબ્જિકા નામની સત્યભામાની દાસી ત્યાંથી નીકળી અને બ્રાહ્મણ પાસે ઉભી રહી.

બ્રાહ્મણે પૂછયું—કે—હે બાઈ! તમે કોણ છો ? તમારૂં નામ શું છે ? દાસી—અહો ! તમે નથી જાણતા કે સત્યભા

માની અત્યંત વહાલી દાસી છું મારું નામ કુબ્જિકા છે. પણ તમે કોણ છો ?

બ્રાહ્મણ કહે–હું બ્રાહ્મણ છું–અનેક વિદ્યાઓનો જાણકાર છું તું કહે તો તારૂં કુબડાપણું મટાડી દઇ અત્યંત સ્વરૂપવાન સ્ત્રી બનાવી દઉં. આ સાંભળી દાસી અત્યંત રાજી થઈ અને વિનંતિ કરવા લાગી કે હે મહારાજ? આપ કૃપા કરીને મારૂં કુબડાપણું દૂર કરી અત્યંત સ્વરૂપવાન સ્ત્રી બનાવી દો. તમારો ઉપકાર જીવનભર હુ નહિ ભૂલું. આથી કુમારે વિદ્યાના બળે દાસીને અત્યંત સૌંદર્યવાન બનાવી દીધી. દાસીએ પ્રેમથી પૂછ્યું હે મહારાજ ? આપનું શુભ નામ શું છે? અને આપ અહીં દ્વારિકામાં કોના મહેમાન બન્યા છો ? બ્રાહ્મણ કહે–બાઈ ! જેને ત્યાં માનપૂર્વક ઉત્તમ પ્રકારના લાડુ મલે અગર તો જેને ઘેર સુગંધીદાર વડામળે તેનોજ મહેમાન બનું છું.

દાસી બોલી–અમારા રાણીશ્રી સત્યભામાને ત્યાં તેમના પુત્રના લગ્ન છે તે અંગે ઘણા મોદક અને સ્વાદિષ્ટ વડાં તૈયાર કરેલાં જ છે. આપ મારી સાથે ચાલો અને પેટ ભરીને જમો. આથી તે દાસીની સાથેસત્યભામાને ઘેર ગયો. બ્રાહ્મણને ઉભો રાખીને દાસી સત્યભામા પાસે ગઈ.

અત્યંત સૌંદર્યવાન સ્ત્રીને જોઈ સત્યભામા બોલી અરે ? તું કોણ છે અને કોની રજાથી અંદર આવી છે?

દાસી–બોલી રાણીમા, હું કુબ્જિકા છું. મને ન ઓળખી ? અને કેટલીક ગુપ્ત નિશાનીઓ સહિત ખાનગી

વાત જણાવી એટલે ઓળખી પરંતુ આટલું અપસરા જેવું રૂપ કેવી રીતે મેળવ્યું તે અંગેપૂછવા લાગી ત્યારે તેણે પેલા બ્રાહ્મણે કરેલ ઉપકારની વાત કરી.

સત્યભામા કહે અરે ઓ દાસી ! એ બ્રાહ્મણને અત્યાર ને અત્યારે અહીં બોલાવી લાવ. દાસીએ દોડતા જઈ ને બહાર ઊભેલા બ્રાહ્મણને બોલાવી રાણીબા સમક્ષ હાજર કર્યો. બ્રાહ્મણને જોઇ સત્યભામાએ હાથ જોડી પ્રણામ કર્યા અને બ્રાહ્મણે આશીર્વાદ આપ્યો– "અત્યંત સૌંદર્યવતી થા" કૃષ્ણજીને ખુશ કરનારી થા અને ફરી નવયૌવનાવસ્થા પામ જેથી રાજાની માનીતી બની સુખી થા.

સત્યભામા–હે મહારાજ ! આપના દયાભાવ હશે તો તમે કહ્યું એ મુજબ જ થશે. તેમાં મને સહેજે શંકા નથી. અને બ્રાહ્મણને બેસવા આસન આપી બેસાડયા.

હે મહારાજ ! આપે જે આશીર્વાદ આપ્યા તે મુજબ બને એવું કરો જેથી કૃષ્ણ મહારાજ મારા બનીને રહે. મારા રૂપમાં પાગલ બની મારી પાછળ જ ફરે. મારો મહેલ છોડી બહાર જાય જ નહિં;

બ્રાહ્મણ કહે–હે રાણી, તું જેવું ઇચ્છીશ એવું જ થશે, પરતુ એ માટે મંત્રોથી વિધિ કરવો પડે, એ મંત્રના બળે સર્વ મનોકામના પૂર્ણ થાય છે, આથી સત્યભામાએ એ મંત્ર અને વિધિ જણાવવા બ્રાહ્મણને વિનંતીકરી

બ્રાહ્મણ કહે–આ મંત્ર અને તેનો વિધિ અત્યંત કઠીન છે જે તમારાથી કદાચ ન પણ થઇ શકે. પરંતુ

કાર્ય સિદ્ધિ માટે તેનો અમલ કરવો પડે તેમ કરો તોજ મંત્ર ફળે. તમારું કહ્યું ના ચાલે !

સૌ પ્રથમમાથે મુંડન કરાવવું-શરીરે મેશ ચોપડવી અને જુનું સાંધેલુ કપડું પહેરવું પડશે. અતિ સ્વરૂપવાન બનવાની ઇચ્છાવાળી સત્યભામાએ બ્રાહ્મણના કહેવા મુજબ કર્યું એટલે બ્રાહ્મણે મંત્ર શીખવ્યો અને તે મંત્ર સિદ્ધ કરવાનો વિધિ સમજાવ્યો. અને કહ્યું કે તમારા કૂળદેવી પાસે બેસીને મૌન રહી આ મંત્રનો જાપ કરો તે દરમ્યાન હું ભોજન કરી લઉં. દાસી લાડુ આપતી ગઈ અને બ્રાહ્મણ ખાતો ગયો. વિદ્યાના બળે તમામ લાડવા અને રસોઈ તે ખાઈ ગયો. છતાં માંગતો જ ગયો. આથી દાસી ખૂબજ ગુસ્સે થઈને બોલી-અરે ! તું કોણ છે ? તારે તે પેટ છે કે પટારો? જેટલું હતું તે બધુંજ ખાઈ ગયો છતાં હજું ધરાયો નથી? હવે બીજું કાંઇ ખાવાનું નથી-ઊઠ, ઊભો થઈ જા હવે તું જા !

આથી બ્રાહ્મણ બોલ્યો તારી નજર ભારે લાગે લાગે છે! મેં જે આરાગ્યું તે મને પચવાનું નથી પણ ખાધેલું ઓકાવી નાખે એવી તારી નજર છે આથી તારું ખાધેલું તારે ઘેર પાછું એમ કહી ખાધેલું બધુંજ વમન કરી નાંખ્યું. એની દુર્ગંધ આ બદબુ ચારે તરફ ફેલાઈ ગઇ. આથી દાસીએ તિરસ્કાર પૂર્વક કાઢી મૂકયો. તેથી તે બ્રાહ્મણ ત્યાંથી ઊઠી ચાલતો થયો.

અહીંથી બહાર નીકળી બાળમુનિનું સ્વરૂપ ધારણ કરી રૂકિમણીના મહેલે ગયો. દૂરથી બાળમુનિને આવતા

જોઈને રૂકિમણી અંદર આસન લેવા ગઇ તે દરમ્યાન તે બાળમુનિ અંદર આવી કૃષ્ણના સિંહાસન ઉપર બેસી ગયા. આસન લઈને રૂકિમણી આવી અને બાલમુનિને સિંહાસન પર બેઠેલ જોયા.

રૂકિમણી બોલી–હે બાલમુનિ, આપ આ આસન ઉપર બેસો આ સિંહાસનના અધિકારી તો માત્ર કૃષ્ણમહારાજ કે તેમને પુત્ર જ છે. તે સિવાય બેસનારને આ સિંહાસનના અધિષ્ઠાતા દેવ હેરાન હેરાન કરી મૂકે છે. માટે મહેરબાની કરી ત્યાંથી ઊભા થઈ આ આસન ઉપર બેસો અને આપ શા કારણથી અહીં પધાર્યા છો તે મને કહેવા કૃપા કરો.

બાલમુનિ હે માતાજી! હું જન્મથી જ તપસ્વી છું. એટલે મને હરાવવા કોઈપણ દેવ સમર્થ નથી. હું ઘણે દૂર દૂરથી આવું છું માટે મહેરબાની કરીને મને અહીંથી ઉભા થવાનું કહેશો નહિં.

આ સાંભળી રૂકિમણી બોલી હે બાળમુનિ! આપે કેટલું મોટુ તપ કરેલું છે કે આટલી શક્તિ મલી છે?

બાલમુનિ–હે ભાગ્યશાલીની! નાનીવયથી સંસાર છોડી તપ કરું છું અને મહાપંડિત બન્યો છું જન્મથી માતાનું ધાવણ મેં ચાખ્યું નથી એ વાતને આજે સોળ વર્ષ પૂરા થયા. તે તપ આજે પૂરો થાય છે. રૂકિમણી કહે–હે બાલમુનિ! જૈન શાસ્ત્રમાં ઉપવાસ છઠ્ઠ. અઠ્ઠમ અઠ્ઠાઈ વગેરે તપ વિષે હું જાણું છું વર્ષીતપ જેવું અતિ ઉત્તમ તપ વિષે પણ જાણું છું, પરંતુ સોળ વર્ષનું તપ મેં ક્યાંય

જોયું કે સાંભળ્યું નથી. આપ અસત્ય શા માટે બોલો છો ?

આ સાંભળી બાલમુનિ કૃત્રિમ ગુસ્સો કરી બોલ્યા–સત્યાસત્યની ચર્ચા કરી મને શા માટે ગુસ્સો કરાવે છે ? ભિક્ષા આપવાની ઇચ્છા હોય તો જલદી આપ–નહીંતર ઊભો થઇને બીજી જગ્યાએ જઉં. રૂકિમણી ઊંડો નિસાસો નાંખતા બોલી–મહારાજ ! મારા હૈયામાં આજે શોક ભરેલો હોઇ મેં આજે કાંઇ રાંધ્યુ નથી અને મેં ખાધું પણ નથી. તમોને શું આપું ?

બાલમુનિ અરે, તું તો ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ મહારાજની મુખ્ય માનીતી પટ્ટરાણી છે અને તારે વળી શોક કેવો ? તારા શોકનું કારણ શું? તારી વાત મારા માનવામાં કે સમજવામાં આવતી નથી.

રૂકિમણી કહે–હે બાલમુનિ ! મને મારા પુત્રનો સોળ વર્ષથી વિયોગ છે એ મારા દુઃખનું મુખ્ય કારણ છે.

પુત્ર મિલન માટે મેં મારા કુળદેવતાની વિધિપૂર્વક તપ જપ કર્યા. પણ સફલ ન થતાં પ્રાણ–ત્યાગ કરવાનો મક્કમ નિર્ણય કરી બેઠી ત્યારે દેવતાએ પ્રસન્ન થઈ કહ્યું કે તારા આંગણામાં જે આંબો છે તેને કમોસમે મંજરીઓ આવે ત્યારે તને તારો પુત્ર મલી જશે. તે દિવસથી હું તેની રાહ જોઇ રહી છું. આજે આ આંબે મંજરીઓ આવી છે પણ હજુ મને મારો પુત્ર મલ્યો નથી. માટે હે મહારાજ ! આપ આપના જ્ઞાનના બળે મને કહી શકશો કે મને મારો પુત્ર કયારે મલશે ? બાલમુનિએ કહ્યું–હે માતાજી તારો

પુત્ર આવી ગયો છે એમજ તું સમજી લેજે. મારા મારા વચન ઉપર વિશ્વાસ રાખજે. અમે મુનિજનો કદી અસત્ય બોલતા નથી. તું હર્ષ પામી શાંતિથી આરોગજે.

આ સાંભળી રૂકિમણી રાજી રાજી થઈ ગઈ અને મુનિને કહે છે, હે મુનિરાજ ! આપને જોઈને મને મારા પોતાના પુત્ર જેટલો પ્રેમ થાય છે માટે આપ જે જોઈએ તે માંગો. જરાપણ શરમાશો નહિં. આપની ઈચ્છા હોય તે જણાવો. આપની ભક્તિનો મને લાભ આપો.

બાલમુનિ કહે–હે માતાજી ! મારે સોળ સોળ વર્ષથી તપશ્ચર્યા ચાલુ છે જેથી હું નબળો પડી ગયો ગયો છું. મને સરસ રાબ પીવડાવો જેથી મને શાંતિ મળે. આથી રૂકિ-મણીએ કેસર–કસ્તુરી વગેરે અમુલ્ય ચીજો સારાપદાર્થો નાંખી બનાવેલ લાડુ લાવી તેને ભાંગી ભુક્કો કરી રાબ બનાવવા લાગી. ચુલો સળગાવવાના અનેક પ્રયત્નો કર્યા છતાં મુનિની ગુપ્ત શક્તિના પ્રભાવે ચુલો સળગતો નથી. રૂકિમણી થાકીને લોથપોથ થઈ ગઈ. આ બાજુ બાલમુનિ રાડો પાડવા લાગ્યા. હે બાઈ ! મને બહુજ ભૂખ લાગી છે. મારાથી રહેવાતું નથી. ચુલો ન સળગે તો કાંઈ નહિં. મને લાડુજ આપી દે–ભૂખનું દુઃખ મારાથી સહન થતું નથી.

રૂકિમણીએ કહ્યું કહે–હે બાલમુનિ ! આ લાડુમાં કેસર કસ્તુરીઅને બીજા અનેક કિંમતી પદાર્થો નાંખેલા છે અને તે પણ મારા સ્વામી શ્રીકૃષ્ણ માટે જ બનાવ્યા છે. એ લાડુ પચાવવા ખૂબ કઠીન છે–આ લાડુ અન્ય કોઇ વ્યક્તિ ખાય

તો કદાચ મૃત્યુ પણ પામે આથી આ લાડુ આપને આપતાં હું અચકાઉં છું. મને ગભરાટ થાય છે.

બાલમુનિ કહે—એ લાડુ પચાવવાની શક્તિમારામાં છે મને જલદીથી આપી દે. મને કંઈ નહિ થાય. માટે મારી ચિંતા કરીશ નહિ. ગભરાતાં ગભરાતાં રૂકિમણીએ ફક્ત એક જ લાડુ મુનિને આપ્યો. મુનિ કહે છે કે—બાઇ ! ખરેખર તું બહુ કંજૂસ લાગે છે. કૃષ્ણ મહારાજ માટે બનાવેલાં એટલે મને આપવાની આનાકાની કરતી હોય તેમ લાગેછે. એટલું બોલતાં બોલતા મુનિ ખાઈ ગયાં. રૂકિમણીએ બીજો—ત્રીજો ચોથો લાડુ આપ્યો તો તરતજ ખાઈ ગયાં. રૂકિમણી આપતી ગઇ અને મુનિ ખાતાં ગયાં.

રૂકિમણી વિચાર કરે છે કે આવો ઉત્કૃષ્ટ લાડુ કૃષ્ણ મહારાજ પણ એકથી વધારે ખાવા સમર્થ નથી અને આ તો નાનું છોકરૂં છતાં ઘણાખાવા છતાં ધરાતું નથી. કોણ હશે આ બાળમુનિ ! એટલામાંજ બાળમુનિ જમી રહ્યા અને હાથ ધોયાં. ખરેખર પ્રદ્યુમ્નકુમાર હસતી રડતી સૌનેમાના પાત્ર રૂપ બની ગયા.

આ બાજુ સત્યભામાની શું સ્થિતિ થઇ તે જોઈએ. પેલા બ્રાહ્મણના સમજાવ્યા મુજબ એક ઓરડામાં શાંતચિત્તે કુળદેવી સમક્ષ બેસીને જાપ કરતી હતી તેવામાં બાગના રક્ષકો, વખારના ચોકીયાતો, જળશાળાના માણસો વગેરે આવીને બૂમો પાડતાં હતાં.

હે રાણીજી ! કોઈ એક અજાણ્યા માણસે આવીને

આખું ઉદ્યાન ફળફુલ વગરનું બનાવીને નાસી ગયો છે– વખારના ચોકીયાતો કહે–હે દેવી! અહીં પણ એક અજાણ્યો માણસ આવીને બધુંજ ઘાસ–પૂળા સાફ કરી વખારો ખાલીખમ કરી નાંખી છે તો જળશાળાના માણસો કહે હે માતાજી! અહીં પણ એક અજાણ્યો માણસ આવેલો અને તમામ પાણી પી ગયો અને અમારી પાસે પાણીનું એક બિંદુ પણ રહેવા દીધું નથી. એવામાં કેટલાંક અનુચરો દોડતાં આવીને બોલ્યા–હે રાણીમા, કોઈ અજાણ્યા માણસે આવીને ભાનુકુમારને અશ્વ ઉપરથી પછાડયા છે અને તેમને બહુ વાગ્યું છે. દાસીએ આવીને કહ્યું–હે રાણીજી! અમારા રસોડાની તમામ રસોઈ કોઈ અજાણ્યો માનવી આવીને ખાઈ ગયો છે.

આ બધી જાતજાતની ફરિયાદો અને નુકશાનની વાત સાંભળીને સત્યભામા ઓરાડાની બહાર આવી અને સૌની ફરિયાદ સાચી હતી તે જાતે જોઈને મુંઝાઈ ગઈ.

સત્યભામાને હવે લાગ્યું કે ખરેખર કોઇ દુષ્ટ પાપી માણસે મને પણ બનાવી છે. ફાટેલા કપડાં પહેરાવી કાયા કાળી મેશ બનાવી મુંડન કરાવી મને બદસુરત બનાવી દીધી છે, હાય! હાય! હવે હું શું કરૂં? પાપ છૂપાવવા પ્રયત્ન કરવાં છતાં ન છૂપાયું, માથું મૂંડાયેલું દેખાણું આરીસામાં જોઈ જોઈને રડે છે. હવે જો રૂકિમણીને ખબર પડશે તો તો રાજી થશે હા પણ તેને આ બધી વાતની ખબર પડે તે પહેલાં હું તેને મુંડન કરાવી તેના વાળ મંગાવી લઉં જેથી તે મારી હાંસી તો ન કરે!

તરતજ દાસીઓને મોકલી કહેવડાવ્યું કે "હે આપણી શરતમાં તું હારી છે. અને હું જીતી છું. મારા પુત્રના લગ્ન છે એટલે તું તારા વાળ ઉતારીને મને મોકલી આપ."

સત્યભામાનીદાસીઓ વાજતી, ગાજતી, હસ્તી, હસતી ઢોલ-નગારાં વગાડતી નીકળી. લોકોએ પૂછ્યું કે શું છે? ત્યારે કહે કે અમે રૂકિમણીનું માથું મૂંડવા જઇએ છીએ. આથી લોકો પણ રડી પડયા. વિના પ્રયોજને રૂકિમણીનું માથું મૂંડાશે! દૂરથી દાસીઓના ટોળાને આવતું જોઇને રૂકિમણી ચોધાર આંસુ પાડતી કરુણ રુદન કરવા લાગી અરે ઓ દીકરા, તું કયાં ગયો. ૧૬ વર્ષ થઇ ગયા હવે તો તું આવે તો શું-ન આવે તો પણ શું? રૂદન પોકારતી હતી—બાલ મુનિએ સંપૂર્ણ હકીકત સાંભળી રૂકિમણીને કહ્યું કે માતા, તમો કોઈ પણ પ્રકારે ચિંતા કરશો નહિં તમો અંદરના રૂમમાં શાંતિથી બેસો, તમારાવાળ જશે નહિં તેમ તમારો પુત્ર પણ તમોને મલશે—

માતાને અંદર બેસાડી પ્રદ્યુમ્નકુમારે પોતાનું રૂપ બદલી સ્વયં રૂકિમણી સદૃશ બની દાસીઓને કહ્યું કે તમો આવો-મારા વાળ ઉતારો, અને હું અરિસામાં જોઉં કે જેથી મારૂં વચન પાળ્યાનો મને સંતોષ થાય-

દાસીઓ વિચારે કે કેવી ભદ્રિક સરળ અને ક્ષમાશીલ છે, ત્યારે સત્યભામા તો ઘમંડી, ક્રોધી અને ઇર્ષાળુ છે. એકબાજુ રૂકિમણીના માથાના વાળ દાસીઓ ઉતારે છે બીજી બાજુ કુમારે વિદ્યાના બળે દાસીઓના નાક, કાન,

વાળ ઉતારી લીધા પણ ખબર પડી નહિં—અસલ રૂકિમ ણીને અંશમાત્ર તકલીફ પડવા દીધી નહિં—દાસીઓ હરખાતી અને રૂકિમણીના જ ગુણોની પ્રશંસા સત્યભામા પાસે કરવા લાગી—ત્યારે ઈર્ષાળુ સત્યભામા બોલી.

હે દાસીઓ—એ રૂકિમણીના વાળ બતાવો, જ્યાં વાળ બતાવવા માટે થાળી ઉપરનો રૂમાલ ખસેડયો તો વાળ ન દેખાયા પણ દાસીઓના નાક, કાન, વાળ, આંગળીઓ દેખાઈ, દાસીઓને કહ્યું કે તમોએ શું કર્યું; ! તમારા નાક, કાન, વાળ. કપાઈ ગયા. એક બીજાની સામું જોવે છે. ત્યારે ખબર પડી—

સત્યભામા વિચારે છે કે જરૂર રૂકિમણી મંત્ર-તંત્ર યંત્ર કરાવતી લાગે છે. તેથી ક્રોધાયમાન બનેલી સત્યભામાએ અન્ય અનુચરોને મોકલ્યાં અને કહ્યું કે ગમે તે રીતે બળજબરીથી પણ રૂકિમણીના વાળ ઊતારીને લઈ આવો ! બાળમુનિએ તેમને સૌને પણ હેરાન હેરાન કરી નાંખ્યા. તેમના બધાંના વાળ ઉપરાંત શરીરના અમુક ભાગની ચામડી પણ ઉખેડી નાંખી. સૌ રડતાં રડતાં પાછાં આવ્યાં.

આથી ધુંઆ કુંઆ થતી સત્યભામા કૃષ્ણ મહારાજ પાસે જઈને ફરિયાદ કરી અને કહ્યું અમારી શરતમાં રૂકિમણી હારેલ છે. તેમાં તમે બળદેવજી અને દુર્યોધનજી સાક્ષી હતાં. માટે હવે તમે જાતે જઈને રૂકિમણીના વાળ ઊતરાવી મને આપો.

આથી કૃષ્ણ મહારાજે બળદેવજીને કહ્યું ભાઇ ! તમે જાતે રૂકિમણીના મહેલે જાવ અને તેને કહો કે તું શરતમાં હારી ગઈ છે. અમે ત્રણે સાક્ષી છીએ એટલે હઠ ન કરતાં વાળ ઉતરાવીને આપી દે.

બાલમુનિને ખબર પડી કે બળદેવજી આવે એટલે પોતે વિદ્યાના બળે કૃષ્ણ મહારાજનું રૂપ કર્યું. બળદેવજી રૂકિમણીના મહેલે આવ્યા અને જોયું તો સિંહાસન ઉપર કૃષ્ણ બેઠાં હતાં અને રૂકિમણી પાન બનાવી રહી હતી. પોતે કૃષ્ણથી મોટાં હોવાથી શરમાઇને પાછાં ચાલ્યાં ગયા. ત્યાં પણ કૃષ્ણને બેઠેલા જોયાં આથી એકદમ ગુસ્સે થઈને બોલ્યાં અરે કૃષ્ણ ! તને હાંસી મજાક કરવાની ટેવ છે એ હું જાણું છું. પરંતુ મોટાભાઈની પણ આવી મશ્કરી કરવી એ યોગ્ય નથી. એક બાજુથી મને રૂકિમણીને સમ જાવા મોકલે છે ત્યાં જઈને જોઉં છું તો તું ત્યાં સિંહા સન ઉપર બેઠાં બેઠાં રૂકિમણી સાથે વાતો કરે છે. એ જોઇને હું શરમાઇને પાછો આવ્યો. આ બધું ઉચીત નથી. આમ ગુસ્સાથી લાલચોળ આંખો કરી જેમતેમ ઠપકો આપે છે.

કૃષ્ણ કહે હે મોટાભાઈ! તમારી સાથે કદી પણ હું આવું ન કરું. હું ત્યાં ગયો જ નથી. તમારી કાંઈ ભૂલ થતી હશે. વસુદેવજીના સોગંદ ખાઈને કહું છું કે હું કાંઈજ જાણતો નથી, આમ કહી તે બળદેવજીને ઠંડા પાડયા. કૃષ્ણજીએ સત્યભામાને સમજાવી શાંત રાખી. હમણાંજ હું જાઉં છું અને રૂકિમણીના વાળ લાવી આપું છું. પરંતુ

અત્યંત ગુસ્સે ભરાયેલી સત્યભામા માની નહીં અને પગ પછાડતી પછાડતી પોતાના મહેલે ગઈ.

બળદેવજીએ સુભટોને અહીં મહેલ લૂંટવા મોકલ્યા છે. કારણ કે દાસીઓના વાળ, નાક, કાન મેં કાપી નાંખ્યા છે તે ફરીયાદના ફળ સ્વરૂપે ભલે આવે છે પણ મા તું ચિંતા કરીશ નહિં. કુમારે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ કર્યું સુભટોની સામે જોઈને કહ્યું કે ઉભા રહો, લાકડીઓ ઉગામવા બધા ગયા તેવામાં એક સુભટ સિવાય બધા સ્થિર થઈ ગયાં. કુમારે સ્થંભન વિદ્યાનો પ્રયોગ સફળ કર્યો, એક સુભટ બળદેવજી પાસે દોડીને જઈ હકીકતનું નિવેદન કર્યું. બળદેવજી ઝડપથી આવ્યા જોઉં તો ખરો કે મને કેવો સ્થંભિત કરે છે. કુમારે બ્રાહ્મણનું રૂપ કરી મોટું પેટ બનાવી બારણા વચ્ચે સૂતા. બળદેવ કહે દૂર ખસો. અરે ભાઈ મારા જેવા ભારે શરીરવાળાને ખસેડયા વગર બીજા બારણેથી જાઓ, બ્રાહ્મણ (કુમાર) કહે......તમે મારી દશા તો જુઓ. સત્યભામાને ઘેર જમવા ગયો...ખોટો આગ્રહ કરી મીઠાઈઓ ફરસાણ બહુ ખવડાવ્યું છે. મારાથી ઉભું થવાય તેમ નથી. બળદેવ કહે ઉઠે છે કે નહિં પગ પકડીને ઉઠાડવો પડશે. કુમાર કહે તમારાથી થાય તે કરો મારાથી ઉઠી શકાય તેમ નથી. બળદેવ ગુસ્સે થઇને તેને ઉંચકીને દૂર ફેંકયો પણ પાછો હતો ત્યાંને ત્યાં જ દેખાય બ્રાહ્મણ મટી સિંહ બન્યો, અનેક રૂપો કર્યા, બળદેવજીને પરેશાન કર્યા છેવટે બળદેવજી કંટાળ્યા.

## ૧૧

# પિતા–પુત્ર મિલન

રૂકિમણીના મહેલે રૂકિમણી બાળમુનિ સાથે વાતો કરી રહી હતી તેવામાં નારદજી આવી પહોંચ્યાં. રૂકિમણીએ નારદજીને પ્રણામ કર્યા અને પૂછ્યું હે મુનિરાજ, આજ સોળ વર્ષ પૂરા થયાં હજુ મને મારો પુત્ર મલી શકયો નથી. આપ મને કહો કે મારો પુત્ર મને કયારે અને કયાં મળશે ? અધિરાઇની પણ હદ હોય. હવે હું રાહ જોઈ શકું તેમ નથી.

નારદજી હસતાં હસતાં બોલ્યાં હે રૂકિમણી ! આ તારી સામે કૃષ્ણ મહારાજના સિંહાસને બેઠો છે તેજ તારો પુત્ર પ્રદ્યુમ્ન છે. તેને જોઈને ખુશી થા ! વ્હાલનો વરસાદ વરસાવી દે આથી પ્રદ્યુમ્નકુમારે અસલ સ્વરૂપ કરી માતા અને નારદમુનિને પ્રણામ કર્યા. **માતાપુત્ર મલ્યાં** માતાના મનમાં રહેલાં બાળપણના કોડ પણ કુમારે પૂરા કર્યા. કુમારે બાલ શરીર બનાવી બાલ ચેષ્ટા પણ કરી બતાવી. આનંદ મંગળ વર્તાઈ રહ્યાં. રૂકિમણી કહે બેટા ! આજે મને શાંતિ થઇ. હવે તું તારા પિતા અને કાકાને ભેગો થા. જેથી સૌને આનંદ થાય.

પ્રદ્યુમ્ન કહે હે માતાજી હું આવ્યો છું અને તને મલ્યો છું એ વાત કૃષ્ણજીને કે કોઈ ને કહેશો નહિં. હું મારા પિતાજીને એટલું બતાવવા માંગુ છું કે બાપ કરતાં બેટો સવાયો છે. મારા બળની ખાતરી કરાવીને પછીથી જ મળીશ હું જે કરું તે તમે મૌન રહીને જોયાં કરજો.

પ્રદ્યુમ્ને માયાથી રથ બનાવી–તેમાં રૂકિમણીને સમજાવીને બેસાડયાં. અને નગર વચ્ચેથી નીકળ્યો. અને જોરદાર શંખ પણ વગાડયો. અને કહ્યું–કે હું રૂકિમણીને લઈ જાઉં છું. જેનામાં તાકાત હોય તે આવીને પાછી લઈ જાય. હું યુદ્ધ કરવા તૈયાર છું મને હરાવીને રૂકિમણીને પાછી લઈ જઇ શકો છો. હિંમત હોય તો સામે આવીને લડો નહિંતર ઘરમાં જઈને બંગડી પહેરી બેસી રહો.

આ સાંભળીને અનેક શૂરવીર રાજાઓના લોહી ઉકળી ઊઠયાં. અને પ્રદ્યુમ્ન સાથે યુદ્ધ કરવા લાગ્યાં. પરંતુ પ્રદ્યુમ્ને સૌને હરાવ્યાં. નીચી મુંછ કરી સૌ ચાલ્યાં ગયા–આ વાતની જાણ કૃષ્ણને થતાં તેઓ બળદેવજી અને સૈન્ય લઇને આવી પહોંચ્યાં.

કૃષ્ણને આવેલાં જોઈ–ન બોલવાના અનેક અપમાન જનક શબ્દો બોલી કૃષ્ણને ગુસ્સે કર્યા. કૃષ્ણ અને પ્રદ્યુમ્ન મેદાને પડયાં ઘણા વખત સુધી લડયા પરંતુ કોઈની હાર–જીત થતી નહતી. છેવટે પ્રદ્યુમ્ને વિદ્યાના બળથી કૃષ્ણને બાંધી લીધા.

પ્રદ્યુમ્નકુમાર માતા રૂક્મિણીને જ્યાં નારદજી ઉદધિ-કુમારી છે ત્યાં મૂકી લડવા માટે ગયો. નારદજીએ સાસુની ઓળખાણ વહુને જણાવી પગે લગાડી. કૃષ્ણજીનું સૈન્ય મોટું હોવા છતાં કુમારે વિદ્યાના બળથી વિપુલ સૈન્ય ઉપસ્થિત કર્યું. ભયંકર તુમુલ યુદ્ધ થયું. કોઈ કોઈને મચક આપતું નથી.

પિતા-પુત્ર યુદ્ધ ખેલી રહ્યા છે આ યુદ્ધ જોવા દેવ-તાઓ આકાશમાં ઉતર્યા છે. ઘણા યાદવોનો સંહાર થઈ ગયો. કૃષ્ણજી વિચારે છે કે મારી પત્નિનું અપહરણ કરી લાખો સૈન્યનો કચ્ચર ઘાણ કાઢયો છતાં મને તેના પ્રત્યે કેમ સ્નેહ થાય છે મારી આંખ કેમ ફરકે છે. વિચારમાં પડી ગયા ત્યાં તો કુમારે અવાજ કર્યો. કેમ થાકી ગયા? કૃષ્ણજી ક્રોધથી ધમધમી ઉઠયા.

રૂક્મિણી નારદજીને કહે હે પરમ ઉપકારી તમે જલ્દી જઈને યુદ્ધ બંધ કરાવો. નારદજી વિનંતિને માન આપી કૃષ્ણજીને પાસે આવીને કહે તમે કોની સાથે યુધ્ધ કરો છો. અરે અરે કૃષ્ણ ! તમારો દુશ્મન નથી પણ અનેક વિદ્યાઓ સિધ્ધ કરીને તમારા ચરણોમાં નમસ્કાર કરવા આવેલો તમારો પુત્ર જ છે. આ શબ્દો સાંભળતાં કૃષ્ણજી અત્યંત હર્ષિત થયાં. કુમારને ભેટવા માટે જ્યાં શસ્ત્ર મૂકયા તેટલામાં કુમાર દોડતો આવી પિતાજીના ચરણોમાં ઝૂકી પડયો. કૃષ્ણજીની આંખમાં શ્રાવણ-ભાદરવો વરસવા માંડયો. કેવું પિતા-પુત્રનું મિલન !

પ્રદ્યુમ્ન પિતાના ચરણોમાં નમી પડયો. બળદેવજીને અને વસુદેવજીને પગમાં પડી વંદન કર્યાં. સૌએ અત્યંત હર્ષપૂર્વક બાથમાં લીધો. પુત્રના પરાક્રમની વાહવાહ કરી. વાતાવરણમાં સર્વત્ર આનંદની મહેંક ફાલી રહી.

ખૂબજ ધામધુમથી નગરપ્રવેશ કરાવ્યો. નગરમાં ઘેર ઘેર કુમારની બહાદુરીની વાતો થવા લાગી. આખા રાજ્યમાં સર્વત્ર આનંદ મંગળ વર્તાઈ રહ્યાં. કુમાર રૂકિમણી માતાને મહેલે આવ્યો. ઘેર ઘેર કુમારની પ્રશંસા થતી હતી.

પુત્રમિલનની ખુશાલીમાં રાજ્યભરમાં એક અનેરો ઉત્સવ રાજ્યભરમાં અને રાજસભામાં આઠ દિવસથી ઉજવાઇ રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં માનવ મહેરામણ ઉમટી પડયો છે. ઠેરઠેર મંડપ-કમાનો અને રોશનીનો ઝળહળાટ ઝગમગી રહ્યો છે.

એક દિવસ કૃષ્ણ મહારાજ સભા ભરીને બેઠાં હતાં તેવામાં બહારથી બૂમો પાડતો દૂર્યોધન સભામાં આવીને કૃષ્ણને કહે છે હે પ્રભુ, હું મારી પુત્રીને ભાનુકુમાર સાથે પરણાવવા અનેક સગાં-વ્હાલાઓ અને અનુચરો સાથે અહીં આવી રહ્યો હતો. દ્વારિકાનગરીની બહાર થોડે દૂર અમે મુકામ કરેલો. અનેક કિંમતિ અલંકારો અને આભુષણો પહેરીને બેઠેલી મારી પુત્રીને કોઇ અજાણ્યો માણસ બલાત્કારથી લઈ ગયો છે. અમે તેની પાછળ પડયાં પરંતુ તે કયાં અદ્રશ્ય થઇ ગયો તેની કોઇને ખબર પણ ન પડી માટે આપ તેની તપાસ કરાવી મારી પુત્રી પાછી મેળવી આપો.

કૃષ્ણ કહે–હે દૂર્યોધન, તમે શાંતિ રાખો. હું તપાસ કરાવું છું. જ્યાં હશે ત્યાંથી લઈ આવીશું.

પ્રદ્યુમ્ન કહે–તમારે કોઈએ તપાસ કરાવવાની જરૂર નથી. હું મારી વિદ્યાના બળે તમારી પુત્રી લાવી આપીશ. તમે સૌ બેફીકર રહો અને થોડી વારમાં એક અનુચરને મોકલી નારદજી પાસેથી તે કન્યાને મંગાવી સૌની હાજરીમાં જ તેને દૂર્યોધનને સોંપી.

કૃષ્ણને લાગ્યું કે પ્રદ્યુમ્ન મહાબળવાન અને મંત્ર-વિદ્યાનો પણ જાણકાર છે. તેમજ ભાનુકુમાર કરતાં મોટો અને વધુ યોગ્યતાવાળો છે. તો ખરેખર આ કન્યા પ્રદ્યુમ્નને આપવી જોઈએ. અને કૃષ્ણે પ્રદ્યુમ્નને સમજાવ્યું કે આ કન્યા ઉપર તારો હક્ક પહેલો માટે તું ગ્રહણ કર.

પ્રદ્યુમ્ને સ્પષ્ટ ના પાડી અને કહ્યું– એક વખત તમે એ કન્યા મારા ભાઈ ભાનુકુમારને આપી છે એટલે એ મારી ભાભી થાય. એ કારણે એ કન્યા મને ન ખપે. આ સાંભળી સર્વે ખુશ થયાં અને મોટો લગ્ન મહોત્સવ કરી ધામધુમથી તે કન્યા ભાનુકુમાર સાથે પરણાવી. સત્યભામા પણ રાજી રાજી થઈ ગઈ.

ત્યારબાદ વિદ્યાધરોના રાજા અને પોતાના પાલક પિતાને ત્યાંથી પોતાની પત્નિ 'રતિ' અલંકારો આભુષણો વગેરે તમામ ચીજો મંગાવી દ્વારિકામાં પોતાનો અલાયદો મહેલ બનાવી તેમાં રહેવા લાગ્યો. કૃષ્ણ મહારાજે આ પ્રદ્યુમ્નને મહાબલી અને વિદ્યાબલી જાણી અનેક રાજપુત્રીઓ

સાથે પરણાવ્યો. સર્વત્ર ભાટ-ચારણો પણ કુમારના ચરિત્રો ગાઇને વાહ વાહ કરી રહ્યાં.

[ એક વખત કૃષ્ણ વાસુદેવને વિચાર થયો કે મને બધા ખમ્મા ખમ્મા કરે છે. હું બધાને વહાલો છું તો હું મારી રાણીઓ સહિત બધાની પરીક્ષા કરું કે લોકો મને કેટલા સમર્પિત છે. એક દિવસ માથું દબાવીને કૃષ્ણજી પલંગમાં સૂઇ ગયા. આ વખતે નારદજી ફરતાં ફરતાં કૃષ્ણના મહેલે પહોંચ્યા, કૃષ્ણને ગમગીન બનીને પલંગે પોઢેલા જોઈ પૂછ્યું કે આજે હે ગોપાલ તું નરમ કેમ છે? ત્યારે કૃષ્ણે જણાવ્યું કે મારું માથું દુઃખે છે. ડોકટરો, વૈદ્યો, હકીમોની કોઇ દવા લાગુ પડતી નથી. પણ હે ઋષિરાજ એક ઉપાય છે કે કોઇ પોતાના પગની રજ આપે તો મારું માથું મટે પણ ચરણરજ આપનાર નરકે જાય!

નારદજી ત્યાંથી રૂકિમણીના મહેલે આવ્યા. આગતા સ્વાગતા કરી પુછ્યું. આપને કંઇ કાર્ય હોય તો જણાવો.

નારદ કહે હે રૂકિમણી કૃષ્ણજીને માથું દુઃખે છે. ઘણા ઉપચાર કર્યા છતાં મટતું નથી. શું વાત કરો છો? મારા સ્વામિને ભયંકર તકલીફ છતાં મને ખબર નથી? એ બોલતી રૂકિમણી રડી પડી. નારદજીએ માથું દુઃખતુ મટી જાય તે ઉપાય બતાવ્યો. ત્યારે રૂકિમણી બોલી!

હે મુનિવર્ય મારા નિમિત્તે મારા સ્વામિનાથનું દુઃખ દૂર થતું હોય તો મારે નરકે જવું પડે તો પણ હું તૈયાર છું! તેમના પગની હું મોજડી કહેવાઉં. બધી દાસીઓએ

રાણીઓએ, નગરજનોએ રજ આપવાની ના પાડી, ફક્ત રૂકિમણીએ પતિસેવા માટે પ્રાણ આપવા સુધી તૈયારી બતાવી.

નારદજી કૃષ્ણ પાસે જઈ વાત કરી ત્યારે કૃષ્ણ કહે હે મુનિરાજ ! મને માથું દુઃખતું નથી. કે કોઇ નરકે જવાનું નથી. ભક્તોની પરીક્ષા કરવી હતી. આનું નામ સાચી ભક્તિ]



## ૧૨

# શાંબ–પ્રદ્યુમ્ન

ઈર્ષાની આગમાં જલી રહેલી સત્યભામાથી પ્રદ્યુમ્નના તથા રૂકિમણીના વખાણ સહન ન થઈ શકયાં છતાં મનમાં સમસમીને રહેવું પડતું. તેનું કાંઈ ચાલી શકે તેમ ન હતું એટલે નિરૂપાય હતી. સત્યભામા વિચારે છે કે દુનિયામાં માતા પોતાના પુત્રોને કારણે જગતભરમાં વિખ્યાત થાય છે. મારો ભાનુકુમાર તો જીવતાં મરેલો છે એટલે કોઈ એના વખાણ ન કરે. અને મને પણ કોણ યાદ કરે? પ્રદ્યુમ્નને કારણે રૂકિમણીને સૌ ઓળખતું થયું. આમ બેઠાં બેઠાં ઊંડા નિસાશા નાખે છે. ઉદ્દાસ ચિત્તો તેનું મોં પડી ગયું હતું.

એવે વખતે કૃષ્ણ તેના આવાસમાં આવી ચડયા અને સત્યભામાની ઉદ્દાસીનતા જોઇને પૂછયું–હે દેવી! તને શું થયું છે? આમ ઉદ્દાસ કેમ છે? કોઈએ તારું અપમાન કર્યું? જે હોય તે મને કહે. તે તમામ હતાશા દૂર કરવાવાળો હું અહીં હાજર જ છું.

આ સાંભળી સત્યભામા ખૂબજ ગળગળા સ્વરે રડતાં રડતાં બોલી હે સ્વામીનાથ! આપના પ્રભાવે મારે કોઈ કમી નથી. આપ તો કલ્પવૃક્ષ સમાન છો જેથી મારે કોઇ

રીતે ચિંતા નથી પરંતુ એક વાત જે મારા દિલમાં શૂળીની જેમ ખુંચે છે તે કહું. હે સ્વામી! જેનો પુત્ર મહાપરાક્રમી કે વિદ્વાન હોય તેની માતા જગતમાં ખ્યાતિ મેળવે છે. આથી હું આપને નમ્ર વિનંતિ કરું છું કે મને પ્રદ્યુમ્ન જેવો મહાપરાક્રમી પુત્ર જોઈએ.

કૃષ્ણ કહે—અહો! આટલી જ વાત છે? મુંઝાવાની કે મુરઝાવાની કોઈ જરૂર નથી. તારી ઈચ્છા પૂર્ણ કરવાને હું મારાથી બનતું બધુંજ કરીશ. એ માટે તું બેફિકર થઈ જા. ત્યાંથી કૃષ્ણ પોતાના આવાસે આવીને વિચારવા લાગ્યા કે સત્યભામાને જોઈએ એવો પુત્ર મલે એ માટે શું કરવું? ત્યારબાદ બીજા દિવસે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં કરતાં અઠ્ઠમ તપની આરાધના શરૂ કરી. ખૂબ જ ભક્તિભાવ પૂર્વક તેમણે હરિણેગમેષી નામની દેવીની આરાધના કરવા લાગ્યા. જે તપની સિધ્ધિ અચિંત્ય છે તેવા તપના પ્રભાવથી ત્રીજા ઉપવાસના અંતે તે દેવી સાક્ષાત પ્રગટ થયા અને પૂછ્યું કે હે રાજા! શા માટે મને યાદ કરે છે? કૃષ્ણે દેવીને બે હાથ જોડીને કહે છે કે હે દેવી! મારી સત્યભામા નામની પટ્ટરાણીને પ્રદ્યુમ્ન જેવો પુત્ર જોઈ એ તેથી મેં આપને યાદ કર્યા.

પ્રસન્ન થયેલાં દેવીએ એક અમુલ્ય મોતીનો હાર આપ્યો અને કહ્યું જે સ્ત્રીમાં પ્રદ્યુમ્ન સમાન પુત્ર મેળવવાની ઈચ્છા હોય તેને આ મોતીનો હાર પહેરાવજે અને ભોગવજે જેથી તેની અભિલાષા તૃપ્ત થશે. એ હાર લઈ

કૃષ્ણ પોતાના સ્થાનકે ગયાં. અત્યંત આનંદપૂર્વક પારણું કર્યું.

પોતાની વિદ્યાની સહાયથી પ્રદ્યુમ્ને એ હાર વિષેની માહિતી જાણી લીધી અને રૂકિમણી પાસે જઇને એ હાર વિષેની વાત કહી હે માતા ! તમે એ હાર મેળવી લ્યો તો આપને મહાપરાક્રમી બીજો પુત્ર જન્મશે અને મને પણ પડખે ઊભો રહેનાર ભાઈ મલશે.

રૂકિમણી કહે હે પુત્ર ! મને તારાથી ખૂબખૂબ સંતોષ છે. સિંહ સમાન એક પુત્ર બસ છે." એકે હજારાં અને લાખે બિચારાં." એકથી વિશેષ પુત્રો ભેગાં થતાં લડે ઝગડે અને પરિણામે શાંતિ મળતી નથી માટે મારે હવે બીજા પુત્રની ઈચ્છા નથી.

પ્રદ્યુમ્ન કહે હે માતા ! કૃષ્ણ મહારાજની અન્ય પત્નિઓમાંથી સૌથી વિશેષ પ્રેમ તમને કોના પ્રત્યે છે ? તે કહો એટલે હું તેમને મારા જેવો પુત્ર મળે એ વાત સમજાવું.

રૂકિમણી કહે હે પુત્ર ? તારા વિરહકાળ દરમ્યાન સત્યભામાએ મને ખૂબ દુઃખ આપ્યાં છે તેવે સમયે મને સહકાર અને શાંતિ આપનાર માત્ર જાંબુવતી હતી. તો તું તેને મળ અને જે કોઈ વાત સમજાવવાની હોય તે સમજાવ.

પ્રદ્યુમ્ન જાંબુવતી પાસે જઈ પ્રણામ કરી સર્વ હકીકત કહી સંભળાવી અને શું કરવું તે પણ સમજાવ્યું. પોતાની વિદ્યાના બળે જાંબુવતીને સત્યભામા જેવું રૂપ બનાવી દીધું અને યોગ્ય સમય જોઇને અનેક અલંકારો પહેરાવી કૃષ્ણના શયનગૃહમાં મોકલી.

આ કરામતની કૃષ્ણને કાંઈ ખબર પડી નહિં. જાંબુવતીને સત્યભામા સમજીને દેવે આપેલો હાર જાંબુવતીના ગળામાં પહેરાવી દીધો અને ભોગ ભોગવી રહ્યાં. તે સમયે મહાશુક્ર નામના દેવલોકમાંથી કૈટભ નામનો દેવ ચ્યવીને જાંબુવતીની કુખે આવ્યો. ત્યારબાદ જાંબુવતી તે હાર લઈને પોતાના મહેલે ગઈ. તેના હૈયામાં આનંદ છવાયેલો હતો.

ત્યારબાદ સત્યભામા અત્યંત આકર્ષક શૃંગાર સજીને ઠાઠમાઠ કરીને મલપતી મલપતી કૃષ્ણ પાસે આવી. તેને જોઈને કૃષ્ણ વિચારમાં પડયો કે હજુ થોડીવાર પહેલાં તો સંસાર સુખ ભોગવીને ગઈ છે અને ફરી વાર કેમ આવી હશે? સ્ત્રીઓ કદી સંતુષ્ટ થતી હોતી નથી. ફરી ભોગની ઈચ્છા હશે. ભલે ભલે આવી કૃષ્ણે તેને આવકારી અને આનંદ પૂર્વક ભોગ ભોગવવા લાગ્યાં. આમ સત્યભામાને સંતોષ આપવા ખાતરજ કૃષ્ણ ભોગ ભોગવી રહ્યાં.

આ વાતની પ્રદ્યુમ્નને ખબર પડી એટલે જે વગાડવાથી જેના અવાજથી હૈયામાં ડર લાગે એવો જોર જોરથી દુંદુભી વગાડવા લાગ્યો. એનો અવાજ સાંભળી સત્યભામાના હૈયામાં ભય પેદા થયો. તરતજ કૃષ્ણ બહાર આવી પૂછવા લાગ્યા કે આ દુંદુભિ કોણ વગાડે છે? અનુચરો કહે–હે સ્વામીન! પ્રદ્યુમ્નકુમાર વગાડે છે. કૃષ્ણ વિચારે છે કે આ બહુજ ખોટું થયું. ભયના વાતાવરણમાં સત્યભામા સગર્ભા બની છે અને તેનું બાળક ખૂબજ ડરપોક અને બીકણ જન્મશે.

સવારે ત્યાંથી કૃષ્ણ રૂકિમણીના મહેલે ગયાં. ત્યાં જાંબુવતીને પેલા દેવે આપેલ હાર સાથે જોઈ તેથી કૃષ્ણે પૂછયું કે અરે! આ હાર તારા ગળામાં કયાંથી? જાંબુવતી કહે હે નાથ?તમે તમારા હાથે જ રાત્રે મને પહેરાવેલ છે. અને વ્યવહાર પણ કરેલ છે તે જરા શાંત ચિત્તે યાદ કરો. કૃષ્ણને કરામતની વાત સમજાઈ ગઈ.

જાંબુવતી બોલી હે સ્વામી! ગઈ રાત્રે મને એક સ્વપ્ન આવ્યું હતું તેમાં એક કેસરી સિંહે મારા ઉદરમાં પ્રવેશ કર્યો છે તેનું ફળ કહેશો?

કૃષ્ણ કહે—હે જાંબુમતી! તારી કૂખે મહાપ્રતાપી બળવાન પુત્ર જન્મશે. જે સૂર્ય સમાન તેજસ્વી અને મનોહર કાંતિવાળો હશે. અને પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

કૃષ્ણ મનમાં બધું જ સમજી ગયાં કે પ્રદ્યુમ્નનું આ કામ છે પરંતુ વાત મનમાં રાખી સત્યભામાને કાંઈ કહ્યું નહિ, સમય સમયનું કામ કરે છે. વાતવાતમાં દસ મહિના થઈ ગયા. જાંબુવતીએ મહા તેજસ્વી અત્યંત સ્વરૂપવાન પુત્રનો જન્મ આપ્યો. કૃષ્ણે તે બાળકનું નામ શાંબ રાખ્યું. તેજ દિવસે કૃષ્ણના સારથિને ત્યાં બે પુત્રો જન્મ્યા. તેમના નામ દારૂક અને જયસેન હતાં. મંત્રીને ત્યાં પણ પુત્ર જન્મ્યો તેનું નામ સુબુદ્ધિ હતું અને સત્યભામાને પણ તેજ સમયે પુત્ર જન્મ્યો જે જન્મથી જ બીકણ હતો તેથી તેનું નામ ભીરૂ રાખ્યું હતું. તદુપરાંત કૃષ્ણની અન્ય સ્ત્રીઓને પણ પુત્ર રત્નો જન્મ્યા હતાં સૌ બાળકો સાથે

રમતાં રમતાં મોટા થવા લાગ્યાં. આમ આઠ વર્ષ વીતી ગયાં. શાંબ આઠ વર્ષનો થતો સમગ્ર વિદ્યાઓ શીખી ગયો. મહાબુદ્ધિશાળી અને ભાગ્ય શાલી બાળક હતો. કોઇપણ જાતના શ્રમ વિના સરળતાથી વિદ્યાઓ ગ્રહણ કરી લીધી.

રૂક્મિણીના ભાઈ રૂક્મિને ત્યાં પુત્રી જન્મી હતી તે રૂપમાં અને ગુણમાં ઈન્દ્રાણીને પણ હરાવે તેવી હતી તેથી તે વિચારવા લાગી કે ભાઈની પુત્રી વૈદર્ભી બધી રીતે કુમાર પ્રદ્યુમ્નને યોગ્ય છે આથી અત્યંત નમ્ર અને મધુર ભાષામાં પોતાના ભાઈને વિવાહસંબંધીત વાતનો પત્ર લખી દૂત સાથે મોકલ્યો. દૂતે જઈને રૂક્મિ રાજાના દરબારમાં હાથો હાથ તે પત્ર આપ્યો. રૂક્મિ પોતાની બહેનના પત્રમાં લખેલી હકીકત વાંચી ખૂબજ ગુસ્સે થયો. અને બોલ્યો કપટથી છેતરીને મારી બહેનને લઈ જનારના પુત્રને હું મારી પુત્રી કદાપિ આપીશ નહિં. એ તો મારા દુશ્મન છે એટલે દુશ્મનને પુત્રી આપીશ નહિં આમ દૂતને અન્ય અપમાન જનક શબ્દો કહી જમાડયા સિવાય તરતજ રવાના કરી દીધો. દૂતે પાછા આવી પોતાનું તથા રાણીજીના અપમાન વિષે થોડી વધારીને વાત કરી. આંથી રૂક્મિણી બહુ નિરાશ થયા.

બીજે દિવસે સવારમાં પ્રદ્યુમ્ન માતાના દર્શને આવ્યો ત્યારે પડી ગયેલું અને ઉદાસીન મોં જોઈ બોલ્યો હે માતા! તમે આજે ઉદાસ કેમ છો ? કૃષ્ણ મહારાજ જેવા તમારા પતિ છે અને મારા જેવો પુત્ર છે પછી તમારા મોં પર

ઉદાસીનતા કેમ જણાય છે? જે હોય તે સ્પષ્ટ કહો જેથી તેનો ઉપાય કરવાની ખબર પડે, તમારૂં દુઃખ મારાથી જોઈ શકાતું નથી. રૂકિમણીએ બનેલી હકીક્ત કહી સંભળાવી, રૂકિમએ મને ચાંડાલ કહ્યો છે વાંધો નહિં હું ચાંડાલ બનીને તેનો જમાઈ થાઉં ત્યારેજ પ્રદ્યુમ્ન ખરો હે માતાજી! હવે તમારે ચિંતા કરવાની નથી. એ વૈદર્ભીને પરણીને અહીં લાવી આપની છત્રછાયામાં હાજર કરીશ આમ બોલી ગુસ્સામાં ને ગુસ્સામાં પ્રદ્યુમ્ન રૂકિમણીના મહેલમાંથી બહાર નીકળી શાંબ પાસે આવી બધી વાત કહી સંભળાવી બંન્ને ભેગાં મલી યુકિત રચી બંન્ને ભાઈઓ વિમાનમાં બેસી રૂકિમ રાજાની નગરીમાં આવ્યા. ચાંડાલ બની હાથમાં ચાંડાલી ગ્રહણુ કરી નગરના ચૌટામાં ઊભા રહી અત્યંત મધુર સ્વરે ગાવા લાગ્યાં. અત્યંત મધુર અવાજ અને ગીતો સાંભળી નગરના લોકો ભેગાં થવા લાગ્યાં રૂકિમ રાજાને ખબર પડતાં તેઓ બંન્ને ને સભામાં બોલાવ્યાં અને ગીત ગાવા કહ્યું અત્યંત મધુર અને મનોરંજક ગીત સાંભળી રૂકિમ ખુશખુશાલ થયો. પોતાની પુત્રીને ત્યાં બેસાડી આગંતુક પાસે ગવડાવવા લાગ્યો. તેમને પૂછ્યું કે હે મિત્રો! તમે કયાંથી આવો છો? બન્ને બંધુઓએ કહ્યું. હે રાજન! ઇન્દ્રની આજ્ઞાથી કુબેરે કૃષ્ણુ મહારાજા માટે બનાવેલી દ્વારિકા નગરી જોવા માટે અમે સ્વર્ગમાંથી આવેલાં છીએ. ફરતાં ફરતાં તમારી નગરીના વખાણુ સાંભળ્યા તેથી અમે અહીં આવ્યા. ખરે

ખર તો પૃથ્વી ઉપરની નવીન ચીજ જોવાના આશયથીજ અમે સ્વર્ગમાંથી નીચે ઉતર્યા છીએ.

રૂકિમની પુત્રી વૈદભી તેઓને પૂછે છે કે–તમે બન્ને દ્વારિકા નગરી જોઈને આવો છો તો ત્યાં કૃષ્ણની માનિતિ રૂકિમણીના પનોતા પુત્ર પ્રદ્યુમ્નકુમારને જોયો છે ?

આ સાંભળી બન્ને ભાઈઓ પૈકી શાંબકુમાર બોલ્યો હા, પ્રદ્યુમ્નકુમારને દ્વારિકામાં સૌ કોઈ જાણે છે. મહાપરાક્રમી છે. અત્યંત સ્વરૂપવાન છે. બુદ્ધિમાન છે. એને જોતાં જ સ્ત્રીઓ શાન ભાન ભૂલી જાય છે. સાક્ષાત કામદેવનો અવતાર છે! જે સ્ત્રીએ પુષ્કળ તપ જપ કર્યા હશે તે સ્ત્રી આવો પતિ પામે, બાકી તો સ્વપ્ને પણ તેની કલ્પના કરવી નિરર્થક છે. આમ તેમણે કુમારના ખૂબખૂબ વખાણ કર્યા. આ સાંભળી વૈદભી કે જે પ્રદ્યુમ્ન કુમારને મળવા અત્યંત આતુર હતી. તેણીએ દ્રઢ પ્રતિજ્ઞા કરી કે વરવું તો માત્ર પ્રદ્યુમ્નકુમારને જ નહિંતર આજીવન અપરિણિત રહેવું.

આ દરમ્યાન એવું બન્યું કે રૂકિમ રાજાનો મદોન્મત્ત હાથી જેને બબ્બે સાંકળોથી બાંધેલો હતો તે સાંકળો તોડી ભાગ્યો. રસ્તામાં આવતા નગરજનોને ભય પમાડતો અનેક વૃક્ષો અને મકાનો તોડતો નગરમાં દોડી રહયો હતો. લોકોમાં ભય પેસી જવાથી ભાગંભાગ કરતાં હતાં. ચારે બાજુએથી ભયંકર કીકીઆરી અને કોલાહલ સંભળાતો હતો સાક્ષાત યમ જેવો દોડતો આવતો હાથીને જોઈ ગભરાઈ ગયાં આ વાત

રાજદરબારમાં પહોંચી રાજાએ સાદ પડાવ્યો કે જે કોઈ આ હાથીને પકડી બાંધી આપે તેને મોં માંગ્યુ ઈનામ આપશે.

ચાંડાલ બનીને આવેલાં બંન્ને કુમારે ગીતિ અને સંગીતની મદદથી હાથીને મહાત કરી તેની ઉપર બેસી ગયાં અને ગજશાળામાં લાવીને હતો ત્યાંજ ખીલે બાંધી લોખંડની બે સાંકળોથી પણ બાંધી દીધો.

રૂકિમ રાજાએ આ હકીકત જાણી ત્યારે ખૂબ ખૂશ થયો અને અનુચરો મારફતે બન્નેને માન પૂર્વક સભામાં બોલાવ્યા અને કહ્યું કે હે મહાબળવાન પુરૂષો તમારા કાર્યથી હું ઘણોજ ખુશ થયો છું. તમે જે જોઈએ તે માંગી લો. હું તે આપવા તૈયાર છું.

બન્ને કુમારો બોલ્યાં–હે રાજા ! ખરેખર જો આપ અમારા ઉપર ખુશ થયા હો અને મનફાવે તે માંગવાનું કહો છો એ મુજબ આપવાની ઈચ્છા હોય તો અમનેતમારી વૈદર્ભીનામની પુત્રીનું અમોને દાન કરો.

આ સાંભળીને રૂકિમ રાજા એકદમ ગુસ્સે થઈ ગયો અને નોકરો મારફતે તે બન્નેને રાજમહેલમાંથી ધકકા મારી મારીને નગરની બહાર કાઢયા. શાંબ કહે છે કે હે ભાઇ! આપણે જે કારણસર આવ્યા છીએ તે સત્વરે પતાવવું જરૂરી છે. હવે વિલંબ કરવો પાલવે તેમ નથી. માતાજી પણ નથી. માતાજી પણ રાહ જોઈ રહ્યાં હશે. માટે તમે વિદ્યાના બળે પણ કંઈક કરો.

રાત્રીના સમયે શાંબને નિશ્ચિત સ્થળે મૂકીને પ્રદ્યુમ્ન વિદ્યાના બળે વૈદર્ભીના મહેલમાં વિરહમાં ઝૂરી રહેલી જમીન પર આળોટતી તેણી ત્યાં પડી હતી. પ્રદ્યુમ્નકુમારે પગ અડાડીને જાગે છે કે ઊંઘે છે તેની ખાતરી કરી. રાજકુમારી ગભરાતી બોલી આટલી મોડીરાત્રે અહીં આવવાનું કારણ શું ?

આગન્તુક બોલ્યો હે કુમારી ! મારા તરફથી સહેજે ભય રાખીશ નહિં. તને જાણીને અત્યંત આનંદ થશે કે હું કૃષ્ણ તથા રૂક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન છું. મારી માતા રૂક્મિણીના અત્યંત આગ્રહને કારણે તમારી સાથે લગ્ન કરવા અહીં આવ્યો છું. કદાચ તને મારા કહેવા ઉપર વિશ્વાસ ન પણ આવે તો લે આ પત્ર તારી સગી ફોઇએ તારા ઉપર લખીને આપેલ છે, જો કે આ પત્ર બનાવટીઃ હતો પરંતુ માત્ર વિશ્વાસ ઉત્પન્ન કરવા માટેજ હતો. ત્યારબાદ કુમારે તેના દિલની વાત પૂછી–વૈદર્ભીનું મોં લજ્જા અને શરમથી ઝૂકી ગયું એટલે કે મૌન સંમતિ આપી દીધી. કુમારે વિદ્યાના બળથી લગ્નની તમામ સામગ્રી અગ્નિ વિ. ની સામગ્રી સહિત આભૂષણો, વસ્ત્રો હાજર કરી અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યાં. ત્યારબાદ તેઓ બંન્ને તે મહેલમાં એકલાં હોવાથી રતિક્રીડામાં રચ્યા પચ્યા રહી રાત પસાર કરી. વહેલી સવારે પ્રદ્યુમ્ને વૈદર્ભીને કહ્યું કે હવે હું મારા નાનાભાઈ શાંબને મળીશ. સવારે તને તારા માતપિતા–કે–દાસદાસીઓ કાંઈ પણ પૂછે તો ઉત્તર આપીશ નહિં, મૌન જ ધારણ કરજે. મારી વિદ્યાના બળથી હું

તારું રક્ષણ કરીશ—કોઈ કાંઇ જ કરી શકાશે નહિં.

પ્રદ્યુમ્નકુમાર શાંબ પાસે આવ્યો અને જણાવ્યું કે માતાજીની ઇચ્છા મુજબ મેં વૈદર્ભી સાથે લગ્ન કરી નાંખ્યા છે—એ જાણી શાંબ બહુ રાજી થયો. રાતનો ઉજાગરો અને થાક હોવાથી કુમારના ગયાપછી વૈદર્ભી તો ઘસઘસાટ ઊંઘી ગઇ. પોતાની મનો ભાવના પૂર્ણ થઇ હોવાથી તેના ચહેરા ઉપર આનંદની લહેરો રમી રહી હતી. સૂર્યોદય થયાં છતાં વૈદર્ભી ઊંઘતી હતી તેથી નાભાગા નામની દાસી કુમારીને ઉઠાડવા આવી. તેના પલંગની આસપાસ અને નજીકમાં વૈવાહિક ચિન્હો—કંકણ વિગેરે અનેક વસ્તુઓ જોવામાં આવી તેથી તે દોડતી તેની માતા પાસે પહોંચી ગઇ અને બધી હકીકત કહી—તેનીમાતા પણ આ જાણી ગભરાઈ ઉઠી અને રૂકિમ રાજા પાસે ગઇ અને બધી વાત કરી.

રાજા અને રાણી તરતજ કુંવરીના મહેલમાં આવ્યાં. અને દાસીની વાત સાચી જણાઇ. વૈદર્ભી હજુ ઘસઘસાટ ઊંઘતી હતી. તેને મહાપરાણે જાગ્રત કરી બધી વિગત વિષે પૂછયું પરંતુ કુમારી કાંઈજ બોલી નહિં. તેણીના માતા પિતાએ ખૂબખૂબ સમજાવીને વાત મેળવવાના પ્રયત્નો કર્યા પરંતુ વૈદર્ભીનું મૌન એટલે મૌન આથી રૂકિમરાજા ખૂબજ ગુસ્સે થઇ ગયો– મનમાં વિચારે છે કે આ મારી પુત્રી યુવાન છે. મેં તેને કોઈની સાથે પરણાવી નથી છતાં કોઈ પુરૂષ ચોરી છુપીથી તેણીને ભોગવી ગયું છે. છતાં મારી પુત્રી મૌન રહે છે. આથી મારી આ પુત્રીજ કુળ કલંકીની

છે એને શિક્ષા થવીજ જોઈએ. ગઈકાલે પેલા ચાંડાલોએ માંગેલી–તેમને જ આપી દેવી યોગ્ય છે. તરતજ પેલા બે ચાંડાલોને બોલાવડાવી–પોતાની પુત્રી સોંપી દીધી અને કહ્યું જાઓ–મારી નજરથી દૂર થઈ જાવ. ફરી કદાપિ તમે મારી નજર સામે આવશો નહિં.

ચાંડાલો રાજપુત્રીને કહે–હે રાજકુમારી, અમારે ત્યાં રાજમહેલ કે સુખ સાહ્યબી નથી. અમે જે કામ કરીએ તે તમામ કામ તારે કરવાં પડશે. અમો મજુરીનું કામ કરીએ છીએ જો તને કબુલ મંજુર હોય તો ભલે ? નહિંતર અમારે તારી કોઈ જરૂર નથી.

રાજકુમારી કહે જન્માંતરે કરેલાં કર્મો જેમ કરાવશે તેમ કરીશ. ભોગવ્યા વગર કર્મથી છુટકારો થતો નથી. માટે મને તમારી સાથે લઈને ચાલો. જેથી વૈદર્ભીને લઈને બંન્ને કુમારો અન્ય સ્થળે ચાલ્યા ગયાં.

પોતાની પુત્રી વૈદર્ભી ચાલી ગયા પછી રૂકિમરાજાને બહુ પસ્તાવો થવાં લાગ્યો. અરે ! મેં આ શું કર્યું ? વળી પાછો બબડે છે હે પુત્રી! તેં અવિચારી કૃત્ય કરી પાપ આચર્યું જેથી મારે આવું પગલું ભરવું પડયું. મારા મનમાં કેટકેટલી ભાવના હતી? અઢળક ધન વાપરી તારો સ્વયંવર રચવાનો હતો. પરંતુ તેં અમારા મનના કોઈ મનોરથો પૂર્ણ થવા દીધા નહિં.

અહો, કર્મની ગતિ ન્યારી છે. કર્મની આગળ માનવી

પામર બને છે. હવે આ જન્મમાં આપણે ફરી મળવાની કોઈ આશા જ નથી. પુત્રીના ગયા પછી રૂકિમરાજાને ખૂબ ખૂબ પસ્તાવો થવા લાગ્યો અને પુત્રીને યાદ કરી કરીને રડવા લાગ્યો. અને બોલતો અરેરે હે પુત્રી ! આ તેં શું કર્યું ? તું ડાહી અને સમજુ હતી છતાં આવુ અવિચારી પગલું કેમ ભરી બેઠી ? મારી તો જે ભાવના હતી તે તમામ મનમાં જ રહી ગઈ.

હે વૈદર્ભી ! હું પણ કેવો મૂર્ખ છું ? મારી બહેનની માગણી માન્ય ન કરી પણ તેમનું અપમાન કરી તેમની માગણી ઠુકરાવી અંતે નીચ ચાંડાલોને સુપ્રત કરી. ગુસ્સોઅને આવેશમાં આવી જઈ ન કરવાનું કરી બેઠો હવે શું થાય ?

વિચારોની પરંપરામાં રૂકિમને ઊંઘ પણ આવતી નથી. હૈયું વલોવાઇ જાય છે. આખું નગર સોડ તાણીને સૂઈ ગયું છે. રાત્રિનો અંધકાર નગર ઉપર ફરી વળ્યો છે. રૂકિમરાજાના હૈયામાં પણ ભંયકર અંધકાર છવાયો છો એવે સમયે દૂર દૂરથી કોઈને ત્યાં ઉત્સવ હોય તેમ વાજિંત્રોના અવાજ આવી રહ્યા છે. રાજા વિચારે છે કે અત્યારે હું ખૂબ ઊંડા દુઃખમાં રડી રહ્યો છું ત્યારે આવો મહોત્સવ અને વાજિંત્રો કયાં વાગી રહ્યા હશે. સિપાઇઓને તપાસ કરવા હુકમ કર્યો.

રાજાના સિપાઈઓ અવાજની દિશામાં તપાસ કરવા જાય છે. ઘણે દૂર એક વિશાળ મહેલ જોવામાં આવ્યો તેને

ફરતાં સાત ગઢ છે દરેક સ્થળે ચોકીદારો બેઠાં છે તેમાંથી સુરાવલીનો સુંદર નાદ આવી રહ્યો છે. સિપાઇઓએ ચોકીદારોને પૂછયું કે આ કોનો મહેલ છે? અને કયાનિમિત્તે મહોત્સવ ચાલી રહ્યા છે?

દ્વારપાલો કહે—અરે! તમને ખબર નથી? અહીં તો દ્વારિકા નગરીના મહારાજા શ્રી કૃષ્ણના અને રૂકિમણીજીના પુત્ર પ્રદ્યુમ્ન કુમારના લગ્ન રૂકિમ રાજાની રાજકુંવરી વૈદભી સાથે થયાં તેની ઉજવણી થઇ રહી છે. જે રૂકિમના સિપાઇઓ આ સાંભળી ખૂબજ રાજી રાજી થઇ ગયાં અને તરતજ રૂકિમ રાજા પાસે થઇને તમામ માહિતિથી વાકેફ કર્યા—જેથી રૂકિમ રાજા રાજી થયો.

તરતજ રૂકિમએ પોતાના અમાત્યો—મંત્રીઓ અને અધિકારીઓને આમંત્રણ આપ્યા. ભાટ ચારણોને પણ બોલાવ્યા અને પોતાના સકળ પરિવારને લઇ વાજતે ગાજતે ત્યાં ગયો. પ્રદ્યુમ્ન—શાંબ અને વૈદભીને જોઇને તેની આંખમાં હર્ષના આંસુઓ આવી ગયા. સકળ પરિવાર સહિત રૂકિમએ પ્રદ્યુમ્નકુમારનો જય જયકાર કર્યો રૂકિમ રાજા પુત્રીને કહે છે—હે ભાગ્યશાળી પુત્રી—ખરેખર તું નશીબદાર છે. આવો મહાપરાક્રમી અને વિદ્યા જેને વરી છે તેવો પતિ મલ્યો છે એનો અમને સૌને સંતોષ છે. રૂકિમએ પુત્રીને અનેક કિંમતી ચીજો—અલંકારો અને આભુષણો ભેટ આપ્યાં. પ્રદ્યુમ્નને પણ હાથી—ઘોડા અને રથ ભેટ આપ્યાં અને હસતે મુખે સૌને વિદાય આપી.

પોતાનું કાર્ય ખૂબજ સારી રીતે અને શાંતિ પૂર્વક પતી જવાથી પ્રદ્યુમ્ન અને શાંબ રથમાં બેસી દ્વારિકા જવા નીકળ્યા. ટુંક સમયમાં સૌ દ્વારિકાના દ્વારે આવી શુભઘડીએ વૈદભીર્ને નગર પ્રવેશ કરાવી માતા રૂકિમણીના સાન્નિધ્યમાં પહોંચી ગયા. બંન્ને ભાઈએ અને વૈદભીર્એ પગમાં પડી પ્રણામ કર્યા. રૂકિમણી વૈદભીર્ને જોઈ આનંદ પામી. અને સૌ પોતપોતના મહેલમાં ગયાં. અત્યંત સ્વરૂપવાન અને નવ યૌવના વૈદભીર્ સાથે પ્રદ્યુમ્ન આનંદ વિનોદ અને મોજ મજાહ કરતાં પણ દિવસો પસાર કરી રહ્યો. તે દરમ્યાન શાંબ પણ હેમાંગદ રાજાની પુત્રી સુહારિણીનું હરણ કરી લાવી લગ્ન કર્યા અને આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યો.

શાંબ મહાબળવાન હતો અને સત્યભામાનો પુત્ર ભીરૂ નિર્બળ ડરપોક અને બીકણ હતો. બંને સરખી ઉંમરના હતા એટલે સાથે હરતાં ફરતાં અને રમતાં હતા. શાંબ ભીરૂને અવાર નવાર હેરાન કરતો અને રડાવતો.

એકવાર શાંબ અને ભીરૂ જુગાર રમવા બેઠા. રમતમાં ભીરૂ જીતી ગયો પરંતુ જીતેલી ચીજ વસ્તુઓ મારીને પાછી પડાવી લીધી. તદુપરાંત ભીરૂની કિંમતી વીંટી પણ પડાવી લીધી.

ભીરૂ તો નિર્બળ હતો એટલે સત્યભામા પાસે જઈને બનેલી હકીકત જણાવી. આથી સત્યભામા ગુસ્સે થઈને કૃષ્ણ પાસે જઇ ફરિયાદ કરી કે શાંબ અવારનવાર મારા પુત્ર ભીરૂને હેરાન કરે છે. કૃષ્ણે જાંબુવતીને બોલાવીને આ

બધી વાત જણાવી. ફરીથી ભૂલ ન થાય તે માટે જણાવ્યું.

જાંબુવતી તો છંછેડાઇ પડી અને બોલી કે સત્યભામા તો જુઠ્ઠી અને ઈર્ષાળુ છે. મારા પોતાના અનુભવથી કહું છું કે શાંબને જુએ છે કે બળી જાય છે એટલે ખોટી વાત કરે છે. બાકી મારો શાંબ તો અત્યંત શાણો અને સમજુ છે. તે કદી કોઇની સાથે લડે ઝગડે જ નહિં. ખરી વાત તો એમ છે કે હું રૂકિમણી સાથે મૈત્રી રાખું છું તેથી તેને ઈર્ષા થાય છે અને અમને હેરાન કરવા ખાતર જ આવા ખોટા ઝગડા કરે છે.

કૃષ્ણ કહે—અરે જાંબુવતી ! શાંબને હું બહુ સારી રીતે જાણું છું. રોજ તેની ફરિયાદો મારી પાસે આવે છે તને તારા પુત્રનો વાંક કે અવગુણ લક્ષમાં નહિં આવે પરંતુ હું તને તેની ખાતરી કરાવી આપીશ. પછી કહેજે કે તમારી વાત સાચી છે. કેટલાક દિવસ પછી કૃષ્ણ અને જાંબુવતીએ ભરવાડ અને ભરવાડણનો અસલ વેશ લઇ દ્વારિકાનગરીના બહારના દરવાજેથી આવ્યા. ભરવાડણને માથે દૂધની તાંબડીઓ છે અલમસ્ત નવયૌવના અને અત્યંત સ્વરૂપવાન ભરવાડણ દૂધ વેચવા ચાલી. ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ ફરતી દૂધ લ્યો દૂધ લ્યોની બૂમો પાડતી જાય છે.

રસ્તામાં કેટલાંક બાળકો સાથેતોફાન મસ્તી કરતો કરતો શાંબ ઊભો હતો. શાંબે આ મદમસ્ત યૌવના ભરવાડણને જોઈ તેની દાનત બગડી. તેણે આ ભરવાડણને બોલાવી અરે ઓ બાઈ ! અહીં આવ મારી સાથે ચાલ.

અમારે દૂધ લેવાનું છે. જે ભાવ હશે તે મુજબ પૈસા આપીશું. અને શાંબ આગળ ચાલે છે. પેલીબાઇ તેની પાછળ પાછળ જાય છે. થોડે દૂર ગયા પછી એક જિર્ણ અને એકાંતવાળા મકાનમાં જઈને બાઈને અંદર બોલાવી. ભરવાડણ એવા એકાંતવાળા નિર્જન મકાનમાં ગઇ નહિં પરંતુ બહાર ઊભી રહી.

શાંબે ફરીવાર અંદર આવવા કહ્યું—છતાં ભરવાડણે સ્પષ્ટ ના કહી એટલે બળજબરીથી બાઈને અંદર લઈજવા બાઈનું કાંડુ પકડયું ત્યારે બાઈ ધ્રૂજી ગઇ અને બોલી કે હું અંદર નહિં આવું—દૂધ લેવું હોય તો અહીં આવીને લઈ જાવ. ખોટી રીતે મારા ઉપર જોર જુલમ કરીશ નહિં. નગરીના રાજા કૃષ્ણને ખ્યાલ આવશે તો તને શિક્ષા થશે. મહેરબાની કરીને મને છોડ. મારો હાથ કેમ પકડી રાખ્યો છે?

શાંબ કહે—અરે ! જોયો તારો કૃષ્ણ રાજા, એ શું કરી લેવાનો હતો ? મેં તો આવા કેટલાંય કામો કર્યા. કોઈ મને કશુંજ કરતું નથી. તારે ફરિયાદ કરવી હોય તો જા ફરિયાદ કર. થાય તે કરીલે-પણ આજે તો તને હું છોડીશ નહિં આમ કહી ભરવાડણના કપડાં ખેંચવા લાગ્યો. આ જોઈ ભરવાડ બોલ્યો-અલ્યા કૃષ્ણ જેવા રાજાના રાજ્યમાં આવો અત્યાચાર કરનાર તું કોણ છે ? આથી શાંબ મોટી મોટી ડાંગ લઈને ભરવાડને મારવા જાય છે.

કૃષ્ણે વિચાર્યું કે શાંબ નક્કી મને મારશેજ, મારાથી

મારા પુત્રને શું મરાય ? તેથી તરતજ કૃષ્ણ અને જાંબુવતીએ પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું–આ જોઇ શાંબ તો શરમાઇ ગયો અને ત્યાંથી ભાગીને પોતાના મહેલમાં જઈને પલંગમાં પોઢી ગયો.

કૃષ્ણે જાંબુવતીને કહ્યું જોયો તારો પુત્ર ! તું માનતી હતી કે શાંબ બહુ ભલો. શાંત અને સીધો છે. મારી પાસે તેની અનેક ફરિયાદો આવતી હતી. હું તેના પરાક્રમ બધાંજ જાણું છું–વિશેષ કહેવાનો કોઈ અર્થ નથી. તું એને ઠપકો દેજે અને સુધારજે. તારો પુત્ર છે એટલે શિક્ષા શી રીતે કરું ? અન્ય કોઇ હોત તો જરૂર શિક્ષા કરત.

જાંબુવતી પણ પુત્રના પરાક્રમ જોઈ ઝંખવાણી પડી ગઈ. પ્રત્યક્ષ અનુભવ થયા પછી પુત્રનો પક્ષ શી રીતે લઈ શકે ? ચુપચાપ પોતપોતાને મહેલે ગયાં. બીજે દિવસે સવારે હંમેશના નિયમ મુજબ બધાંજ કુમારો કૃષ્ણને પ્રણામ કરવા આવ્યા પરંતુ એક શાંબ આવ્યો નહિં આથી કૃષ્ણે પોતાના નોકરો મારફતે શાંબને તેડાવ્યો.

શાંબ હાથમાં લોખંડનો મોટો ખીલો લઇને કૃષ્ણ પાસે આવ્યો અને નીચું મોઢું રાખી કૃષ્ણ પાસે ઉભો રહ્યો. કૃષ્ણે પૂછ્યું કે તારા હાથમાં શું છે ? ત્યારે શાંબે જવાબ આપ્યો કે ગઇકાલે બનેલી હકીકત વિષે જે કોઈ પુરૂષ બોલશે તેનું મોં આ ખીલો નાંખી બંધ કરીશ એ માટે આ ખીલો રાખ્યો છે.

આ સાંભળી કૃષ્ણુ ખૂબજ ગુસ્સે થઈ ગયો. મારો પુત્ર મારી હાજરીમાં આવું બોલે છે! આવો બેશરમ છકેલો પુત્ર હોય કે ન હોય તો શું! તરતજ બોલ્યા અરે દુષ્ટ, પાપી નીચ તેં આખા નગરમાં કાળો કેર વર્તાવ્યો છે તેની મને શરમ આવે છે. અત્યારે ને અબઘડી મારી નગરી છોડીને ચાલ્યો જા, હવે ફરી કદાપિ તારું મોં મને દેખાડીશ નહિં. તારા દુષ્કૃત્યોથી હું કંટાળી ગયો છું.

તરતજ તે માતા પાસે જઇ પિતાની આજ્ઞા સંભળાવી પ્રદ્યુમ્નને તે મળીને નગરની બહાર ચાલ્યો જાય છે. પ્રદ્યુમ્નને તેના પ્રત્યે પ્રેમભાવ હોવાથી પ્રજ્ઞપ્તિનામની વિદ્યા વિધિપૂર્વક આપી અને કહેવા લાયક વાતો કરી છૂટાપડયા.

પ્રદ્યુમ્ન પણ ભીરૂને હેરાન કર્યા કરતો અને વારંવાર મારતો ઝડતો તેથી ભીરૂ સત્યભામાને ફરિયાદ કરતો. સત્ય ભામા પ્રદ્યુમ્ન પાસે આવી ન બોલવાનુ બોલતી અરે! નીચ મારા પુત્રને મારતો હેરાન કરતો. શાંબ ગયો અને હવે તું આવ્યો કેમ? તારું અમારે કોઈ કામ નથી. અહીંથી દૂર જાને? અમારા જીવને શાંતિ મળે.

પ્રદ્યુમ્ન કહે હે માતાજી! હું કયાં જાઉં?

સત્યભામા બોલી જયાં શાંબ ગયો છે ત્યાં સ્મશાનમાં તું જા એટલે અહીં સર્વેને શાંતિ રહે.

પ્રદ્યુમ્ન કહે હે માતાજી! આપની આજ્ઞા મુજબ જવા હું તો તૈયારજ છુ. પરંતુ કયારે આવું તે પહેલાં નક્કી

કરીને મને જણાવો.

સત્યભામા કહે હે પ્રદ્યુમ્ન! જ્યારે શાંબને મહોત્સવ પૂર્વક નગરીમાં લઈ આવું ત્યારે સાથે તું પણ આવજે જા! (મનમાં સત્યભામા બોલે છે કે જે કદી થવાનું જ નથી) પ્રદ્યુમ્ન કહે બહુ સારું માતાજી! આપની આજ્ઞા શિરોમાન્ય છે અને તરતજ કુમાર નગરની બહાર નીકળી ગયો શાંબને મલ્યો. અને બનેલી હકીકત જણાવી.

ત્યાર પછી બન્ને ભાઈઓ નગરની બહાર સ્મશાનમાં રહેવા લાગ્યાં જાતજાતની ક્રિડાઓ કરી આનંદ વિનોદમાં સમય પસાર કરવા લાગ્યાં.

ભીરૂને હેરાન કરનારા બંન્ને ભાઈઓ જવાથી તેને શાંતિ થઇ તેમજ સત્યભામાને વિઘ્ન કરનાર કોઈ રહ્યું નહિં. તેથી તે પણ આનંદથી કૃષ્ણ સાથે ક્રિડા કરતી. અને ખૂબજ આનંદમાં રહેતી. પોતાના પુત્ર ભાનુકુમાર માટે રૂપ ગુણ અને યૌવન વાળી, એકથી એક ચડે એવી નવાણું કન્યાઓ પ્રાપ્ત કરી અને હવે એક કન્યા મલી જાય તો સો કન્યા સાથે ભાનુકુમારને પરણાવવાની ભાવના સેવવા લાગી. એટલે સોમી કન્યા માટે ઠેર ઠેર તપાસ કરાવવા લાગી.

નગરની બહાર રહેતા પ્રદ્યુમ્નકુમારને પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળે સત્યભામાની તમામ હકીકતની જાણ થઈ ગઇ. આથી સત્યભામાને બનાવી વેર વાળવાની વૃત્તિથી પ્રદ્યુમ્નકુમારે એક અનોખી યોજના કરી. પોતાની વિદ્યાના બળે એક

મોટું સૈન્ય હાથી ઘોડા રથ વગેરે ઉત્પન્ન કર્યા અને દ્વારિકા નગરીની બહાર મોટાં મોટાં તંબુ નાંખ્યા. પ્રદ્યુમ્ન તેઓનો જિતશત્રુનામે રાજા બન્યો અને શાંબને અત્યંત સ્વરૂપવાન ગુણવાન અને મસ્ત યૌવનવાળી કન્યા બનાવી અને તેની સમાનવયની સખીઓ સાથે હરતી ફરતી.

એક દિવસ સત્યભામાની દાસીએ આ શાંબકુમારીને જોઇ તરતજ સત્યભામા પાસે આવી બોલી ઊઠી–હે રાણી સાહેબા, ભાનુકુમાર માટે સોમી કન્યા હું શોધી લાવુ છું અત્યંત સુંદર–નાજુક–નમણી અને યૌવનવંતી છે. મારી જીંદગીમાં મેં આવી કન્યા જોઈ નથી. આપણા નગરની બહાર તંબુઓ નાંખેલા છે. કોઈ રાજાનું મોટું સૈન્ય લાગે છે. તેમાં આ કન્યાને મેં જોઈ છે.

આથી સત્યભામાએ કેટલાંક પોતાના ખાસ માણસોને ત્યાં તપાસ કરવા મોકલ્યાં. જિતશત્રુ રાજા પાસે આવી પ્રણામ કરી વાત કરી–હે રાજન્ ! આ દ્વારિકા નગરીના રાજા કૃષ્ણની પટ્ટરાણી સત્યભામાએ અમને મોકલ્યાં છે. તેમના પુત્ર ભાનુકુમાર માટે અમે આપની કન્યાની માગણીસ્વીકારશો તો કૃષ્ણ મહારાજ અને પટ્ટરાણી સત્યભામા પ્રસન્ન થશે.

જિતશત્રુ રાજા કહે–ભાઇઓ, અમે આપની માંગણી મંજૂર રાખીએ પરંતુ અમારી શરત તમે મંજુર રાખો એવો અમારો આગ્રહ છે. શરતમાં ખાસ નથી પણ તમારી પટ્ટરાણી પોતે અમારી કન્યાનો હાથ પકડીને નગરજનો અને

અન્ય લોકોના દેખતાં દ્વારિકામાં પ્રવેશ કરાવે અને હસ્ત મિલાપ વખતે અમારી કન્યાનો હાથે નીચે નહિં પણ ઉપર રહે એટલું જો કબુલ હોય તો તમારી માંગણી હું સ્વીકારૂં છું.

સત્યભામાએ જિતશત્રુની વાત માન્ય રાખી. ત્યારપછી ઉત્તમ મુહૂર્તે રથમાં બેસી સકળ પરિવાર સહિત વાજતે ગાજતે ધામધુમથી કન્યાને તેડવા ગઇ અને શરત-મુજબ કન્યાનો હાથ પકડી સૌના દેખતાં નગર પ્રવેશ કરાવ્યો. પ્રદ્યુમ્નની વિદ્યાના પ્રભાવે રાજકુટુંબ અને પરિવારને શાંબ કન્યારૂપે દેખાય છે જ્યારે અન્ય નગરજનો અને અન્ય લોકોને તે શાંબકુમારજ દેખાય છે. સત્યભામા હાથ પકડીને વાજતે ગાજતે મહેલે આવે છે.

આમ સત્યભામા શાંબકુમારીને લગ્ન મંડપમાં લાવી. અહીં કન્યાદાન વખતે પોતાના ડાબા હાથ વતી ભાનુનો જમણો હાથ પકડયો અને જમણા હાથ વતી નવ્વાણું કન્યાઓનો હાથ પકડી ફેરા ફર્યો અને અગ્નિની સાક્ષીએ લગ્નવિધિ કરી. અહીં પેલી નવ્વાણું કન્યાને શાંબ દેખાયો તેથી તેઓ સૌ આવો મહાબલવાન કામદેવ સમાન પતિ મેળવવા બદલ આનંદ પામી.

લગ્નવિધિ પતી ગયા પછી શાંબને અનુસરતી નવ્વાણું કન્યા તેના શયનખંડમાં ગઇ. ભાનુ અને સત્યભામા સમજે છે કે સોએ કન્યાઓ અંદર ગઈ છે. તેથી ભાનુકુમાર અંદર જાય છે અને જુએ છે તો શાંબ અંદર બેઠેલો અને સર્વ

સ્ત્રીઓ તેની આજુબાજુ બેઠી હતી. શાંબે આંખો કાઢી બીવડાવી ભાનુને બહાર તગડી મૂકયો. દોડતો દોડતો સત્યભામા પાસે આવીને કહે છે કે–માતાજી મારા શયનખંડમાં તો શાંબ બેઠો છે અને બધી સ્ત્રીઓ સાથે ગમ્મત કરે છે મને ડરાવીને કાઢી મૂકયો.

સત્યભામા દોડતી ત્યાં આવી. જોયું તો શાંબ હતો. શાંબ ઊભો થઈને સત્યભામાના પગમાં પડયો. પરંતુ સત્યભામા અત્યંત ગુસ્સે થઈને જેમ તેમ બોલવા લાગી. શાલા નીચ. તને અહીં કોણે બોલાવ્યો હતો ?

શાંબ ખૂબજ નમ્રતાથી કહે–હે માતાજી ! આપ જ હાથ ઝાલીને મને લાવ્યા છો. તે સિવાય હું નથી આવ્યો. હું ખોટું બોલતો હોઉં તો આખા નગરમાં લોકોને પૂછી જુઓ.

સત્યભામાએ સૌ નગરના લોકોને પૂછયું તો સૌ હસતાં હસતાં બોલ્યા કે આપ શાંબ કુમારનો હાથ પકડીને નગરમાં લાવ્યા છો. કોઇ કુમારી કે કન્યાને તો અમે તમારી સાથે જોઈ પણ નથી. તેમજ તમે તમારા હાથે શાંબને નવ્વાણું કન્યાઓ પરણાવી છે. હવે નાહક તેના ઉપર ક્રોધ કરો છો. અને લોકોની મશ્કરીનું કારણ તમે બનો છો.

લોકોના આવા ઠપકાપાત્ર શબ્દો સાંભળી સત્યભામા ખૂબજ છંછેડાઈ અને દગો–માયા અને અન્યાયની બૂમો પાડતી કૃષ્ણ પાસે આવી. કૃષ્ણ–બળદેવ–સમુદ્રવિજય વગેરે બધાં બેઠાં હતાં ત્યાં બનેલી સર્વ બીના કહી સંભળાવી.

પોતે છેતરાઇ છે અને શાંબે તેની છેતરપીંડી કરી છે પરંતુ કૃષ્ણે સર્વ કન્યાઓ શાંબને સોંપી. જેથી જાંબુવતી ખૂબજ આનંદ પામી તેઓનું સ્વાગત કર્યું. કહેવત છે કે ખોદે ઉંદર અને ભોગવે ભોરીંગ એવું થયું. તમામ પુત્રવધુઓ ખૂબજ હર્ષ પામી જાંબુવતીને પગે લાગી. જાંબુવતીએ આશીર્વાદ અર્પ્યા કે ટુંક સમયમાં જ પુત્રવતી થજો. સૌભાગ્યવંતી રહેજો. સદા સુખી રહેજો.

આ સત્યભામા અત્યંત ગુસ્સે થઇ હતી. પોતાની તમામ મહેનતનું ફળ શાંબને મલ્યું એટલે રોષમાં બબડતી પોતાના મહેલે ગઈ. કૃષ્ણને પણ અન્યાયી કહે છે.

પ્રદ્યુમ્નકુમાર પણ પોતાની પ્રતિજ્ઞા પૂરી થવાથી હાજર થઈ ગયો અને પોતાની સ્ત્રીઓ સાથે આનંદપૂર્વક ક્રિડા કરતો સમય વહી રહ્યો. વળતા દિવસની પ્રભાતે શાંબ વસુદેવને વંદન કરવા ગયો ત્યારે તેમણે પૂછ્યું કે–અરે શાંબ ! તે માયા રચીને સત્યભામાને શા માટે છેતરી ?

અભિમાનથી છકેલો શાંબ જેમ તેમ બોલ્યો તેથી વસુદેવજીએ ખૂબ કડક શબ્દોમાં ઠપકો આપ્યો, શાંબને પોતાની ભૂલ સમજાઈ તરતજ તેમના પગે પડયો અને માફી માંગી આથી વસુદેવજી શાંત થયા. ત્યારબાદ શાંબ અને પ્રદ્યુમ્નકુમાર નિત નવીન ગમ્મત કરતાં આંનંદ વિનોદ કરતાં દિવસો પસાર કરતાં હતાં.

## ૧૩ કૃષ્ણ જરાસંઘ

એક વખત એવું બન્યું કે યવન નામના દ્વિપમાંથી કેટલાંક વેપારીઓ કેટલીક અમુલ્ય ચીજો વેચવા દ્વારિકામાં આવી ચડયાં. પોતાની ચીજ વસ્તુઓનું વેચાણ કરી ખૂબ કમાયા. કેટલીક રત્નકંબલો લઈ વિશેષ કમાણી કરવાના ઈરાદે તે વેપારીઓ રાજગૃહપુર તરફ ગયો. અહીં જરાસંઘ નામે રાજા રાજ્ય કરતો હતો.

કિંમતી રત્નકંબલો લઈ પરદેશી વેપારીઓ નગરીમાં આવ્યા છે તેવા સમાચાર જાણી જરાસંઘની પુત્રી જીવયશાએ એ વેપારીઓને મહેલે બોલાવ્યાં. એક એકથી ચડિયાતી રત્નકંબલો જોઈ જીવયશા રાજી થઈ ગઈ. વેપારીઓએ એક નવીન રત્નકંબલ બતાવીને સમજાવ્યુ કે આ રત્નકંબલ ઉનાળામાં ઓઢવાથી ઠંડક આપે છે અને શિયાળામાં ઓઢવામાં ગરમાવો આપે છે. આવી અનેક રત્નકંબલો બતલાવી પણ તેની કિંમત સાંભળી જીવયશા કાંઈ બોલી નહિ.

માગ્યા મૂલ મલ્યા નહિં અને રત્નકંબલો વેચાઈ નહિં એટલે વેપારીઓ પસ્તાવો કરતાં બોલ્યાં–દ્વારિકા છોડીને

આટલે સુધી લાંબા થયા પણ કોઇ ફાયદો થયો નહિં. અમારી રત્નકંબલો અહીં લેનાર કોઈ જ નથી.

આ સાંભળી જીવયશાએ વેપારીઓને પૂછયું કે જે દ્વારિકાના તમે વખાણ કરો છો તે નગરી કયાં આવી? તેનો રાજા કોણ છે? તે કહો.

વેપારીઓ કહે–અરે! પ્રસિધ્ધ એવી દ્વારિકાપુરીને શું તમે જાણતા નથી? સોરઠ દેશની મહાનગરી છે. ઈન્દ્ર મહારાજના હુકમથી કુબેરદેવે તે નગરી બનાવેલી છે. તેને સોનાનો તો ગઢ છે અને કાંગરે હીરા–માણેક અને મોતી જડેલાં છે. તેના મહાપ્રતાપી રાજવી-યાદવોના અધિપતિ અને કંસ રાજાને મારનાર શ્રી કૃષ્ણ મહારાજ રાજ્ય કરે છે અત્યંત ધનાઢય નગરી છે. લક્ષ્મીની રેલમછેલ છે! શું તમે એ કૃષ્ણ મહારાજનું નામ પણ સાંભળ્યું નથી?

આ સાંભળીને જીવયશાને ભયંકર આંચકો લાગ્યો. એકાએક બેભાન થઈ પડી ગઈ. થોડીવારે ઊભી થઇ ગઈ.

પેલા વેપારીઓને વિદાય કર્યા. મનમાં વિચારવા લાગી કે મારા પતિને મારનાર હજુ શું જીવે છે? આવું મહાન રાજ્ય શું ભોગવે છે? જીવયશા રડતી રડતી પિતા જરાસંઘ પાસે જઈ સર્વ વાત જણાવી. મારો દુશ્મન સોરઠમાં આવેલી દ્વારિકાનગરીનો મોટો રાજા બન્યો છે.આ સાંભળ્યા પછી મને જીવવું ખારું ઝેર થઇ પડયું છે. હું હવે જીવવાની ઈચ્છા રાખતી નથી. આપ મને રજા આપો તો

હું બળીને મરી જાઉં. મારા પતિને મારનાર સુખેથી જીવે છે તો મારે જીવવાની શી જરૂર ?

પુત્રીના વચનો સાંભળીને જરાસંઘે શાંન્ત્વન આપ્યું અને સમજાવી. બેટા તું રડીશ નહિં કે કલ્પાંત કરીશ નહિં. મારા જમાઇને મારનારને હું જીવતો નહિં છોડું એકેએક યાદવને રડાવીશ. પરંતુ આ કાર્ય કરતાં પહેલાં મારે પૂરી તૈયારી કરવી પડે. તું ઉતાવળી ન થા શાંતિ રાખ. સૌ સારા વાના થશે. એ કૃષ્ણુ અને બળદેવને ચપટીમાં ચોળી નાંખીશ.

જરાસંઘે રાજ્યભરમાં ઢોલ પીટાવી યુધ્ધની તૈયારી કરવાનો આદેશ દીધો. ખંડીયા રાજા તથા મિત્ર રાજાઓને સર્વેને પોતાના પક્ષે તૈયારી કરી હાજર થવા જણાવ્યું. પોતાના બહાદુર પુત્રોથી શોભતો જરાસંઘ અશ્વ ઉપર બેસી લડવા નીકળ્યો. અનેક અપશુકનો થયાં તેને પોતાના બળનાં અભિમાનમાં નહિં ગણતાં આગળ પ્રયાણ કર્યું. અગણિત સૈન્ય સંખ્યા અને બળ જોતાં જરાસંઘમાં ઝોમ આવી ગયું. સૈન્ય ઝડપથી દડમજલ કરતું આંધીની માફક ઉપડયું. માર્ગમાં વિસામો કરવાં પણ વિશેષસમય રોકાયા વગર દોડવા લાગ્યું. અનેક રાજા-મહારાજાઓની મદદ હતી એટલે હવે તો પોતાના જમાઈને મારનારને જેમ બને તેમ જલદી મારવો.

નારદજીને આ વાતની ખબર પડી. તરતજ તેઓ દ્વારિકામાં જઈ કૃષ્ણુ મહારાજને સાવધ કર્યા. મોજ શોખ

અને એશ-આરામ છોડી જાગો. ઊઠો મહાબળવાન જરાસંઘ જબર જસ્ત સૈન્ય લઈ આંધીની જેમ તમને બે ભાઈઓને મારવા આવી રહ્યો છે. જલદી જલદી તૈયારીઓ કરો અને શત્રુઓનો સામનો કરવા સામે જાવ. આમ સૌને જગાડી નારદજી ત્યાંથી ચાલતાં થયાં.

નારદજી પાસે આ વાત સાંભળી કૃષ્ણ-બળદેવ ગુસ્સાથી લાલચોળ બની ગયાં. તરતજ ધનુષ્ય ટંકાર કરી ઢોલ પીટાવી નગરમાં અને રાજ્યમાં સૌને જાણ કરી. સૌ તૈયાર થઈજાવ. ખંડીયા રાજા-મિત્રરાજા અને અન્યરાજાઓને લડાઈમાં તમામ તાકાત સાથે હાજર થવાની આજ્ઞા આપી. લડવા માટે થનગની રહેલા સૌ યાદવો હાજર થઈ ગયા. દેવકીજી અને રોહિણીએ શુકન તિલક કર્યા અને ઉત્તમ દિવસે સામે લડવા નીકળ્યાં. અનેક શુભ શકુનો થયાં.



આમ આગળ જતાં બંન્નેના લશ્કરો સામસામા આવી ગયાં. ભયંકર યુદ્ધ થયું. અનેક મહારથીઓ મૃત્યુ પામ્યા. બન્ને પક્ષે મોટી ખુવારી પણ થઈ. અનેક હાથી-અશ્વો મરાયા. હજારો રથ અને હથિયારોનો ખુરદો થઈ ગયો. સામા સામે બાણોની વર્ષાથી સુરજદેવ પણ ઢંકાઈ જતાં ઘણા દિવસો સુધી યુદ્ધ ચાલ્યું.

શાસ્ત્રીય નિયમ છે કે. પ્રતિવાસુદેવનું મૃત્યુ વાસુદેવના હાથે જ થાય—ત્રણખંડનું સામ્રાજ્ય મેળવવા માટે ઘણા પાપો પોકારે છતાં તે સામ્રાજ્યનો માલિક વાસુદેવ બને.

કૃષ્ણે શિશુપાલ આદિ રાજાઓને સામનો કર્યો-કંઈક શત્રુપક્ષના ખંડીયા રાજાઓને મૃત દશાને પમાડયા. કૃષ્ણની સામે બકવાદ કરતો જરાસંઘ દોડી આવ્યો. ત્યારે જરાસંઘના ૨૮ પુત્રો બલદેવ સન્મુખ, કૃષ્ણની સન્મુખ ૬૯ પુત્રો ક્રોધાયમાન બનીને આવ્યા. અંતે તે પુત્રોનો પરાજય આપવા પૂર્વક પરલોક પહોંચાડી દીધા. જરાસંઘે ગદાનો ઘા બલદેવ ઉપર કર્યો—બેભાન થઈ પડી ગયા. અર્જુને બીજા ઘાથી બચાવી લીધા. તેવામાં ક્રોધાગ્રમાન બનેલા કૃષ્ણજી જરાસંઘ સાથે મેદાને ઉતર્યા, સામસામી બકવાદના અંતે તુમુલ યુદ્ધ બે વચ્ચે થયું. જે યુદ્ધ જોવા ખેચરો-દેવતાઓ આકાશમાં આવી પહોંચ્યા.-પ્રતિવાસુદેવે છેલ્લામાં છેલ્લા શસ્ત્રનો ઉપયોગ કરવા ચક્રનું સ્મરણ કર્યું. તે ચક્ર હજારો દેવતાઓથી અધિષ્ઠિત હતું. ભયંકર

ભમાવીને તે ચક્ર કૃષ્ણવાસુદેવ ઉપર છોડયું પણ અનાદિના નિયમ પ્રમાણે તે ચક્ર વાસુદેવે ગ્રહણ કર્યું. દેવતાઓએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી અને ઉદ્‌ઘોષણા કરી. ભરતક્ષેત્રના ત્રણખંડને ભોગવનાર નવમા વાસુદેવ આ કૃષ્ણ છે. નિશ્ચયથી તેમના હાથે પ્રતિવાસુદેવનું મૃત્યુ જ થશે. ચક્રભમાવીને જવાદીધું અંતે પ્રતિવાસુદેવની છાતીને ચીરી નાંખી. મૃત્યુ પામીને તે ચોથી નરકે ગયા. દુશ્મન સૈન્યના ખેચરો ભેગાંમળી કૃષ્ણને પગમાં પડી નમી પડયાં. અનેક વિદ્યાધરો પણ આવીને વંદન કરી કૃષ્ણના આશ્રયભૂત બન્યા.

કૃષ્ણે આ યુદ્ધમાં મરણ પામેલાં પોતાના સ્વજનોની ઉત્તર ક્રિયા કરી. સામે પક્ષે જરાસંઘની પણ ઉત્તર ક્રિયા કરવામાં આવી. જરાસંઘની પુત્રી જીવયશાને લાગ્યું કે પિતાના મૃત્યુનું કારણ પોતે બની છે તેથી તે બળીને મરી ગઈ.

અનેક વિદ્યાધરો અને દેવોની સહાયથી કૃષ્ણે અર્ધું ભરત જીતી લીધુ તેના આનંદમાં આનંદપુર નામનું નગર વસાવ્યું. ત્યારબાદ પોતાની મોટી સેના સાથે કૃષ્ણ મગધ દેશમાં આવ્યા ત્યાં આવેલી એક યોજન ઊંચી અને એક યોજન વિસ્તારવાળી દેવતાઓથી અધિષ્ટિત એવી કોટી શિલા પોતાની ચાર આંગળીઓથી ઊંચી કરી બતાવી.

એ શિલાને અગાઉ થઇ ગયેલા આઠે વાસુદેવ એક યા બીજી રીતે ઉપાડી હતી. અને આ નવમા વાસુદેવ કૃષ્ણે માત્ર ચાર આંગળીઓથી ઊંચી ઉપાડી અને ત્યાર બાદ દ્વારિકામાં પાછા ફર્યા. અહીં અનેક નાના મોટા રાજા-

ઓએ ભેગાંમળી મહોત્સવ કર્યો અને ખૂબજ ધામધુમથી કૃષ્ણનો રાજ્યાભિષેક કર્યો—પરમોપકારી પિતાશ્રી વાસુદેવજીને તથા વડીલ ભ્રાતાશ્રી નેમિનાથને ભાવથી વંદન કર્યા.

નવમા વાસુદેવ બન્યા પછી કૃષ્ણે પોતાના પક્ષે લડનાર અને મદદકરનાર વિદ્યાધરોને—પાંડવોને અને અન્ય રાજાઓને તેમની કદર કરી મોટાં મોટાં ઇનામો અને અલંકારો ભેટ આપ્યાં. અન્ય ભાગના રાજાઓએ આવી કૃષ્ણને રત્નો અને બે કન્યાઓ આપી. કૃષ્ણે બળદેવજીને અને પોતાના પુત્રોને અનેક કન્યાઓ સાથે પરણાવ્યાં.

રાજમહેલમાં-દ્વારિકા નગરીમાં અને આખી સોરઠમાં સર્વત્ર આનંદની હેલી આવી ગઇ હતી. જયાં જુઓ ત્યાં ભવ્ય મહોત્સવો—મેળાવડા અને મીજબાનીની મહેફીલો ઊડી રહી હતી. આ દ્વારિકાનગરીમાં ધનસેન નામનો એક પ્રતિષ્ઠિત યાદવ રહેતો હતો. તેને કમલામેલા નામે અત્યંત રૂપવંતી પુત્રી હતી. ઉગ્રસેનના પુત્ર નભસેન વેરે તેણે પોતાની પુત્રી આપી હતી.

આ નભસેનને ત્યાં એકવાર નારદ મુનિ ફરતાં ફરતાં આવી ચડયા, અન્ય અગત્યના કામમાં રોકાએલ નભસેને નારદમુનિને જોયાં છતાં પ્રણામ કર્યા નહિં-તેમનું સ્વાગત કે પૂજા પણ કરી નહિં આથી નારદજી ગુસ્સે થઈ પાછાં ચાલ્યા ગયાં અને નભઃ સેનને શિક્ષા કરવાની ઈચ્છા થઈ.

ફરતાં ફરતાં નારદમુનિ બલભદ્રના પુત્ર નિષધને ત્યાં ગયા. નિષધનો પુત્ર સાગરચંદ્ર હાજર હતો. તેણે પ્રેમ-પૂર્વક મુનિનું સ્વાગત કર્યું. આસન આપ્યું અને પૂજા કરી આથી મુનિશ્રી ખુશખુશ થઈ ગયાં

સાગરચંદ્રે મુનિશ્રીને પૂછયું–હે મહાત્મા! આપ તો પૃથ્વી ઉપર બધેજ ભ્રમણ કરો છો કંઈ નવિન જોયું હોય તો કહો તરતજ નારદજી બોલ્યા–અરે બેટા સાગર! તારી આ નગરીમાંજ નવિન જોયું છે. ધનસેન નામના યાદવને ઘેર કમલામેલા નામની અત્યંત લાવણ્યવતી તેની પુત્રી છે. શું ખબર કે વિધિએ તે કોના માટે નિર્માણ કરી હશે! પરંતુ મને લાગે છે કે કદાચ એ કન્યા તારા માટેજ નિર્માણ થઈ હશે!

આ કન્યાના પિતા ધનસેન યાદવે પોતાની પુત્રી ઉગ્રસેનના પુત્ર નભસેનને આપેલી છે પરંતુ તું કોઈ ઉપાય કરેતો એ કન્યા તને મળીજશે–મારા આશીર્વાદ છે. આમ કહી નાદજી ત્યાંથી ચાલતા થયાં અને કમલામેલાને ઘેર ગયાં તે બાળાએ નારદજીનું સ્વાગત કરી નમન કર્યું. નારદજી પ્રસન્ન થયાં. નારદજી બોલ્યા–હે બાળા ! આ નગરમાં મેં બે પુરૂષો જોયાં એક અત્યંત કદરૂપો નભસેન છે અને બીજો અત્યંત સ્વરૂપવાન સાગરચંદ્ર છે. સાગર-ચંદ્રની ઓળખાણ આપી નારદજીથી પોતાના સ્થાનકે ગયાં.

નારદજીની વાણી સાંભળી એ બાળા નભસેનને ભૂલી જઈ સાગરચંદ્ર પ્રત્યે પ્રેમ કરવા લાગી. આમ નારદજીએ

પોતાના અપમાનનું ફળ અપાવ્યું. સાગરચંદ્ર તો કમલા-મેલાના પ્રેમમાં પડેલો જ હતો. સાગરના કુટુંબીજનો વિચાર કરવા લાગ્યા કે આ સાગરની ઈચ્છા કેવી રીતે પૂર્ણ કરવી ?

શાંબ આ સાગરનો પાક્કો દોસ્ત હતો એટલે તેની ખરેખર શું ઈચ્છા છે તે જાણવા તેની પાસે આવ્યો. છાનામાના આવી બે આંખો દાબી દીધી. ત્યારે સાગર બોલ્યો–હે કમલામેલા ? શું તું અહીં ભૂલી પડી છે ?

શાંબ કહે-અરે એ તો હું શાંબ છું-તારો અને કમલામેલાનો મેળાપ કરાવી આપનાર છું એટલે સાગર-ચંદ્ર બોલ્યો–હે મિત્ર, હું તારીજ પ્રતીક્ષા કરતો હતો. મને ખાતરી છે કે તું તેણીનો મેળાપ કરાવી આપીશ. ભાઈ, ગમે તે થાય આ કામમાં તો તારે મને મદદ કરવી જ પડશે.

શાંબ કહે–હું જે કામ હાથમાં લઉં છું તે અવશ્ય પાર ઉતારું જ છું હવે ચિંતા છોડી દે. તારા કાર્યની સિદ્ધિ થઈ જશે. થોડા દિવસમાં નભસેન અને કમલામેલાનો લગ્ન દિવસ આવી ગયો. તે દિવસે શાંબ પોતાના મિત્રમંડળને લઈને એક ઉદ્યાનમાં આવ્યો. ત્યાંથી કમલામેલાના મકાન સુધી સુરંગ બનાવી. સુરંગ માર્ગે કન્યાને ઉદ્યાનમાં લઈ આવ્યા. અહીં સાગરચંદ્ર સાથે વિધિપૂર્વક લગ્ન કરાવ્યાં. દ્વારિકામાંથી કન્યા ગુમ થવાથી બંન્ને પક્ષના લોકોએ શોધા શોધ કરી મૂકી. ચારેબાજુ દોડધામ કરી. શોધતાં

શોધતાં સૌ આ ઉદ્યાનમાં આવ્યા તો કમલામેલા અહીં સૌના જોવામાં આવી, શાંબે વિદ્યાના બળથી પોતાનું રૂપ બદલી નાંખ્યું. ત્યાંથી સૌ દોડતા કૃષ્ણ પાસે ગયાં અને ફરીયાદ કરી આથી કૃષ્ણ ગુસ્સો થઈ ને તેમને મારવા ઉદ્યાનમાં આવ્યા. કૃષ્ણના ગુસ્સાથી શાંબે અસલ સ્વરૂપ પ્રગટ કર્યું.

શાંબે કમલામેલાને સાગરચંદ્રનો હાથ પકડાવી છેડાછેડી બાંધી અને ત્યાંથી આવી કૃષ્ણમહારાજના પગમાં પડયો. કૃષ્ણે પૂછયું કે–અરે ! શાંબ. આ તેં શું કર્યું તેનું તને ભાન છે? શાંબ કહે–મેં જે કર્યું છે તે યોગ્યજ કર્યું છે અને આ કાર્યની શક્તિ મારા પરમ પૂજ્ય પિતાશ્રીના આશીર્વાદથી જ મલી છે. તેમના આશિર્વાદ સિવાય કોની તાકાત છે કે આ કાર્ય સિદ્ધ કરી શકે ? પુત્રના આવા પ્રેમ અને ભક્તિ ભર્યા શબ્દો સાંભળી કૃષ્ણ મહારાજ ખૂબજ ખુશ થઇ ગયાં એટલે કૃષ્ણે નભસેનને કહ્યું–આ કન્યાના વિધિપૂર્વક લગ્ન થઇ ગયાં છે તેમજ આ કન્યાને તારા પ્રત્યે સહેજે રાગ નથી. પોતાની રાજીખુશીથી સાગરચંદ્ર સાથે પરણી છે એટલે મારાથી કંઇજ થઇ શકે નહિં. તું તને ગમે તેવી બીજી કન્યા શોધી કાઢ અને લગ્ન કરી સુખી થા.

સમય જતાં પ્રદ્યુમ્નને વૈદર્ભીથી એક પુત્ર થયો. તે તેની માતાની જેમ અત્યંત સ્વરૂપવાન હતો. અને પિતાના જેવો બહાદુર થયો. આ બાળક ઉપર કૃષ્ણને પહેલેથી અત્યંત પ્રેમ હતો. કૃષ્ણે તેનું નામ **અનિરૂદ્ધ** પાડેલું. નાની ઉમરમાંજ સર્વ શાસ્ત્રોમાં પારંગત થઈ ગયો. સમય

જતાં કિશોર મટી કુમાર થયો. શાસ્ત્રોમાં પણ નિપૂણ થઈ ગયો.

એ જમાનામાં શુભનિવાસ નામનું એક નગર હતું તેમાં બાણાસુર નામે પરાક્રમી, વિદ્યાધરોનો રાજા રાજ કરતો. તેને એક અત્યંત સ્વરૂપવાન–અને શાણી પુત્રી હતી તેનું નામ ઉષા હતું–તે બાળા મનમાં વિચારતી હતી કે પિતા મને જેની સાથે પરણાવશે ત્યાં મને કે કમને મારે પરણવુંજ પડશે. તેમની ઈચ્છા વિરૂદ્ધ હું કરી શકીશ નહિં જેથી મનગમતો વર મેળવવા તે ગૌરીદેવીનું વ્રત અને પૂજન કરતી. એક દિવસ ગૌરીદેવી સમક્ષ બેસીને અખંડ જાપ કરવા લાગી.

ગૌરીમાતા પ્રસન્ન થઈ, બોલ્યાં–હે પુત્રી! તારી પૂજાથી હું બહું રાજી થઈ છું દ્વારિકાના રાજા કૃષ્ણજી ના પુત્ર પ્રદ્યુમ્નનો પુત્ર અનિરૂદ્ધ જે અત્યંત સ્વરૂપવાન બળવાન અને મહા પરાક્રમી છે તેની સાથે તારા લગ્ન થાઓ એવા મારા આશીર્વાદ છે. બીજી બાજુ એવું બન્યું કે આ વિદ્યાધર બાણે શંકરની આરાધના શરૂ કરી. ઘોર તપ કર્યું. પૂજા કરી નૈવેધ ધર્યા. શંકર પ્રસન્ન થયાં. શંકરે વરદાન આપ્યું કે લડાઈના મેદાનમાં તને કોઈ મારી શકશે નહિં. ત્યારે પાર્વતીજીએ શંકરને પૂછ્યું કે તમે એ બાણને આવું વરદાન કેમ આપ્યું? મેં તેની પુત્રી ઉષાને એવું વરદાન આપ્યું છે કે કૃષ્ણનો પૌત્ર અનિરૂદ્ધ તેનો પતિ બને. એટલે બાણને હરાવ્યા સિવાય ઉષાની પ્રાપ્તિ તેના માટે

અશક્ય છે આમ તમારું વરદાન–મારા વરદાનથી વિરૂદ્ધ છે તો તેમાંથી કાંઈક માર્ગ કાઢો.

ગૌરીની વાત સાંભળી શંકરે બાણુને કહ્યું હે ભક્ત મેં તને જે વરદાન આપ્યું છે તે બરાબર સમજી લેજે કે રણભૂમિમાં તું પરાજય પામીશ નહી પરંતુ સ્ત્રી અંગેની લડાઈમાં આ વરદાન નિષ્ફળ જશે. બાણે તે વાત માન્ય રાખી.

બાણપુત્રી ઉષા ધીરે ધીરે યૌવન પામી. તેનું સ્વરૂપ સોળે કળાએ ખીલી ઉઠયું. જ્યાં ત્યાં તેના વખાણ થવા લાગ્યા. આથી અનેક ભૂચરો–ખેચરો અને વિદ્યાધરોના માંગા આવવા લાગ્યા. પરંતુ તેનો પિતા બાણ કોઈને મચક આપતો ન હતો. તેને તો ઉત્તમોત્તમ જમાઈ જોઈતો હતો. ગૌરી દેવીના આશીર્વચનોથી ઉષા તો અનિરૂદ્ધ પ્રત્યે આસક્ત પ્રેમવાળી થઈ ગઈ હતી. અન્ય કોઈ તેની નજરને ગમતાં જ નહિ. મનમાં અનિરૂધ્ધને પતિ માની લઈ ને તેને મેળવવા માટે શું કરવું તે વિચારોમાં અને કાર્યમાં પડી હતી.

બાણ–પુત્રી ઉષાને એક ખાસ ચિત્રલેખા નામે વિશ્વાસુ સખી હતી. આથી ઉષાએ પોતાના હૈયાની તમામ વાત કહી અને વિનંતિ કરી–કે હે બહેન ! હું અનિરૂધ્ધના પ્રેમમાં બળી રહી છું. તું ગમે તે ઉપાય કર પણ મને તેમનું મિલન કરાવી આપ. ચિત્રલેખા બહુ ચતુર અને હોંશિયાર હતી. તે દ્વારિકા ગઈ – અનિરૂધ્ધને મળીને તેણીના

રૂપ–ગુણ અને યૌવનના ખૂબ ખૂબ વખાણ કરી અનિરૂધ્ધને ઉષા પ્રત્યે રાગી બનાવ્યો. પ્રેમમાં પડેલો અનિરૂધ્ધને ચિત્રલેખાના સથવારે ઉષાને મળ્યો. અને ગાંધર્વ વિધિથી લગ્ન કર્યા. આખી રાત વિલાસ પૂર્વક ઉષાના મહેલમાં રહ્યો.

વહેલી સવારે ઉષાને લઈને અનિરૂધ્ધ નીકળ્યો. મહેલની બહાર આવીને ભયંકર ગર્જના કરી બોલ્યો હે નગરજનો! હું અનિરૂધ્ધ, પ્રદ્યુમ્નનો પુત્ર અને કૃષ્ણ વાસુદેવનો પૌત્ર, તમારી પુત્રી ઉષાને હરીને લઇ જાઉં છું. હું ચોરી છુપીથી લઈ જતો નથી. પરંતુ સૌના દેખતાં જ લઇ જઉં છું. જેનામાં રોકવાની તાકાત હોય તે સામે આવો અને મારું બળ માપી જુઓ. આમ કહી અનિરૂધ્ધ ઉષાનો હાથ પકડી ચાલવા લાગ્યો.

આ હકીકત રાજા બાણે સાંભળી એટલે અત્યંત ગુસ્સે થઇ તેમની પાછળ પડયો. અનિરૂધ્ધને રોકી યુધ્ધ કરવા લાગ્યો અને પોતાના બળનું અભિમાન કરનાર અનિરૂધ્ધને નાગપાશથી બાંધી લઈ ખડખડાટ હસવા લાગ્યો.

આ હકીકત પ્રજ્ઞપ્તિ વિદ્યાએ આવી કૃષ્ણ વાસુદેવને કરી. તરતજ કૃષ્ણ બળદેવજી અને પ્રદ્યુમ્નને લઇ ત્યાં આવી પહોચ્યા. કૃષ્ણમહારાજના રથ ઉપર ગરૂડ ચિન્હવાળો ધ્વજ જોતાંજ નાગપાશ છૂટી ગયો. અને અનિરૂધ્ધ મુક્ત થયો. કૃષ્ણ મહારાજને આવી પહોંચેલા જોઇ બાણ તેમની સાથે યુધ્ધ કરવા લાગ્યો.

બાણ કહે અરે માયાવી કૃષ્ણ ! તેં માયાથી રૂકમણીનું હરણ કર્યું. તારા પુત્રે માયાથી વૈદભીંનું હરણ કર્યું અને તારો પૌત્ર મારી ઉષાનું હરણ કરવા ધારે છે. જે અશક્ય છે. તમારા કુળમાં માયાથી હરણ કરી લગ્ન કરવાની પ્રથા થઇ પડી છે. હવે તો તમને ત્રણે ને મારી ને તમારી માયાવી પ્રથા બંધ કરી દેવી છે. મને અહીં યુધ્ધનાં મેદાનમાં મારવો તમારા માટે અશક્ય છે.

કૃષ્ણ વાસુદેવ કહે અરે મૂર્ખ શું બકબક કરે છે? તને ખબર નથી કે પૃથ્વી અને કન્યા બળવાનના હાથમાં જ જાય છે. વળી કન્યા એ પારકી જ હોય છે એટલે તેને હરી લાવવામાં કોઇજ દોષ નથી. મેદાનમાં મહાભયંકર યુધ્ધ થયું. કૃષ્ણે જુદી જુદી ચાલ રમી બાણરાજાને થકવી દીધો. છેલ્લે નિશસ્ત્ર કરી મલ્લયુધ્ધ પણ કર્યું અને બાણને મોતને ઘાટ કર્યો કૃષ્ણ–બળદલ–પ્રદ્યુમ્ન–અનિરૂધ્ધ અને ઉષા સૌ આનંદ પૂર્વક દ્વારિકા નગરીમાં આવ્યા.




## ૧૪ કૃષ્ણ શ્રી નેમિનાથ

કૃષ્ણ વાસુદેવ હતાં તેમના શસ્ત્રો અત્યંત પ્રભાવશાળી અને અલૌકિક હતાં તે સાચવવા માટે એક શસ્ત્રશાળા રાખવામાં આવેલી તેમાં આ બધાં શસ્ત્રો સાચવવામાં આવતાં તેમજ તેનો એક રક્ષક પણ રાખવામાં આવતો.

એક વખત એવુ બન્યું કે રૂપ રૂપના અંબાર સમા શ્રી નેમિનાથ ભગવાન રમતાં રમતાં મિત્રો સાથે અહીં શસ્ત્રશાળામાં આવી ચડયા. અહીં કૃષ્ણના જુદાં જુદાં શસ્ત્રો જોવા લાગ્યા. સુદર્શન ચક્ર, ગાંડિવ ધનુષ્ય, કૌમુદી ગદા, નંદક ખડક અને પંચજન્ય શંખ જોયા. નેમિનાથે તે શસ્ત્રો હાથમાં લેવાની ઈચ્છા કરી ત્યાંના રક્ષકે બે હાથ જોડી પગે લાગી બોલ્યો હે મહારાજા, શસ્રો કૃષ્ણ વાસુદેવનાં છે. વાસુદેવ સિવાય બીજા કોઈ તે ગ્રહણ કરવાની શક્તિ ધરાવતાં નથી. કૃષ્ણ મહા બળવાન છે. શસ્ત્રો પણ તેમના જેવાંજ તેજસ્વી છે. તેમના સિવાય અન્યનું કામ નહિં, કદાચ એ હથિયારો તમને કંઈક નુકશાન કરે તો મને નોકરીમાંથી રજા મલી જાય. માટે તમો અહીંથી દૂર જઈને મન ફાવે તેવી રમતો

પ્ર૧૪.

રમો. સેવકની વિનંતિથી નેમિનાથ શસ્ત્રોથી દૂર ગયાં



શંખ તો હાથયાર નથી એમ કહી તે પંચજન્ય શંખ ઉપાડયો અને બાળકની જેમ જોરથી વગાડયો. તે શંખના અવાજથી ત્રણે લોકમાં ધ્રુજારી વ્યાપી ગઈ. હાથી-ઘોડા વગેરે પશુઓ બંધન તોડીને ભાગવા લાગ્યા. દ્વારિકાના મહેલો અને કિલ્લાઓ ધણધણી ઊઠયા. લોકો એ નાસભાગ કરવા માંડી.

કૃષ્ણ અને બળદેવ પણ આ અવાજથી વિચારમાં પડી ગયા. અને હથિયાર ધારણ કરી લડવા સજ્જ થઈ ગયાં. કૃષ્ણે પુછયું કે આટલો મહાબળવાન માણસ કોણ છે? જે મારો શંખ સરળતાથી વગાડે છે? શું કોઈ બીજો ચક્રવર્તી ઉત્પન્ન થયો છે? મારાથી વધારે બળવાન માણસ લાગે છે, શું મારી સાથે યુદ્ધ કરવા આવ્યો હશે?

એટલામાં શસ્ત્રશાળાનો રક્ષક દોડતો આવ્યો અને કૃષ્ણ મહારાજને કહ્યું-હે સ્વામી! શંખ વગાડનાર અન્ય કોઈ નહિં પણ આપના નાનાભાઈ જે નેમિનાથ છે. મેં તેમને ખૂબ સમજાવ્યાં પરંતુ ના માન્યા અને શંખ વગાડયો આમ છતાં રક્ષકની વાત કૃષ્ણના માનવામાં આવી નહિ! નેમિનાથમાં આટલું બળ હોય તે અશકય છે. એટલામાં નેમિનાથને આવતાં જોઈ કૃષ્ણ સામે જઈને પ્રેમથી બાથમાં લઈને વહાલ દર્શાવ્યું. પોતાની જોડે બેસાડયાં અને વાત વાતમાં ધીરેથી પૂછયું-હે બંધુ! એવો તે જોરથી શંખ વગાડયો કે દરિયો માઝા મૂકીને ડોલવા લાગ્યો. સમગ્ર પૃથ્વી ધણધણી ઊઠી મને તો આશ્ચર્ય થયું.


નેમિનાથ કહે- મોટાભાઈ! હું રમતા રમતા શસ્ત્ર

શાળામાં ગયેલો. અને માત્ર ગમ્મતમાં જ શંખ વગાડયો હતો. બીજા શસ્ત્રો જોવાની ઈચ્છા હતી પરંતુ ત્યાંના રક્ષકે મને અટકાવ્યો જેથી મેં તે લીધા ન હતા.

કૃષ્ણે નેમનાથની તાકાતનું માપ કાઢવા વિચાર્યું અને કહ્યું હે ભાઈ! તારી જો ઈચ્છા હોય તો આપણે બન્ને ખોટું યુદ્ધ કરીએ એવી મારી ઈચ્છા છે.

નેમિનાથ મનમાં વિચારે છે કે આ મારા મોટાભાઈ છે. છતાં મારા બળની તેમને ખબર નથી. મારી પાસે તેઓ હારી જવાના જ છે. એટલે લડવું યોગ્ય નથી પરંતું તેમની જે અભિલાષા છે તે ત્તો મારે પૂર્ણ કરવીજ જોઇએ. તેથી નેમિનાથ બોલ્યા–કે પહેલાં આપણે બાહુ યુદ્ધ કરીએ ત્યારબાદ બીજું વિચારીશું.

કૃષ્ણ કહે–ભલે, એમ કહીને પોતાનો હાથ લાંબો કર્યો અને કહેવા લાગ્યા કે મારો હાથ બળપૂર્વક વાળીદે. નેમિનાથે ક્ષણમાત્રમાં તેમ કરી બતાવ્યું–કૃષ્ણ તો જોઈ જ રહ્યા. પછી નેમિનાથે હાથ લાંબો કર્યો અને કૃષ્ણને તે હાથ વાળવા કહ્યું કૃષ્ણ આ રમત સમજતાં હતાં પરંતુ પોતાનું બધુંજ બળ ભેગું કરી જોર કર્યું પરંતુ તેમ ના થઇ શકયું એટલે કૃષ્ણ તે હાથ ઉપર લટકી ગયાં પરંતુ નેમિનાથનો હાથ સહેજ પણ હલાવી શકયા નહિં આથી કૃષ્ણનું મોં પડી ગયું. નેમિનાથે ધીરેથી કૃષ્ણને જમીન ઉપર મૂકયા. કૃષ્ણને પોતાના બળનો ગર્વ ઉતરી ગયો.



પસ્તાવો પણ થવા લાગ્યો કે મેં બહુ ખોટું કર્યું–નેમિનાથના બળની પરીક્ષા કરવા જતાં મારા બળનું માપ ખુલ્લું પડી ગયું આમ કરવા જતાં હું પોતેજ ઉઘાડો પડી ગયો.

નેમિનાથની આવી તાકાત જોઈ કૃષ્ણ બોલ્યા–હે નેમિનાથ ! તમારા જેવા મહાબલીથી યાદવ કુળ પવિત્ર બની ગયું છે. તમારી સહાયથી હું જરાસંધને જીતી શકયો છું. તમારી શક્તિ પાસે હું કાંઈજ નથી. પોતાના વખાણ નહિ ગમવાથી શ્રી નેમિનાથ ચાલ્યા ગયા.

નેમિનાથની ગેરહાજરીમાં કૃષ્ણ બળદેવજીને પૂછે છે–હે ભાઇ ! આ નેમિનાથ આવા બળવાન હોઇ મારૂં આ

રાજ્ય તો પડાવી નહિં લે ને? આખું ભરત જીતી લઈ મહાન ચક્રવતીપદ તો નહિં મેળવી લે ને?

બળદેવ કહે–અરે કૃષ્ણ! આ નેમિનાથને તું બરાબર ઓળખતો લાગતો નથી. એ જેવા બળવાન છે તેથી વિશેષ ક્ષમાવાન છે. તેમને કોઈ તૃષ્ણા નથી. ભોગ–વિલાસની કોઈ ભાવના પણ નથી. જોજે, હજુ સુધી તેણે લગ્ન પણ કયાં કર્યાં છે? પછી રાજ્યની ઇચ્છા કયાંથી હોય?

બળદેવે કહ્યું પરંતુ કૃષ્ણના હૈયામાં ડર રહેતો એટલે દેવતાઓએ આવીને સમજાવ્યું–કે હે કૃષ્ણ વાસુદેવ! તમે ખોટી ચિંતા કરો છો. શ્રી નમિનાથ તીર્થંકરનું વચન સાંભળો–કે શ્રી નેમનાથ કુમાર અવસ્થામાંજ રાજપાટ અને સર્વસ્વ છોડી દીક્ષા લેશે. તીર્થંકરની વાણી કદી ખોટી પડેજ નહિં. માટે તમે ખોટી ચિંતા કરશો નહિં.

આ સાંભળી કૃષ્ણને હૈયામાં શાંતિ થઇ. અને શંકા ટળી ગઈ. ત્યારબાદ તેઓ રાણીવાસમાં ગયાં. અંતઃપુરમાં સૌને આજ્ઞા કરવામાં આવી કે નેમિનાથ ગમે ત્યારે અહીં આવે તો કોઈએ તેમને રોકવા નહિં. સૌ રાણીઓને પણ છુટ આપવામાં આવી કે નેમિનાથ સાથે છુટથી તોફાન–મસ્તી ગમ્મત કરવાં–તેમાં કોઇ પણ રીતે શરમ રાખવી નહિ.

સૌને જોઇતું હતું અને વૈદ્યે બતાવ્યું એવું થયું. ત્યારબાદ શ્રીનેમિનાથ અવાર નવર કૃષ્ણની પત્નિઓ સાથે તો કોઈવાર બળદેવજીની પત્નિઓ સાથે ખૂબજ આનંદ વિનોદ અને ગમ્મત કરતાં. રોકટોક તો હતી જ નહિં તેમછતાં

કોઈપણ સંજોગોમાં તેમની નજરમાં કે હૈયામાં કામ કદી પ્રવેશી શકતો નહિં. શ્રી નેમિકુમાર લગ્નની સંમતિ દર્શાવે તે માટે બધી ભાભીઓએ અનેકવિધ પ્રયત્ન કર્યા. અંતે નિર્વિકારી ભગવંતે સૌના મનને આનંદ આપવા ખાતર જ હા પાડી....સર્વે આનંદ પામી ઉગ્રસેન રાજાની રાજીમતીની સાથે લગ્નવિવાહ ગોઠવ્યો....જેના ભોગાવલી કર્મનો ઉદય નથી તેના લગ્ન કેવી રીતે થઈ શકે, કદાચ વરઘોડો ચઢયો હોય તો પણ માંડવેથી પાછા કરી દીક્ષાના પંથે જાય.... એજ પ્રમાણે શ્રી નેમિકુમાર હતા...(આ પ્રસંગ શ્રી કલ્પસૂત્રમાં તથા. શ્રી નેમિનાથ ચરિત્રથી વિસ્તૃત જાણવો.) સંસારથી વિરક્ત એવા નેમકુમાર લગ્નના માંડવેથી પાછા ફર્યા. અને દીક્ષા ગ્રહણ કરી.

શ્રી નેમિકુમાર જેમ હિંસાના નિમિત્તથી લગ્નના માંડવેથી પાછા ફર્યા તો છેવટે આજે જે લગ્નના પ્રસંગે જાય છે તેઓએ રાત્રિભોજન, અભક્ષ્ય, અનંતકાય, બરફ આદિ ન વપરાવવા જોઈએ.

# ૧૫ રાજીમતીની શુભ પ્રેરણા

શ્રીનેમિનાથે જન્મથી ત્રણસો વર્ષ પછી શ્રાવણ સુદી છઠ્ઠને દિવસે છઠ્ઠનું તપ કરી વિધિ પ્રમાણે લોચ કર્યો. ઈન્દ્રાદિ દેવોએ પંચમુષ્ટિ લોચ ગ્રહણ કરી ક્ષીર સમુદ્રમાં પધરાવ્યો. ત્યારબાદ મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું. તે વખતે નેમિનાથની સાથે અન્ય એક હજાર રાજાઓએ દીક્ષાલીધી.અને શ્રીનેમિનાથના શિષ્યો બની તેમની સાથે વિહાર કરવા લાગ્યા.

કૃષ્ણ–બળદેવ તેમને વંદન કરી દ્વારિકા ગયાં.

શ્રી નેમિનાથજીને રહનેમિ નામે નાનો ભાઈ હતો. જયારથી તેણે રાજીમતિને યૌવનમાં મદમાતી જોઈ ત્યારથી તે તેનામાં અત્યંત આસકત બની ગયો હતો. અને કોઈ પણ રીતે તેને મેળવવાના વ્યર્થ ફાંફા મારતો હતો.નેમિનાથે દીક્ષા લીધા પછી તે વારંવાર રાજીમતીને મળવા જતો અને નવી નવી ચીજ વસ્તુઓ લાવીને તેણીને ખુશ કરવાના પ્રયત્નો કરતો. રાજીમતી ભોળાભાવે પોતાના દિયરને નારાજ ન કરવાના હેતુથી તે સ્વીકારતી.

એક વખત એકાંત જોઇને અત્યંત કામાતુર થયેલો તે રાજીમતીને ઘેર આવ્યો. રાજીમતીને એકલી જોઇને તે

બોલ્યો—અરે રૂપસુંદરી ! તું ખરેખર ગાંડીજ છે. શ્રી નેમિનાથજી તો તને છોડીને ચાલ્યા ગયાં–તેમની પાછળ આવું યૌવન વૃથા વેડફી રહી છે. અત્યારેજ ખરો સમય છે. રંગરાગ અને ભોગ ભોગવી યૌવનની મોજ માણવાનો! જો તારી ઇચ્છા હોય તો હું લગ્ન કરવા તૈયાર છું. આવી કંચન વરણી કાયા અને આવી માદક નવપલ્લવીત યુવાની માણી જીવન સફળ કર.

અત્યારે ભોગ ભોગવી–જુવાની માણી લઈએ પછીથી આપણે બંન્ને શ્રીનેમિનાથ પાસે નિર્મળ વ્રત ગ્રહણ કરીશું. યૌવન વયમાં જો વ્રત લઇએ તો તે પાળવું અત્યંત કઠીન છે. રૂપવંતી સ્ત્રીને જોઈ પુરૂષનું અને સ્વરૂપવાન પુરૂષને જોઇ સ્ત્રીઓનું મન તેમના પ્રત્યે આકર્ષાય છે. જેથી પાપમાં પડવાનો વખત આવે છે. આ બાબતમાં માત્ર અરિહંત ભગવંતોજ નિસ્પૃહી રહી શકે છે.

હે રાજીમતિ ! મને તારા પ્રત્યે અત્યંત પ્રેમ થયો છે. તું મારું કહેવું માનીજા. આપણે બંન્ને સાથે મળીને સંસારના સુખો ભોગવી જીવનને ધન્ય બનાવીએ. જયારથી તને જોઈ છે ત્યારથી હું તારી પાછળ પાગલ બન્યો છું.

રાજીમતી કહે–હે રહનેમિ, તમે મારા દિયરજી છો એટલેજ મેં તમારી સાથે વાતચીત કરતી હતી. પરંતુ આવું બોલવાનું તમને શોભે નહિ. મેં તમને આવા હલકા વિચારવાળા ધાર્યા નહોતા. હવે હું તમારી સાથે વાતચીત

કરવા પણ ચાહતી નથી.

હું માનતી હતી કે તમે શ્રી નેમિનાથના ભાઈ છો એટલે તમારા વિચારો–તમારા આદર્શો તેમના કરતાં પણ ચડિયાતા હશે મારો એ ભ્રમ ભાંગીને ભુકકો થઈ ગયો. કાચ અને મણિનો ભેદ આજેજ મને સમજાઈ ગયો. સોનાની કસોટી અગ્નિમાં નાંખો ત્યારેજ થાય છે,

જો તમારે આપણો દિયર–ભોજાઈનો સંબંધ ટકાવી રાખવો હોય તો મહેરબાની કરી ફરીને આવી હલકી વાત કદી કરશો નહિં. આવી વાત કરવી તે પણ પાપ છે અને દુર્ગતિમાં લઈ જાય છે- તમે જિનધર્મ મેળવ્યો છે. છતાં બોલો છો ? વિકાર છોડો, ધર્મ સમજો. તમારા ભાઇના જીવનમાંથી કાંઈક શીખો. રાજીમતિએ ખૂબ ખૂબ બોધ આપ્યો. ધર્મ સમજાવ્યો ફરી આવું કદી નહિં બોલવાની સલાહ આપી પણ પત્થર ઉપર પાણી, રહનેમિ ગુસ્સે થઈને ચાલ્યો ગયો. મનમાં વિચારે છે કે ગમે તે રીતે આ રાજીમતીને હું સમજાવી લઈશ. અત્યારે મૌન રહેવામાં સાર છે.

રાજીમતીની પાછળ રહનેમિ અનેક પ્રયત્નો કરે છે પરંતુ દ્રઢ મનની તે સ્ત્રી પોતાના ધ્યેયબિંદુમાંથી લેશ માત્ર ચલિત થતી નથી. આમને આમ ઘણા દિવસો નીકળી ગયાં. રાજીમતીએ જોયું કે રહનેમિની વાસનાભરી નજરમાં કોઇ સુધારો થયો નથી તેથી તેને બોધ આપવાનો વિચાર કર્યો.

એક દિવસે રાજીમતીએ પોતાના દિયરજીને પોતાને

ઘેર બોલાવ્યાં–રહનેમિ તો રાજી રાજી થઈ–સુંદર વસ્ત્રો વગેરે પહેરીને આવ્યાં–રાજીમતીએ હર્ષથી આવકાર આપી બેસાડયાં. અંદરના ઓરડામાં જઈને ગાયનું દૂધ એક ઘડો ભરીને પી ગઈ અને તેની ઉપર મીંઢળનું ફળ ખાધું. અને રહનેમિની પાસે આવી ને બેઠી. તાત્કાલીક સોનાનો થાળ મંગાવી તેમાં ઉલટી કરી–પીધેલું બધું દૂધ બહાર કાઢી નાંખ્યું અને પછી એ થાળ બતાવીને રાજીમતીએ રહનેમિને કહ્યું–કે હે દિયરજી, આ દૂધ પી જાઓ. આ સાંભળી રહનેમિ એકદમ ગુસ્સે થઇ બોલ્યા–શું હું કૂતરો છું? કે કોઈનું વમન કરેલ પી જાઉં?

રાજીમતી કહે કે–હે દિયરજી, મારી નજરમાં તમારામાં કે કૂતરામાં કોઇફેર નથી. તમે કોઇનું વમન કરેલું ખાવાની ઈચ્છાવાળા તો અવશ્ય છો જ, તમારા ભાઈ શ્રી નેમિનાથે મને છોડી દીધી તેવી મને ભોગવવાની ઈચ્છા કરો જ છો ને? પોતાની અભિલાષા ઉપર પાણી ફરી વળવાથી નારાજ થઈને રહનેમિ ત્યાંથી ઊભા થઈને પોતાના ઘેર ગયાં–હજુ તેના મનમાંથી રાજીમતિ ભૂંસાઈ નથી. વિષય રસના જીવડાંને ધર્મ પ્રત્યે કદી ભાવના થતી જ નથી.

રાજીમતિ નિરંતર શ્રી નેમિનાથના ધ્યાનમાંજ મસ્ત બની સમય પસાર કરતી હતી. વ્રત ધારણ કર્યા પછી બરાબર ચોપનમા દિવસો શ્રીનેમિપ્રભુ રૈવતગિરિ ઉપર સહસ્રામ્ર વનમાં એક જાંબુના ઝાડ નીચે અઠ્ઠમ તપ આદર્યો. ત્યારે શુકલ-ધ્યાનમાં લીન બનીને ઘાતી કર્મોનો નાશ કરી બરાબર

ભાદરવા વદી અમાસના ચિત્રા નક્ષત્રમાં પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આકાશમાં દેવ દુંદુભિ વાગ્યા અને પુષ્પ વૃષ્ટિ થઈ. શીઘ્રપણે ભક્તિથી દેવોએ આવી ત્રણ કિલ્લાઓવાળું અત્યંત મનોહર સમવસરણની રચના કરી. તેની ચારે દિશાએ અલૌકિક દ્વારો હતાં. શ્રીનેમિનાથ પ્રભુએ પૂર્વના દ્વારેથી પ્રવેશ કરી **નમો તિત્થસ્સ** કહીને સિંહાસન પર બેઠાં. તરતજ વ્યંતર દેવતાઓએ પ્રભુના પ્રતિબિંબો રત્નના સિંહાસનો ઉપર ત્રણે દિશાઓમાં વિકુર્વ્યાં.

બારે વર્ષદા પ્રભુની દેશના સાંભળવા એકઠી થઈ અને સમવસરણમાં આવી યોગ્ય સ્થાને બેસી ગઇ. રૈવતગિરિના પાલકો પ્રભુને કેવળજ્ઞાન થયાના સમાચાર આપવા કૃષ્ણ–બળદેવ પાસે દોડી ગયાં. આ સાંભળી કૃષ્ણ વાસુદેવ હર્ષ પામી સમાચાર આપવા આવનારને પોતાના પહેરેલાં તમામ અલંકારો અને અઢળક ધન ભેટ આપી રાજી કર્યો.

કૃષ્ણ વાસુદેવ પોતાના તમામ પરિવાર સાથે હાથી ઉપર બેસીને–સૈન્ય–અધિકારીઓ–નગરજનો વગેરેને લઈને વાજતે ગાજતે રૈવતગિરિ આવી પહોંચ્યા. રાજીમતિએ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેનું હૈયું હર્ષથી નાચી ઊઠયું. તે પણ સકળસંઘની સાથે અહીં આવી હતી. દૂરથી હાથી રથ વગેરે સવારીએથી ઊતરી. રાજચિન્હ વગેરે તમામ ચીજો બહાર મૂકી ઉઘાડા પગે ઉત્તરના દ્વારેથી સૌએ પ્રવેશ કર્યો, શ્રીનેમિનાથ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા

કરી. બે હાથ જોડી વંદન કરી સૌ યોગ્ય સ્થાને બેઠાં. અન્ય હજારો રાજાઓ પણ આવીને વંદન કરીને પોતાની જગાએ બેઠાં. ચોસઠ ઈન્દ્રો અને અનેક દેવતાઓ પણ આવી ઈન્દ્રાણી વિ. સૌ પ્રભુને વંદન કરી યોગ્ય સ્થાને બેઠાં. ત્યાર બાદ ત્રિભુવનના સ્વામી નેમિનાથ ભગવાને પોતાની યોજનગામી વાણી વડે ધર્મદેશના આપીઃ–

હે ભવ્ય જીવો! આ મનુષ્યભવ મહામૂલો છે. તેની કિંમત સમજો. પ્રમાદ છોડી-ધર્મ આચરો- રાગદ્વેષ છોડો, વિરાગી બનવા ઉદ્યમશીલ થાઓ. ચાર પ્રકારની ગતિ હોય છે. પરંતુ દેવો વિષયભોગી હોય છે તેથી તેમનામાં ધર્મ બહુ થોડો હોય છે. નારકીના જીવો એવા ભયંકર દુઃખોમાં ડૂબેલા હોય છે કે તેમને ધર્મની કરણી યાદ આવી શકતી નથી. તિર્યંચ જીવોમાં વિવેકબુદ્ધિ હોતી નથી એટલે તે પણ પ્રાયઃ ધર્મ આચરી શકતાં નથી. માત્ર મનુષ્યભવ એ એક જ એવો છે કે જેમાં ધર્મ કરી પ્રધાનપણે આદરી શકાય છે. ધર્મ આચરવા માટેની તમામ સામગ્રી હાથમાં હોવા છતાં જો માણસ પ્રમાદ સેવે તો પતન નિશ્ચિંત છે.

આયુષ્ય યૌવન અને ધન કદી સ્થિર નથી. આ ત્રણે મળતાં છકી ન જતાં ધર્મની આરાધના કરતાં રહો, સંસાર-રૂપી સાગરને તરવાની ઈચ્છાવાળાઓએ દાન, શીલ, તપ અને ભાવ રૂપી ધર્મ આચરતાંજ રહેવું જોકે વિરતિ લક્ષણ-ાળો ધર્મ આચરવો કઠીન છે. કર્મ નિર્જરાર્થે ધર્મ ક્રિયા

કરવી જોઈએ. કર્મની નિર્જરા થવાથી માનવી મોક્ષ મેળવે છે. માટે હે મહાનુભાવો! ધર્મની ભાવના કેળવવો.

આ મહામુલો માનવભવ મલ્યો છે. જિનેશ્વર જેવા દેવ મલ્યાં છે. જૈન ધર્મ મલ્યો છે અને ભરત ક્ષેત્ર જેવો દેશ મલ્યો છે આવું ફરી ફરીને વારંવાર મળતું નથી. તો હવે સૌ જાગો-સમજો અને ધર્મને માર્ગે ચાલવા લાગો. એજ સાચો માર્ગ છે. ધર્મજ તમારું રક્ષણ કરશે અને ધર્મજ તમને તારશે, મોહ માયા મિથ્યા છે. તેના ફંદામાં કદી ફસાતા નહિં. નહિંતર પતન સામે ઊભું જ છે. ચેતી જાવ, હજુ સમય છે.

સકળ બારે પર્ષદા પ્રભુની અમૃતમય વાણી સાંભળી પાવન થઈ. પ્રભુની વાણી સાંભળી વરદત્ત રાજાને વૈરાગ્ય થયો. સમવસરણમાં પ્રભુની દેશના પૂરી થતાં કૃષ્ણવાસુદેવે બે હાથ જોડી, વંદન કરી પ્રભુને પૂછ્યું હે ભગવંત, તમે રાજીમતિના ત્યાંથી માંડવેથી પાછા ફરી દીક્ષા લીધી. તમે રાજીમતિ ને તરછોડીને ચાલ્યાં ગયાં તેમ છતાં તે રાજીમતિ આપના પ્રત્યે અપાર પ્રેમ ધરાવતી હજુ બેઠી છે. હજુ તમારામાં તેને અત્યંત પ્રેમ છે તેનું કારણ શું? ખરેખર તો રાજીમતિ ને તમારા પ્રત્યે ધિક્કાર કે નફરત થવી જોઇએ.

શ્રીનેમિનાથ ભગવાને ધનમતીનાભવથી માંડીને નવભવ સુધીની રાજીમતિનાં બધાં ભવનીસવિસ્તર વાત કહી સંભળાવી એ સાંભળીને સૌ રાજી થયાં આ વખતે પર્ષદામાં રાજીમતી પણ હાજર હતી. કૃષ્ણ અને તેનો પરિવાર રાજીમતિ

વગેરે સૌ રાજી થયાં.

એવામાં વરદત્તરાજા આવીને બોલ્યો હે પ્રભુ ! આ સંસાર રૂપી સાગર તરવા માટે અત્યંત ઉપયોગી સાધન છે એવી દીક્ષા મને આપો. આ વરદત્તની સાથે બીજા બે હજાર ક્ષત્રિયોએ પણ દીક્ષા ગ્રહણ કરી. અનેક જીવો વૈરાગ્ય પામી ગયા. વિમલબોધ મંત્રીને રાજીમતિના પૂર્વ જન્મની હકીકત સાંભળી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું તેણે પણ પ્રભુની પાસે વ્રતો ગ્રહણ કર્યાં. વરદત્ત વગેરે અગિયાર ગણધરોને વિધિથી ત્રિપદીનું અપૂર્વ દાન આપી ગણધરપદે સ્થાપિત કર્યા અને આ ગણધરોએ ત્રિપદીને અનુસારે દ્વાદશાંગી રચી. તે વખતે યક્ષિણી અને રાજપુત્રીને વૈરાગ થતાં બીજી અનેક રાજપુત્રીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી તે પ્રભુની ચાલીસ હજાર સાધ્વીઓમાં મુખ્ય થઈ.

કૃષ્ણ તથા તેના પવિારના સૌ સભ્યો અને બીજાં અનેક યાદવોએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. આ થયો પ્રભુનો શ્રી ચતુર્વિધ સંઘ. ત્યારબાદ શ્રીનેમિનાથ પ્રભુએ સૌને પતિતપાવન કરનારું પોતાનુ તીર્થ સ્થાપન કર્યું અને ધર્મ દેશના દેતાં દેતાં વિહાર કરવા લાગ્યા.

# ૧૬ અપમાનનું પરિણામ

હસ્તિનાપુર નગરમાં પાંચ પાંડવો સુખેથી રાજ્ય ચલાવતાં હતાં. ઠેકઠેકાણે જિનમંદિરો કરાવતાં અને ધર્મ-કાર્ય કરતાં સમય પસાર કરી રહ્યાં હતાં એક વખત દ્રૌપદી ને ત્યાં નારદમુનિ ફરતાં ફરતાં આવી ચડયાં "આ મિથ્યા દ્રષ્ટિ છે" એમ માનીને દ્રૌપદીએ મુનિનું સ્વાગત કર્યું નહિ આથી મુનિ ગુસ્સે થઇ ચાલ્યા ગયાં. મુનિ મનમાં વિચારે છે કે પાંડવો જેવાં પતિ મેળવીને દ્રૌપદીને અભિમાન આવી ગયું લાગે છે. મને આવેલો જોયો છતાં મારું કોઇ સન્માન કર્યું નહી ! મારુ અપમાન કરનારને કેવું ફલ મળે છે એ હું બતાવી દઇશ.

આથી નારદમુનિ ધાતાકીખંડમાં અમરકંકા નગરે ગયાં ત્યાં કંપીલ વાસુદેવનો સેવક પદ્મનાભ હતો. તે અત્યંત સ્ત્રી લંપટ અને પાપી હતો. અને અમરકંકા નામે નગરીમાં રહેતો હતો. તેની પાસે નારદજી આવ્યાં. નારદજીને જોઈ તેમનું ખૂબ સ્વાગત કર્યું.

પદ્મરાજા નારદજીને હાથઝાલીને પોતાના જનાન

ખાનામાં લઈ ગયો અને એક એકથી ચડે તેવી અત્યંત નાજુક સ્વરૂપવાન યૌવનવાળી સ્ત્રીઓ બતાવી અને પૂછ્યું કે હે મુનિ! તમે તો બધેજ ફરો છો. બોલો, આવી સ્ત્રીઓ અને આટલી સ્ત્રી છે કોઈના જનાન ખાનામાં ?

આ સાંભળી નારદજી બોલ્યા હે પદ્મનાભ! ખોટો અહંકાર કરે છે. તારી સ્ત્રીઓને જોઈને તું નકામો ગર્વ કરે છે. જંબુદ્વીપમાં હસ્તિનાપુર નગરમાં પાંડવોની પત્નિ દ્રૌપદી છે તેને તેં જોઇ નથી ત્યાંસુધી તેં કશું જ જોયું ના કહેવાય. તેના નિત્ય યૌવના છે. તેના રૂપ પાસે તારા જનાન ખાનાની કોઇ વિશાત નથી. તું નકામો ગર્વ કરે છે! આમ કહી તેને દ્રૌપદીમાં રાગ કરાવી નારદજી ચાલતાં થયાં.

હવે પદ્મનાભ દ્રૌપદીના વિચારોમાં જ પડી રહી માનસિક પીડા અનુભવવા લગ્યો. અને પોતે આરાધેલ દેવને બોલાવ્યો અને કહ્યું કે મારે દ્રૌપદી જોઇએ. તેને અહીં લાવી હાજર કરો. દેવ વિનયપૂર્વક બોલ્યો હે પદ્મનાભ! દ્રૌપદી સ્ત્રી રત્ન અવશ્ય છે પરંતુ તે સાથે સાથે મહાન સતી સ્ત્રી છે. તેને છંછેડવામાં કોઈ મઝાનથી માટે મહેરબાની કરીને એ વાત જતી કરો.

દ્રૌપદીમાં આશક્ત બનેલા પદ્મનાભે ગુસ્સો કરી દેવને કહ્યું તારે મારી આજ્ઞા પ્રમાણે વર્તવાનું છે. મને સલાહ આપવાની જરૂર નથી આથી દેવે હસ્તિનાપુર જઈ થોડીજ વારમાં દ્રૌપદીને લાવી તેની સમક્ષ હાજર કરી. એકાએક દ્રૌપદી

પદ્મનાભને ત્યાં લાવીને મૂકી કે તે જાગી ગઈ તે વિચારવા લાગી કે હું કયાં છું? અહીં કેવી રીતે આવી ગઇ? શું આ કોઈ દેવની માયા જાળ છે કે શું? મને કંઈ સમજાતું નથી. પદ્મનાભ તેની પાસે આવીને બોલ્યો હે સુંદરી! સાંભળ. આ ધાતકીખંડ છે. તેના સ્વામી કંપિલ વાસુદેવ છે. તેનો સેવક છું મારું નામ પદ્મનાભ છે. આ અમરકંકા નામની મારી નગરી છે. તારામાં હું અત્યંત આશક્ત થયો હોવાથી મારા આધીન દેવ વડે તને અહીં લાવવામાં આવી છે.

તું જૈનધર્મને અનુસરનારી છે. અહીં મારી સાથે રહી ક્રીડા કર અને ધર્મ પણ આચરી શકીશ. દેવોને દુર્લભ એવું તારું રૂપ છે એવું સાંભળી તને અહીં લાવવામાં આવી છે મારું તું માની જા, હું અને મારો સમગ્ર રાણીવાસ તારો બની તારી આજ્ઞાનું પાલન કરશે. જંબુદ્વીપ ખૂબજ દૂર છે. અહીં તને છોડાવવા કોઈ આવી શકવાનું નથી.

આ સાંભળી દ્રૌપદી ખૂબજ દુઃખી થઈ મનમાં વિચારવા લાગી–મારાપૂર્વજન્મનાં કોઈ પાપને કારણે આજે મારી આવી દશા ઉત્પન્ન થઇ છે. ગઈકાલ સુધી કેવી શાંતિ હતી! અને આજે એકાએક પરિવર્તન! કર્મરાજાની સત્તા કેટલી પ્રબળ છે. ખેર! કાંઈ નહિ. જે બનવાનું હશે તે બનશે પરંતુ આવા સમયે ગમે તે રીતે સમય પસાર કરવો એજ ઉત્તમ છે. સમજુ માણસનું કામ છે.

એમ વિચારી દ્રૌપદી બોલી– હે રાજન મને એક માસ સુધી શાંતિ પૂર્વક વિચારવા દો. ત્યારબાદ તમે કહેશો

તેમ કરીશ. બળાત્કાર કરશો તો હું આત્મ હત્યા કરીશ.

આ સાંભળી પદ્મનાભ બહુરાજી થયો. વાત વાતમાં મહિનો તો પસાર થઇ જશે. બળાત્કાર કરીને સ્ત્રીને વશ કરાતી નથી. પ્રેમથીજ થઇ શકે છે. વળી આટલે દૂર લવણ સમુદ્ર ઓળંગીને તેને પાછી લઇ જવા કોણ આવવાનું હતું? એટલે હસતાં હસતાં દ્રૌપદીને જણાવ્યું કે હે રૂપ-સુંદરી! તારી માંગણી મને કબુલ મંજુર છે.

દ્રૌપદીએ મક્કમ નિર્ધાર કર્યો કે એક માસ દરમ્યાન મારી શોધ કરવા કોઇ ન આવે ત્યાંસુધી હંમેશા આયંબિલ કરીશ. અને એ રીતે વ્રતનું પાલન કરતી રહી.

આ બાજુ હસ્તિનાપુરમાં બીજે દિવસે સવારમાં દ્રૌપદીને ન જોવાથી સૌ ચિંતામાં પડી શોધાશોધ કરવા લાગ્યા. પણ ક્યાંય પત્તો મલ્યો નહિં. તેથી કુંતા માતાને ખબર મોકલ્યાં.

કુંતામાતા કૃષ્ણ પાસે આવ્યાં અને કહ્યું–હે કૃષ્ણ, તારા જેવો ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ બેઠો હોય અને મારી પુત્રવધૂ દ્રૌપદીને કોઇ ઉપાડી જાય એ કેમ બને? અને તું કેમ સાંખી લે?

કૃષ્ણ કહે–હે ફોઇબા! તમે જરા પણ ચિંતા કરશો નહિં. આપની પુત્રવધૂ દ્રૌપદીને હું ગમે ત્યાંથી શોધી લાવું છું. અને તમને સોંપું છું. દ્રૌપદીને કોઈ હાથ અડાડી શકે તેમ નથી. એ સ્ત્રી રત્ન જેવું તેવું નથી માટે તમે શાંતિ રાખો.

એવામાં નારદમુનિ આવી ચડયા. કૃષ્ણે તેમનો આદર

સત્કાર કરી દ્રૌપદી વિષે વાત પૂછી. ત્યારે નારદજીએ મુખ મલકાવતા કહ્યું–હે કૃષ્ણ, લવણ સમુદ્રને પેલે પાર ઘાતકીખંડ છે તેમાં અમરકંકા નામની નગરીના કંપિલ વાસુદેવના સેવક પદ્મનાભના ઉદ્યાનમાં દ્રૌપદી જેવી કોઈક સ્ત્રી અત્યંત શોકાતુર બનીને બેઠેલી જોવામાં આવી હતી. એ દ્રૌપદી હોવાનો સંભવ નથી. કારણ કે એટલે દૂર તેને કોણ લઈ જાય ? છતાં ચોકસાઈ પૂર્વક તપાસ કરવામાં શું નુકશાન છે ? એમ કહી નારદજી ચાલતાં થયાં.

શ્રી કૃષ્ણને લાગ્યું કે દ્રૌપદી ચોક્કસ ઘાતકીખંડમાં અમરકંકામાં પદ્મનાભ રાજાને ત્યાંજ હોવી જોઈએ અને આ કામ પણ નારદજીનું જ હોવું જોઈએ. એ સિવાય આમ ન બની શકે. આ સમાચાર કૃષ્ણે કુંતાજી મારફતે પાંચ પાંડવોને મોકલ્યા અને તૈયાર થવા પણ જણાવ્યું. અને કૃષ્ણ પાંડવોને લઈને સૈન્ય સાથે સમુદ્રને કાંઠે આવ્યાં.

કૃષ્ણે પાંડવોને કહ્યું કે તમારા જેવા બળવાનથી પણ આ લવણ સમુદ્ર ઉતરી શકાય તેમ નથી માટે હું પાછો આવું ત્યાં સુધી તમે સૌ અહીં રહો. એમ કહી કૃષ્ણ વાસુદેવે એ સમુદ્રના અધિષ્ઠાતા દેવને પ્રસન્ન કરવા અઠ્ઠમ તપની આરાધના કરી બ્રહ્મચર્યનું પાલન કરી એ દેવને પ્રસન્ન કર્યા.

દેવે પૂછ્યું કે–હે કૃષ્ણ ! મને કેમ યાદ કર્યો ?

કૃષ્ણ કહે– પદ્મનાભ ! દ્રૌપદીને હરી ગયો છે તેને પાછી લેવા આવ્યા છીએ.

સુસ્થિત દેવ કહે–અહો! એમાં શું! હમણાંજ દ્રૌપદીને લઇ આવું છું.

કૃષ્ણ કહે– ના, તમારે ત્યાં જવાની જરૂર નથી. એ અમે લડીને જીતીને દ્રૌપદી પાછી લાવીશું. અમારા છ જણના છ રથ સમુદ્રમાં થઈને જઇ શકે એ રીતે માર્ગ કરી આપો. દેવે તે મુજબ રસ્તો કરી આપ્યો જેથી તે છએ જણ લવણસમુદ્ર પાર કરી ઘાતકીખંડના અમરકંકા નગરીના દ્વારે આવી ગયાં. કૃષ્ણે દૂત મારફતે પદ્મનાભને કહેડાવ્યું હે પાપી, દુરાત્મા પાંડવોની પત્નિ સતી દ્રૌપદીને તું અહીં લાવ્યો છે. તેને પાછી લેવા પાંડવો અને કૃષ્ણ વાસુદેવ આવ્યા છે સમજીને માનપૂર્વક દ્રૌપદી પાછી સોંપી જાવ અથવા લડવા તૈયાર થઇ જા.

આ સાંભળી પદ્મનાભ ગુસ્સે થયો. પોતે મહાબળવાન હતો. એટલે ગર્વિષ્ટ પણ હતો. તે બોલ્યો પાંડવો કે કૃષ્ણની શું તાકાત છે કે મારી સામે લડી શકે? જાવ–લડવા તૈયાર થાવ એમ કહી લડવા મેદાનમાં આવ્યો.

કૃષ્ણે પાંડવોને કહ્યું–દ્રૌપદી તમારી પત્નિ છે માટે તમે લડો–પદ્મનાભને હરાવીને દ્રૌપદીને પાછી મેળવો. બોલો કેવી રીતે લડશો?

પાંડવો કહે–સારું અમે બળવાન છીએ. એમ જ લડીશું. કાંતો પદ્મનાભને હરાવીને દ્રૌપદીને પાછી લઇ આવીશું. પદ્મનાભ સાથે પાંડવો ગર્વથી લડવા લાગ્યા બહુ લાંબા સમયસુધી તેમનું યુધ્ધ ચાલ્યું. અંતે મહાબલી

પદ્મનાભ સામે લડતાં પાંડવો હારીને કૃષ્ણને શરણે આવ્યાં.

કૃષ્ણ કહે હે પાંડવો, હું તો પહેલેથી જ જાણતો હતો કે તમારું અભિમાન તમને હરાવશે. બોલતાં પહેલાં વિચાર કરવો જોઈએ. હવે તમે બધાં અહીં ઊભા રહી મારું યુદ્ધ જુઓ. એમ કહી કૃષ્ણ લડાઈ મેદાનમાં ઊતર્યા. પદ્મનાભના રથ સામે આવી પંચજન્ય શંખ વગાડયો. એના નાદથી પદ્મનાભનું ત્રીજા ભાગનું સૈન્ય ભયભીત થઈ નાસી ગયું પછી કૃષ્ણના સારંગ ધનુષ્યને પણછ પર ચડાવીને ટંકાર કર્યો જેથી બધી દિશાઓ બહેરી બની ગઇ અને યુદ્ધના મેદાનમાંથી બીજી ત્રીજા ભાગની સંખ્યા ઓછી થઈ ગઈ.

કૃષ્ણનું તેજ પદ્મનાભ જીરવી શકયો નહિં એટલે યુદ્ધનું મેદાન છોડીને સૈન્ય સાથે નગરમાં પેસી ગયો. નગરના દરવાજા બંધ કરાવ્યાં. આથી ગુસ્સે થઈને કૃષ્ણ રથમાંથી ઉતરી પગપાળા તેની પાછળ દોડયા તેમણે નરસિંહનું રૂપ ધારણ કર્યું. અને સિંહનાદ કર્યો. કિલ્લાના દ્વારો તોડી અંદર પેઠાં. તેના મહેલમાં તેની પાછળ દોડયા.

પદ્મનાભ ગભરાઈ ગયો. બચવાનો કોઇ ઉપાય ન જડવાથી તે દ્રૌપદી પાસે આવી તેમનું શરણ સ્વીકારી કરગરી પડયો. મને બચાવો મને બચાવોની બૂમો પાડવા લાગ્યો.

દ્રૌપદી કહે–અરે નાલાયક! આ કૃષ્ણ એ ભરતખંડના વાસુદેવ છે. મહા બળવાન છે. તેમના પરાક્રમ તું

જાણતો નથી. તેમના હાથમાંથી બચવું મુશ્કેલ છે. છતાં એ મહાપુરૂષ ઉદારદીલના છે. હું કહું તેમ કર તો જ તને મુક્તિ મળે. તું સ્ત્રીનો વેશ પહેરી લે. ગળામાં ખાસડા નો હાર પહેર અને મોંમાં તરણું લે. મને આગળ કરી મારી પાછળ આવી કૃષ્ણના પગમાં પડી ક્ષમા માંગી લે. અને મને પાછી સોંપી દે તો તું બચી શકીશ. પદ્મનાભે તે પ્રમાણે કર્યું. કૃષ્ણે તેને માફ કર્યો અને તેનું રાજ્ય પાછું આપ્યું. જીંદગીમાં ફરી આવી મૂર્ખાઈ કદી ન કરવા સમજાવ્યું. ત્યારબાદ કૃષ્ણ અને પાંડવો દ્રૌપદીને લઈને ઘાત-કીખંડથી લવણસમુદ્રમાં દેવે કરી આપેલાં માર્ગે પાછા આવ્યાં.

આ બાજુ ચંપાપુરીના ઉદ્યાનમાં શ્રીમુનિસુવ્રત સ્વામી સમોસર્યા હતા અને કંપીલ વાસુદેવ તેમને વંદન કરી પર્ષદામાં બેઠાંબેઠાં દેશનારૂપી અમૃતના ઘુંટડા પી રહ્યો હતો. તે સમયે કૃષ્ણના પંચજન્ય શંખનો અવાજ સાંભળી તે આકુળ વ્યાકુળ થઈ ગયો હતો તેથી તેણે પ્રભુને પૂછ્યું કે–હે પ્રભુ ! આ શંખનો ધ્વનિ સંભળાય છે તે કોણ વગાડે છે.

શ્રીમુનિસુવ્રતસ્વામીએ કંપીલને–પાંડવો-કૃષ્ણ–દ્રૌપદી અને પદ્મનાભની બનેલી તમામ હકીકત સવિસ્તર કહી સંભળાવી. કૃષ્ણ વાસુદેવ છે એટલે પંચજન્ય શંખ તેમણે વગાડેલ છે.

કંપીલ કહે–હે પ્રભુ ! અનાયાસે મારે ત્યાં આવી ચડેલા એ કૃષ્ણવાસુદેવની હું પૂજા કરી શકું ?

ભગવાન કહે કોઇકવાર કારણોસર વાસુદેવ મોટા કાર્ય માટે આવી ચડે ખરા પરંતુ બે વાસુદેવો પરસ્પર

કદી મલે નહિં એવો નિયમ છે. તેમ છતાં કંપીલ દોડતો સમુદ્ર કિનારે આવ્યો. જોયું તો દરિયાની વચ્ચે થઇને રથો અતિ સુંદર ધજાઓવાળા જતા હતાં અને તેજથી ઝગારા મારતા જઇ રહ્યાં હતાં. અહીં ઊભા રહી કંપીલે શંખ વગાડી કહ્યું કે–“ પૂજ્ય આપ અમને મલીને જાવ હું મહેમાનોની તો પૂજા કરું માટે જલદી પાછા વળો.”

કૃષ્ણ પંચજન્ય શંખના નાદથી જવાબ આપ્યો કે ઘેર જવાની ઉતાવળ છે. અમે સમુદ્રની મધ્યમાં છીએ અને પાછા વળી શકીએ તેમ નથી. તમારા વચન ભાવથી અમને સંતોષ થયો છે એમ કહી ચાલ્યા ગયા. અને ભરત-ખંડના કિનારે ઊતર્યા ત્યાર બાદ આગળ જતા ગંગા નદી આવી. કૃષ્ણે પાડવોને કહ્યું કે હું પેલા સુસ્થિત દેવની રજા લઈને આવું છું. ત્યાં સુધીમાં તમે સૌ ગંગાનદી ઉતરીને સામે કાંઠે જાઓ કૃષ્ણ ગયા પછી પાંડવો હોડી દ્વારા સામે કાંઠે પહોંચી ગયા. કંઈક કૂતુહલ હાંસીથી પ્રેરાઈ ને હોડી કૃષ્ણ માટે પાછી મોકલવી નહિં અને પાંડવો હોડી છુપાવી–સૌ પાંડવો મોટા વૃક્ષની પાછળ સંતાઇને જોવા લાગ્યાં.

થોડીવારમાં કૃષ્ણ પાછાં આવ્યાં. નદીપાર કરવાં માટે કોઈ વહાણ કે હોડી જોવામાં આવી નહિં એટલે કૃષ્ણે એક હાથમાં અશ્વોસહિતનો રથ પકડી બીજા હાથે તરતાં તરતાં નદી પસાર કરવાં લાગ્યા. અડધા પટે આવ્યાં અને કૃષ્ણમહારાજ થાકી ગયાં. તેમને વિસામો લેવા ગંગાજીએ

તળીયું આપ્યું અને કૃષ્ણ ત્યાં થોભ્યાં. મનમાં વિચાર કરે છે કે શું પાંડવો મારા કરતાં વધુ બળવાન હશે કે વહાણ વગર તેઓ નદીને પાર ઊતરી ગયાં! ત્યાર બાદ કૃષ્ણ એક હાથે રથ પકડી બીજા હાથે તરતાં તરતાં સામે કાંઠે પહોંચી ગયાં. આવી કૃષ્ણની શક્તિ જોઈ પાંડવો હસતાં હસતાં સામા આવ્યાં. તરત જ કૃષ્ણે પૂછયું કે તમે લોકો કેવી રીતે ગંગાપાર આવી ગયાં ? પાંડવો કહે-પ્રભુ ! નાવની મદદથી અમે તો અહીં ઊતર્યા છીએ. કૃષ્ણ કહે–મારા માટે નાવ કેમ પાછું ના મોકલ્યું ? પાંડવો કહે- અમે તમારું બળ જોવા ઇચ્છતાં હતાં આ સાંભળી કૃષ્ણ ખૂબ જ ગુસ્સે થયાં


આંખ ફેરવીને કૃષ્ણ બોલ્યાં. આ પદ્મનાભને મેં જીત્યાં. તમે સૌ તો હારીને શરણે આવ્યાં હતાં તે ભૂલી ગયાં ? તમે મારા બલની પરીક્ષા કરતાં શરમાતા નથી ? અને ગુસ્સામાં કૃષ્ણે પાંચે પાંડવોના રથ ભાંગીને ભુક્કો કરી નાંખી દ્વારિકા ચાલ્યા ગયાં. અને કહેતાં ગયાં કે તમારે મારી ભૂમિ ઉપર રહેવું નહિં. જે જગાએ પ્રભુએ આ રથ ભાંગી નાંખેલા ત્યાં રથમર્દન નામનું નગર વસાવ્યું. પાંડવો પોતાની ભૂલનો પસ્તાવો કરતાં કરતાં હસ્તિનાપુર નગરે આવ્યાં. માતા કુંતી પાસે જઈ બનેલી તમામ હકીકત કહી સંભળાવી તેમજ કરેલી ભૂલનો પસ્તાવો કરવા લાગ્યાં.

કુંતાજી કહે- પુત્રો. તમે જે કાર્ય કર્યું છે તે ખરેખર શરમજનક કહેવાય. કૃષ્ણ તમારા દરેક કાર્યમાં

આવીને મદદ રૂપ બન્યા છે તે તેમનો ઉપકાર ભૂલી જઈ તમે જે કાર્ય કર્યું તે બદલ ક્ષમા માંગવી જોઈએ.

તરત જ કુંતામાતા રથમાં બેસીને દ્વારિકા આવ્યાં. કૃષ્ણે પ્રેમપૂર્વક આવકાર આપ્યો. સારી મહેમાનગતિ કરી. પછી શાંતિથી કુન્તામાતાએ પૂછયું કે– હે ભાઈ કૃષ્ણ ! તમે તો ત્રણ ખંડના માલિક છો. મારા પુત્રોને તમારા રાજ્યની હદ બહાર કાઢી મૂકયા તો હવે કયાં જઈને રહે ? અર્ધું ભરત તો તમારી આણ નીચે છે. તારા આવા હુકમથી તારી બહેનને પણ કેટલું દુઃખ થશે ? મને કહે કે અમે સૌ કયાં જઇને રહીએ ?

કૃષ્ણ કહે– તમે સૌ પૂર્વસમુદ્રને કાંઠે જઈને મથુરા નામે નગરી વસાવી ત્યાં રહેજો. એ પ્રમાણે પાંડવો ત્યાં જઈને નગરી વસાવીને રહ્યાં (કૃષ્ણે હસ્તિનાપુરનું રાજ્ય વીર અભિમન્યુને આપ્યું.)



# ૧૭ વિરતિનારાગી કૃષ્ણજી

કૃષ્ણજી દેવકી માતાને આનંદ આપતાં તથા દુઃખ-દૂર કરતા હતા. છ એ પુત્રો દીક્ષાને માર્ગે ગયા હોવાથી માતા દેવકી પુત્ર પાલન, બાલરમત વિગેરે કંઈ અનુભવી ન શકયા તેથી તેમને એક પુત્રની અભિલાષા હતી. તે વાત કૃષ્ણને કરી જેથી કૃષ્ણે અઠ્ઠમપૂર્વક દેવની આરાધના કરવા પૂર્વક દેવના આશીર્વાદથી પુત્ર પ્રાપ્તિ થશે સાથે એમ પણ દેવકીને કહ્યું કે છ એ પુત્રોએ જેમ દીક્ષા લીધી તેમ સાતમો પુત્ર પણ ઉંમર લાયક થતાં સંયમ માર્ગે જશે.

શ્રી દેવકીના છએ પુત્રોએ સંયમ માર્ગ સ્વીકાર્યો. આત્મિક કલ્યાણ સાધ્યું સમય વ્યતિત થતાં દેવકીજીની કુક્ષિએ દેવલોકમાંથી ઉત્તમ જીવચ્યવીને આવ્યો. ઉત્તમ ગુણવાન પુત્રની પ્રાપ્તિ થતાં આનંદ આનંદ વર્તાયો.... જાણે કૃષ્ણ જ ના હોય ! સમય જતાં તે બાળક યુવાન થયો.

તે બાળકનું નામ ગજસુકુમાર રાખવામાં આવ્યું. સોમશર્મા નામે બ્રાહ્મણની પુત્રી સોમા નામની પુત્રી સાથે વિપુલ રિદ્ધિ સિદ્ધિ સહિત પરણાવ્યો,

એક વખત શ્રીનેમનાથ પ્રભુ સહસ્રામ્ર વનમાં પધાર્યા.

દેવતાઓએ મોટો ઉત્સવ કર્યો. કૃષ્ણ પણ નાનાભાઈ ગજસુકુમાર સાથે આવી પ્રદક્ષિણા દઈ-વંદન કરીને તેમની દેશના સાંભળવા બેઠાં. પ્રભુની અમૃતમય વાણી સાંભળી ગજસુકુમારનું હૈયું ડોલવા લાગ્યું. સંસારની માયા ઉપરથી મન ઉઠી ગયું. હૈયામાં વૈરાગ્ય છવાઈ ગયો. તરત જ ઘેર જઈ માતા–પિતા–ભાઈ વગેરેની રજા લઈ દીક્ષા લીધી.

સંધ્યાકાલે પ્રભુની આજ્ઞા લઈ સ્મશાનમાં જઈને કાઉસગ્ગે રહ્યાં. એવામાં પેલો સોમનાથ સાસરો (સોમશર્મા) નામનો બ્રાહ્મણ ઈંધન લેવા ત્યાં આવી ચડયો. ગજસુકુમારને ત્યાં ઊભેલાં જોઈ તેના હૈયામાં ક્રોધાગ્નિ ફાટી નીકળ્યો. અને ગમે તેવા શબ્દો બોલવા લાગ્યો. અરે નીચ, પાપી, અધમ જો તારે સાધુ થવાની ઈચ્છા હતી તો મારી પુત્રી સાથે લગ્ન કેમ કર્યા? તારા પાપનું ફળ હું હમણાં જ તને ચખાડું છું એ ભોગવીને નારકીમાં જજે એમ કહી તેની આજુબાજુ ખેરના લાકડાઓ સળગાવી ધીગધીગતા અંગારા બનાવ્યા. મુનિવરના માથે માટીની પાળ બનાવી તેમાં અંગારા સ્થાપન કર્યા. [ખેર અંગારે ભરી સગડી, મૂકી નિજશિરપરે' ધન્ય હો ગજસુકુમાલ મુનિ, ચીકણાં કર્મો હરે''] આ બાજુ મુનિ ગજસુકુમાર શુકલ ધ્યાનમાં ખૂબ જ ઊંડા ઊતરી ગયા હતાં જેથી અગ્નિ તેમને કોઈ રીતે ચલાયમાન કરી શકયો નહિં. એ ચિતાની સાથે સાથે તેમના સઘળાં કર્મો બળીને ભસ્મ થઈ ગયાં અને મુનિશ્રી. કેવળી થઈ મોક્ષમાં ગયાં.

આ વખતે કૃષ્ણ વાસુદેવ પોતાના પરિવાર સાથે અહીં સહસ્રાસ્ર વનમાં શ્રી નેમનાથ પ્રભુને વંદન કરવા આવ્યા. સૌએ ભક્તિ ભાવ પૂર્વક વંદન કર્યા. પોતાના નાનાભાઈ ગજસુકુમારને ન જોવાથી કૃષ્ણે નેમજીને પૂછ્યું કે–હે પ્રભુ! મારા નાનાભાઈ ગજસુકુમાર ક્યાં ગયા છે? પ્રભુ કહે–હે કૃષ્ણ! તમારાભાઈ તીવ ઉપસર્ગો સહન કરીને મોક્ષમાં ગયાં છે.

આ સાંભળીને કૃષ્ણને મુર્છા આવી ગઇ. થોડીવારે ભાનમાં આવ્યા પછી પોક મૂકીને રડવા લાગ્યા. "આ છે મોહની માયા." ત્યારબાદ શ્રીનેમિનાથ પ્રભુએ સમજાવ્યું કે હે કૃષ્ણ! તમારા ભાઇને મારનારને તમે મારશો નહિં પરંતુ તેનો ઉપકાર માનજો કે તે તમારા ભાઇને મોક્ષ મેળવવામાં મદદગાર થયો છે. કૃષ્ણે પૂછ્યું કે હે પ્રભુ! મારા ભાઈના મારનારને કેવી રીતે ઓળખવો? ભગવાન કહે–તમને નગરીમાં પ્રવેશતા જોઇને અત્યંત ગભરાટ અનુભવે અને એકાએક મૃત્યુ પામે–તે તમારા ભાઇને મોક્ષ મેળવવામાં મદદગાર માનવી સમજવો. ત્યારબાદ ગજસુકુમારના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો અને નગરમાં ગયાં. પ્રભુના કહેવા મુજબ એક બ્રાહ્મણ તેમને જોઇ ગભરાટમાં પડી ગયો અને તરત જ મૃત્યુ પામ્યો. તેના ગુનાની શિક્ષા કુદરતે કરી દીધી. રાજકુટુંબમાં અને યાદવકુળમાં સર્વત્ર શોક છવાઈ ગયો. અને ઘણાને વૈરાગ થઇ આવ્યો. અનેક યાદવો, શિવાદેવી, રાજીમતિ કૃષ્ણના પુત્રો અને અનેક યાદવ સ્ત્રીઓએ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી.

એકવાર ઇન્દ્ર મહારાજા સભા ભરીને બેઠાં હતાં. તેવે વખતે ઇન્દ્ર કૃષ્ણ વિષે વાત કાઢી અને તેના ખૂબ ખૂબ વખાણ કર્યા. કૃષ્ણ તમામ દોષોથી રહીત અને ગુણ ગ્રહણ કરનારા છે. તેમજ નીચ સાથે યુદ્ધ પણ કરતાં નથી. આ સાંભળી કોઈ એક દેવ ગુસ્સે થયો. અરે મૃત્યુ લોકના માનવીના ઈંદ્ર મહારાજા ખોટા વખાણ કરે છે. તેથી ઇન્દ્ર મહારાજાની વાત ખોટી છે એવું સાબિત કરી બતાવવા તે દેવ દ્વારિકામાં આવ્યો.

કૃષ્ણ અશ્વ ક્રીડા કરવા માટે નગરની બહાર જઇ રહ્યાં હતાં તે સમયે પેલા દેવે અત્યંત દુર્ગંધ મારતા કાળા કુતરાનું મૃતદેહ સજી રસ્તા ઉપર બદબુ ફેલાવતું કર્યું. કૃષ્ણ તે શબ સામે જોઈને બોલ્યા. અરે આ કુતરાના દાંત કેવા સુંદર અને સફેદ ચકચકતા છે? પછી તરત જ દેવે કુતરાનું રૂપ તજી દીધું. માનવી સ્વરૂપે દેવે કૃષ્ણનો અશ્વ પડાવી લીધો અને બોલ્યાં કે હું આ અશ્વ હરી જાઉં છું જેનામાં બળ હોય તે મારી સાથે લડે–મને હરાવીને અશ્વ પાછો લઈ જઇ શકે છે. કૃષ્ણના પુત્રો તેની સાથે લડયા પણ હાર્યા એટલે વીલા મોંઢે પાછા ફર્યા. આથી કૃષ્ણ બીજો અશ્વ લઈ તેની પાછળ પડયા અને કહ્યું–અરે દુષ્ટ, મારા અશ્વને તું કેમ લઈ જાય છે? ઊભો રહે. આપણે યુદ્ધ કરીએ. દેવ ઊભો રહ્યો અને બોલ્યો હે કૃષ્ણ, આવ આપણે લડીયે. તું મને જીતી લે અને અશ્વ પાછો લઈ જા તને ખબર નથી કે આવો ઉત્તમ અશ્વ બળવાનને

જ શોભે આમ કહીને તે લડવા તૈયાર થયો.

કૃષ્ણ કહે હું ધનુષ્ય અને હથિયારો સાથે સજ્જ છું. તો તું પણ ધનુષ્ય વગેરે હથિયારો લે અને લડવા તૈયાર થા. દેવ કહે–મારે રથ–ધનુષ્ય કે હથિયારનું કોઈ કામ નથી મને એ ફાવતું પણ નથી. હું તો એમજ લડીશ. પહેલાં આપણે પૃષ્ટ યુદ્ધ કરીએ. (વાંસા સાથે વાસો અથડાવવો.] કૃષ્ણ કહે–અરે ! આવું નીચ યુદ્ધ મેં કદી કર્યું નથી અને કરીશ પણ નહિં. આ રીતે મારે મારો અશ્વ જોઇતો નથી મારું રાજય–મારી લક્ષ્મી કે મારા હજારો હાથી કે અશ્વો જાય તો પણ હું આવું હલકાપ્રકારનું યુદ્ધ કદી કરીશ નહિં, મહેરબાની કરીને તું અહીંથી ચાલ્યો જા અને આ અશ્વ તને ભેટ ગણીને લઇ જા. મને વાંધો નથી.

આ સાંભળી દેવ સંતુષ્ટ થયો–હે કૃષ્ણ ઇન્દ્ર મહારાજાના દરબારમાં તમારા વખાણ થતાં હતાં તેથી હું તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. તમે મારી આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો, માટે કોઇ વરદાન માંગી લો કૃષ્ણ કહે હે દેવ ! છેલ્લાં કેટલાંક સમયથી મારી આ દ્વારિકા નગરીમાં રોગનો ઉપદ્રવ ખૂબજ વધી ગયો છે તેનું નિવારણ કરો તો આભાર.

દેવે પ્રસન્ન થઇ ને એક રોગનિવારક ભેરી આપી અને કહ્યું કે આ ભેરી નગરમાં જઈને વગડાવવી તેના પ્રતાપથી તમામ પ્રકારના રોગ ઉપદ્રવો ચાલ્યા જશે અને દેવ અંતર્ધ્યાન થઈ ગયાં.

કૃષ્ણ તે ભેરી લઈને નગરમાં આવ્યાં. કોઇ મહાબલી પાસે ભેરી વગડાવી તેના નાદથી નગરના તમામ રોગો નાશ પામ્યા. જેથી આ ભેરીની ખ્યાતિ સર્વત્ર ફેલાઇ. આ વાત સાંભળી એક માણસ કે જે ભયંકર દાહજ્વરથી તથા અનેક ભયંકર રોગોથી પીડાતો હતો તે બીજા દેશમાંથી દ્વારિકામાં આવ્યો. ભેરી પાલક પાસે આવી તે કહેવા લાગ્યો કે ભાઈ, હું ભયંકર દાહજ્વરથી પીડાઈ રહ્યો છું. મને એ ભેરીનો એક કકડો આપ બદલામાં તું માંગે તેટલું દ્રવ્ય હું તને આપીશ. દ્રવ્યના લોભી એ ભેરી પાલકે લાખ સોનામહોર લઈ ભેરીનો એક કકડો કાપીને તે પરદેશીને આપી ખૂબ દ્રવ્ય મેળવ્યું અને તે ભેરીમાં ચંદનનો કકડો મૂકીને વ્યવસ્થિત કરી લીધું. પરંતુ તેનો નાદ તદ્દન બદલાઈ ગયો.

એક વખતે કૃષ્ણે રોગોના નાશ કરનારી એ ભેરી વગડાવી પરંતુ અસલ જેવો નાદ નીકળ્યો નહિં. આથી કૃષ્ણે ગુસ્સે થઈ એ ભેરીના પાલકને પૂછ્યું કે આમ કેમ થાય છે? પરંતુ તે પાલક મૌન રહ્યો. પોતાની સભામાં પકડીને અનુચરો તથા સિપાઈઓ દ્વારા મારઝુડ કરવાથી તે ભેરી-વાદક સત્ય બોલી ગયો. જેથી તેને શિક્ષા કરવામાં આવી.

કૃષ્ણે પેલા દેવની આરાધના કરવા અઠ્ઠમ તપ કર્યો અને તપથી સંતુષ્ટ થયેલાં દેવે નગરીમાંથી તમામ રોગનો નાશ કર્યો અને બીજી ભેરી આપી.

દ્વારિકા નગરીમાં બે મોટા વૈદ્યો હતાં. એકનું નામ

ધન્વન્તરિ અને બીજાનું નામ વૈતરણિ, બંન્ને પોતપોતાની રીતે વૈદકનો ધંધો કરતાં હતાં. જે ધન્વન્તરિ હતો તે નિર્દય હતો અને લોકોને માંસ મદિરા લેવાની સલાહ આપતો. જ્યારે વૈતરણિ બહુજ સાદો અને ભલો હતો. તે દેશી વનસ્પતિની દવાઓ આપતો હતો.

એકવાર કૃષ્ણ શ્રી નેમનાથ પ્રભુ પાસે બેઠાં હતાં. ત્યારે તેમણે પૂછયું કે હે પ્રભુ ! આ બે વૈદ્યની શું ગતિ થશે ? પ્રભુ કહે આ ધન્વન્તરિ સાતમી નરકે જશે અને વૈતરણિ વિંધ્યાચળ પર્વતના વનમાં વાનર થશે. તેમજ વાનરોના ટોળાનો યુથપતિ થશે.

એક સાધુ–સંતનો સંઘ તે વનમાં થઈને પસાર થતો હશે તેવે વખતે એક મુનિને પગમાં ઊંડો કાંટો વાગવાથી ભયંકર વેદના થશે અને ચાલી શકશે નહિં. આથી એ મુનિ અન્યમુનિને અને સાર્થને સમજાવશે કે ભાઈઓ, તમે સૌ તમારા કાર્ય પ્રમાણે ચાલતા થાઓ. હું તમારી સાથે ચાલવાને અશક્તિમાન છું મને અહીં રહેવા દો. મારી ચિંતા કરશો નહિં. આથી અન્ય મુનિઓ અને સાર્થ આગળ ચાલતો થશે. ત્યારબાદ આ મુનિને લંગડાતા ચાલતા જોઈ પેલો વાનર અને તેનું ટોળું વિંટળાઈ જશે. મુનિને જોઈ તે વાનરને પોતાનો પૂર્વ જન્મ યાદ આવશે. એટલે કે જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થશે. અને ખ્યાલ આવશે કે હું દ્વારિકા નગરીમાં વૈતરણિ નામનો વૈદ્ય હતો. તે વૈદ્ય દવા કરી કાંટો કાઢી ઉપકાર કરશે.

તે વાનર મુનિ પાસેથી ધર્મ સાંભળી અનશન કરી દેવલોકમાં જશે. અને તે દેવ અવધિજ્ઞાનના બળે પરમ ઉપકારી મુનિને યાદ કરી તેમની પાસે આવી વંદન કરશે. અને ધર્મનું ફળ જે મલ્યું છે તે સંભળાવશે અને પોતાની વિદ્યાના બળે તે મુનિને અન્ય મુનિજનો અને સાર્થની સાથે મૂકી દેશે. આ સાંભળી કૃષ્ણ રાજી થયાં. વંદન કરી નગરીમાં પાછા આવ્યા અને શ્રી નેમનાથ પ્રભુ વિહાર કરીને અન્ય સ્થળે વિહરી ગયાં.

ઘણા વખત પછી શ્રી નેમનાથ પ્રભુ દ્વારિકાનગરીની બહાર ઉદ્યાનમાં ચાતુર્માસ નિમિત્તે પધાર્યા. સકળ નગરજનો કૃષ્ણ અને તેમનો પરિવાર પ્રભુની દેશના સાંભળવા આવે છે.

એક વખતે કૃષ્ણે પૂછ્યું કે હે પ્રભુ ! સાધુમુનિઓ ચાતુર્માસમાં વિહાર કેમ નથી કરતાં ? પ્રભુ કહે કૃષ્ણ, વર્ષા કાળમાં ઘણી અયતના [જયણાનો અભાવ] થાય છે તેથી સાધુમુનિઓએ વિહાર કરવો ન જોઈએ. એવી શાસ્ત્રોની પણ આજ્ઞા છે. કૃષ્ણ કહે–હે પ્રભુ, તો હવેથી હું પણ વર્ષાઋતુમાં ઘરની બહાર નહિં નીકળું. આવો અભિગ્રહ કરી કૃષ્ણ ઘેર ગયાં અને દ્વારપાલો વિગેરેને સૂચના આપી કે વર્ષાઋતુ દરમ્યાન કોઈ પણ પ્રસંગ આવે તો મારે બહાર જવાનું નથી. માટે તમો બધા મારું ધ્યાન રાખશો.

દ્વારિકા નગરીમાં વિરક નામનો એક સાળવી કૃષ્ણનો ભક્ત હતો. કૃષ્ણના દર્શન કર્યા વગર તે જમતો નહિં. જેથી

આ વર્ષાકાળ દરમ્યાન તે કૃષ્ણના દર્શન પામી શકયો નહિં જેથી તે અત્યંત દુર્બળ થઈ ગયો હતો. વર્ષાકાળ પૂરો થતાં તે કૃષ્ણના દર્શન કરી શકયો. કૃષ્ણે પૂછ્યું કે તું આટલો બધો દૂબળો અને અશક્ત કેમ થઇ ગયો છે ? ત્યારે તેણે કૃષ્ણને બધી વાત કહી કૃષ્ણ તેના ઉપર ખૂબજ પ્રસન્ન થયાં અને દ્વારપાળોને સૂચના આપી કે આ વિરકને મારા મહેલમાં આવતાં કોઈએ રોકવો નહિં. છૂટથી આવવા દેવો. વિરક સાળવી બહુ ખુશ થયો અને કૃષ્ણને વંદન કરી પોતાના ઘેર ગયો.

કૃષ્ણ પોતાના સકળ પરિવારસહિત અને સમૃદ્ધિસહિત શ્રીનેમનાથ પ્રભુને વંદન કરવા ગયાં. પ્રભુની પાંત્રીસ ગુણથી યુક્ત વાણી અને ઉપદેશ સાંભળીને બોલ્યા–હે પ્રભુ, કોઇ કર્મના યોગથી હું ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી પરંતુ મારા પુત્ર–પુત્રીઓ કે કુટુંબીજનો દીક્ષા લેતા હશે તો હું કોઈપણ રીતે કોઈને પણ અંતરાય કરીશ નહિં. તેમજ જે કોઈ ચારિત્ર લેતા હશે તેમને ખૂબજ ધામધૂમ પૂર્વક સંયમ ગ્રહણ કરવામાં મદદ કરીશ અને તેમને ગમે એવા ઉત્સવો કરાવીશ, આવો અભિગ્રહ કરી કૃષ્ણ મહારાજ દ્વારિકામાં આવ્યા.

એક વખત વિવાહને યોગ્ય ઉંમરવાળી કેટલીક કન્યાઓ કૃષ્ણ પાસે આવી ત્યારે કૃષ્ણે પૂછ્યું–હે બાળાઓ ! તમારે શેઠાણી બનવું છે કે દાસી ? સૌ કન્યાઓ બોલી અમારે તો શેઠાણી થવું છે. આથી સૌ કન્યાઓને ખૂબજ

ધામધૂમ અને ઉત્સવપૂર્વક શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા અપાવી. કૃષ્ણજી શ્રીનેમિનાથની વાણી સાંભળી સંયમ વિરતિ માર્ગના ગાઢ રાગી બન્યા હતા. વિરતિધરોની ભૂરિભૂરિઅનુમોદના કરતા હતા. કારણકે ક્ષાયિક સમક્તિના તેઓ માલિક હતા. અંતર આત્માનો સમ્યક્ દર્શનનો શ્રેષ્ઠ ગુણ પ્રાપ્ત કર્યો હતો. આ બધી કન્યાઓમાં એક કન્યા બાકી રહી ગઇ હતી અને તેની માતાએ ખાનગીમાં સમજાવી રાખ્યું હતું કે તારા પિતા શ્રી કૃષ્ણ પૂછે કે તારે શેઠાણી થવું છે કે દાસી ? તો કહેજે કે મારે દાસી થવું છે શેઠાણી નહિં. કૃષ્ણે જ્યારે તેને પૂછ્યું તારે તેની માતાએ શિખવેલ હતું તે મુજબ જવાબ આપ્યો કે મારે તો દાસી થવું છે.

કૃષ્ણના જાણવામાં આવ્યું કે માતાની શિખમેળવી લાગે છે ! આ કન્યા આમ બોલે છે ભવિષ્યમાં બીજી કન્યાઓ આ રીતે બોલે નહિં એવું મારે કરવું જોઇએ. મારી કન્યાઓ પરણીને સંસારરૂપી મહાસાગરમાં ડૂબી જન્મ મરણના ફેરા ચાલુ રાખે એ મને ગમશે નહિં. કારણ કે કૃષ્ણના હૈયામાં શ્રી જૈનશાસન વસી ગયું હતું.

કૃષ્ણે પેલા વિરક સાળવીને બોલાવી પેલી દાસી થવા ઇચ્છતી કન્યાને તેની સાથે પરણાવી. વિરક આ કેતુમંજરી નામની કૃષ્ણની કન્યાને પરણવા ઇચ્છતો ન હતો પરંતુ કૃષ્ણની બીકથી તેને સ્વીકારી પોતાને ઘેર લઈ ગયો. આ કૃષ્ણની પુત્રી છે એમ હોવાથી વિરક તેની સાથે માનથી


વ્યવહાર કરવા લાગ્યો. સારી રીતે રાખતો હતો.

એક દિવસ વિરકને બોલાવીને કૃષ્ણે પૂછયું વિરક તું મારી પુત્રી સાથે કેવી રીતે વર્તે છે?

વિરક કહે–હે સ્વામી, કેતુમંજરીને આપની પુત્રી સમજી હું સારી રીતે રાખું છું. કામ કરાવતો નથી તેમ જ ખૂબજ માનપૂર્વક રાખું છું.

આ સાંભળી કૃષ્ણ કહે અરે મૂર્ખ મેં મારી પુત્રી તને પૂજા કરવા નથી આપી. તારી પત્નિ બની એટલે તારું ઘરકામ તો તેની પાસે કરાવવુંજ જોઇએ ને! હવેથી તેની પાસે તમામ કામ કરાવજે નહિંતર હું તને શિક્ષા કરીશ. આ સાંભળી વિરક ઘેર ગયો અને ઘરનાં તમામ કામ કરવાની આજ્ઞા કરી. આથી કેતૂમંજરી બોલી–હું કૃષ્ણની પુત્રી થઈ ને તારે ત્યાં કામ કરું? મારાથી નહિં બને આથી વિરક તેને લાકડીથી મારમારવા લાગ્યો અને અપમાન જનકશબ્દોબોલવા લાગ્યો. આ દુઃખ સહન નહિં થવાથી કેતુમંજરી કૃષ્ણપાસે આવી રડવા લાગી. તેથી કૃષ્ણ કહે–બેટા, તેં તારી જાતે દાસીપણું માંગીને લીધું છે પછી ફરિયાદ કેમ કરે છે? કેતૂ-મંજરી કહે–હે પિતાજી, મારે દાસી બનવું નથી. મારે અન્ય બહેનોની માફક શેઠાણી થવું છે. આથી કૃષ્ણે શ્રીનેમ નાથ પ્રભુ પાસે કેતૂ મંજરીને દીક્ષા અપાવી. વિરતિના રાગી વિરતિન સ્વીકારી શક્યા પણ અનેકને વિરતિના પંથે મોકલતા જ રહ્યા. મોક્ષ પંથના અનુયાયી બન્યા.

એક વખત કૃષ્ણ અનેક રાજાઓ સાથે પ્રભુનેભાવ



શ્રી કૃષ્ણજી અનેક રાજાઓ સહિત શ્રી નેમિનાથજીને વંદન કરવા જાય છે.

પૂર્વક વંદન કર્યા બાદ અઢાર હજાર સાધુઓને દ્વાદશાવર્ત્ત વંદન કર્યા. બધાંજ રાજાઓએ પણ તે મુજબ વંદન કરતા સૌ થાકી ગયાં પછી કૃષ્ણે નેમનાથ પ્રભુને કહ્યું–હે સ્વામી! હે પ્રભુ ! મેં જીંદગીમાં અનેક લડાઈ ઓ કરી છે પણ કદી આટલો થાક જણાયો નથી. આજે આપના પરિવારના અઢાર હજાર મુનિજનોને વંદન કરતાં કરતાં ખૂબજ થાકી ગયો છું.

શ્રીનેમનાથજી કહે હે કૃષ્ણ, આજે વંદન કરતાં કરતાં તમે જે શુભ ભાવમાં આવીને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા પૂર્વક સાત પૈકી ચાર નારકી તોડી ત્રીજી નરક સુધીનું કર્મ બાકી રાખ્યું. તમો પણ આવતી ચોવિસિમાં બારમા **અમમ નામે તીર્થંકર થશો.**

આ સાંભળી કૃષ્ણ અત્યંત પ્રસન્નતા પૂર્વક બોલ્યા હે પ્રભુ, હવે હું ફરીવાર ભાવપૂર્વક વંદના કરું જેથી ત્રીજી નારકીનું આયુષ્ય ઓછું થઈ જાય. નરકે નહિં જવા માટે ઘણી ઘણી વિનંતિઓ કરે છે. પ્રભુજી કહે અરે કૃષ્ણ ! એમ કદાપિ બની શકે નહિં. છેવટે ઓલંભો પણ આપે છે કે હે....પ્રભુ...છપ્પનકરોડ યાદવોનો સ્વામી, કૃષ્ણ જો નરકે જશે. શ્રી નેમિજિનેશ્વર કેરોરે બાંધવ, જગમાં અપજશ થાશે. પહેલીવાર વંદન કરતાં તમારા હૈયામાં જે ભાવ ઉત્પન્ન થયેલાં તેવાં ભાવ ફરી વાર કદી આવી શકતાં નથી. હવે તમે ત્રીજીનરકને યોગ્ય આયુષ્ય બાંધી દીધું. ત્યારબાદ ભાવિની દૃષ્ટિએ હરખાતાં તથા નરકની દૃષ્ટિએ ખેદપૂર્વક

કૃષ્ણ પોતાના નગરમાં ગયા.

કૃષ્ણને ઢંઢણ રાણી નામે એક રાણી હતી. તેને એક પુત્ર જન્મ્યો હતો તેનું નામ પણ ઢંઢણ રાખવામાં આવેલું. તે મોટો થઈને અનેક સ્ત્રીઓ પરણી સંસારસુખ ભોગવી રહ્યો. એક વખત તેને ભગવાન શ્રી નેમનાથજીની વાણી સાંભળી વૈરાગ્ય આવ્યો. તરતજ બધી સ્ત્રીઓનો ત્યાગકરી પ્રભુપાસે દીક્ષા લીધી. ખૂબ ખૂબ તપસ્યા કરતાં પ્રભુની સાથે વિહાર કરતાં હતાં. એકવાર શ્રી નેમનાથ પ્રભુ કોઈ મોટા નગરમાં આવી સમોસર્યાં. ઢંઢણ મુનિને અંતરાય કર્મ ઉદયમાં આવ્યું. મુનિ ગોચરી માટે નગરમાં ખૂબ ખૂબ ફર્યા પરંતુક્યાંયનિર્દોષ ગોચરી મલી નહિં. બીજા કેટલાંક સાધુઓ પણ તેમની સાથે ફરતાં હતાં. તેમને પણ ગોચરી મલી નહિં. જે સાધુઓ એકલાં ગયેલાં તે સૌને ગોચરી મલી શકી હતી. અન્ય સાધુઓએ આવી પ્રભુને પૂછયું કે હે પ્રભુ ! આ ઢંઢણ મુનિએ પૂર્વજન્મમાં એવું તે શું કર્મ કર્યું હશે કે જ્યાં જાય છે ત્યાંથી ખાલી હાથે પાછા ફરવું પડે છે !

પ્રભુ કહે–હે શિષ્યો, મગધનામે દેશમાં ધાન્યપુર નામે એક નગર હતું. તે ગામમાં પરાશર નામે એક બ્રાહ્મણ હતો. તે રાજાનો ખાસ પુરોહિત હતો. તેથી ગરીબ કણબી–ખેડૂત અને મજૂરો પાસે કામ સખત લેતો પરંતુ તેમને ખાવા પીવા માટે છોડતો નહિં. તેમજ ભૂખ અને તરસથી પીડાતા બળદો પાસે પણ સખત કામ લેતો. નજર સમક્ષ તેમના

ભોજન હોવા છતાં તેમને ખાવામાં અંતરાય કરતો.

આ રીતે અંતરાય કર્મ અને પાપકર્મ બાંધી તે પરાશરનો જીવ ઘણા ભવમાં ભટકીને અહીં ઢંઢણ થયેલો છે. પૂર્વજન્મના અશુભ કર્મો ઉદયમાં આવતાં આવી મોટી સમૃદ્ધ નગરીમાં પણ ભિક્ષા મેળવી શકતો નથી. પ્રભુના મુખેથી આ વાત સાંભળી ઢંઢણ મુનિ પ્રભુ પાસે આવી નમ્રતા પૂર્વક બોલ્યા, હે પ્રભુ ? અન્ય મુનિઓની લાવેલી (મેળવેલી) ભિક્ષા મને ન જોઇએ. હું મારી જાતે મેળવેલી ભિક્ષા ગ્રહણ કરીશ. મારા અંતરાય કર્મોનો નાશ કરી હું ભિક્ષા મેળવીશ. અને આ રીતે ઢંઢણમુનિ ભિક્ષાર્થે ઠેરઠેર ભમતા રહ્યાં.

એક વખત કૃષ્ણે ભગવાનશ્રી નેમિનાથને પૂછ્યું કે હે પ્રભુ ! આપના આ સાધુ સમુદાયમાં સૌથી દુષ્કર કામ કરનારા કોણ છે ? પ્રભુ કહે બધાંજ સાધુઓ દુષ્કર કાર્ય કરનારા છે પણ ઢંઢણમુનિ અતિ દુષ્કર કાર્ય કરનારા છે. કારણ કે તેમણે ભિક્ષાનો અલાભ પરિષહ સહન કર્યો છે. ત્યારબાદ ત્યાંથી નગરમાં જતાં ઢંઢણમુનિ જોવામાં આવ્યા એટલે કૃષ્ણ હાથી ઉપરથી નીચે ઊતરીને મુનિને વંદન કરવા લાગ્યાં. અને મુનિની ચરણરજ શિરે ચડાવી. આ બનાવ નગરના કોઈ શ્રાવકના જોવામાં આવ્યો.

તે શ્રાવકે વિચાર્યું કે કૃષ્ણરાજા જેવા મહાપુરૂષ રસ્તા વચ્ચે હાથી ઉપરથી ઊતરીને મુનિને વંદન કરી

ચરણ રજ લે છે તો આ મુનિ કોઈ ઉત્તમ કોટિના હશે. તેથી તે શ્રાવકે પણ મુનિને વંદન કર્યાં અને વહોરવા પોતાને ઘેર લઇ જઈ અત્યંત ભક્તિભાવ પૂર્વક સિંહ કેસરીયા લાડુ વહોરાવ્યાં. લાડુ વહોરી મુનિ પાછા ફરે છે. મનમાં હર્ષ પામે છે કે હવે મારા અંતરાય કર્મોનો અંત આવી ગયો લાગે છે જેથી મને આવી સારી ભિક્ષામલી.

પ્રભુ પાસે આવી–વંદન કરી–ભિક્ષા બતાવી ત્યારે શ્રીનેમિનાથ પ્રભુ બોલ્યા–હે ઢંઢણમુનિ–આ ભિક્ષા તારા પુણ્યની નથી પણ કૃષ્ણ વાસુદેવના પુણ્યની છે. હજુ તારું કર્મ ક્ષીણ થયું નથી. રસ્તામાં કૃષ્ણને વંદન કરતાં જોઈ એ શ્રાવકે તને ઉત્તમસંત માની સિંહ કેસરીયા લાડુ વહોરાવ્યા છે. માટે આ લાડુના કકડા કરી જમીનમાં પરઠવી દે.

ઢંઢણ મુનિએ પ્રભુની આજ્ઞા પ્રમાણે કર્યું તે વખતે સરળ હૃદયથી પોતાના કર્મની નિંદા કરવા લાગ્યા. અને નિંદા કરતાં કરતાં ક્ષપકશ્રેણિ પર ચડી ગયા. થોડી ક્ષણોમાં કેવળજ્ઞાન થયું. દેવોએ આવી મોટો મહિમા કર્યો. ઢંઢણ મુનિને વંદન કરી કેવળીઓની પર્ષદામાં બેઠાં.

એક વખત ભગવાન શ્રીનેમિનાથ ભગવાન કેટલાક લાભ જાણી વિહાર કરતાં કરતાં દ્વારિકા નગરીમાં ચાતુર્માસસમોસર્યા. દરરોજ તેમની વાણી નગરજનોને અને કૃષ્ણના પરિવારને સાંભળવા મળતી, શિષ્યસમુદાય આહાર પાણી માટે અવાર નવાર દ્વારિકા નગરીમાં જતાં આવતા હતા.

એક દિવસ ભગવાનના નાનાભાઈ રહનેમિ મુનિ દ્વારિકામાંથી ગોચરી વહોરીને પ્રભુ પાસે આવી રહ્યાં હતાં એવામાં એકાએક વાદળ ચડી આવ્યાં ઘનઘોર અંધારૂ થયું. વિજળી લબકારા લેવા લાગી અને મુશળધાર વરસાદ તુટી પડયો, આથી રહનેમિ ગભરાઇને નજીકની એક ગુફામાં આશ્રય લેવા પેસી ગયાં. હાથમાંના પાતરા એક બાજૂએ મૂકી ઊભા રહી આકાશ સામે જોઇ રહ્યાં. જોગાનુજોગ એવું બન્યું કે રાજીમાતિ ઘણી સાધ્વીઓ સાથે પ્રભુને વંદન કરીને પોતાના ઉપાશ્રયે પાછી વળી રહી હતી અને એવામાંજ આ વરસાદ-નું તોફાન તૂટી પડયું. અપકાયના જીવની વિરાધનાના ડરે સૌ સાધ્વીઓ જેને જેમ ફાવ્યું તેમ આશ્રય માટે દોડીને ભરાઈ ગઇ. અને રાજીમતિ અહીં આજ ગુફામાં બીજે દ્વારેથી ભરાઈ ગઇ.

ગુફામાં કોઈની અવર જવર નહોતી. કોઇ પશુપક્ષી કે માનવી દેખાતું નહોતું. સામાન્ય અંધકાર હતો. પોતાના ભીંજાયેલા વસ્ત્રો અંગ ઉપરથી ઉતારીને સુકવવા લાગી. દૂર પેલાં છેડે ઊભેલા રહનેમિએ રાજીમતિને નગ્નાવસ્થામાં જોઇ તેનું જાજ્વલ્યમાન રૂપ અને યૌવન જોઇ રહનેમિના હૃદયમાંવિકાર જનમ્યો. હૈયામાં ભોગવિલાસનીભાવના જન્મી.

રહનેમિ રાજીમતિની પાસે આવ્યો અને બોલ્યો અરે ઓ રૂપસુંદરી! શું તારૂં રૂપ છે! શું તારી જુવાની છે! અકાળે આ કાયા શા માટે કરમાવી રહી છે! જે ઉપ-

ભોગ માટે જ છે તેનો ભોગ શા માટે ન કરવો ? અને અત્યારે આવી સ્થિતિમાં ઈશ્વરેજ આપણને ભેગાં કયાં કર્યાં છે! આપણે અનાયાસે ભેગાં થયા છીએ તો ચાલ ભેગાં ભોગ સુખ ભોગવી લઇએ.

સંયમ લીધા પહેલાં પણ મેં તને એકવાર વિનંતિ કરી હતી પરંતુ તેં મારી વાત કદી માની નહોતી. આજે કુદરતેજ આપણને મેળવી આપ્યાં છે. મારી વાત માનીજા ફરી ફરીને આવો મોકો નહિં મળે. આવું લાવણ્ય નીતરતુ રૂપ અને યૌવન એકવાર માણી લઇએ. પછીથી તેના પ્રાયશ્ચિત રૂપે દીક્ષા લઈને તપ કરીશું.

રહનેમિનો અવાજ રાજીમતિ તરતજ ઓળખી ગઈ હતી. અંધારી ગુફા-એકાંત અને રહનેમિને જોઈ રાજીમતિ થરથર ધ્રૂજી રહી હતી. પોતાના અંગ ગોપવી તરતજ એક વસ્ત્ર (ભીનું) લઈ અંગ ઢાંકી દીધું અને રહનેમિને કહી દીધું કે દૂર ઊભા રહેજો.

સાધ્વીજી હિંમતપૂર્વક બોલ્યા હે મુનિરાજ, આ શું બોલી રહ્યા છો તે તો વિચારો. ઉત્તમ કૂળમાં જન્મ પામ્યા છો. વળી સમુદ્રવિજય રાજાના પુત્ર છો. ભગવાન નેમિનાથના ભાઇ અને શિષ્ય થઇ તમે આવું બોલતાં શરમાતાં નથી ? કાંઇક સમજો. કયા કુળમાં જન્મ્યા છો ? તેને કલંકીત કરવાની વૃત્તિ છોડી દો. સર્વજ્ઞના શિષ્ય થયા છો તે શું ભૂલી જાવ છો ? કોઇનું વમન કરેલું નીચમાણસ પણ ગ્રહણ કરવાની ઈચ્છા કદી કરતો નથી.

આવી હલકી ભાવના હૈયામાં હતી તો આ વેશ પહેરવાની શું જરૂર હતી? આ વેશને લજવો નહિં. બળતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો પણ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો નહિં. આવી વાત કરી ઘોર પાપમાં પડો છો. આમ ખૂબ ખૂબ ઠપકો દીધો. હું કે તમે આવું કૃત્ય કરવાથી ઘોર નરકને પામીશું માટે હવે ફરી આવો હલકો વિચાર કદી કરશો નહિ, શું સમજ્યા? બરાબર વિચારજો!

રાજીમતિના કઠોર શબ્દોની રહનેમિ ઉપર ઘણીજ અસર થઈ. પોતે ખોટા રસ્તે ચડી ગયો છે એવું લાગ્યું અને પ્રાયશ્ચિત કરવા લાગ્યો. પોતાની નિંદા કરતો કરતો તે ગુફામાંથી નીકળી પ્રભુની પાસે આવ્યો. પોતે કરેલા વ્રતભંગની વાત કરી અને તેની આલોચના પણ લીધી પ્રભુની આજ્ઞા મુજબ તપશ્ચર્યા કરી અને તેમની સાથેજ વિહાર કર્યો. એક વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહી કેવળજ્ઞાનના અધિકારી બન્યા. આત્મિક લક્ષ્મી મેળવી.

## ૧૭ નગરીનું દહન અને કૃષ્ણનો અગ્નિદાહ

ભગવાન શ્રીનેમિનાથ વિહાર કરી નજીકના ઉદ્યાનમાં સમવસર્યા. પ્રભુને આંગણે આવેલા જોઈ કૃષ્ણ વાસુદેવે પોતાના પુત્રો શાંબ વગેરેને બોલાવ્યા અને કહ્યું-જુઓ આ અશ્વ અતિ ઉત્તમ જાતિનો છે. જે પ્રભુને પ્રથમ વંદન કરશે તેને આ ભેટ મલશે.

કૃષ્ણના આવા વચનો સાંભળી પાલક નામનો તેમનો પુત્ર જે ભવ્યપણાથી રહિત હતો તે અશ્વ ઉપર બેસીને આખી રાત ફર્યો અને પ્રભુ પાસે આવીને વંદન કરી પ્રભુને કહ્યું કે-"તમારે કૃષ્ણ મહારાજને જણાવવાનું છે કે પાલકે સૌ પ્રથમ આવી મને વંદન કર્યું છે."

વહેલી સવારે શાંબ પથારીમાંથી ઊઠી ભક્તિભાવ પૂર્વક શ્રીનેમિનાથ ભગવાન પાસે ગયો. તેમની સન્મુખ જઇ પ્રભુની પ્રદક્ષિણા કરી ખમાસમણા દઈ વંદન કર્યા અને ભક્તિપૂર્વક સ્તવનો પણ લલકાર્યા. તે દરમ્યાન પાલક કૃષ્ણ પાસે આવ્યો અને દર્પણ અશ્વની માગણી કરી. તેણે કહ્યું કે પ્રભુને હું સૌથી પ્રથમ વંદન કરી આવ્યો છું,

કૃષ્ણ કહે-હે પુત્ર! હું શ્રી નેમિનામ ભગવાનને વંદન કરવા જાઉં છું. તેમને પૂછીને પછી તને અશ્વ

આપીશ. આમ કહી કૃષ્ણ–પ્રદ્યુમ્ન–શાંબ વગેરે પુત્રોને લઈને પ્રભુને વંદન કરવા સમવસરણમાં આવ્યાં.

કૃષ્ણે શ્રીનેમિનાથજીને પૂછયું–હે પ્રભુ! આ શાંબ અને પાલક એ બેમાંથી આપને વંદન કરવા પ્રથમ કોણ આવ્યું હતું ? જેથી હું તેને મારો દર્પણ અશ્વ ભેટ આપી દઉં.

પ્રભુએ કહ્યું–હે કૃષ્ણ, તારા પાલક નામે પુત્રે મને દ્રવ્યથી વંદન કર્યું છે પરંતુ તારા શાંબ નામના પુત્રે મને અત્યંત ભક્તિભાવ પૂર્વક વંદન કર્યું છે. એટલે કે તારો પુત્ર પાલક ભવ્ય નથી તેથી ભાવથી વંદન નથી કર્યું દ્રવ્યથી જ કર્યું છે અને તારો બીજો પુત્ર શાંબ ભવ્ય છે આ જ ભવમાં મોક્ષે જનાર છે તેથી તેણે ભાવપૂર્વક વંદન કર્યાં છે. અને એ ભાવ વંદન મોક્ષ માર્ગના રથ સમાન છે. આ સાંભળી કૃષ્ણે તે દર્પણ અશ્વ શાંબને આપ્યો અને તેને માન આપી મહામંડલેશ્વર બનાવ્યો જ્યારે પાલક ઉપર ગુસ્સે થઈને કાઢી મૂકયો.

કેટલાક સમય પછી કૃષ્ણ પોતાના સકળ પરિવાર સાથે પ્રભુને વંદન કરી દેશના સાંભળવા બેઠાં હતાં. દેશના પૂરી થયા પછી કૃષ્ણે બે હાથ જોડી વિનય પૂર્વક પ્રભુને પૂછયું–હે પ્રભુ ! આ સોનાના કિલ્લાવાળી અને રત્નો વગેરે મણિઓ કાંગરે ઝળહળે છે તેવી મારી આ દ્વારિકા નગરીનો કોઈવાર નાશ થાય તેમ લાગે છે કે નહિં ? મને તો લાગે છે કે મેરૂપર્વતની જેમ અને ધ્રુવના તારાની જેમ આ નગરી જેમ છે તેમજ રહેશે ! તેમજ જગતમાં

બધેજ વિજય મેળવનાર એવો હું અમર રહીશ કે મરીશ! જો મરવાનું હોય તો ક્યારે અને કોના હાથે મરીશ તે કૃપા કરી મને જણાવો.

શ્રીનેમનાથજી કહે–અરે! કૃષ્ણ, તારા જેવો ડાહ્યો અને સમજુ માણસ આવું પૂછે છે? આ જગતમાં નામ તેનો નાશ થવાનો જ છે. જન્મ તેનુ મૃત્યુ નિશ્ચિંત જ હોય છે. ઉદય તેનો અસ્ત થાયજ છે. તારો અને તારી આ સુવર્ણની દ્વારિકાનો એક દિવસ નાશ થવાનો જ છે.

શ્રી નેમનાથજી કહે–આ અંગેની વાત સાંભળ–

શૌર્યપુર નામે નગર છે. તે નગરની બહાર એક નાનો આશ્રમ બનાવી પરાશર નામનો તાપસ રહે છે. ત્યાંના બધાંજ તાપસો સારી રીતે ઓળખે છે. નીચકુળમાં જન્મેલી કોઇ કન્યાને જોઈ તેના હૃદયમાં વિકાર ઉત્પન્ન થશે. તેથી તે કન્યાને લઈ પરાશર તાપસ યમુના દ્વીપમાં જઈ તેણીની સાથે ક્રિડા કરશે. વિષયમાં અંધ બનેલ પરાશર તેની સાથે વ્યભિચારી જીવન ગાળશે. તેનાથી તેને એક પુત્ર થશે તેનું નામ દ્રૈપાયન છે. તે દ્રૈપાયન બાલ તપસ્વી છે અને હાલમાં તે ગિરનાર પર્વત ઉપર આવેલ છે.

થોડા વખતમાં તારા પુત્રો શાંબ વગેરે ત્યાં જશે. મદ્યપાન કરી તેમાં ઉન્મત્ત બની તે દ્રૈપાયનને મારી નાંખશે. તે બાળ તપસ્વી નિયાણું કરી દેવતાની યોનીમાં જન્મશે. અને પૂર્વ જન્મનું વૈર વાળવા તારી આ સુવર્ણ નગરીને બાળીને ભસ્મ કરી નાંખશે બીજું તારી માતાની કૂખે જન્મેલ

તારો સગો ભાઈ જરાકુમારના હાથે જ તારું મૃત્યુ થશે. સંસારની સ્થિતિ આવી જ હોય. શોક કરવો નકામો છે.

પ્રભુએ આ વાત કહી ત્યારે જરાકુમાર ત્યાં હાજર હતો. તેના મનમાં થયું કે મારા હાથે આવું ભયંકર પાપ થશે તો હું નરકમાં જ જઈશ. માટે આજે જ અને અત્યારે જ હું અહીંથી દૂર દૂર ચાલ્યો જાઉં જેથી મારો અને કૃષ્ણનો ભેટો કદી થાય જ નહિં. અને મારા હાથે ભાઈનું મૃત્યુ થતું અટકી જાય. આમ વિચાર કરી જરાકુમાર પોતાના ધનુષ્ય બાણ લઈ વનમાં ચાલ્યો ગયો.

બીજી બાજુ દ્વૈપાયન પણ પાપના ભયથી ગભરાયો અને વનમાં રહી રહી વિચારવા લાગ્યો કે મારા હાથે યાદવો કે દ્વારિકાનો નાશ ન થાય તો સારું.

શ્રી નેમિનાથ પ્રભુના વચન સાંભળી કૃષ્ણ એકદમ ઢીલા પડી ગયાં અને પ્રભુને વંદન કરી દ્વારિકામાં ગયા. કૃષ્ણે પોતાના પુત્રો-પૌત્રો વગેરેને બોલાવી પ્રભુએ કહેલ હકીકત કહી સંભળાવી. અને ઉપદેશ આપવા લાગ્યા કે હે યાદવો હે નગરજનો આપણી આ નગરી દ્વારિકાનું પતન મદિરા છે. મદિરાથી જ સર્વસ્વનો નાશ થવાનો છે માટે ત્યાગ કરો. આજથી સૌ નક્કી કરો કે કોઈએ મદિરાનું પાન કરવું નહિં. તેમજ રાજ્ય તરફથી પણ મદિરા-બંધી કરાવડાવી. બળદેવજી વગેરે સૌ ધર્મ પ્રત્યે શ્રદ્ધવાળા થયા.

બળદેવનો ભાઈ સિધ્ધાર્થ નામે સારથિ હતો. તેણે પણ પ્રભુની વાણીનું પાન તો કર્યું જ હતું તેથી તે વૈરાગ્ય પામ્યો હતો. તે બળદેવજી પાસે હાથ જોડીને બોલ્યો હે સ્વામી. મને મારો કાળ નજીક દેખાય છે. તો મને રજા આપો. હું નેમિનાથ પ્રભુ પાસે જઈ દીક્ષા લઈ જીવન ધન્ય બનાવું. આળસ કે પ્રમાદ અત્યારે કરવા જેવો નથી.

બળદેવજી કહે–ભલે, ઘણી ખુશીથી ગ્રહણ કરે પરંતુ એક વાત સાંભળો. તમે તપ કરી સિદ્ધિ મેળવજો. મોક્ષ મેળવજો પણ મારા જેવા પ્રત્યે દયાભાવ રાખજો અને ખોટા રસ્તે જતાં અટકાવજો. ત્યારબાદ સિધ્ધાર્થ પ્રભુ પાસે જઈ દીક્ષા ગ્રહણ કરી મોટી તપસ્યા આચરતાં આચરતાં છ માસ મહાવ્રત પાળી સ્વર્ગે ગયાં. ભવાંતરે મોક્ષે પણ જશે.

દ્વારિકામાં કૃષ્ણે બધી જગાએથી મદ્ય એકઠું કર્યું અને પર્વત પરના એક પત્થરના કુંડમાં નાંખ્યું. એ કુંડની ચારે બાજુએ વૃક્ષો–વેલાઓ–લતાઓ અને સુગંધીત પુષ્પો હતાં તેની અસરથી કુંડનું મદ્ય અત્યંત ખુશ્બોદાર બની ગયું

હવે દૈવયોગે એવું બન્યું કે વૈશાખ માસના ગરમીના દિવસો હતાં. શાંબનો કોઈ સેવક એ કુંડની બાજુમાં થઈને પસાર થઈ રહ્યો હતો. અત્યંત થાક અને તરસ લાગવાથી તે કુંડનું મદ્ય તેણે પીધું. અત્યંત સ્વાદિષ્ટ અને ખુશ્બોદાર લાગવાથી ખૂબ પીધું અને પોતાની પાસે હતી તે ચામડાની મશક ભરીને લઈ પણ લીધું. શાંબ પાસે આવીને તે મદ્ય ભેટ તરીકે આપ્યું.

ઘણા દિવસો આવું અત્યંત ખુશબોદાર મદ્ય મલ્યું. શાંબ તો તે ગટગટાવી ગયો અને પૂછ્યું કે ભાઇ, આવું ઉત્તમ મદ્ય ક્યાંથી લાવ્યો ? આથી સેવકે બધીજ વાત કહી સંભળાવી. શાંબ અત્યંત આનંદ પામ્યો. બીજે દિવસે પોતાની ટોળકી ભેગી કરી સૌની સાથે તે પર્વત પરના કુંડ પાસે ગયો. શાંબ અને તેના બધાંજ મિત્ર મદ્યનું પાન કરવા લાગ્યા. ફરી ફરીને પીવા લાગ્યા ઉન્મત્ત આખલા જેવા સૌ મિત્રો ભાન ભૂલી નાચવા ગાવા અને તોફાનો કરવા લાગ્યા. અને પર્વત ઉપર ફરવા લાગ્યા.

હવે બન્યું એવું કે પેલો બાલ-તપસ્વી દ્વૈપાયન એક બાજુ બેઠા બેઠા તપ કરતો હતો તેમને આ નફ્ફટ ટોળકીએ જોયાં. સૌ તેની પાસે જઈને જેમ તેમ બોલવા લાગ્યા કોઇ કહે આ પાપી છે. મારો એટલે સૌ મિત્રો તેના ઉપર તૂટી પડયા. સખત માર માર્યો અને દ્વૈપાયનને લગભગ અધમૂવો કરી નાંખ્યો અને આનંદ વિનોદ કરતાં કરતાં સૌ દ્વારિકામાં આવ્યા. આ હકીકતની જાણ કૃષ્ણને થઇ તે બોલ્યાં કે બહુ ખોટું થયું. આ મૂર્ખાઓમાં બુદ્ધિ જ નથી. જુવાનીના મદમાં છકી ગયેલા આ બાળકોને શીખબર કે તે શું કરી બેઠાં છે! અને આનો અંજામ શું આવશે !

તરતજ બળભદ્રને લઈને કૃષ્ણ ગિરનાર ઉપર ગયાં. ત્યાં અત્યંત ગુસ્સાવાળા દ્વૈપાયનને જોયાં. તેમની પાસે જઈને તેમને શાંત થવા વિનંતિ કરવા લાગ્યાં. હે મહર્ષિ આપ તો તપસ્વી છો. શાંતિ રાખો. ગુસ્સો બહુ બુરો છે. ક્રોધ

ભવાંતરમાં દુઃખ દાયક બને છે અને પાછળથી પસ્તાવો કરવો પડે છે તમે જ્ઞાની છો અને જ્ઞાની થઈને ગુસ્સો ન શોભે.

આ છાકટા બનેલા કુમારોએ આપને ખૂબજ હેરાન કર્યા છે. તેમની ભયંકર ભૂલ થઈ ગઈ છે. તેઓ બુદ્ધિ વગરના બાળકો કહેવાય. તેમનો વતી હું ક્ષમા માંગુ છું હે દયાળુ અમને ક્ષમા કરો. શાંત થાઓ.

દ્વૈપાયન કહે હે કૃષ્ણ બસ, બહુ થયું તારી શિખામણ સાંભળી. હવે તારા ડહાપણની કોઇ જરૂર નથી. તારા કુમારોએ મને નિર્દય રીતે માર મારીને અધમુવો કરી નાંખ્યો તે જ સમયે મેં નિયાણું બાંધી વાળેલ છે. હું આખી દ્વારિકા નગરી તમામ લોકો અને રિદ્ધિ-સિદ્ધ સહિત ભસ્મ કરી દેવા માંગુ છું. તમે બે દ્વારિકાની બહાર છો માટે તમને જતા કર્યા છે. હવે તેમાં કોઇજ રીતે હું ફેરફાર કરીશ નહિં.

ફરીથી કૃષ્ણ આજીજી કરવા જતાં હતાં ત્યારે બળદેવજી એ તેમ કરતાં રોકીને કહ્યું ક્રોધાયમાન થયેલા આવા માણસો કરગરવા છતાં કદી નરમ પડતાં નથી અને કદી સમજતાં નથી. આથી આવા તાપસ માટે કરગરવું નકામું છે. ત્યાંથી કૃષ્ણ–બળદેવ પાછા દ્વારિકામાં આવી લોકોને તાપસના નિયાણાની જાણ કરી અને તેવે વખતે જ શ્રીનેમિનાથ ભગવંત તેમના પરિવાર સાથે ત્યાં સમોસર્યા. તેમની અમૃત ઝરતી મીઠી અને બોધક વાણી સાંભળવા

કૃષ્ણ તેમના પરિવાર અને નગરજનો આવી બેઠાં.

હે ભવ્યજનો, રાગ અને દ્વેષ વડે સંસારરૂપી વૃક્ષ ફુલ્યુ ફાલ્યું રહે છે. માનવી સમકિત પામે છે કયારે ? ધર્મ પ્રત્યે શ્રધ્ધા ઉપજે ત્યારે, તેને સંસાર અસાર લાગે છે. સંસાર તારનારો જણાતો નથી. ત્યારે જ એને લાગે છે કે રાગ અને દ્વેષને દેશવટો આપવો જોઇએ. સુખના સાધનો સંસારમાં ડૂબનારા છે માટે તેને ત્યાગો.

હે જીવ ! ક્રોધ–માન–માયા અને લોભના ભયંકર વાવાઝોડામાં તારી જીવન નૌકા હાલંમડોલમ થઇ રહી છે. હવે તું સાવધાન થઇ જા. જીંદગીની એક એક પળ અમુલ્ય છે તેને વૃથા જવા ન દઇશ. પ્રમાદ છોડો. હજી બાજી તારા હાથમાં છે તમે જેમાં સુખ માનો છો તે પદાર્થો બધાં પાણીના પરપોટા જેવા છે કે મેઘધનુષ્યના રંગ જેવા છે. ક્ષણવારમાં જ નાશ પામે તેવા ક્ષણભંગુર છે.

સંસારની સર્વ ચીજો ઉપરથી મમત્વ છોડી દો. કોઇ કોઇનું કોઈ નથી. આ જીવ ખાલી આથે આવ્યો છે અને તેવીજ રીતે ખાલી હાથે જવાનો છે. બંગલા–મિલ્કત–સ્ત્રી કે પરિવાર કોઈ સાથે આવવાનું નથી. આવશે માત્ર પુણ્ય અને પાપ. હવે તમારે વિચારવાનું છે કે તમારે કયા માર્ગે જવું !

## ચરિત્રનાયક ચારિત્રપંથે

પ્રભુની અમીઝરતી વાણી સાંભળીને પ્રદ્યુમ્નકુમારને

વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થઇ. તરતજ પિતા શ્રી કૃષ્ણ પાસે આવીને બોલ્યો–હે પિતાજી ! પ્રભુની આવી પરોપકારી વાણી સાંભળીને મને સંસારમાંથી રસ ઉઠી ગયો છે. આ સંસાર અસાર છે. નાશવંત છે. ક્ષણભંગુર છે. અનંતા ભવો સુધી અજ્ઞાનમાં પડી ભોગ–ભોગવ્યા, છતાં જીવને કદી તૃપ્તિ થતી જ નથી, અને અધોગતિમાં ઘસડી જાય છે.

પ્રભુની આવી ભાવભરી વાણી સાંભળી મારો અંત-રાત્મા જાગી ઊઠયો છે. હવે ના આ જોઇએ કારમો સંસાર ! મને આજ્ઞા આપો. હું પ્રભુ પાસે દીક્ષા લેવાની ભાવના રાખું છું.

કૃષ્ણ કહે–હે પુત્ર ! ધન્ય છે તને ! તું હજુ તો નાનો છે. બાળક છે છતાં તું સંસાર ત્યાગ કરવા માટે સમર્થ થયો છું. મને તો પૂર્વજન્મના પાપના ઉદયે કદી આવી ઇચ્છા પણ થતી નથી. હું જાણું છું સમજું છું કે હું આવી પાપમય જીંદગીના પરિણામે નરકગામી થવાનો છું અનંતુ દુઃખ વેઠવું પડશે. તેમ છતાં મને નથી સમજાતું કે મારા હ્રદયમાં તારા જેવી ઉન્નત ભાવના કેમ થતી નથી ? હે પુત્ર ! હું તો દીક્ષા લઈ શકતો નથી અને તારા જેવા ઉચ્ચ કોટીના વિચાર શરણી ધરાવતા પુત્રને રોકીને પાપમાં પડવા માંગતો નથી. તું સુખેથી તારી ઇચ્છાનુ-જબ દીક્ષા લઈ શકે છે. તેમાં હું કોઇ મના કરતો નથી. આવા ઉત્તમ કાર્યોનો ઉદય આવ્યો છે. તે તારું મહાભાગ્ય કહેવાય. તે પુણ્યોદય સફળ કરજે.

કૃષ્ણે હસતાં મોંઢે પ્રદ્યુમ્નને રજા આપી ત્યારબાદ શાંબ અને અન્ય પુત્રો તથા બળદેવજીના પુત્રોએ પણ તેમની પાસે આવી પ્રણામ કરી દીક્ષા માટે સંમતિ માંગી. કૃષ્ણે સૌને આજ્ઞા આપી. તરત જ પ્રદ્યુમ્નની સાથે સૌએ દીક્ષા અને પંચમહાવ્રત ગ્રહણ કર્યાં.

એજ વખતે પોતાના પુત્રોને સંસાર છોડી જતા જોઈ રૂકિમણી–જાંબુવતી વગેરે કૃષ્ણની અને બળદેવની પત્નિઓને પણ સંસાર પ્રત્યેની માયા ઊઠી ગઇ. અને સૌએ દીક્ષા ગ્રહણ કરી. આમ દીક્ષા લેતાં જોઈ કૃષ્ણની આંખમાં આંસુ આવી ગયાં. અને વિચારવા લાગ્યો છે કે આ સૌ દીક્ષા લેનારને ધન્ય છે. વિષયવાસનામાં ડૂબી ગયેલાં એવા મને ધિક્કાર છે. સૌ પ્રતિબોધ પામ્યા. માત્ર હું એકજ પાપી એવો રહ્યો કે હું પ્રતિબોધ પામી શકયો નહિં. આમ કૃષ્ણના અંતરમાં ખૂબ વ્યથા છે.

શ્રી નેમનાથ પ્રભુએ એ જાણીને બોલ્યા–હે કૃષ્ણ આ સૌ તારા પરિવારના લોકો દીક્ષા ગ્રહણ કરે છે. તમે સૌથી અલગ પડવાથી તમે સહેજે ખેદ પામશો નહિં. જે થવાનું છે તેમાં મિથ્યા કરનાર કોઇ જ નથી તમે ત્રીજી નરકમાં જશો. તો પણ તમારા આત્મા માટે તે સ્થાન યોગ્ય જ કહેવાશે કારણ કે તે સ્થાનમાં કર્મની નિર્જરા જ તમે કરવાના છો, કર્મબંધન કરતાં કર્મની નિર્જરા થાય તે સ્થાન આપણા માટે સારૂં. ત્યાંના દુઃખો વેઠી

કર્મોની હારમાળા પૂરી કરી આ ભરતખંડને વિષે જન્મ પામશો. તેમજ તમારા ભાઈ બળદેવજી બ્રહ્મલોકમાં દેવ થશે ત્યાંથી ચ્યવી ભરતખંડમાં જન્મ લેશે. ત્યારબાદ તીર્થંકર પદ પામેલા એવા તમારી પાસે દીક્ષા લઇને રહેશે. અને મોક્ષ મેળવશે. આ તમારો ઉત્તમ ભાવિકાલ છે.

કૃષ્ણના પુત્રો દીક્ષા લઇ ઉત્તમ વ્રતો ગ્રહણ કરી ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા. શ્રીનેમનાથજી ત્યાંથી વિહાર કરતાં કરતાં બીજા ક્ષેત્રમાં ગયા. કૃષ્ણ વાસુદેવ દ્વારિકામાં પાછા આવી નગરમાં ઘોષણા કરાવી. લોકોને ધર્મ પ્રત્યે જાગૃત કર્યા. પૂજા–સેવા અને વ્રત નિયમોમાં સાવધાન કર્યા. આથી નગરના તથા યાદવ કૂળના લોકો જપ–તપ અને જિનેશ્વર દેવના વચનમાં શ્રધ્ધા ધરાવતાં થયા. નિયમિત નવકારમંત્રની આરાધના પૂર્વક ધર્મમય જીવન પસાર કરવા લાગ્યા. અને પાપ–પાપવૃત્તિથી રહિત થવાં લાગ્યાં.

દ્વૈપાયન તાપસ મૃત્યુ પામીને અગ્નિકુમાર દેવ થયો. મરતી વખતે કરેલું નિયાણું યાદ આવવાથી, તે દ્વારિકા નગરીએ આવ્યો. નગરના લોકો સૌ ધર્મ–ધ્યાન–નવકાર મંત્રના જાપ, આયંબિલનો અખંડ તપ–પૂજા સેવા અને પૌષધ કરતાં જોયા. જ્યાં ત્યાં ધર્મમય વાતાવરણ હોવાથી તે કાંઈ કરી શકયો નહિં. આમ અગિયાર અગિયાર વર્ષ વીતી ગયાં. લોકો હવે દ્વૈપાયનનું નિયાણું ભૂલી ગયાં. લોકો

હવે સુખ શાંતિ પૂર્વક પાછા મદ્યપાન કરી ભોગવિલાસ આચરતા થઈ ગયા.

આ વખતે ભયંકર ઉલ્કાપાત અને ધરતીકંપ થવા લાગ્યો. પત્થરની પ્રતિમાઓ હસવા અને મોટે અવાજે રડવા લાગી. સૂર્યમાંથી અગ્નિ વરસવા લાગ્યો. વિજળી અને મેઘગર્જનાઓ થવા લાગી. ચક્ર-રત્નો આપોઆપ નાશ પામવા લાગ્યા.



આ સમયનો લાભ લઈ પેલા દ્વૈપાયને અગ્નિ ઉત્પન્ન કરી આખા નગરમાં તેનું ભીષણ તાંડવ ફેલાવ્યું. સર્વ જગાએ આગની જવાળાઓ ફરી વળી. લોકોની નાસભાગ થઈ રહી ચારે બાજુથી બચાવો બચાવોની બૂમો સંભળાવા લાગી. દ્વૈપાયન કોઈને પણ છોડતો નથી. નાસતા માણસને પકડીને અગ્નિમાં નાંખી દેતો. આ જોઈ કૃષ્ણ-બળદેવને

અત્યંત દુઃખ થવા લાગ્યું. પણ કરે શું ? લોકોને કે નગરને બચાવવાની કોઈજ શક્તિ તેમનામાં નહોતી.

બન્ને ભાઈઓએ એક રથ તૈયાર કરાવી. દેવકી–વસુદેવ–રોહિણીને બેસાડી નગર બહાર ભાગી જવા તૈયાર થયાં. રથ ચલાવવાને બળદો શક્તિમાન થયા નહિં. તેથી બળદને સ્થાને બન્ને ભાઈઓ જોડાયા પણ રથના પૈડાં તૂટી ગયાં. તેમ છતાં અત્યંત બળ કરી નગરીના દ્વારે પહોંચ્યા તો દ્વારો બંધ થઈ ગયેલા દીઠાં. બન્ને ભાઈએ મલીને દરવાજા તોડી નાંખ્યા અને બહાર જતાં હતાં ત્યાં પેલો દ્વૈપાયન આવીને બોલ્યો–હે કૃષ્ણ ! આ શું કરો છો ? જે નિયાણું કર્યું છે કે તમારા બે ભાઈઓ સિવાય હું કોઇને પણ છોડવાનો નથી. તમો બીજાનું રક્ષણ ન કરો.

આ સાંભળી વસુદેવ-દેવકી વગેરે કહેવા લાગ્યા કે હે ભાઈ! તમે અમને મૂકીને ચાલ્યા જાવ. અમારું આવી રીતે જ મરવાનું નિમિત્ત હશે. પ્રદ્યુમ્ન–શાંબ વગેરે અનેક ડાહ્યા લોકોએ સમજીને જ દીક્ષા લીધી. અમે જાણતા છતાં પ્રમાદમાં પડી રહ્યાં. પંચ પરમેષ્ઠિ નવકારમંત્ર અને નેમિનાથ પ્રભુને સ્મરવા લાગ્યા અને સર્વ જીવોને ખમાવવા લાગ્યા. આ રીતે તેઓ મરીને દેવલોકમાં ગયાં.



કૃષ્ણ અને બળદેવ બળીને ભસ્મીભૂત થઈ રહેલી દ્વારિકા નગરીને જોઈ જોઈને અત્યંત દુઃખી થતાં નગરની બહાર નીકળી ગયાં. સોનાનો કિલ્લો અને મણિમય કાંગરીની નાશ પામી. મોટા ગગન ચુંબી પ્રાસાદો પડી ગયાં. ચંદનના હજારો સ્તંભો ભસ્મીભૂત થઈ ગયાં. ચારે બાજુ જવાળાઓ અને ધુમાડા સિવાય કશું દેખાતું જ ન હતું

કૃષ્ણ પૂછે છે કે–હે બળદેવ ! હવે આપણે કયાં જઈને રહીશું ?

બળદેવજી કહે–ભાઇ ! પાંડવો આપણા મિત્રો છે. સગાં છે તેમને ત્યાં તેમની નવી નગરીમાં જઈએ–ત્યારબાદ શું કરવું તે વિચારીશું.

કૃષ્ણ કહે–અરે ભાઈ ! મેં પાંડવોને દેશનિકાલ કરેલાં છે હવે કયા મોંઢે એમને ત્યાં જઈશું ?

બળદેવ કહે–ભાઈ ! પાંડવો ઉદાર દીલના છે. આપણે

એમને દેશનિકાલ કર્યા છે એ વાત તેઓ અત્યારે નહિં યાદ કરે પરંતુ આપણે કરેલાં હજારો ઉપકાર યાદ કરીને આપણને આવકાર આપશે.

કૃષ્ણ કહે–તો બરાબર તેમને ત્યાં જવુંજ શ્રેષ્ઠ છે. તેમનું ઘર આપણા પોતાના ઘર જેવુંજ લાગે–તેમને ત્યાં જવામાં કોઈ સંકોચ કે શરમ રાખવી જોઈએ નહિં. આમ વિચારી બંન્ને ભાઇઓ હસ્તિનાપુર તરફ ચાલવા લાગ્યા. જતાં જતાં પાછું વાળીને બળતી દ્વારિકા નગરી જોઈને આંખમાં આંસુ આવી ગયા.

આ વખતે કૃષ્ણના મહેલમાં બલભદ્રનો એક બાલક કુબ્જ નામે હતો. તેણે માથે લોચ કરી વ્રતના ઉચ્ચાર કરતાં કરતાં દીક્ષા ગ્રહણ કરી–અગાશીમાં આવી હાથ ઊંચો કરી બોલ્યો– હે દેવતાઓ, હું સાધુનો વેશધારી થઇને શ્રી નેમિનાથનો શિષ્ય થયો છું. પ્રભુના કહેવાથી આ ભવે જ મોક્ષ પામવાનો છું. આ સાંભળી જૃંભક દેવોએ આવી ક્ષણ વારમાં તેને શ્રી નેમિનાથ પ્રભુ પાસે મૂકી દીધો. અને તેણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યારબાદ છ માસ સુધી દ્વારિકા નગરી બળતીજ રહી. છેલ્લે દેવતાઓ સમુદ્રને અર્પણ કરીને ચાલ્યા ગયા. સમુદ્રે તેને સ્વીકારી. દરિયાના પાણી આખી દ્રારીકા નગરી (બળેલી) પર ફરી વળ્યાં. દ્વારિકાનું કોઈ નામનિશાન રહ્યું નહીં. આ બાજુ કૃષ્ણ–બળદેવ ત્યાંથી નીકળી પાંડવોના

નગર તરફ જઈ રહ્યાં હતાં. રસ્તામાં કૃષ્ણે બળદેવજીને કહ્યું–હે ભાઈ! મને બહુજ ભૂખ લાગી છે. અત્યાર સુધી શરમથી હું બોલ્યો નહિં. પરંતુ હવે ભૂખ સહેવાય તેમ ન હોવાથી આપને જણાવવું પડ્યું–આપ નજીકના કોઈ નગરમાં જઈ– ખાવાનું જે મળે તે લઈ આવો–ત્યાં સુધી હું અહીં બેઠો બેઠો આરામ કરું છું.

બળદેવજી કહે–બહુસારું–પરંતુ સાવધાન રહેજો. આ અજાણી ભૂમિ છે, હું નગરમાં જઈ–ખાવાનું લઈ તરતજ પાછો આવું છું–નગરમાં જતાં મને જો કાંઈ મુશ્કેલી કે અડચણ ઊભી થશે તો હું સિંહનાદ કરીશ તે સાંભળી તરતજ તમે મારી મદદમાં આવી જજો. આમ કહી બળદેવ નગરીમાં ગયા. દેવ જેવું બળદેવજીનું રૂપ જોઇ લોકો વિચારવા લાગ્યા કે આ કોણ હશે? બળદેવજી કંદોઈની દુકાને પહોંચ્યા. આંગળીએથી અંગૂઠી કાઢી તેના બદલામાં જાત જાતની મીઠાઇ અને ખાજા ખરીદ્યા. કડાના બદલામાં મદિરા લીધી તે બધું લઈ બળદેવજી કૃષ્ણ પાસે પાછાં આવી રહ્યાં હતાં. એવામાં કોઈ નગરજને તેમને ઓળખી લીધાં અને તરતજ રાજાને જઈ ને ખબર આપી કે બળદેવ, કૃષ્ણના ભાઈ આપણા નગરમાં આવ્યા છે. અને નગરની બહાર જઇ રહ્યાં છે.

આ નગરમાં ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છરદન રાજ્ય કરતો હતો. અગાઉનું વૈર યાદ આવી જતાં તેને મારવા માટે

બલવાહન વગેરેને લઈને દોડયો. નગરના દરવાજા બંધ કરી દીધા. મહાબળવાન અને શક્તિશાળી હોવા છતાં બળદેવજી નગરની બહાર જઈ શકયા નહિં.

અચ્છરદન વિગેરે મારવા આવતાં જોઈ ને બળદેવજી એ ભોજન વિગેરે લઈ ને બાજુએ મૂકયું અને હાથીનો ખીલો ઉપાડી હાથમાં લઈ સામે યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે બળદેવે સિંહનાદ કર્યો. આ અવાજ સાંભળી કૃષ્ણ દોડતા આવી નગરીના દ્વારો તોડી નાંખી નગરમાં પેઠા. હાથમાં પરિઘ લઈ યુદ્ધ કરવા માંડયું. અચ્છરદાનને હરાવી–વાળ પકડી ઊભો રાખ્યો. અને કહ્યું–અરે નીચ ! આવું કરતાં તને કંઈ વિચાર ન આવ્યો ? તું એમ સમજતો હશે કે અમારું બધું જ ગયું છે–પરંતુ અમારું બાહુબળ ગયું નથી. અચ્છરદાને માફી માંગી એટલે કૃષ્ણે તેને છોડી દીધો. અને બન્ને ભાઈઓ ત્યાંથી નગર બહાર ઉદ્યાનમાં જઈને શાંતિપૂર્વક ભોજન કર્યું–આવી રીતે જમતાં તેમને બહુજ દુઃખ થયું. જમીને આગળ ચાલવા લાગ્યા. વધુ પડતો આહાર કરવાથી કૃષ્ણને તરસ લાગી

કૃષ્ણે બળદેવજીને કહ્યું–હે ભાઇ ! મને અત્યંત તૃષા લાગી છે, હવે હું એક પગલું પણ ચાલી શકવાને શક્તિમાન પણ નથી–માટે ગમે ત્યાંથી મને પાણી લાવી આપો.

બળદેવજી કહે–હે કૃષ્ણ અહીં નજીકમાં પાણી મળે તેમ જણાતું નથી. આ વિશાળ વૃક્ષના શિતળ છાંયડામાં

બેસો. આ કૌશાંબ નામે ભયંકર વન છે. અહીં અનેક શિકારીઓ પણ શિકાર કરવા આવતા હોય છે. તમે સાચવી-સંભાળીને બેસજો, જરા પણ ગાફેલ રહેશો નહિં. નહિંતર મુશ્કેલી ઊભી થઇ જશે, આમ કહી બળદેવજી પાણીની શોધમાં નીકળ્યાં બળદેવજીના ગયા પછી કૃષ્ણ એ ઝાડની શીતળ છાયામાં એક પગ બીજા પગની જાંગ ઉપર મૂકી-પીળા વસ્ત્રથી મો ઢાંકીને સૂઈ ગયાં, થાકને કારણે તરતજ ઊંઘ આવી ગઈ. એજ સમયે નજીકમાં થઈને એક શિકારી પસાર થઈ રહ્યો હતો સૂતેલા કૃષ્ણને હરણ સમજીને તીરે માર્યું

તે બાણ કૃષ્ણને પગમાં વાગ્યું. તરતજ કૃષ્ણ બેઠાં થઈ ગયાં. અને બોલી ઊઠયા. અરે! હું અહીં શાંતિથી સૂતો હતો અને કયા પાપીએ મને તીર માર્યું? જે હોય તે મારી સામે આવો.



પારધીને ખ્યાલ આવ્યો કે મેં તીર માર્યું છે તે મૃગ નહિં પણમાનવી છે.અત્યંત પસ્તાવો કરતો તે

કૃષ્ણ પાસે આવ્યો. અને બોલ્યો હું વસુદેવનો પુત્ર છું. અને કૃષ્ણ બલરામનો લઘુ બંધુ જરાકુમાર છું મારા હાથે કૃષ્ણનું મૃત્યુ થવાનું જાણીને હું નગરી છોડીને બાર વર્ષ અહીં જંગલમાં રહું છું. આ જંગલમાં મેં કદી કોઈજ માનવીને જોયો નથી. તમને મૃગ ધારીને મેં તીર મારેલું છે. મારી મહાભયંકર ભૂલ થઈ ગઈ છે. મને ક્ષમા કરો અને આપનું નામ ઓળખ જણાવો.

કૃષ્ણ બોલ્યા–અરે ભાઈ જરાકુમાર! મારી પાસે આવ. હું તારો ભાઈ કૃષ્ણ છું. જેના માટે તે વનવાસ સ્વીકાર્યો પરંતુ જે થવાનું હોય તે થઈનેજ રહે છે. મેરૂ ચલે, પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગે પરંતુ તીર્થંકરની વાણી કદી ખોટી પડતી જ નથી.

જરાકુમાર રડી પડયો અને બોલ્યો-અરે! આ શું થયું? મેં પાપીએ ભયંકર પાપ કર્યું છે. અને ચોધાર આંસુએ રડતાં રડતાં કૃષ્ણના પગમાં પડયો.

કૃષ્ણે તેનો હાથ પકડી લઈ સાંન્ત્વન આપ્યું છતાં જરાકુમાર બોલે છે–અરે! મારા હાથે ભાઈનો વધ થતાં પહેલાં હું મરી કેમ ન ગયો? હે પૃથ્વી માતા, મને તમારા પેટાળમાં સમાવી લો. હું જીવવાને લાયક નથી. આવું પાપ કરી મારી શી ગતિ થશે? આમ વિચારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવા જતાં કૃષ્ણે તેનો હાથ ઝાલીને રોકયો. ખૂબ સમજાવ્યો. જે થવાનું લખેલું છે તે

મિથ્યા કરવા કોઈ સમર્થ નથી. અને કહ્યું–હે ભાઈ ! શોક છોડી દે. મારી વાત સાંભળ. આ મારો કૌસ્તુભ મણિ લે અને આ બનેલી તમામ હકીકત પાંડવો પાસે જઈને જણાવજે. તારી વાત કદાચ તેઓ સાચી ન માને તો આ કૌસ્તુભ મણિ બતાવજે. હવે વિલંબ કર્યા વગર જલદી ચાલતો થા. હમણાંજ બળદેવજી આવી પહોંચશે. તેમને મારા ઉપર અગાથ પ્રેમ છે તેં મને તીર માર્યું છે જાણી ક્રોધાયમાન થઈને તને મારી નાંખશે માટે જલદીથી ચાલ્યો જા. તેમજ રસ્તો બદલીને જવાની સલાહ આપી. કદાચ બળદેવજીનો ભેટો થઈ જાય તો ન બનવાનું બની ન જાય !

આથી જરાકુમાર કૃષ્ણને વંદન કરી રડતો રડતો ચાલ્યો ગયો. રસ્તામાં બળદેવજીને ન મળાય તેવી રીતે લપાતો છુપાતો ચાલી નીકળ્યો. તેના ગયા પછી કૃષ્ણજીને પગમાં સખત વેદના થવા લાગી. આંખમાંથી અશ્રુધારા વહી રહી છે. તે વખતે શ્રીનેમનાથ પ્રભુને યાદ કરી પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરે છે. અને મનમાં ચિંતવે છે.

યદુવંશના આભૂષણ રૂપ હે નેમનાથ પ્રભુ ! તમને મારા લાખ લાખ નમસ્કાર થાઓ. આપના મુખેથી મારું આ રીતે મૃત્યુ છે. તે જાણવા છતાં હું વૈરાગ્ય પામ્યો નહિં. ધિક્કાર છે મારી જાત ને ! ત્યારબાદ શ્રીનેમિનાથ પ્રભુની દિશામાં મુખ રાખીને ભક્તિભાવ પૂર્વક ચૈત્યવંદન કર્યું.

શુદ્ધ ભાવથી કરેલાં કર્મોની આલોચના કરી. "હું એક છું હું કોઇનો નથી અને મારું કોઈજ નથી" એમ ચિંતવી પ્રભુની અને ધર્મની આરાધના કરવા લાગ્યાં.

ભૂખ અને તરસથી પીડાતા કૃષ્ણને આરાધના કરતાં કરતાં ક્ષણવાર માટે મન ચલિત થઈ ગયું. ગતિ તેવી મતિ તદનુસાર વિચારવા લાગ્યા કે મારી દ્વારિકા નગરીને ભસ્મીભૂત બનાવનાર દ્વૈપાયન જો મારા હાથમાં આવે તો ચોળી નાખું મારી નાંખુ એમ વૈરનું ચિન્તવન કરતાં કરતાં મૃત્યુ પામી ત્રીજી નારકીએ ગયાં. કૃષ્ણ એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામ્યા. શ્રીનેમનાથ પ્રભુની વાણી સાચી ઠરી તે દરમ્યાન પાણી લેવા ગયેલા બળદેવજી પડીઆમાં પાણી લઈ ને કૃષ્ણ પાસે આવી પહોંચ્યા. મુસાફરીના થાકથી કૃષ્ણ ઊંઘી ગયા લાગે છે એમ સમજી બળદેવજી કૃષ્ણની પાસે જઈને બેઠાં. થોડીવાર પછી કૃષ્ણને કહેવા લાગ્યા હે ભાઈ! કૃષ્ણ! જાગો. હું કમલના પડીઆમાં ચોખ્ખું મીઠું મધ જેવું પાણી લાવ્યો છું તેનું પાન કરી સ્વસ્થ થાઓ પરંતુ કૃષ્ણ કંઈજ બોલ્યા નહિં આમ બે ત્રણ વખત જગાડવા પ્રયત્ન કર્યો છતાં કૃષ્ણ સહેજ પણ સળવળ્યા નહિં.

એટલે બળદેવજીએ તેમના શરીર ઉપર ઓઢેલું વસ્ત્ર દૂર કર્યું તો પગમાંથી લોહી નીકળતું હતું. બાજુમાં તીર પડેલું હતું અને કૃષ્ણ બીલકુલ નિશ્ચેતન પડેલા જોયાં. આ

જોઈ ભાઈ પ્રત્યે અનહદ મમતાવાળા બળદેવને મૂર્છા આવી ગઈ. થોડીવારે ઠંડા પવનના સ્પર્શે બળદેવને ભાનમાં લાવી મૂકયા. બળદેવજી ભાઈના મૃત્યુને કારણે ખૂબજ વિલાપ કરી જોર જોરથી રડવા લાગ્યા, ભાઈના ગુણો અને પરાક્રમો યાદ કરતાં જાય અને રડતાં જાય. મનમાં ચિંતવે છે કે પ્રભુ ! મારા ભાઈના પહેલાં મને કેમ મૃત્યુ ન આવ્યું ? ભાઈ વગર હું એકલો કેવી રીતે જીવી શકીશ ? અને એમ વિચાર કરતાં ઘણા સમય સુધી ત્યાં મૂઢની જેમ બેસી રહ્યા. ત્યાર બાદ જરા કળ વળી એટલે બળદેવજી બોલ્યાં મારો ભાઈ નિદ્રા અવસ્થામાં હતો તે સ્થિતિમાં જેણે માર્યો છે તે જો મારી સામે આવે તો ખબર પાડી દઉં. મર્દ માનવી સ્ત્રી બાળક, ગાંડા અને સૂતેલાને કદી હણતા નથી. આ નીતિ છોડી વર્તનાર કોઈ પાપીએ મારા ભાઈનો જીવ લીધો છે. એ નિર્દય હત્યારો કયાં નાસી ગયો ? આમ બોલતાં બળદેવજી વારવાંર મૂર્છા પામતાં અને ભાનમાં આવી ફરીથી કલ્પાંત કરતાં.

બળદેવજીને કૃષ્ણ પ્રત્યે અપાર પ્રેમ અને મમતા હતાં એ વિચારે છે કે કદાચ કૃષ્ણ ભૈયા રીસાયા હશે એટલે મૌન રહી મને ઠપકો આપતાં હશે ! મેં મૂર્ખાએ પાણી લાવવામાં કેટલો વિલંબ કર્યો ? મારી ભૂલ થઈ ગઈ છે આમ વિચારીને કૃષ્ણને કહે છે–હે બંધુ, પાણી લાવવામાં વિલંબ થયેલ છે. મારી ભૂલની હું માફી માંગું છું. હવે તો રીસ છોડી મારી સાથે પ્રેમથી બોલો ! ફરી બળદેવજી

કૃષ્ણના પગમાં પડી વિનંતિ કરવા લાગ્યા. હે કષ્ણ, હવે બેઠા થાવ. વારંવાર કૃષ્ણના અંગને પંપાળે છે. તેમના મોંમા પડીયાનું પાણી રેડે છે આમ અનેક રીતે કૃષ્ણને જગાડવાના પ્રયત્નો કરતાં કરતાં આખી રાત કાઢી.

સવારે ઊઠી કૃષ્ણનું મોઢું ઠંડા પાણીથી ધોઇ કપડેથી સાફ કરી અને વિનંતિ કરવા લાગ્યા. હે ભાઇ, હવે તો મારી સાથે બોલો. આમ છતાં કૃષ્ણને કંઈજ અસર થતી નથી. મડદા તે કદી બોલતા હશે? ત્યારબાદ બળદેવજી કૃષ્ણને ખભે લઇને રડતાં રડતાં ફરવા લાગ્યા અને લોકોને પણ આ હકીકતની જાણ કરી રડાવતાં હતાં દરરોજ કૃષ્ણના મૃતદેહને નવડાવી–ધોવડાવી શણગારતા અને ખભે લઈને ઠેર ઠેર ભટકવા લાગ્યા. આમને આમ છ મહિના નીકળી ગયાં. અને ચોમસું આવી ગયું.

દેવલોકમાં ગયેલા સિદ્ધાર્થે પોતાના જ્ઞાનના બળે જોયું તો બળદેવજીની સ્થિતિ અત્યંત દયાજનક થઈ ગઈ હતી. તે મનમાં વિચારે કે સંસારમાં માનવીને કેટલો મોહ હોય છે? મોહ અને લાગણીના વમળમાં પડેલ માનવી બચી શકતો નથી. મારે જઈને બળદેવજીને સાચો રાહ દેખાડવો જોઈએ તેમજ અત્યારે તેનીજ જરૂરત છે. તરતજ તે દેવે એક પત્થરનો રથ ઉત્પન્ન કર્યો. તેમાં બેસી તે બળદેવજી પાસે ઊભો રહ્યો. તે રથની પાસે એક મોટો પર્વત ઊભો કરી દીધો અને એ પર્વત સાથે અથડાતાં એ

રથના હજારો અને સેંકડો કકડા કરી નાંખ્યા. ત્યારબાદ તે દેવ એ રથના ટુકડા ભેગા કરી સાંધવા બેઠો. ઈરાદાપૂર્વક જ તે આ કામ બળદેવજીને સમજાવવા માટેજ કરી રહ્યો હતો.

આ જોઈ બળદેવજી બોલ્યા. અરે મૂર્ખ-તને એટલી યે સમજ નથી પડતી તે ભાંગેલા પત્થરનો રથ સાજો કદી થાય નહિં? આમ ખાલી ખોટી મહેનત કરી રહ્યો છે! તૂટેલા પત્થર કદી સાંધી શકાય ખરાં?

દેવ કહે-હે ભાઈ આ તમારો ભાઈ કોઇ શત્રુના બાણુથી હણાયો છે તે જો જીવતો થઈ શકે તો મારો રથ કેમ ન સાંધી શકાય? આ સાંભળી બળદેવજી તે દેવને મારવા દોડ્યા અને બોલ્યા-અરે દુષ્ટ! મારા ભાઈને મરેલો કેમ કહે છે? ત્યારબાદ દેવે અદ્રશ્ય થઈ ગયા. આગળ જતાં તે દેવે બીજી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો. કાળા પત્થરની શિલામાં તે કમળ વાવીને જળનું સિંચન કરવા લાગ્યો.

આ જોઇને બળદેવજી કહે-અરે મૂર્ખ! ખોટી મહેનત કરીને શા માટે તૂટી જાય છે? પત્થર ઉપર કમલ રોપાય ખરાં? અને તેને પાણી પીવડાવવાથી તે કમલના છોડ શું ઉગે?

દેવ કહે-આ તમારોભાઇ, જે ઘણા સમયથી મૃત્યુ પામેલો છે તે જીવતો થશે તો અહીં કમલનું મોટું વન ખીલી ઊઠશેજ. તેમાં કોઈ શંકા નથી.

આ સાંભળી બળદેવજી કહે-અરે ગાંડા! જે ભાઇ મને પૂછયા વિના પાણી ન પીએ તે ભાઇ મને પૂછયા

વિના મૃત્યુ પામે ખરો ? મહેરબાની કરીને મને ગુસ્સે કર્યા સિવાય અહીંથી રસ્તે પડ. વળી આગળ જતાં તે દેવે એક બળી ગયેલા ઝાડ ને કયારો બનાવી જલસિંચન કરવા લાગ્યો. અને એ ઝાડ ઊગાડી તેના ફળ મેળવવાની પ્રવૃત્તિ કરવા લાગ્યો.

બળદેવજી કહે અરે ગમાર ! શું તને એટલીયે ખબર નથી પડતી કે બળી ગયેલું વૃક્ષ કદી ફરી નવપ-લ્લવીત થતું નથી અને તેને ફળ કદી આવી શકતાં નથી. દેવકહે ભાઈ, જો તમારો મરેલ ભાઈ જો જીવિત થશે તો આ વૃક્ષ પણ ખીલી નીકળશે.

બળદેવજી કહે–હે ભાઈ ! ખોટું બોલી મને પજવીશ નહિં. શું મોટાભાઇના જીવતાં કદી નાનોભાઈ મૃત્યુ પામે ખરો ? મહેરબાની કરીને ચૂપચાપ અહીંથી ચાલ્યો જા–નહિંતર મને ગુસ્સે કરીશ તો પરિણામ સારું નહિ આવે. દેવતાએ તેમને સમજાવવા આટ આટલા પ્રયત્નો કર્યા છતાં કોઈ કામ આવ્યા નહિં, છેવટે દેવે ગાયના મુડદાં ઉત્પન્ન કર્યા અને બળદેવજીના દેખતાં તેના મુખમાં લીલું તાજું ઘાસ ખવડાવવા લાગ્યો–તે જોઇને બળદેવજી કહે છે અરે ગધેડા, મરેલી ગાય કદી આવું લીલું ઘાસ ખાય ખરી ?

દેવ કહે–અરે મિત્ર, તમે જેમ તમારા મૃત્યુ પામેલા ભાઈને જલપાન કરાવો છો તેમ હું આ ગાયોને ઘાસ

ખવડાવું છું. તમે પોતે જ જે કામ કરો છો અને તે કામ ન કરવાનો મને ઉપદેશ આપો છો. એ કેમ બને ? દુનિયામાં લોકોને ઉપદેશ આપવો જ ગમે છે–આચરવો ગમતો નથી.

દેવની આવી વાણી સાંભળી બળદેવજી બે ઘડી તો વિચારમાં પડી ગયાં. શું મારો ભાઈ કૃષ્ણ મૃત્યુ પામ્યો હશે ? આટલા બધાં લોકો કહે છે તો કદાચ સાચું પણ હોય, એટલે બળદેવજીના મનમાં શંકા ઉત્પન્ન થઈ.

તે જ સમયે પેલા દેવે સિદ્ધાર્થ સારથીનું રૂપ ધર્યું, બળદેવજીને વંદન કરી બોલ્યો–હે સ્વામી, મને ઓળખ્યો ? હું આપનો સારથી સિદ્ધાર્થ છું. તમારી રજા લઈ શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ મૃત્યુ પામીને દેવ તરીકે જન્મ પામ્યો છું. તમારા પ્રત્યે મને ખૂબજ ભાવ હોવાથી તમને ઉપદેશ આપવા માટે જ અહીં આવ્યો છું

બળદેવજી વિચારવા લાગ્યો કે દેવતાઓ કદી જુઠું બોલે નહિં. તેમજ અત્યારે મને યાદ આવે છે કે શ્રી નેમિનાથજીએ કહેલું કે કૃષ્ણનું મૃત્યુ તેના ભાઇ જરાકુમારના હાથે, પગમાં તીર વાગવાથી થવાનું છે. કદાચ એ વાત સાચી લાગે છે. તીર્થંકરની વાણી કોઈ કાળે ખોટી પડે જ નહિં. પછી દેવે બળદેવજીને વિગતવાર સમજાવ્યું કે તમે જળ લેવા ગયાં ત્યારબાદ કૃષ્ણને નિદ્રા આવવાથી પીળું વસ્ત્ર ઓઢી ઘસઘસાટ ઊંઘી ગયા. તે સમયે જરાકુમાર ત્યાંથી પસાર થતો હતો તેણે મૃગ ધારીને તીર માર્યું જે

તેમના પગમાં વાગ્યું અને મૃત્યુ પામ્યા છે. જરાકુમારને સાચી વસ્તુની ખબર પડી તે ચોધાર આંસુડે રડયો માફી માંગી. કૃષ્ણે તેને કૌસ્તુભ રત્ન આપી જલદીથી ચાલ્યા જવાની આજ્ઞા કરી અને પાંડવો પાસે જઈને ખબર કરવા જણાવ્યું ' તેમજ તમારા આવવાના ડરે ભગાડી મૂકયો.

બળદેવજી કહે હે સિદ્ધાર્થ ! તમે બહુજ ઉત્તમ કાર્ય કરી મને સાચા માર્ગે લઈ ગયા છો. મોહમાં હું અંધ બની સત્યાસત્યનું ભાન ભૂલી બેઠો હતો. તમે સાચો રાહ દેખાડયો. તે બદલ ખૂબ ખૂબ આભાર ! આથી વિશેષ કાંઈ કહેવાનું હોય તો પ્રેમથી કહો. તમે મારા રથના સારથી હતાં અને અત્યારે સારથી પણ થયાં છો. હે બળદેવ ! મારે જે સમજાવવાનું હતું તે સમજાવી દીધું છે. બીજું તો હવે જીવનમાં તમે સામજીને અસાર સંસાર તજીને દીક્ષા ગ્રહણ કરો એવી મારી ઇચ્છા છે અને એજ એક ભવનો ભય મટાડનાર છે એમ કહી દેવ અંતર્ધ્યાન થઈ ગયાં.

શ્રી. નેમિનાથજી ભગવાનના જાણવામાં આવ્યું કે કૃષ્ણ મૃત્યુ પામ્યા છે. બળદેવજી તેમની પાછળ મોહદશામાં પડી બાંધવપ્રેમને કારણે કૃષ્ણની મુડદું લઇને ફરતાં હતાં. તેમને દેવે પ્રતિબોધ્યા છે. જેથી સંસાર પ્રત્યે વૈરાગ્ય કેળવી તપઃ મય જીંદગી ગાળી રહ્યાં છે આથી પરમ દયાળુ પ્રભુએ એક વિદ્યાધર મુનિને તેમની પાસે મોકલ્યાં. સંસારથી વિરકત થયેલા બળદેવજીએ તે વિદ્યાધર મુનિની પાસે વ્રત

નિયમો પૂર્વક દીક્ષા ગ્રહણ કરી અને કર્મની નિર્જરા કરવા માટે તીવ્ર તપસ્યા કરવા લાગ્યાં ત્યાર બાદ તુંગિકા શિખર ઉપર ઉપર જઈ ને માસ-ક્ષમણ કરતાંકરતાં કાઉસગ્ગે રહ્યાં એક માસ ક્ષમણનું પારણું કરવાં ગોચરી લેવા તે નગરીમાં ગયા. બળદેવજીનું રૂપ જોઈ નગરીની સ્ત્રીઓ તેમની પાછળ ઘેલી થવા લાગી. આવું કામદેવને પણ શરમાવે તેવું રૂપ જોઇ સ્ત્રીઓ તેમની સાંમે જોઇજ રહેતી. કોઇ કોઈકામમાં વિહ્વળ બની ભોગ વિલાસના વિચારોમાં ડૂબી જતી.

આ જોઈ બળદેવજી પોતાના મનોહર રૂપને ધિક્કારે છે. મને જોઈ જોઈ ને યુવતિઓને વિષય કામના ઉલ્લાસનું કારણ બને છે અહી તો ઠીક પરંતુ કોઇ ધનપતિની પુત્રીઓને આવું થશે કે કોઈ રાજપુત્રીને આવું થશે. તો ફરી પાછા મારે પતનની ઊંડી ખાઈમાં પછડાટ ખાવી પડશે, તેના કારણરૂપતો મારું મનોહર રૂપજ થશે ને ?

આથી તેમણે અભિગ્રહ કર્યો કે આજથી મારે કદી કોઈપણ નગરીમાં કે ગામમાં પ્રવેશ કરવો નહિં. આહાર મલે તો ઠીક છે નહિંતર લાકડા કાપી વેચનાર આ કઠીયારા લોકો ભાવથી જે આપશે તેનાથીજ જીવનનિર્વાહ કરીશ. તે આહાર વડેજ પારણું કરીશ. અને કદાચ જો તેમની પાસેથી આહાર નહિં મલે તો બીજું માસ ક્ષમણ કરીશ. આમ વિચારી તેઓ તુંગિકા પર્વત ઉપર આવ્યાં.

અહી કઠીયારા ભક્તિ ભાવથી જે વહોરાવે તેના વડે

જ પારણું કરતાં. એક વખત એવું બન્યું કે કોઇ ભદ્રિક લોકોએ જઈને રાજાને ખબર આપી કે કોઈ અત્યંત સ્વ-રૂપવાન મુનિ તમારા પર્વત ઉપર આવી ઘોર તપશ્ચર્યા કરી રહ્યાં છે. આ સાંભળી રાજાને થયું કે આ મહાતપસ્વી મુનિ રખે મારું રાજ્ય લઈ લેશે તો ? તે બીકે મુનિને મારી નાંખવા ત્યાં આવ્યો. તે સમયે પેલા સિદ્ધાર્થ સારથી દેવે ત્યાં અસંખ્ય સિંહો ઉત્પન્ન કરી મૂકી દીધા. આ જોઇ રાજા ગભરાયો. અને પોતાની સર્વ સેના સાથે આવી મુનિના પગમાં નમી પડયો. સિદ્ધાર્થ રાજાને બળદેવજી વિષે બધીજ વાત કહી. બોધ પામી રાજા નગરમાં પાછો ગયો. ત્યારથી બળદેવજી મુનિ– નરસિંહ મુનિના નામથી લોકોમાં જાણીતા થયા.

ત્યારબાદ આ બળભદ્ર મુનિ તુંગિકા પર્વત ઉપર આવી ઘોર તપશ્ચર્યા શરૂ કરી. તેમની અમૃત જેવી નિર્મળ વાણીથી પર્વત અને જંગલના હિંસક પશુઓ–પક્ષીઓ વગેરે પણ ધર્મ પામવા લાગ્યા. તિર્યંચ હોવા છતાં મુનિની વાણી સાંભળી ધર્મ આચરતા થયાં. તેઓમાં એક મૃગ હતો. જે પૂર્વજન્મમાં બળભદ્ર મુનિને કોઇ સંબંધથી પરિચિત હોઈ તેમનો શિષ્ય બની તેમની પાસે રહેવા લાગ્યો. મૃગને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે મુનિની સેવા કરવા તત્પર રહેતો. મુનિને પારણાના દિવસે મૃગ ગમે-ત્યાંથી હાજર થઇ જતો તેમને મુનિને કયાં ગોચરી મળે

તેમ છે તેની તપાસ કરી રાખતો. મુનિને પોતાની સાથે લઈ જઈને ગોચરી મેળવી આપી ભક્તિ બજાવતો.

એક વખત કેટલોક રથકારલોકો ઉત્તમ પ્રકારનું લાકડું લેવા તે પર્વત ઉપર આવી ચડયા અને લાકડાં કાપવા લાગ્યાં. તેમની સાથે અનેક માણસો હતા સૌની રસોઇ એકજ સ્થળે ભેગી બનાવાતી હતી–તે પેલા મૃગને ખબર પડી તેથી તે મૃગ મુનિની પાસે આવી પુંછડી હલાવી સંજ્ઞા કરી. મુનિ ધ્યાનમુક્ત થઈ તેની સાથે રથ-કારને રસોડે પહોંચ્યા. અત્યારે ભોજનની વેળા છે. ભોજન તૈયાર છે અને બરાબર તેજ સમયે મુનિશ્રી પધાર્યા. રથકા કારનો અધિપતિ ખુબજ રાજી થઈ ગયો અને ભક્તિભાવ પૂર્વક મુનિને વહોરાવ્યું. આ સમયે રથકાર–મૃગ અને મુનિ ઊભા હતાં ત્યાંજ એક મોટું વૃક્ષ તેમના ઉપર પડયું ત્રણે મૃત્યુ પામી દેવલોકમાં ગયા.

મરતી વખતે મૃગની ઉચ્ચ ભાવના હતી કે હું તો તિર્યંચ છું આવો અવસર કયારે મળે કે હું આવા તપસ્વી મુનિને પારણું કરાવી શકું–રથકાર પણ અત્યંત ભાવપૂર્વક મુનિને વહોરાવી પોતાની જાતને ધન્ય માનતો હતો. અમારા એવા પુણ્ય હશે કે આવા જંગલમાં પણ આવા મહાન તપસ્વી મુનિ અમારે આંગણે પધાર્યા છે અને અમને લાભ આપી કૃતાર્થ બનાવ્યા છે. બળભદ્રમુનિ પણ એકસો વર્ષ નિર્મળ મુનિવ્રત અને તપશ્ચર્યા કરી દેવલોકમાં ગયા.

દેવલોકમાં જઈ ને અવધિજ્ઞાનથી પોતાનાભાઈ કૃષ્ણ ક્યાં છે તે જોયું તો નારકીમાં ભયંકર યાતનાઓ વેઠી દુઃખી થતાં જોયાં. વૈક્રિય શરીર વડે તેઓ કૃષ્ણ પાસે આવ્યાં, પોતાની ઓળખાણ આપી–પોતે દેવ લોકમાં જન્મ્યા છે તે જણાવ્યું. કૃષ્ણને નારકીના દુઃખમાંથી બચાવવા અનેક પ્રયત્નો કરવા છતાં બળદેવજી કાંઈ જ કરી શક્યા નહિં

કૃષ્ણ કહે–ભાઇ! શ્રી નેમનાથ ભગવાને ભાખેલું છે તે કદી ખોટું હોઈ શકે જ નહિં, મારા કર્મો મને ભોગવવાદો તમે ખુશીથી જઈ શકો છો.

બીજીબાજુ પેલો જરાકુમાર વનમાંથી નીકળી પાંડવોની નગરીમાં જઈ પહોંચ્યો. યુધિષ્ઠિર મહારાજના દરબારમાં જઈ રડવા લાગ્યો અને શોક કરવા લાગ્યો. તેને રડતો જોઈએ સૌ સભાજનો અને યુધિષ્ઠિર વિચાર કરવા લાગ્યો કે આ જરાકુમાર કેમ રડતો હશે ?

યુધિષ્ઠિરે પૂછયું–કે ભાઈ! તને શું દુઃખ છે. તું કેમ રડે છે. તને શું થયું છે. તું કાંઈક વાત કરે તો સમજ પડે. આથી જરાકુમારે સ્વસ્થ થઈ બનેલી બધીજ વાત કહી સંભળાવી. અને કૃષ્ણે આપેલ કૌસ્તુભ રત્ન યુધિષ્ઠિરને આપ્યું આ સાંભળી પાંડવો સૌ પોક મૂકીને રડવા લાગ્યા. અને મૂર્છા પામ્યા થોડીવારે ભાનમાં આવી ફરીથી રડવા લાગ્યા. આ સંસારની સ્થિતિ એવીજ છે–માટે જ્ઞાનીઓ

સંસારને અસાર કહે કહે છે ત્યાબાદ કૃષ્ણની ઉત્તર ક્રિયા કરી ત્યારબાદ મોટો ઉત્સવ કરી જરાકુમારને રાજગાદીએ બેસાડયો. પાંડવોના હૃદયમાં ધર્મની ભાવના જાગૃત થઈ. આ સમયે કરૂણાસાગર ભગવાન શ્રી નેમિકુમારને જ્ઞાનથી જાણ થઈ કે પાંડવો વૈરાગ્ય પંથે વળવા ઉત્સુક છે તેથી ધર્મઘોષ નામના મુનિને ત્યાં મોકલ્યા.

ધર્મઘોષ મુનિના દર્શન કરી પાંડવો બહુ ખુશ થયા અને મોટો ઉત્સવ રચાવી પાંચે પાંડવોએ ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. તેમની સાથે દ્રૌપદીએ પણ દીક્ષા લીધી ત્યારબાદ વિવિધ વ્રત-નિયમો લઈ ધર્મમાં સ્થિર થયાં. ગુરૂપાસે અભ્યાસ કરી દ્વાદશાંગી ધારણ કરનારા થયાં. તે પાંચ પાંડવો પૈકી ભીમ મુનિએ એવો અભિગ્રહ કરેલો કે જો કોઈ પુરૂષ ભાલાની અણિના ભાગથી આહાર વહોરાવે તો જ ખપે, નહિંતર ઉપવાસ કરવો આમ છ છ માસ સુધી ઉપવાસ કર્યા-જ્યારે અભિગ્રહ પૂર્ણ થયો ત્યારેજ પારણાં કર્યા. આ રીતે પાંડવો ધર્મમાં પણ શૂરા હતા.

ભગવાન શ્રી નેમિનાથજી વિહાર કરતાં કરતાં અનેક દેશોમાં ફરી રહ્યાં હતાં. પોતાનો નિર્વાણ કાળ નજીક આવતો જાણી-ભગવાન રૈવતક ગિરિ ઉપર આવી ગયાં. દેવોએ ખૂબ ભક્તિપૂર્વક છેલ્લું સમવસરણ રચ્યું-આ સમાચાર પાંડવોએ જાણ્યા એટલે શ્રીનેમનાથ પ્રભુને વંદન કરવા- માસ ક્ષમણના પારણાં કરી- ગુરૂની રજા લઈ

વંદન કરવા નીકળ્યાં.

ઘણા દેશો–નગરો અને ગામો વટાવતાં તેઓ સૌ સૌરાષ્ટ્રમાં આવી પહોંચ્યા. સૌરાષ્ટ્રના હસ્તકલ્પનગરમાં આવ્યા. હવે અહીંથી રૈવતકગિરિ માત્ર બાર યોજનજ બાકી રહ્યો હતો. અહીંથી શ્રી નેમનાથ પ્રભુને વંદન કરી માસ ક્ષમણનું પારણું કરી રાત વાસો રહ્યા. બીજે દિવસે સવારમાં વિહાર કરવા નીકળ્યાં–ત્યાં સમાચાર મલ્યા કે "આ અષાઢ માસની શુકલ અષ્ટમીએ શ્રી નેમિનાથ પ્રભુ રૈવતાચલ પર્વત ઉપર નિર્વાણ પામ્યા છે." આ સાંભળી સૌ મુનિજનોને અત્યંત દુઃખ થયું. પ્રભુના દર્શન ન થઇ શકયાં. એમની આશા અધૂરી રહી ગઇ ત્યાંથી તેઓ શ્રદ્ધાચલ તીર્થે જઇ ઋષભદેવ પ્રભુને વંદન કરી અનશનવ્રત ગ્રહણ કર્યું. કેવળજ્ઞાન પામી–મોક્ષે ગયાં.

કેટલોક સમય જતાં કૃષ્ણની આઠ પટ્ટરાણીઓ નેમિનાથજીના ભાઇઓ– રાજીમતિ વગેરે પણ ઉત્તમ એવું કેવળજ્ઞાન પામ્યાં.

શિવાદેવી માતાના પુત્ર શ્રી નેમિનાથ ભગવાન મોક્ષે ગયાં પછી પ્રદ્યુમ્ન મુનિ, શાંબ વગેરે મુનિઓ સાથે રહેતાં હતાં. ક્ષમાવાળા પ્રદ્યુમ્નમુનિ માસ ક્ષમણ વગેરે મોટી તપધર્મની આરાધના કરતાં હતાં. ઘણા વર્ષો સુધી તપ કરી ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યાં.

તપસ્યા વગર કદી કોઈ જ્ઞાન પ્રાપ્ત થતું જ નથી. મોક્ષ માર્ગનો આ એક જ મુખ્ય ધોરી રસ્તો છે. તે શાંબ વગેરે મુનિઓએ પણ આ માર્ગે જઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ચરિત્રનાયક પ્રદ્યુમ્નમુનિએ કેવળજ્ઞાન મેળવી પૃથ્વી ઉપર' ઠેર ઠેર વિહાર કરવા લાગ્યાં. અમૃત જેવી મીઠી વાણીથી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધવાં લાગ્યા. પૃથ્વી ઉપર જાણે જૈન ધર્મનું બીજ વાવવાની ઇચ્છા હોય તેમ આર્ય-અનાર્ય દેશોમાં પરિભ્રમણ કરવા લાગ્યા. અને લોકોને ઉપદેશ આપતાં રહ્યાં.

પોતાનો અંતકાળ નજીક છે એવું જાણી તીર્થોમાં ઉત્તમ તીર્થ છે એવું સિદ્ધગિરિ-શત્રુંજયગિરીમાં આવ્યાં. ત્યાં આવી શુદ્ધ બુદ્ધિથી-મહાન સમાધિવાળા પ્રદ્યુમ્નમુનિએ અનેક સાધુઓ સાથે અનશન કર્યું. શુભ ધ્યાન ધ્યાવતાં કર્મોનો નાશ કરીને મોક્ષ પદને પામ્યા.

આવીજ રીતે શાંબ અને બીજા સાધુઓ પણ ઉત્તમ આરાધના કરી મોક્ષે ગયાં. ધન્ય છે એ મહા પુરૂષોને !

ધન્ય છે શ્રી **શ્રી નેમિનાથ પ્રભુને !**

ધન્ય છે **પ્રદ્યુમ્નકુમારને**

ધન્ય છે અનંતા મોક્ષગામી

મુનિવરોને.......

આ રીતે ભગવાનશ્રી મહાવીર સ્વામીના મુખેથી પ્રદ્યુમ્ન કુમારનું ચરિત્ર સાંભળી મગધનરેશ શ્રી શ્રેણિકરાજા બહુ ખુશી થયાં. સત્કર્મમાં વિશેષ આદરવાળા થયાં.


અને ચરમતીર્થંકર શ્રી મહાવીર સ્વામીને વંદન કરીને પોતાની નગરીમાં ગયા.–

**શ્રી૦ પ્રદ્યુમ્નકુમારનો જય હો !**

**શ્રી૦ પ્રદ્યુમ્ન મુનિનો જય હો !**

કેવળી અને મોક્ષગામી મુનિજનોનો જય હો.

તા. ૪–૯–૮૨ના દિને



વિદ્વાન્–પ્રવચનકારક પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી
મ. જીવનના ૩૮ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.
(પૂ. મુનિવર સદા અમર રહો.)

શ્રી પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર પૃષ્ઠ પેજ પરિચય

રૂકિમણીનું હરણ કરવા શ્રી બલદેવજી તથા કૃષ્ણજી કુંડિનપુર નગરની બહાર ઉપસ્થિત થયા છે. રૂકિમણી તેની વિધવા ફોઈ સાથે કામલત્તા દેવીની પૂજા કરવાના બાને નગરીમાંથી બહાર આવી શ્રી કૃષ્ણજીને મળે છે, તે વખતે ભીષ્મ, શિશુપાલ, રૂકિમ વિગેરે સાથે લડાઇ કરી જીત મેળવી કૃષ્ણજી રૂકિમણીને મેળવી વડીલબંધુ બલદેવજી સાથે દ્વારિકા આવે છે.

શુભં ભવતુ શ્રી સંઘસ્ય.

—લિ. મુનિ ચન્દ્રગુપ્તવિજય

આવરણ : દીપક પ્રિન્ટરી - અમદાવાદ—૩૮૦૦૦૧.